
**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-09-2020**

## ૧. ગુજરાત સરકાર : 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટીસોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ' : વટ હુકમ લવાશે




**હેતુ અને વ્યાખ્યા :**

- ✓ પ્રસ્તાવિત સ્પેશિયલ એક્ટમાં ગુંડા તત્વ માટે "વ્યક્તિગત અથવા જુથમાં હિંસાની ધમકી આપવી, ધાક ધમકી આપવી અથવા અન્ય રીતે જાહેર વ્યવસ્થાને નુકશાન પહોંચવાના ઉદ્દેશ્યથી કામ કરતી અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓનો સમાવેશ" એવી વ્યાખ્યા કરવામાં આવી છે.

**કઈ ગેર કાયદેસર પ્રવૃતિ પર પ્રતિબંધ :**

- ✓ ઉત્તરપ્રદેશ જેવા રાજ્યની તર્જ ઉપર ગુંડા એક્ટ લાવવા પાછળના કારણોમાં તેમણે "ગુજરાતમાં દારૂનો વેપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, માનવ વેપાર, બાળકોની જાતિય સતામણી, બનાવટી દવાઓનું વેચાણ, વ્યાજખોરી, જમીન છિનવી લેવી, અપહરણ, ગેરકાયદે કૃત્યો, ગેરકાયદે હથિયાર જેવી અસામાજિક પ્રવૃતિઓ આચરતા ગુંડા તત્વો સામે કડક કાયદાકીય જોગવાઈ ઉભી કરવાના હેતુથી નવા અલગ કાયદા (સ્પેશિયલ એક્ટ)ની દરખાસ્ત છે"

**ગુંડાગીરી કરનારા તત્વો સામે શું કાર્યવાહી થશે ?**

- ✓ આરોપી સામે ૭ વર્ષથી ૧૦ વર્ષની જેલની સજા, વત્તા રૂ. ૫૦ હજાર કે તેથી વધુ દંડ.
- ✓ સરકારી સેવક ગુંડાને મદદ કરે તો ૩થી ૧૦ વર્ષ સુધી જેલ અને દંડની જોગવાઈ થઈ.
- ✓ ગુંડા તત્વ દ્વારા નિયમોના ઉલ્લંઘનમાં ૧૦ હજાર સુધીનો દંડ અથવા છ મહિનાની કેદ.
- ✓ ગુંડા તત્વએ એકત્ર કરેલી મિલકતોને ટાંચમાં લેવા જિલ્લા મેજિસ્ટ્રેટને સત્તાઓ મળશે.

મહત્વની બાબતો :

**ગુંડા એક્ટની ખાસ બાબતો : સાક્ષીઓની ઓળખ ગુપ્ત રખાશે**

- ✓ સામાન્ય લોકોને પજવનાર અને જાહેર શાંતિનો ભંગ કરનાર ગુંડાઓને 7 થી 10 વર્ષની જેલ અને 50 હજારનો દંડ થશે
- ✓ આ પ્રકારના તત્વોને ત્રણ વર્ષથી ઓછી સજા ન થાય એ ખાસ જોવાશે
- ✓ રાજ્ય સરકાર વટહુકમ જાહેર કરીને કાયદો લાગુ કરશે
- ✓ વ્યક્તિગત રીતે કે ટોળા સાથે જાહેરમાં કોઈ પણ વ્યક્તિ સાથે ગેરવર્તન કરનાર, જાહેર શાંતિનો ભંગ કરનાર તથા અસામાજિક પ્રવૃત્તિ કરનાર સામે ગુંડા એક્ટ હેઠળ કાર્યવાહી થશે
- ✓ પૈસા વસૂલવા માટે ત્રાસ વર્તાવનાર, ધમકી આપનાર, પશુઓની ગેરકાયદે હેરફેર કરનાર સામે પણ આ એક્ટ હેઠળ કાર્યવાહી.
- ✓ સ્પેશિયલ કોર્ટની રચના થશે. આ અંગેના જૂના કેસોને ખાસ અદાલતમાં ટ્રાન્સફર કરાશે.
- ✓ ગુડા એક્ટમાં સાક્ષીઓની ઓળખ ગુપ્ત રાખવાની જોગવાઈ કરાશે.
- ✓ કોર્ટને ગુંડાઓની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપવાની સત્તા પણ અપાશે .

**સ્પેશિયલ કોર્ટ રચાશે, આરોપીની હાજરી જરૂરી નહીં**

- ✓ ગુંડા એક્ટ હેઠળના કેસોના ઝડપી નિકાલ માટે સ્પેશિયલ કોર્ટ સ્થાપવાની જોગવાઇ કરાઇ છેજરૂર જણાયે નિયત સ્થળ સિવાય અન્ય સ્થળે પણ કોર્ટ કાર્યવાહી થઈ શકશે.
- ✓ અગાઉના કોઇપણ કોર્ટમાં પડતર કેસો સ્પેશિયલ કોર્ટની હકુમતમાં આવી જશે અને જરૂર જણાયે કોઇ કેસને નિકાલ માટે એક સ્પેશિયલ કોર્ટમાંથી બીજી સ્પેશિયલ કોર્ટમાં તબદીલ કરવાની જોગવાઇ છે.

✓ આરોપી સામે અન્ય કોર્ટમાં કેસ ચાલતો હોય તો આરોપીની ગેરહાજરીમાં પણ આવા કેસો ચલાવી તેનો નિકાલ થઈ શકશે.

**ગેરફાયદા :**

✓ આ કાયદાને કારણે કોઈ પણ ગુનાને ગુંડા એક્ટ હેઠળ ખપાવતા પોલીસને સત્તા મળશે.

✓ આ કાયદાનો પોલીસ દ્વારા ભરપૂર દુરુપયોગ થવાના વ્યાપક ભયસ્થાનો છે.

✓ યુપીમાં ગુંડા એક્ટ અમલી

## ૨. યુનિસેફ – અહેવાલ : વિશ્વમાં દર ત્રણમાંથી એક બાળક સીસાંના ઝેરનો શિકાર (બાળ વિકાસ)

✓ દુનિયામાં લગભગ ૮૦ કરોડ બાળકો હાલ સીસા એટલે કે લીડના ઝેર સાથે જીવવા મજબૂર છે. આ એવા બાળકો છે કે જેઓની પાસે મજૂરી કરાવવામાં આવે છે.

✓ આટલી મોટી સંખ્યામાં બાળકોનો જીવ જોખમમાં હોવા છતા વિવિધ દેશોની સરકારો દ્વારા કોઇ મહત્વપૂર્ણ પગલા નથી લેવાઇ રહ્યા જે અંગે પણ યુનિસેફ દ્વારા ચીંતા વ્યક્ત કરવામાં આવી છે.

✓ દુનિયામાં ત્રણમાંથી એકના લોહીમાં સીસા એટલે કે લીડનું સ્તર વધુ છે.

✓ દુનિયાભરમાં દર ત્રણમાંથી એક બાળક ઝેરીલા સીસા એટલે કે લીડનો શિકાર છે. જેને કારણે તેના સ્વાથ્ય પર પણ માઠી , અસર પડી હતી.

**સીસાં ક્યાં જોવા મળે છે :**

✓ આ સીસું ધૂળ, ચિમનીઓમાંથી આવતો ધુમાડો, આગ, ગાડિયોની બેટરી, પાણીની પાઇપ, ઇલેક્ટ્રોનિક અને કોસ્ટેટિક સામાનમાં જોવા મળ્યો હતો.

**સ્વાસ્થ્ય પર અસરો :**

✓ તેની સીધી અસર બાળકોના માનસિક અને શારીરિક વિકાસ પર પણ થાય છે.

✓ વિકાસશીલ દેશોમાં તેની અસર વધુ જોવા મળી રહી છે.

✓ સીસુંના દુષ્પ્રભાવનો ખતરો ગરીબ અને ઓછી આવક વાળા દેશોમાં વધુ જોવા મળી રહ્યો છે.

✓ ખાસ કરીને એવા દેશો કે જ્યાં પ્રદુષણને અટકાવવા માટે સરકાર દ્વારા યોગ્ય પગલા નથી લેવાઇ રહ્યા ત્યાં બાળકોનો જીવ વધુ જોખમમાં છે.

✓ આ સીસું એટલુ ખતરનાક છે કે એક મિલિયન લોકોનું દર વર્ષે મોત થાય છે.

✓ યુનિસેફ : બાળકો માટે કામ કરતી UNની સંસ્થા

## 3. જન્મ દિન વિશેષ : 1 સપ્ટેમ્બર

### વેડછીનો વડલો : જુગતરામ દવે

**જન્મ : 1 સપ્ટેમ્બર 1888 અવસાન :14 માર્ચ 1985**

✓ કાકા સાહેબ કાલેલકરે જેઓને 'આપણી ભોળી જનતાના દરબારમાં પહોંચી ગયેલા સંસ્કારી એલચી' કહ્યા છે તેવા અને આદિવાસીઓમાં જુ. દાદા તરીકે પ્રસિદ્ધ થયેલા જુગતરામ દવેનો આજે જન્મદિવસ.

✓ લખતરમાં જન્મેલા જુગતરામે શિક્ષણ વઢવાણ, ધાંગધ્રા અને મુંબઈમાં લીધું હતું.

✓ જુગતરામના વ્યક્તિત્વના લેખક, આદિવાસી કર્મશીલ, સ્વતંત્રતા સૈનિક એમ અનેક પાસાઓ છે.

✓ લેખક તરીકે ગાંધીજી, જુગતરામના પાઠો, ચાલણગાડી, આંધળાનું ગાડું, આશ્રમ કેળવણી, કૌશિકાખ્યાન, મારી જીવનકથા જેવા કાવ્યો, નાટકો, નિબંધો અને આત્મકથનાત્મક પુસ્તકો લખ્યા છે.

✓ તેમના આંધળાનું ગાડું પુસ્તક તો અનેક ગ્રંથો અને સેંકડો ભાષણો કરતા વધુ પ્રભાવશાળી નીવડ્યું હતું.

✓ વીસમી સદી, નવજીવન, યંગ ઇન્ડિયા, બારડોલી સત્યાગ્રહ પત્રિકા અને વટવૃક્ષ સામયિકો દ્વારા જુગતરામે પત્રકારત્વ પણ ખેડ્યું છે.

✓ સ્વતંત્રતા સૈનિક તરીકે જુદા જુદા સત્યાગ્રહોમાં નવ કરતા વધુ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો.

✓ ગાંધી મેળાનો પ્રારંભ અને મહાન રચનાત્મક કાર્યકર અને કાર્યકર તૈયાર કરવાની પ્રયોગશાળા તરીકે પણ તેઓનું સ્મરણ થાય.

✓ **જુગતરામ દવેનો જન્મદિવસ સેવાદિન તરીકે ઊજવાય છે.**

✓ 14 માર્ચ 1985 ના રોજ 92 વર્ષની જૈફ વયે તેમનું અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૯-૨૦૨૦)

1. ગુજરાત સરકાર ગુંડા-અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાના હેતુસર કયો એક્ટ લાવશે - **'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટીસોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ'**
2. ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટીસોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ'ની કઈ વ્યાખ્યા કરવામાં આવી છે - **"વ્યક્તિગત અથવા જુથમાં**

હિંસાની ધમકી આપવી, ધાક ધમકી આપવી અથવા અન્ય રીતે જાહેર વ્યવસ્થાને નુકશાન પહોંચવાના ઉદ્દેશ્યથી કામ કરતી અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓનો સમાવેશ"

3. ગુજરાત સરકાર ગુંડા-અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાના હેતુસર કયા રાજ્યની માફક ગુંડા એક્ટ લાવશે - ઉત્તરપ્રદેશ
4. ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટીસોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ'માં ગુંડાગીરી કરનારા સામે સજાની શું જોગવાઈ છે - આરોપી સામે ૭ વર્ષથી ૧૦ વર્ષની જેલની સજા, વત્તા રૂ. ૫૦ હજાર કે તેથી વધુ દંડ.
5. પ્રસ્તાવિત 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટીસોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ' મુજબ સરકારી સેવક ગુંડાને મદદ કરે તો કેટલા વર્ષ સુધી જેલ અને દંડની જોગવાઈ કરવામાં આવી છે - ૩થી ૧૦
6. ગુંડા એક્ટમાં સાક્ષી અંગે મહત્વની બાબત જણાવો - સાક્ષીઓની ઓળખ ગુપ્ત રખાશે
7. ગુંડા એક્ટમાં કઈ કોર્ટની રચનાની જોગવાઈ છે - સ્પેશિયલ કોર્ટ
8. યુનિસેફના અહેવાલ અનુસાર વિશ્વમાં દર ત્રણમાંથી કેટલા બાળક સીસાંના ઝેરનો શિકાર બને છે - એક
9. સીસું ક્યાં જોવા મળે છે - ધૂળ, ચિમનીઓમાંથી આવતો ધુમાડો, આગ, ગાડિયોની બેટરી, પાણીની પાઇપ, ઇલેક્ટ્રોનિક અને કોસ્ટેટિક સામાનમાં
10. યુનિસેફના અહેવાલ અનુસાર દર વર્ષે સીસાના ઝેરના કારણે કેટલા લોકોના મોત થાય છે - એક મિલિયન
11. UNની કઈ સંસ્થા બાળકો માટે કામ કરે છે - યુનિસેફ
12. વેડછીનો વડલા તરીકે કોણ ઓળખાય છે - જુગતરામ દવે
13. જુગતરામ દવેનો જન્મ દિવસ જણાવો - 1 સપ્ટેમ્બર 1888
14. જુગતરામ દવેનું જન્મસ્થળ જણાવો – લખતર (જિ.સુરેન્દ્રનગર)
15. જુગતરામ દવેના મહત્વના પુસ્તકના નામ જણાવો - ગાંધીજી, જુગતરામના પાઠો, ચાલણગાડી, આંધળાનું ગાડું, આશ્રમ કેળવણી, કૌશિકાખ્યાન, મારી જીવનકથા
16. જુગતરામ દવે એ કયા સામયિકો સેવા આપી છે - વીસમી સદી, નવજીવન, યંગ ઇન્ડિયા, બારડોલી સત્યાગ્રહ પત્રિકા અને વટવૃક્ષ
17. કોના જન્મદિવસને સેવાદિન તરીકે ઊજવવામાં આવે છે - જુગતરામ દવે

DATE : 02-09-2020

## ૧. કેન્દ્ર સરકાર દ્વારા PUBG સહિત 118 ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ (ડિજિટલ ટેકનોલોજી)

સરકારે IT એક્ટની ધારા 69A અંતર્ગત ચાઈનીઝ મોબાઈલ એપ ઉપર પ્રતિબંધ મૂક્યા

હેતુ :

✓ આ મોબાઇલ એપ્સ ભારતના સાર્વભૌમત્વ અને એકતા સામે પડકારરૂપ પ્રવૃત્તિઓમાં સામેલ હતી.
✓ આ મોબાઇલ એપ્સ દ્વારા ભારતની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જોખમમાં મુકાતાં હતાં.
✓ સરકારના આ પગલાંના કારણે કરોડો ભારતીય મોબાઇલ અને ઇન્ટરનેટ યૂઝર્સનાં હિતોની સુરક્ષા થશે.
✓ ભારતના સાઇબર સ્પેસની સુરક્ષા માટે આ નિર્ણય લેવાયો છે.

ત્રણ મહિનામાં ટિકટોક અને પબજી સહિત કુલ 224 ચીની મોબાઇલ એપ્લિકેશન ભારતમાં પ્રતિબંધિત




✓ સરકારે 29 જૂનના રોજ 59 ચીની એપ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારબાદ જુલાઇના અંત ભાગમાં વધુ 47 ચીની એપ્સ પર પ્રતિબંધ લદાયો હતો.
✓ હવે વધુ 118 ચીની એપ્સ પ્રતિબંધિત થતા ભારતમાં પ્રતિબંધિત ચીની એપ્સની સંખ્યા 224 પર પહોંચી ગઇ હતી.

ભારતમાં પબજીના ગ્રાહકો-ટર્નઓવર

✓ ભારતમાં પબજીના 5 કરોડ યુઝર, રેવન્યુ 22 હજાર કરોડ
✓ ભારતમાં પબજીના 5 કરોડ પૈકી અંદાજે 3.5 કરોડ એક્ટિવ યુઝર છે.
✓ ડેટા એનાલિટિકલ ફર્મસેન્સર ટાવરના જણાવ્યાનુસાર પબજીની આ વર્ષના 6 મહિનાની રેવન્યુ અંદાજે રૂ.9,700 કરોડ રહી.

- ✓ અત્યાર સુધીની કુલ રેવન્યુ રૂ.22 હજાર કરોડ ને પાર જઈ ચૂકી છે.
- ✓ તેમાં સૌથી મોટું યોગદાન ભારતનું રહ્યું, કેમ કે વિશ્વમાં કુલ 17.5 કરોડ ડાઉનલોડમાંથી સૌથી વધુ ડાઉનલોડ ભારતમાં જ થયા.

<u>પ્રતિબંધિત 118 એપ્સ :</u>

| |
|---|
| ૧ એપીયુએસ લોન્ચર પ્રો |
| ૨ એપીયુએસ લોન્ચર |
| ૩ એપીયુએસ સિક્યુરિટી |
| ૪ એપીયુએસ ટર્બો ક્લિનર |
| ૫ કટ કટ ફોટો એડિટર |
| ૬ એપીયુએસ ફ્લેશલાઇટ |
| ૭ બાઇડૂ |
| ૮ બાઇડૂ એક્સપ્રેસ |
| ૯ ફેસ યુ |
| ૧૦ શેરસેવ બાય શાઓમી |
| ૧૧ કેમ કાર્ડ બિઝનેસ કાર્ડ રીડર |
| ૧૨ કેમકાર્ડ બિઝનેસ |
| ૧૩ કેમકાર્ડ ફોર સેલ્સફોર્સ |
| ૧૪ કેમઓસીઆર |
| ૧૫ ઇનનોટ |
| ૧૬ વૂવ મિટિંગ |
| ૧૭ સુપર ક્લીન |
| ૧૮ વીચેટ રિડિંગ |
| ૧૯ ગવર્નમેન્ટ વીચેટ |
| ૨૦ સ્મોલ ક્યૂ બ્રશ |
| ૨૧ ટેન્સેન્ટ વેઇયૂન |
| ૨૨ પિટુ |
| ૨૩ વીચેટ વર્ક |
| ૨૪ સાઇબર હંટર |
| ૨૫ સાઇબર હંટર લાઇટ |
| ૨૬ નાઇવ્ઝ આઉટ |
| ૨૭ સુપર મેકા ચેમ્પિયન્સ |
| ૨૮ લાઇફઆફ્ટર |
| ૨૯ ડોન ઓફ આઇસ્લસ |
| ૩૦ લુડો વર્લ્ડ |
| ૩૧ ચેસ રશ |

| |
|---|
| ૩૨ પબજી મોબાઇલ નોર્ડિક મેપ |
| ૩૩ પબજી મોબાઇલ લાઇટ |
| ૩૪ રાઇઝ ઓફ કિંગડમ : લોસ્ટ ક્રુઝેડ |
| ૩૫ આર્ટ ઓફ કોન્ક્વેસ્ટ – ડાર્ક હોરિઝોન |
| ૩૬ ડેન્ક ટેન્ક્સ |
| ૩૭ વોરપાથ |
| ૩૮ ગેમ ઓફ સુલતાન |
| ૩૯ ગેલેરી વોલ્ટ |
| ૪૦ સ્માર્ટ એપલોક |
| ૪૧ મેસેજ લોક |
| ૪૨ હાઇડ એપ |
| ૪૩ એપલોક |
| ૪૪ એપલોક લાઇટ |
| ૪૫ ડયુઅલ સ્પેસ |
| ૪૬ ઝેકઝેક પ્રો |
| ૪૭ ઝેકઝેક લાઇવ |
| ૪૮ મ્યૂઝિક એમપીથ્રી પ્લેયર |
| ૪૯ મ્યૂઝિક પ્લેયર ઓડિયો એન્ડ ૧૦ બેન્ડ ઇક્વલાઇઝર |
| ૫૦ એચડી કેમેરા સેલ્ફી બ્યૂટી કેમેરા |
| ૫૧ ક્લીનર – ફોન બુસ્ટર |
| ૫૨ વેબ બ્રાઉસર એન્ડ ફાસ્ટ એક્સપ્લોરર |
| ૫૩ વીડિયો પ્લેયર ઓલ ફોર્મેટ ફોર એન્ડ્રોઇડ |
| ૫૪ ફોટો ગેલેરી એચડી એન્ડ એડિટર |
| ૫૫ ફોટોગેલેરી એન્ડ આલબમ |
| ૫૬ મ્યૂઝિક પ્લેયર બાઝ બૂસ્ટર |
| ૫૭ એચડી કેમેરા |
| ૫૮ એચડી કેમેરા પ્રો |
| ૫૯ મ્યુઝિક પ્લેયર |
| ૬૦ ગેલેરી એચડી |
| ૬૧ વેબ બ્રાઉસર |
| ૬૨ વેબ બ્રાઉસર સિક્યોર એક્સપ્લોરર |
| ૬૩ મ્યૂઝિક પ્લેયર- ઓડિયો પ્લેયર |
| ૬૪વીડિયો પ્લેયર ઓલ ફોરમેટ વીડિયો પ્લેયર |
| ૬૫ લેમોર લવ |
| ૬૬ એમૌર વીડિયો ચેચ |
| ૬૭ એમવી માસ્ટર મેક યોર સ્ટેટસ વીડિયો ૬૮ એમવી માસ્ટર બેસ્ટ વીડિયો મેકર |

| |
|---|
| ૬૯ એપીયુએસ મેસેજ સેન્ટર |
| ૭૦ લિવયુ મીટ |
| ૭૧ કેરમ ફ્રેન્ડ્સ |
| ૭૨ લૂડોઓલ સ્ટાર |
| ૭૩ બાઇક રેસિંગ |
| ૭૪ રેન્જર્સ ઓફ ઓબ્લિવિયન |
| ૭૫ ઝેડ કેમેરા |
| ૭૬ ગો એસએમએસ પ્રો |
| ૭૭ યુ – ડિક્શનેરી |
| ૭૮ યુ લાઇક |
| ૭૯ ટેનટેન – ડેટ ફોર રિઅલ |
| ૮૦ માઇકો ચેટ |
| ૮૧ કેટ્ટી લાઇવ |
| ૮૨ મલય સોશિયલ ડેટિંગ એપ |
| ૮૩ એલીપે |
| ૮૪ એલીપે એચકે |
| ૮૫ મોબાઇલ તાઓબાઓ |
| ૮૬ યુકુ |
| ૮૭ રોડ ઓફ કિંગ્સ |
| ૮૮ સિના ન્યૂઝ |
| ૮૯ નેટિઝ ન્યૂઝ |
| ૯૦ પેન્ગિવન એફએમ |
| ૯૧ મર્ડરસ પરસ્યુટ્સ |
| ૯૨ ટેન્સેન્ટ વોચલિસ્ટ |
| ૯૩ લર્ન ચાઇનિઝ |
| ૯૪ હુયા લાઇવ |
| ૯૫ લિટલ ક્યુ આલબમ |
| ૯૬ ફાઇટિંગ લેન્ડલોર્ડ્સ |
| ૯૭ હાઇ મેઇતુ |
| ૯૮ મોબાઇલ લિજન્ડ્સ |
| ૯૯ વીપીએન ફોર ટિકટોક |
| ૧૦૦ વીપીએન ફોર ટિકટોક |
| ૧૦૧ પેન્વિન ઇ-સ્પોર્ટ્સ |
| ૧૦૨ બાય કાર્સ |
| ૧૦૩ આઇપિક |
| ૧૦૪ બ્યૂટી કેમેરા પ્લસ |
| ૧૦૫ પેરેલલ સ્પેસ લાઇટ |

| |
|---|
| ૧૦૬ ચીફ ઓલમાઇટી |
| ૧૦૭ માવેલ સુપર વોર નેટ ઇઝ ગેમ્સ |
| ૧૦૮ એએફકે એરેના |
| ૧૦૯ ક્રિયેટિવ ડિસ્ટ્રક્શન નેટ ઇઝ |
| ૧૧૦ ક્રુઝેડર્સ ઓફ લાઇટ નેટઇઝ |
| ૧૧૧ માફિયા સિટી યોદ્ધા ગેમ્સ |
| ૧૧૨ ઓનમ્યોજી નેટઇઝ |
| ૧૧૩ રાઇડ આઉટ હીરોઝ નેટઇઝ |
| ૧૧૪ યિમેન્ગ જિઆનધુ-યુ |
| ૧૧૫ લિજન્ડ – રાઇઝિંગ એમ્પાયર નેટઇઝ ૧૧૬ એરેના ઓફ વેલોર |
| ૧૧૭ સોલ હંટર્સ |
| ૧૧૮ રૂલ્સ ઓફ સર્વાઇવલ |

✓ મંત્રાલય : કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી

## ૨. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના ત્રણ નિર્ણયો (વહીવટ)




**(૧) કર્મયોગી યોજના :**

✓ અધિકારીઓની કુશળતા વિકસાવવા કર્મયોગી યોજના :

✓ કર્મયોગી યોજના સરકારી અધિકારીઓનાં કામકાજને સુધારવાની દિશામાં કામ કરશે.

✓ તેમની કુશળતા વધારવા નવી ટેકનિક શીખવીને કાર્યક્ષમતા વધારાશે.

✓ પરિણામે વ્યકિતગતથી લઈને સંસ્થાકીય રીતે વિકાસ શક્ય બનશે.

✓ કર્મયોગી મિશન હેઠળ સિવિલ સર્વન્ટને ક્રિયેટિવ, ઈમેજિનેટિવ, ઈનોવેટિવ, એક્ટિવ, સિમ્પલ, પ્રોગ્રેસિવ, પ્રોફેશનલ, એનર્જેટિક, સક્ષમ અને ટેકનિકલ રીતે સજ્જ કરાશે.

**(૨) જમ્મુ-કાશ્મીર રાજભાષા બિલને મંજૂરી :**

✓ સરકારે જમ્મુ-કાશ્મીર રાજભાષા બિલ લાવવાનું નક્કી કર્યું છે.

✓ જેમાં કાશ્મીરી ઉપરાંત હિન્દી, ઉર્દૂ, ડોગરી અને અંગ્રેજી ભાષાને સામેલ કરાઈ છે જેને આ કેન્દ્ર શાસિત પ્રદેશની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી છે.

✓ આ ઉપરાંત ત્રણ નવા MOUને મંજૂરી અપાઈ છે જેમાં જાપાન અને કેન્દ્રનાં ટેક્સ્ટાઇલ મંત્રાલય વચ્ચે ગુણવત્તાનાં મૂલ્યાંકન, માઈનિંગ મંત્રાલય અને ફિનલેન્ડ વચ્ચે નવી અને પુનઃ પ્રાપ્ય ઊર્જા અંગે MOU કરાયા છે.

**(3) HR કાઉન્સિલની રચના :**

✓ પીએમ મોદીનાં વડપણ હેઠળ હ્યુમન રિસોર્સ(HR) કાઉન્સિલ રચાશે

✓ પીએમનાં વડપણ એક HR કાઉન્સિલની રચના કરાશે જે જુદીજુદી નિયુક્તિ પર વિચારણા કરશે.

✓ આ માટે મોટાપાયે ઓનલાઇન પ્લેટફોર્મ બનાવવામાં આવશે.

✓ ડિજિટલ લર્નિંગ માટે સંપૂર્ણ સરકારી માલિકીની કંપની સ્થાપવામાં આવશે.

✓ આ સ્કીમ અમલમાં મૂકવા સરકાર દ્વારા પાંચ વર્ષ માટે રૂ. 510 કરોડની રકમ ફાળવવામાં આવી છે.

✓ દરેક સરકારી કર્મચારી પાસેથી કંપની દ્વારા વર્ષે રૂ. 431 લેખે લવાજમ વસૂલવામાં આવશે.

## 3.ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020 (શોધ)

**વિશ્વના ટોચના 50 ઇનોવેટિવ દેશોમાં ભારત પ્રથમવાર 48માં સ્થાને : ગત વર્ષે 52માં ક્રમે હતું**

✓ કુલ દેશ : 131 દેશોને રેન્કિંગ



✓ વર્લ્ડ ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન કોર્નવલ યુનિવર્સિટી દ્વારા તૈયાર થયેલો આ સૂચકાંક વર્તમાન સમયના ઇનોવેશન ટ્રેન્ડને ધ્યાને રાખીને તૈયાર કરાઈ છે.

✓ સંગઠને તે બાબતની પણ નોંધ લીધી છે કે કોવિડ-19 મહામારી કાળમાં ઈનોવેટિવ પ્રવૃત્તિઓ વિશ્વભરમાં ભીંસનો સામનો કરી રહી છે. પરંતુ ભારત, ચીન, ફિલિપાઈન્સ અને વિયેતનામ જેવા એશિયાઈ અર્થતંત્રોએ વિતેલા વર્ષોમાં સતત પ્રગતિ સાધીને ટોચના ૫૦ દેશોમાં સ્થાન મેળવી લીધું તે મહત્વની ઘટના છે.

**પ્રથમ પાંચ દેશ :**

સ્વિટ્ઝર્લેન્ડ સ્વીડન યુએસએ
બ્રિટન નેધરલેન્ડ

✓ સંસ્થા : વર્લ્ડ ઈન્ટેલેકચુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન અને કોર્નવેલ યુનિવર્સિટી

## ૪. નિર્ણય : ગુજરાત સરકાર (વહીવટ)

**CM-Dy.CM, મંત્રી સહિત તમામ MLAના પગારમાં એક વર્ષ માટે 30 ટકા કાપ**

✓ નિવૃત્તિ બાદ કરારવાળા કર્મીઓના પગારમાં પણ 30 ટકા કાપ

✓ સમયગાળો : 1 એપ્રિલ 2020 થી 31 માર્ચ 2021

✓ આ બચતની રૂ. 6 કરોડ 27 લાખની રકમ કોરોના મહામારીના ખર્ચમાં અપાશે

**મંત્રીશ્રીઓના પગાર :**

✓ બે વર્ષ અગાઉ સપ્ટેમ્બર-2018માં મંત્રી- ધારાસભ્યોના પગાર-ભથ્થામાં થયેલા વધારા મુજબ મુખ્યમંત્રી સહિત મંત્રીઓ અને પદાધિકારીઓને હાલમાં મળતા રૂ. 1.32 લાખ થી 1.40 લાખના પગારમાં કપાત આવતા હવે રૂ. 92 હજારથી 99 હજાર આસપાસ પગાર મળશે.

✓ ધારાસભ્યોને મળતા હાલનો પગાર રૂ.1.16 લાખમાં કપાત ઘટીને રૂ. 82 હજાર આસપાસ થશે.

## ૫. રેલવે મંત્રાલય (વાહન વ્યવહાર)

**NHRCLને દેશના અન્ય 6 રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી સોંપાઈ**

✓ દેશમાં કુલ : 7 રૂટ

✓ અમદાવાદ-દિલ્હી વચ્ચે બુલેટ ટ્રેન દોડાવાશે

✓ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (NHRCL) હાલમાં અમદાવાદને મુંબઈ સાથે જોડતા હાઈ સ્પીડ (બુલેટ) રેલ કોરિડોરની કામગીરી કરી રહી છે.

✓ રેલવે મંત્રાલયે હવે દેશના અન્ય 6 રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી સોંપી.

✓ જેમાં અમદાવાદને દિલ્હી સાથે જોડતા અમદાવાદ-ઉદયપુર-જયપુર-દિલ્હીના 886 કિલોમીટર લાંબા દેશના સૌથી મોટા રૂટ પર બુલેટ ટ્રેન દોડાવાની પ્રક્રિયા શરૂ કરાઈ.

✓ એનએચઆરસીએલ દ્વારા આ રૂટની ડિઝાઈન, ટ્રાફિક સ્ટડી સહિત ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

**બુલેટ ટ્રેન રૂટ અને કિ.મી. : કુલ-7**

| શહેર | કિ.મી. |
|---|---|
| અમદાવાદ - વડોદરા - સુરત - મુંબઈ | 503 |

| | |
|---|---|
| અમદાવાદ - ઉદયપુર - જયપુર - દિલ્હી | 886 |
| દિલ્હી -નોઈડા-આગરા- લખનઉ - વારાણસી | 865 |
| મુંબઈ - પૂણે - હૈદરાબાદ | 711 |
| મુંબઈ - નાસિક - નાગપુર | 753 |
| ચેન્નઈ - બેંગલોર - મૈસૂર | 435 |
| દિલ્હી-ચંડીગઢ- લુધિયાના-જલંધર- અમૃતસર | 459 |

**૬. ISRO : ISROના ટેલિસ્કોપે 9.3 અબજ વર્ષ દૂર નવી આકાશગંગા શોધી (અવકાશ વિજ્ઞાન)**

**કામચલાઉ નામ : AUDFs01**

- ✓ ઈસરોના અવકાશી ટેલિસ્કોપ એસ્ટ્રોસેટે બ્રહ્માંડમાં દૂરની આકાશગંગા (ગેલેક્સી) શોધી કાઢી છે.
- ✓ AUDFs01 એવુ કામચલાઉ નામ ધરાવતી આ ગેલેકસી 9.3 અબજ પ્રકાશવર્ષ દૂર છે.
- ✓ બ્રહ્માંડમાં સૌથી દૂર આવેલી ગેલેક્સીઓમાં તેનો સમાવેશ થાય છે.

**એસ્ટ્રોસેટ વિશે :**

- ✓ એસ્ટ્રોસેટ એ ટેલિસ્કોપિક ઉપગ્રહ છે, જેનું કામ ભ્રમણકક્ષામાં રહીને દૂરના બ્રહ્માંડ સુધી નજર પહોંચાડવાનું છે.
- ✓ જે રીતે અમેરિકાનું હબલ ટેલિસ્કોપ કામ કરે છે, એ રીતે જ ૨૦૧૫માં લૉન્ચ થયેલા સ્વદેશી ટેલિસ્કોપ એસ્ટ્રોસેટે બ્રહ્માંડના ઘણા અજાણ્યા પાસાં ઉજાગર કર્યા છે.
- ✓ એસ્ટ્રોસેટ દ્વારા દૂરના કિરણો ગ્રહણ કરી એ ડેટા સેન્ટરમાં મોકલાતા હોય છે.
- ✓ વિજ્ઞાનીઓ એ ડેટાનો અભ્યાસ કરી નવાં નવાં સંશોધનો જાહેર કરતાં હોય છે.
- ✓ એ રીતે જ પુના સ્થિત ઇન્ટર-સ્ટેટ યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સના વિજ્ઞાનીઓ આ આકાશગંગા ઓળખી કાઢી હતી.

**૭. જન્મ દિન વિશેષ : 2 સપ્ટેમ્બર**

**ગાંધીવાદી : ચુનીભાઈ વૈધ (ચુનીકાકા)**

**જન્મ : 2 સપ્ટેમ્બર 1918 અવસાન : 19 ડિસેમ્બર 2014**

- ✓ જન્મ સ્થળ – સંડેર, પાટણ
- ✓ આજે ગાંધીવાદી કર્મશીલ ચુનીભાઈ વૈધ, સ્વાતંત્ર્ય સૈનિક અને સંશોધક ઈન્દ્રશંકર રાવલનો જન્મદિવસ
- ✓ મરાઠીના નામાંકિત સાહિત્યકાર વિષ્ણુ સખારામ ખાંડેકરની પુણ્યતિથિ.
- ✓ ચુનીભાઈ વૈધે મેટ્રિકની પરીક્ષા નવસારીથી પાસ કરી સુરત વગેરે જગ્યાએ નોકરી અને વેપાર કર્યો હતો.
- ✓ 1930ની દાંડીકૂચ દરમિયાન મહાત્મા ચુનીભાઇ ગાંધીથી પ્રભાવિત થયા હતા. સ્વતંત્રતા આંદોલન દરમિયાન ભુગર્ભ પ્રવૃત્તિઓ દ્વારા ચુનીભાઈએ યોગદાન આપ્યું હતું.
- ✓ તેમની વિશેષ ઓળખ ગાંધીવાદી - સર્વોદય કાર્યકર તરીકે રહી છે.
- ✓ કોમી એકતા, ખેડૂતના જમીનના હક્કો કે પાણીના પ્રશ્નો હોય તે માટે ચીનુકાકા જીવનભર લડતા રહ્યા હતા.
- ✓ 1975માં ચીનુભાઈ વૈધે કટોકટીનો વિરોધ કરી અત્યંત વિકટ સંજોગોમાં ભૂમિપુત્ર' સામયિકનું સંપાદન સંભાળ્યું હતું.
- ✓ તેઓના " સૂરજ સામે ધૂળ સાચું શું ? ખોટું શું ? પુસ્તકનો ભારતની 12 ભાષામાં અનુવાદ થયો છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૯-૨૦૨૦)**

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા PUBG સહિત કેટલી ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકાયો - **118**
2. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકારે IT એક્ટની કઈ ધારા અંતર્ગત ચાઈનીઝ મોબાઈલ એપ ઉપર પ્રતિબંધ મૂક્યો – **69 A**
3. કયા કારણોસર કેન્દ્ર સરકાર દ્વારા ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકાયો છે - **આ એપ્સ દેશના સાર્વભૌમત્વ અને એકતા સામે પડકારરૂપ પ્રવૃત્તિઓમાં સામેલ હોવાથી તથા દેશની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જોખમમાં મુકાતાં હોવાના કારણોસર**
4. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા 118 ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકવાની સાથે પ્રતિબંધિત ચાઈનીઝ મોબાઈલનો એપનો કુલ આંક કેટલાએ પહોંચ્યો - **224**
5. કેન્દ્ર સરકાર દ્વારા 29 જૂનના રોજ તથા જુલાઇના અંત ભાગમાં કેટલી ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો – **59 તથા 47**
6. કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ મોબાઈલ એપ પબજીના ભારતમાં કેટલા યુઝર છે તે પૈકી એક્ટિવ યુઝર્સની સંખ્યા કેટલી છે - **5 કરોડ તથા 3.5 કરોડ**
7. કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ મોબાઈલ એપ પબજીની ભારતમાં કેટલી રેવન્યું છે - **22 હજાર કરોડ**

8. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા ભારતમાં કુલ 224 ચાઈનીઝ મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂક્યો છે - <u>ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી</u>
9. ૨જી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ક્યા ત્રણ મહત્વના નિર્ણયો લેવાયા – <u>૧.કર્મયોગી યોજના, ૨.જમ્મુ-કાશ્મીર રાજભાષા બિલને મંજૂરી તથા 3. HR કાઉન્સિલની રચના અંગે</u>
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા અધિકારીઓની કુશળતા વિકસાવવા કઈ યોજનાને મંજૂરી અપાઈ - <u>કર્મયોગી</u>
11. સપ્ટેમ્બર-૨૦૨૦ કેન્દ્રીય કેબિનેટ દ્વારા જમ્મુ-કાશ્મીર રાજભાષા બિલને મંજૂરી અપાઈ, જેમાં કઈ ભાષાને સામેલ કરાઈ જેને આ જમ્મુ-કાશ્મીરની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી - <u>કાશ્મીરી ઉપરાંત હિન્દી, ઉર્દૂ, ડોગરી અને અંગ્રેજી</u>
12. ૨જી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા દેશ સાથેના ત્રણ નવા MOUને મંજૂરી આપવામાં આવી – <u>જાપાન</u>
13. કેન્દ્રની જુદીજુદી નિયુક્તિ પર વિચારણા કરવા કઈ કાઉન્સિલની રચના કરાઈ – <u>હ્યુમન રિસોર્સ</u>
14. કેન્દ્ર સરકારની જુદીજુદી નિયુક્તિ પર વિચારણા કરવા રચાયેલી હ્યુમન રિસોર્સ કાઉન્સિલના વડા કોણ હશે – <u>વડાપ્રધાન મોદી</u>
15. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020 યાદીમાં વિશ્વના ટોચના 50 ઇનોવેટિવ દેશોમાં ભારતનો ક્રમ કયો છે– <u>48</u>
16. ગત વર્ષની ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020 યાદીમાં ભારત કયા ક્રમે હતુ - <u>52માં ક્રમે</u>
17. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં કુલ કેટલા દેશોનું રેન્કિંગ કરવામાં આવે છે - <u>131</u>
18. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે - <u>વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન કોર્નવલ યુનિવર્સિટી</u>
19. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ-2020માં પ્રથમ પાંચ ક્રમ પ્રાપ્ત કરનાર દેશના નામ જણાવો – <u>૧. સ્વિટ્ઝર્લૅન્ડ ૨. સ્વીડન ૩. યુએસએ ૪. બ્રિટન તથા ૫. નેધરલેન્ડ</u>
20. કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ કરકસરના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા CM-Dy.CM, મંત્રી MLA તથા નિવૃત્તિ બાદ કરારવાળા કર્મીઓના પગારમાં એક વર્ષ માટે કેટલા ટકાનો કાપ મૂક્યો - <u>30</u>
21. કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ કરકસરના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા CM-Dy.CM, મંત્રી MLA તથા નિવૃત્તિ બાદ કરારવાળા કર્મીઓના પગારમાં કયા સમયગાળા માટે ૩૦ ટકાનો કાપ મૂક્યો - <u>1 એપ્રિલ 2020 થી 31 માર્ચ 2021</u>
22. NHRCLનું વિસ્તૃત નામ જણાવો – <u>નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ</u>
23. ભારતીય રેલવે એ અમદાવાદ-મુંબઈ સાથે જોડતા હાઈ સ્પીડ (બુલેટ) રેલ કોરિડોરની કામગીરી કઈ કંપનીને સોંપી - <u>NHRCL</u>
24. ભારતીય રેલવે દ્વારા NHRCLને અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન ઉપરાંત દેશના અન્ય કેટલા રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેકટની કામગીરી સોંપવામાં આવી - <u>6</u>
25. દેશના સૌથી લાંબા મોટા અમદાવાદને દિલ્હી સાથે જોડતા અમદાવાદ-ઉદયપુર-જયપુર-દિલ્હી રૂટની લંબાઈ કેટલી છે - <u>886 કિલોમીટર</u>
26. ભારતીય રેલવે દ્વારા NHRCLને દિલ્હી-નોઈડા-આગરા-લખનઉ - વારાણસી બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – <u>865</u>
27. ભારતીય રેલવે દ્વારા NHRCLને મુંબઈ - પૂણે – હૈદરાબાદ બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – <u>711</u>
28. ભારતીય રેલવે દ્વારા NHRCLને મુંબઈ - નાસિક – નાગપુર બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – <u>753</u>
29. ભારતીય રેલવે દ્વારા NHRCLને અમદાવાદ - વડોદરા - સુરત – મુંબઈ બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – <u>503</u>
30. ભારતીય રેલવે દ્વારા NHRCLને દિલ્હી-ચંડીગઢ-લુધિયાના-જલંધર- અમૃતસર બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – <u>459</u>
31. ભારતીય રેલવે દ્વારા NHRCLને ચેન્નાઈ - બેંગલોર - મૈસૂર બુલેટ ટ્રેન રૂટ કામગીરી સોંપવામાં આવી તેની લંબાઈ જણાવો – <u>435</u>
32. તાજેતરમાં ISROના ટેલિસ્કોપે કેટલા અબજ વર્ષ દૂર નવી આકાશગંગા શોધી - <u>9.3</u>

33. તાજેતરમાં ISROના ટેલિસ્કોપે 9.3 અબજ વર્ષ દૂર નવી આકાશગંગા શોધી તેનું કામચલાઉ નામ જણાવો - **AUDFs01**

34. એસ્ટ્રોસેટ એ શું છે – **ટેલિસ્કોપિક ઉપગ્રહ**

35. ઈસરોના અવકાશી ટેલિસ્કોપનું નામ જણાવો - **એસ્ટ્રોસેટ**

36. ઇન્ટર-સ્ટેટ યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ ક્યાં આવેલી છે - **પુના**

37. ગાંધીવાદી કર્મશીલ ચુનીભાઈ વૈધનો જન્મ દિવસ જણાવો – **2 સપ્ટેમ્બર 1918**

38. ગાંધીવાદી કર્મશીલ ચુનીભાઈ વૈધનું જન્મ સ્થળ કયુ છે – **સંડેર(પાટણ)**

39. ચુનીભાઈ વૈધનું હુલામણુ નામ શુ છે - **ચુનીકાકા**

40. વર્ષ-1975માં ચીનુભાઈ વૈધે કટોકટીનો વિરોધ કરી અત્યંત વિકટ સંજોગોમાં કયા સામયિકનું સંપાદન સંભાળ્યું હતું - **ભૂમિપુત્ર**

41. ચીનુભાઈ વૈધનું "સૂરજ સામે ધૂળ સાચું શું? ખોટું શું? પુસ્તકનો ભારતની કેટલી ભાષામાં અનુવાદ થયો છે - **12**

## DATE : 03-09-2020

### ૧.નિમણૂક : ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષપદે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક




- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા શ્રી ત્રિપાઠીની નિમણૂક કરાઈ-શપથ લેવડાવ્યા
- ✓ સમયગાળો : 03 સપ્ટેમ્બર-2020થી ત્રણ વર્ષ માટે

### ૨. ભારત સરકાર : રેલવે બોર્ડ પુન: ગઠનને મંજૂરી




- ✓ રેલવે બોર્ડનું કોર્પોરેટ મોડલ સ્વરૂપમાં પુન: ગઠન કરાશે
- ✓ પ્રથમ ચેરમેન - CEO તરીકે શ્રી વિનોદકુમાર યાદવની પસંદગી
- ✓ શ્રી યાદવ હાલ રેલવે બોર્ડના ચેરમેન તરીકે કાર્યરત

### 3. વૈશ્વિક સંરક્ષણ સમજૂતી (સંરક્ષણ)



**AK-47 203 રાઈફલનું ભારતમાં ઉત્પાદન કરવા ભારત અને રશિયા વચ્ચે સમજૂતી**

- ✓ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહના ત્રણ દિવસના રશિયા પ્રવાસ દરમિયાન ભારત અને રશિયાએ AK-47 203 રાયફલ્સનું ભારતમાં ઉત્પાદન કરવા અંગેની સમજૂતીને મંજૂરી અપાઈ.

**AK-47 203 રાઈફલ વિશે :**

- ✓ AK-47 203 તે એકે-47 રાયફલનું અતિ આધુનિક રૂપ છે. તે રાયફલ ભારતની 5.56 X 45 એમએમ એસોલ્ટ રાયફલનું સ્થાન લેશે.
- ✓ ભારતીય સૈન્યને 7,70,000 AK-47 203 રાયફલની આવશ્યકતા છે.
- ✓ આ પૈકી એક લાખ AK-47 203 રાયફલ આયાત થશે અને બાકીની રાયફલનું ભારતમાં ઉત્પાદન થશે.
- ✓ રાયફલ સમજૂતી પ્રમાણે પ્રતિ રાયફલ 1100 ડોલર ખર્ચ થાય તેવી સંભાવના છે.

**કરાર વિશે :**


- ✓ આ રાયફલનું ઉત્પાદન ભારત-રશિયા રાયફલ પ્રાઇવેટ લિમિટેડ જેવા સંયુક્ત સાહસ હેઠળ ભારતમાં ઉત્પાદન થશે.
- ✓ ભારતના આયુધ નિર્માણ બોર્ડ (ઓએફબી) અને ક્લાશનીકોવ કંસર્ન તેમજ રોસોબોરેનેક્સપોર્ટ વચ્ચે આ સંયુક્ત સાહસની સ્થાપના કરાઇ.
- ✓ સંયુક્ત સાહસમાં ઓએફબીની 50.5 ટકા, ક્લાશનીકોવની 42 ટકા તો બાકીની 7.5 ભાગીદારી રશિયન સરકારની નિકાસ એજન્સી રોસોબોરેનેક્સપોર્ટની રહેશે.

**ભારતમાં ક્યાં ઉત્પાદન થશે :**

- ✓ ઉત્તર પ્રદેશમાં કોરવા આયુધ ફેક્ટરી ખાતે આ રશિયન શસ્ત્રનું ઉત્પાદન થશે.
- ✓ ભારત 5.56 X 45 એમએમ એસોલ્ટ રાયફલનો ઉપયોગ 1996થી કરી રહ્યું છે. પરંતુ તેમાં જામ થવાની કે હિમાલય

જેવા ઉંચા વિસ્તારમાં મેગઝિનમાં પણ સમસ્યાનો સામનો કરવો પડે છે.

**૪. યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની ત્રીજી વાર્ષિક બેઠકને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઈ-સંબોધન (ભારત-યુએસ સંબંધો)**




**ભારતના આર્થિક સુધારાના આંકડા :**

- ✓ આર્થિક સુધારા ભારતનું ઉજ્જવળ ભાવિ સુનિશ્ચિત કરશે
- ✓ અમે ડિમાન્ડ અને સપ્લાય એમ બંનેને જાળવી રહ્યાં છીએ.
- ✓ ભારત વિશ્વના સૌથી ઓછા કરવેરા ધરાવતો દેશ.
- ✓ 2019માં વિશ્વમાં એફડીઆઇ એક ટકા ઘટ્યું ત્યારે ભારતમાં આવતા એફડીઆઇમાં 20 ટકાનો વધારો થયો હતો.
- ✓ ભારતમાં નોંધપાત્ર આર્થિક સુધારા કરાયાં. બિઝનેસ સરળ બનાવવા લાલફિતાશાહી ઘટાડવામાં આવી.
- ✓ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સમિટ ગુજરાતની નવી ઔદ્યોગિક પોલીસી-૨૦૨૦ અંતર્ગત રોકાણ કરવા સંબોધન કર્યું હતુ.

**૫. ફોર્ચ્યૂન મેગેઝિન : "40 અંડર 40"ની વાર્ષિક યાદી જાહેર (પ્રતિભા)**

**ભારતના 4 પ્રતિભાશાળી યુવાનો અને કેટેગરી**

૧. આકાશ-ઈશા અંબાણી (ટેકનોલોજી)

૨. બૈજુ રવિન્દ્રન (ઓનલાઈન એજ્યુકેશન-ટેકનોલોજી)

3. અદર પૂનાવાલા (હેલ્થકેર) (સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (SII)-પૂના

૪. મનુ કુમાર જૈન (ટેકનોલોજી)

**કેટેગરી**

- ✓ ફોર્ચ્યૂનના આ લિસ્ટમાં ફાઈનાન્સ, ટેકનોલોજી, હેલ્થકેર, પોલિટિક્સ અને મીડિયા તથા એન્ટરટેઈનમેન્ટની કેટેગરી સામેલ છે.

**૬. સિદ્ધિ : ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટમાં સ્માર્ટ સિટી અમદાવાદનો સમાવેશ (પર્યાવરણ)**

- ✓ કુલ-95 શહેરોનો સમાવેશ

**હેતુ :**

- ✓ લોકો ઈંધણ આધારીત વાહનોને બદલે સાયકલનો ઉપયોગ કરતા થાય અને સ્વસ્થ રહે એ માટે દેશના ટોચના શહેરોમાં સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

**પ્રોજેક્ટ વિશે :**

- ✓ ઓકટોબર મહીનામાં દેશવ્યાપી શહેરોમાંથી મળેલા ફીડબેક જાહેર કરાયા બાદ વિજેતા શહેરને ઈનામ આપવામાં આવશે.
- ✓ દેશના ૯૫ શહેરોમાં ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટ હેઠળ લોકો સાયકલનો ઉપયોગ કરતા થાય એ દિશામાં એક સર્વે કરાવવામાં આવ્યો.
- ✓ ઈન્સ્ટીટયૂટ ફોર ટ્રાન્સપોટેશન એન્ડ ડેવલપમેન્ટ પોલીસી હેઠળ વિવિધ શહેરોમાં વસતા લોકોને સાયકલના મહત્તમ ઉપયોગ કરવા તરફ વાળવા પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો.
- ✓ જે અંતર્ગત કયા શહેરોમાં લોકો કયા પ્રકારના વાહનોનો ઉપયોગ કરે છે.
- ✓ સાયકલ ચલાવવામાં તેમને કયા - કયા પ્રકારના અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.
- ✓ સાયકલ ચલાવવા માટે તેમના શું સુચનો છે વગેરે બાબતે ૫૨ શહેરીજનોની પાસેથી તેમના મંતવ્યો અને સુચનો મેળવવામાં આવી રહ્યા છે.
- ✓ લોકો તરફથી મળતા મંતવ્યો કે સુચનોના આધારે આગામી માસમાં એક રાષ્ટ્રવ્યાપી ફીડબેક જાહેર કરવામાં આવશે.
- ✓ ફીડબેક જાહેર કરવામાં આવ્યા બાદ દેશના જે શહેરમાં સાયકલ ચલાવવાની બાબતમાં ઉપયોગી વાતાવરણ હશે અને લોકોના ફિડબેક કેવા પ્રકારના છે એના આધારે વિજેતા શહેર નકકી કરી ઈનામ અપાશે.

**૭. જન્મ દિન વિશેષ : 03 સપ્ટેમ્બર**

**સ્મરણ મુકુર : નરસિંહરાવ દિવેટિયા**

**જન્મ : 03 સપ્ટેમ્બર 1859 અવસાન : 14 જાન્યુઆરી 1937**

- ✓ અભિનેતા ઉત્તમકુમાર, ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલાપતિ ત્રિપાઠી, આપણી ભાષાના કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી નરસિંહરાવ દિવેટિયા, ગુજરાતના જાણીતા રાજકારણી ચીમનભાઈ શુક્લનો આજે એટલે કે 3 સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ




- ✓ મહીપતરામ રૂપરામ તથા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખરની પુણ્યતિથિ.
- ✓ અમદાવાદમાં જન્મેલા નરસિંહરાવ અભ્યાસની રીતે તેજસ્વી વિદ્યાર્થી હતા.
- ✓ 1880માં મુંબઈની પ્રસિદ્ધ એલ્ફીન્સ્ટન કોલેજથી નરસિંહરાવ સંસ્કૃત સાથે સ્નાતક થયા હતા.
- ✓ 1921-1935 દરમિયાન તેઓ એલ્ફીન્સ્ટન કોલેજમાં ગુજરાતીના અધ્યાપક પણ રહ્યા હતા.

**સાહિત્ય સર્જન :**

- ✓ નરસિંહરાવ દિવેટિયાએ કુસુમમાળા, હૃદય વીણા, નૂપુર ઝંકાર, સ્મરણ મુકુર, સ્મરણ સંહિતા, મનોમુકુર, બુદ્ધ ચરિત, અભિનય કલા, નરસિંહરાવની રોજનીશી જેવા પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્યને નવો આયામ આપ્યો છે.
- ✓ તેમનું સ્મરણ મુકુર પુસ્તક ગુજરાતી સ્મૃતિચિત્રોનું પહેલું પુસ્તક અને ગુજરાતી રેખાચિત્રો સ્વરૂપમાં ગુજરાતના 1850થી 1900 દરમિયાનની અડધી સદીનું સાંસ્કૃતિક આલેખન છે.
- ✓ અર્વાચીન ગુજરાતી કવિતાને સંસ્કારશુદ્ધ કરનારા કવિ-વિવેચક નરસિંહરાવ દિવેટિયાનું 14 જાન્યુઆરી 1937ના રોજ અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૯-૨૦૨૦)

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષપદે કોની નિમણૂક કરવામાં આવી - **હાઈકોર્ટના નિવૃત્ત જજ રવિકુમાર ત્રિપાઠી**
2. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષપદે જજ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂક કોના દ્વારા કરવામાં આવી તથા થપથ કોના દ્વારા લેવડાવવામાં આવ્યા – **રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત**
3. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના નવનિયુક્ત અધ્યક્ષ જજ રવિકુમાર ત્રિપાઠીનો કાર્યકાળ જણાવો-**03 સપ્ટેમ્બર-2020થી ત્રણ વર્ષ માટે**
4. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા બોર્ડનું કોર્પોરેટ મોડલ સ્વરૂપમાં પુનઃ ગઠન કરવાની મંજૂરી આપી - **રેલવે**
5. ભારતીય રેલવે બોર્ડના પુનઃ ગઠીત થનાર કોર્પોરેટ મોડલ સ્વરૂપના પ્રથમ ચેરમેન-CEO તરીકે કોની પસંદગી કરાઈ - **શ્રી વિનોદકુમાર યાદવ**
6. રેલવે બોર્ડના વર્તમાન ચેરમેનનું નામ જણાવો – **શ્રી વિનોદકુમાર યાદવ**
7. સપ્ટેમ્બર-૨૦૨૦માં સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ કયા દેશના ત્રણ દિવસના પ્રવાસે હતા - **રશિયા**
8. સપ્ટેમ્બર-૨૦૨૦માં AK-47 203 રાઈફલનું ભારતમાં ઉત્પાદન કરવા ભારત અને કયા દેશ વચ્ચે સમજૂતી થઈ - **રશિયા**
9. રશિયન બનાવટની AK-47 203 રાયફલ ભારતની કઈ રાયફલનું સ્થાન લેશે - **5.56 X 45 એમએમ એસોલ્ટ**
10. AK-47 203 રાયફલનું ભારતમાં કયા સંયુક્ત સાહસ હેઠળ ઉત્પાદન થશે - **ભારત-રશિયા રાયફલ પ્રાઇવેટ લિમિટેડ**
11. ભારતમાં ક્યા સ્થળે રશિયન શસ્ત્ર AK-47 203 રાયફલનું ઉત્પાદન થશે - **ઉત્તર પ્રદેશમાં કોરવા આયુધ ફેક્ટરી ખાતે**
12. ભારત 5.56 X 45 એમએમ એસોલ્ટ રાયફલનો ઉપયોગ કયા વર્ષથી કરી રહ્યું છે - **1996**
13. સપ્ટેમ્બર-૨૦૨૦માં યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની કેટલામી વાર્ષિક બેઠક યોજાઈ - **ત્રીજી**
14. સપ્ટેમ્બર-૨૦૨૦માં યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની ત્રીજી વાર્ષિક બેઠકમાં ભારત તરફથી કોણે ઈ-સંબોધન કર્યું હતુ - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
15. વિશ્વના સૌથી ઓછા કરવેરા ધરાવતો દેશ કયો છે - **ભારત**
16. સપ્ટેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા "40 અંડર 40"ની વાર્ષિક યાદી જાહેર કરાઈ - **ફોર્ચ્યૂન મેગેઝિન**
17. સપ્ટેમ્બર-૨૦૨૦માં ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી "40 અંડર 40"ની વાર્ષિક યાદીમાં ભારતના કેટલા પ્રતિભાશાળી યુવાનોને સ્થાન મળ્યું – **ચાર**
18. સપ્ટેમ્બર-૨૦૨૦માં ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી "40 અંડર 40"ની વાર્ષિક યાદીમાં ભારતના કયા પ્રતિભાશાળી યુવાનોને સ્થાન મળ્યું –**ઈશા-આકાશ અંબાણી, બૈજુ રવિન્દ્રન, મનુ કુમાર જૈન તથા અદર પૂનાવાલા**

19. ભારતની સૌથી મોટી એજ્યુકેશન ટેક્નોલોજી કંપની ટેક સ્ટાર્ટઅપ બૈજુના સંસ્થાપકનું નામ જણાવો - <u>બૈજુ રવિન્દ્રન</u>

20. વિશ્વની સૌથી મોટી વેક્સિન બનાવનારી કંપની સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના વર્તમાન સીઇઓનું નામ જણાવો - <u>અદર પૂનાવાલા</u>

21. ફોર્ચ્યૂન મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી "40 અંડર 40"ની વાર્ષિક યાદીમાં કઈ કેટેગરીનો સમાવેશ કરાયો છે - <u>ફાઈનાન્સ, ટેકનોલોજી, હેલ્થકેર, પોલિટિક્સ અને મીડિયા તથા એન્ટરટેઈનમેન્ટ</u>

22. ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટમાં ગુજરાતના કયા શહેરનો સમાવેશ કરાયો છે - <u>સ્માર્ટ સિટી અમદાવાદ</u>

23. ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેક્ટમાં દેશના કુલ કેટલા શહેરોનો સમાવેશ કરાયો છે - <u>95</u>

24. લોકો ઈંધણ આધારીત વાહનોને બદલે સાયકલનો ઉપયોગ કરતા થાય અને સ્વસ્થ રહે એ માટે દેશના ટોચના શહેરોમાં કયો પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે - <u>સાયકલ ફોર ચેલેન્જ</u>

25. કઈ પોલીસી હેઠળ વિવિધ શહેરોમાં વસતા લોકોને સાયકલના મહત્તમ ઉપયોગ કરવા તરફ વાળવા ઈન્ડિયા સાયકલ ફોર ચેલેન્જ પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો - <u>ઈન્સ્ટીટયૂટ ફોર ટ્રાન્સપોટેશન એન્ડ ડેવલપમેન્ટ</u>

26. ગુજરાતી સાહિત્યકાર નરસિંહરાવ દિવેટિયાનો જન્મદિવસ જણાવો - <u>03 સપ્ટેમ્બર 1859</u>

27. ગુજરાતી ભાષાના કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી નરસિંહરાવ દિવેટિયાનો જન્મ ક્યાં થયો હતો – <u>અમદાવાદ</u>

28. ગુજરાતી ભાષાના કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી નરસિંહરાવ દિવેટિયાના જણીતા પુસ્તકોના નામ જણાવો - <u>કુસુમમાળા, હૃદય વીણા, નૂપુર ઝંકાર, સ્મરણ મુકુર, સ્મરણ સંહિતા, મનોમુકુર, બુદ્ધ ચરિત, અભિનય કલા, નરસિંહરાવની રોજનીશી</u>

29. ગુજરાતી સ્મૃતિચિત્રોનું પહેલું પુસ્તકનું નામ જણાવો - <u>સ્મરણ મુકુર</u>

30. કયાં પુસ્તકમાં ગુજરાતી રેખાચિત્રો સ્વરૂપમાં ગુજરાતના 1850થી 1900 દરમિયાનની અડધી સદીનું સાંસ્કૃતિક આલેખન થયેલું છે - <u>સ્મરણ મુકુર</u>

**DATE : 04-09-2020**

<u>૧. RBI : લોન માટે નવી માર્ગદિર્શકા જાહેર</u>

**<u>સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો અને નબળા વર્ગને સરળતાથી બેંક લોન મળી શકશે</u>**

**<u>નવી જોગવાઈ કેટેગરી</u>**

- ✓ બેન્કો દ્વારા જરૂરિયાતમંદોને ધિરાણ વધારવા માટે આરબીઆઈ દ્વારા પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી.
- ✓ ખેડૂતોને સોલર પાવર સિસ્ટમ માટે તેમજ કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટ સ્થાપવા બેન્કો દ્વારા લોન અપાશે.
- ✓ ધિરાણ માટે કેટલીક <u>નવી કેટેગરીનાં લોકોનો</u> ગાઈડલાઈન્સમાં સમાવેશ કરાયો.
- ✓ ખાસ કરીને નાના-સિમાંત ખેડૂતો તેમજ સમાજનાં નબળા વર્ગનાં લોકો હવે આસાનીથી બેન્ક લોન મેળવી શકશે.
- ✓ જે વિસ્તારોમાં ધિરાણનું પ્રમાણ ઓછું છે ત્યાં ધિરાણ વધારવા આ પગલું લેવાયું છે.

**<u>રૂ. ૫૦ કરોડ સુધીનાં સ્ટાર્ટઅપ્સને સરળ લોન</u>**

- ✓ નવી ગાઈડલાઈન્સ મુજબ રૂ. ૫૦ કરોડ સુધીનાં સ્ટાર્ટઅપ્સને સરળતાથી લોન અપાશે.
- ✓ રિન્યુએબલ એનર્જી તેમજ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચરને પણ આનાથી આસાનીથી લોન મળી શકશે.
- ✓ જે જિલ્લાઓમાં પ્રાયોરિટી સેક્ટરને ધિરાણનું પ્રમાણ ઓછું છે ત્યાં લોનનું પ્રમાણ વધારવામાં આવશે.

**<u>ખેતીવાડી ઉત્પાદન સંગઠનો માટે ધિરાણ મર્યાદા વધારવામાં આવી</u>**

- ✓ <u>આરબીઆઈ દ્વારા ફાર્મર્સ પ્રોડયુસર્સ ઓર્ગેનાઈઝેશન (FPO)</u> તેમજ <u>ફાર્મર્સ પ્રોડયુસર્સ કંપનીઓ (FPC)</u> માટે મહત્તમ ધિરાણ મર્યાદા વધારવામાં આવી છે.
- ✓ અગાઉથી નક્કી કરવામાં આવેલા ભાવથી ખેત પેદાશોનું નિશ્ચિત વેચાણ કરી શકે તે માટે તેમને વધુ લોન સુવિધા અપાશે.

**<u>પૂનઃ પ્રાપ્ય ઉર્જા અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે લોનની રકમ બમણી કરાઈ</u>**

- ✓ રિન્યુએબલ ઉર્જા માટે તેમજ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે લોનની મર્યાદા બમણી કરવામાં આવી છે. જેમાં આયુષ્યમાન ભારત હેઠળની સેવાનો સમાવેશ કરાયો છે. સર્વાંગી વિકાસ માટે આ પગલું લેવાયું છે.

**કેટલીક કેટેગરી પ્રાયોરિટી લેન્ડિંગમાં ઉમેરાઈ**

- ✓ આરબીઆઈ દ્વારા બેન્કો માટે પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ માટે કેટલીક નવી કેટેગરી ઉમેરવામાં આવી છે.
- ✓ જેમાં કૃષિ અને તેને આનુસાંગિક પ્રવૃતિ, માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈસિસ, ગરીબોને મકાન ખરીદવા તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે લોન અપાશે.
- ✓ ઓછી આવક ધરાવતા ગ્રુપને પણ પ્રાયોરિટી સેક્ટરમાં ગણાશે.

**૨. નિમણૂક : ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પ્રમુખ તરીકે હાઇકોર્ટના નિવૃત્ત જજ વી.પી. પટેલની નિમણૂક**

**૩. SCO : મોસ્કોમાં યોજાયેલી SCO સમિટમાં ભાગ લેવા ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ રશિયાના પ્રવાસે**

SCO હેઠળ આવતા દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠક યોજાઇ

- ✓ ભારત અને ચીનના સંરક્ષણ પ્રધાન વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા
- ✓ રશિયા રાજધાની : મોસ્કો
- ✓ SCO: શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન

**૪.પ્રતિબંધ : ગુજરાતમાં ગુટકા-તમાકુનું વેચાણ સંગ્રહ પર વધુ એક વર્ષ માટે તા. ૧૧ સપ્ટેમ્બરથી પ્રતિબંધ (આરોગ્ય)**

- ✓ સૌપ્રથમ પ્રતિબંધ વર્ષ ૨૦૧૨થી
- ✓ ગુજરાતમાં વધુ એક વર્ષ માટે ગુટકા, તમાકુ કે નિકોટિન યુક્ત પાન મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ લંબાવ્યો
- ✓ વર્ષ ૨૦૧૦-૧૧માં સ્વર્ણિમ ગુજરાતની ઉજણવી વખતે રાજ્યમાં ઉપરોક્ત નશાકારક પદાર્થો (પાઉચ) વેચાણ, વિતરણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.
- ✓ છેલ્લા નવ વર્ષથી દર વર્ષે ૧૧ સપ્ટેમ્બરે તેની મુદતમાં એક વર્ષનો વધારો કરવામાં આવે છે.

**૫.આત્મનિર્ભર ભારત:FAU-G સ્વદેશી ગેમ**

**અભિનેતા અક્ષય કુમાર દ્વારા ચાઈનીઝ પ્રતિબંધિત પબજી ગેમ્સ સામે પ્રથમ મેડ ઈન ઈન્ડિયા બેટલ રોયલ ગેમ - FAU-G લોન્ચ**

- ✓ નામ : એક્શન ગેમ "Fearless and United: Guards (FAU-G)."
- ✓ ખાસ : આ ઓનલાઇન ગેમથી મળનારી આવકમાંથી 20 ટકા હિસ્સો ભારતના વીર ટ્રસ્ટ-સૈનિકોને અપાશે
- ✓ યુવાનો-પ્લેયર્સ મનોરંજન સાથે આપણા સૈનિકોના શોર્ય-શહીદી વિશે પણ તેમાંથી પ્રેરણા મળશે-દેશ ભક્તિ શીખી શકશે

**૬.વૈશ્વિક બાબતો : 'થાઈ કેનાલ પ્રોજેક્ટ'**

**થાઈલેન્ડ દ્વારા ચીન પ્રેરીત થાઈ કેનાલ પ્રોજેક્ટ રદ્દ કરાયો**




- ✓ ચીન સહિતના પૂર્વોત્તર દેશોએ અત્યારે હિન્દ મહાસાગરમાં પ્રવેશવું હોય તો મલક્કાની સમુદ્રધુનીમાંથી જ પ્રવેશ કરવો પડે. એ એકમાત્ર રસ્તો છે અને વળી તેના પશ્ચિમ છેડે ભારતીય નૌકાદળનું પેટ્રોલિંગ ચાલુ જ હોય છે.
- ✓ ભારતની જાણ બહાર કોઈ પરદેશી યુદ્ધ જહાજ હિન્દ મહાસાગરમાં પ્રવેશી શકે નહીં.
- ✓ ચીન મલક્કા સ્ટ્રીટના વિકલ્પ તરીકે થાઈલેન્ડમાંથી પનામા કે સુએઝ જેવી કેનાલ પસાર કરવા માંગે છે.

**થાઈ કેનાલનું મહત્વ :**

- ✓ થાઈ કેનાલ નામે ઓળખાતી આ કેનાલ તૈયાર થાય તો ચીનના જહાજોને હિન્દ મહાસાગરમાં પ્રવેશવા માટે બીજો રૂટ મળે અને ૧૨૦૦ કિલોમીટરનું અંતર પણ ઘટી જાય.
- ✓ આ કેનાલ માટે ચીન ફંડ આપવા તૈયાર હતું, જેથી કેનાલ બની ગયા પછી પોતાની ઈચ્છા પ્રમાણેના જહાજો ત્યાંથી પસાર કરી શકે.
- ✓ જો એ કેનાલ બને તો ભારતે બે દરવાજા પર પહેરો ભરવો પડે. પરંતુ હાલ તો થાઈલેન્ડની સરકારે ચીન સાથે આ કેનાલ બનાવવાનો કરાર રદ્દ કર્યો છે.

**૭. જન્મ દિન વિશેષ : 04 સપ્ટેમ્બર**

**હિંદના દાદા : દાદાભાઈ નવરોજી**

**જન્મ : 04 સપ્ટેમ્બર 1825 અવસાન : 30 જૂન 1917**

- ✓ આજે પૂજ્ય મોટા, ઇતિહાસકાર અને "તહકીક -ઉલ- હિન્દ" જેવા પસિદ્ધ ગ્રંથના લેખક અલ્બેરુની, સારંગ બારોટ અને હિંદના દાદા તરીકે ઓળખતા દાદાભાઈ નવરોજીનો જન્મદિવસ.



- ✓ મુંબઈમાં જન્મેલા દાદાભાઈના પિતા પાલનજીનું નાનપણમાં જ અવસાન થયું હોવાથી તેઓનો ઉછેર માતા માણેકબાઈ દ્વારા થયો હતો.
- ✓ 11મા વર્ષે દાદાભાઈના લગ્ન થયા અને જીવનના 15મા વર્ષે અપશબ્દો નહિ બોલવાની અને મદ્યપાન ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- ✓ 27મા વર્ષે એલ્ફિન્સ્ટન કોલેજમાં ગણિત-ભૌતિકશાસ્ત્રના પહેલા ભારતીય પ્રોફેસર તરીકે જોડાયા હતા
- ✓ વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓની પ્રવૃત્તિઓમાં આગેવાની લેનાર પણ દાદાભાઈ સૌપ્રથમ હતા.
- ✓ દાદાભાઈ વડોદરા રાજ્યના દીવાન (1874), હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના ત્રણવાર પ્રમુખ બન્યા હતા.
- ✓ દાદાભાઈ નવરોજીએ તેમના "Poverty and unbritish rule in india" પુસ્તકમાં રજૂ કરેલો ડ્રેઈન થિયરીનો ખ્યાલ ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદના ઉદય માટે ઘણો ઉપકારક નીવડ્યો હતો.
- ✓ દાદાભાઈ નવરોજીનું 30 જૂન 1917ના રોજ 93 વર્ષની પૌઢ વયે મુંબઈમાં અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૯-૨૦૨૦)**

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં આરબીઆઈ દ્વારા પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ જાહેર કરાઈ જેને લીધે કયા વર્ગનાં લોકો બેન્કો પાસેથી સરળતાથી ધિરાણ મેળવી શકશે- **સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો તેમજ નબળા વર્ગ**
2. RBIની પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ મુજબ કેટલા રૂપિયા સુધીનાં સ્ટાર્ટઅપ્સને સરળતાથી લોન અપાશે - **રૂ. ૫૦ કરોડ**
3. FPOનું વિસ્તૃત નામ જણાવો - **ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન**
4. FPCનું વિસ્તૃત નામ જણાવો - **ફાર્મર્સ પ્રોડ્યુસર્સ કંપનીઓ**
5. RBIની પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ મુજબ કયા ક્ષેત્રો માટે લોનની મર્યાદા બમણી કરવામાં આવી છે - **રિન્યુએબલ ઉર્જા માટે તેમજ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર**
6. RBIની પ્રાયોરિટી સેક્ટરને ધિરાણની નવી ગાઈડલાઈન્સ મુજબ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્ર માટે લોનની મર્યાદા બમણી કરવામાં આવી છે તેમાં કઈ યોજનાની સેવાનો સમાવેશ કરાયો છે - **આયુષ્યમાન ભારત હેઠળની સેવા**
7. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં નવા પ્રમુખ તરીકે કોની નિમણૂક કરાઈ - **હાઇકોર્ટના નિવૃત્ત જજ વી.પી. પટેલ**
8. SCOનું વિસ્તૃત નામ જણાવો - **શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન**
9. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા સ્થળે ત્રિદિવસીય SCO સમિટ યોજાઈ – **મોસ્કો(રશિયા)**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં રશિયાના મોસ્કોમાં યોજાયેલી ત્રિદિવસીય SCO સમિટમાં ભારત તરફથી કોણે ભાગ લીધો હતો - **સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ**
11. રશિયા રાજધાની કઈ છે - **મોસ્કો**
12. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા કોના વેચાણ-સંગ્રહ પર વધુ એક વર્ષ માટે પ્રતિબંધ લગાવાયો - **ગુટકા-તમાકુ**
13. ગુજરાતમાં ગુટકા-તમાકુના વેચાણ-સંગ્રહ પર સૌપ્રથમ કયારે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે – **૧૧ સપ્ટેમ્બર-વર્ષ ૨૦૧૨**
14. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૦-૧૧માં કયા કાર્યક્રમની ઉજવણી પ્રસંગે રાજ્યમાં ગુટકા-તમાકુ જેવાં નશાકારક પદાર્થો (પાઉચ) વેચાણ, વિતરણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો - **સ્વર્ણિમ ગુજરાત ઉજવણી**
15. કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ ગેમ્સ પબજીની અવેજીમાં કઈ સ્વદેશી ગેમ લોન્ચ કરાઈ - **FAU-G સ્વદેશી ગેમ**
16. કયા બોલીવૂડ અભિનેતા દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ ગેમ્સ પબજીની સામે પ્રથમ મેડ ઈન ઈન્ડિયા બેટલ રોયલ ગેમ FAU-G લોન્ચ કરાઈ – **અક્ષયકુમાર**
17. FAU-G ગેમનું વિસ્તૃત નામ જણાવો - **Fearless and United: Guards**
18. ઓનલાઇન સ્વદેશી ગેમ FAU-Gની આવકનો કેટલા ટકા હિસ્સો ભારતના વીર સૈનિકોને અપાશે – **20 ટકા**
19. કયા હેતુસર બોલીવૂડ અભિનેતા અક્ષયકુમાર સ્વદેશી ગેમ FAU-G લોન્ચ કરવામાં આવી - **યુવાનો મનોરંજન સાથે**

સૈનિકોમાંથી પ્રેરણા મેળવે તથા દેશ ભક્તિ શીખી શકે તેવા હેતુસર

20. સપ્ટેમ્બર-૨૦૨૦માં થાઈલેન્ડ દ્વારા ચીન પ્રેરીત કયો કેનાલ પ્રોજેક્ટ રદ્દ કરાયો - **થાઈ કેનાલ પ્રોજેક્ટ**
21. ચીન સહિતના પૂર્વોત્તર દેશોએ હિન્દ મહાસાગરમાં પ્રવેશવા સમુદ્રધુનીમાંથી પ્રવેશ કરવો પડે છે - **મલક્કાની સમુદ્રધુની**
22. હિંદના દાદા તરીકે કોણ ઓળખાય છે - **દાદાભાઈ નવરોજી**
23. હિંદના દાદા તરીકે ઓળખાતા દાદાભાઈ નવરોજી જન્મ દિવસ જણાવો - **04 સપ્ટેમ્બર 1825**
24. પસિદ્ધ ગ્રંથ "તહકીક -ઉલ- હિન્દ"ના લેખક કોણ છે – **અલ્બેરુની**
25. વર્ષ-1874માં દાદાભાઈ નવરોજી કયા રાજ્યના દીવાન બન્યા હતા - **વડોદરા**
26. દાદાભાઈ નવરોજી હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના કેટલી વાર પ્રમુખ બન્યા હતા – **ત્રણ**
27. દાદાભાઈ નવરોજીએ તેમના કયા પુસ્તકમાં રજૂ કરેલો ડ્રેઈન થિયરીનો ખ્યાલ ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદના ઉદય માટે ઘણો ઉપકારક નીવડ્યો હતો - **"Poverty and unbritish rule in india"**

DATE : 05-09-2020

## ૧. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ-2019 : કેન્દ્ર સરકાર દ્વારા રેન્કિંગ જાહેર




**ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ટોપ ટેન રાજ્યો**

1. આંધ્રપ્રદેશ 2. ઉત્તરપ્રદેશ
3. તેલંગણા 4. મધ્યપ્રદેશ
5. ઝારખંડ 6. છત્તીસગઢ
7. હિમાચલપ્રદેશ 8. રાજસ્થાન
9. પશ્ચિમ બંગાળ 10. ગુજરાત

**રેન્કિંગના માપદંડો :**

✓ રાજ્યોને બાંધકામ પરમિટ, શ્રમ કાયદા, પર્યાવરણનું રજિસ્ટ્રેશન, યોગ્ય સમયે યોગ્ય માહિતી, જમીનની પ્રાપ્તિ અને સિંગલ વિન્ડો સિસ્ટમ આધારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન હેઠળ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા આપવામાં આવે છે.

**રેન્કિંગનો પ્રથમ પ્રારંભ : વર્ષ-2015-16થી**

✓ રેન્કિંગની આ ચોથી એડિશન છે જે વર્ષ 2019 માટે છે.

હેતુ : દેશનાં અને વિદેશનાં રોકાણકારોને આકર્ષવા તેમજ કારોબારના માહોલમાં સુધારા લાવવા રાજ્યો વચ્ચે સ્પર્ધા ઊભી કરવાનો છે.

**ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ભારત**

✓ વર્લ્ડ બેન્કના ડુઇંગ બિઝનેસ રિપોર્ટમાં ત્રણ વર્ષમાં ભારતે 158 ક્રમની મોટી છલાંગ લગાવી છે.

✓ કારોબારીઓ માટે અનુકૂળ દેશોની યાદીમાં ભારત 2017માં 185મા ક્રમે હતો પરંતુ 2020માં 27માં ક્રમે આવ્યો છે.

**ગુજરાતની રેન્કિંગમાં સ્થિતિ :**

✓ વર્ષ-2015 : પ્રથમ ક્રમ - વર્ષ-2018 : પાંચમો ક્રમ

✓ મંત્રાલય : વાણિજ્ય અને ઉદ્યોગ

## ૨.ભારત-બાંગ્લાદેશ વચ્ચે આંતરદેશીય જળમાર્ગ (વૈશ્વિક સંબંધો)

✓ પહેલી વખત બાંગ્લાદેશ સાથે ભારત જળમાર્ગે જોડાયું.

✓ બાંગ્લાદેશથી મોટી હોડી 50 ટન સિમેન્ટ લઈને રવાના થઈ હતી અને 60 કિલોમીટરનું અંતર કાપી ત્રિપુરાના સોનામુરા ખાતે પહોંચી.




✓ આ જળમાર્ગ વડે ભારતની ગોમતી અને બાંગ્લાદેશની મેઘના નદીનું જોડાણ થયું છે.

✓ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષિય વેપાર થાય છે અને આ રીતે જળમાર્ગનો ઉપયોગ થાય તો તેનો મોટો લાભ મળી શકે એમ છે.

✓ બંને દેશો વચ્ચે થયેલી સમજૂતીમાં સોનામુરા (ત્રિપુરા) અને દાઉદકાન્ડી (બાંગ્લાદેશ) રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 3. દિન વિશેષ - 05 સપ્ટેમ્બર : શિક્ષક દિવસ




<u>ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં પ્રતિ વર્ષ 5 સપ્ટેમ્બરે ઉજવણી</u>

### ૪. સન્માન : ગુજરાતના 44 શિક્ષકોનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ વ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સન્માન

- ✓ રાજ્યકક્ષાનો શિક્ષકદિનની ગાંધીનગર ખાતે ઉજવણી કરાઈ

### ૫. જન્મ દિન વિશેષ : 05 સપ્ટેમ્બર

### દાર્શનિક રાષ્ટ્રપતિ :ડો .રાધાકૃષ્ણન

### જન્મ : 05 સપ્ટેમ્બર 1888 અવસાન : 17 એપ્રિલ 1975




- ✓ આજે શિક્ષક દિવસ અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ
- ✓ સમાજશાસ્ત્રી ઓગસ્ટ કોમ્તે, મધર ટેરેસા અને રતુભાઈ અદાણીની પુણ્યતિથિ.
- ✓ <u>શિક્ષક અને કર્મકાંડી પિતાના આ પુત્રએ શિક્ષણ ગામ તીરુતાની</u>, વેલ્લોર અને મદ્રાસથી લીધુ હતું.
- ✓ <u>1908માં પ્રેસિડેન્સી કોલેજ કોલકાતામાં તત્વજ્ઞાનના સહાયક અધ્યાપક બન્યા</u>.
- ✓ વિદ્યાર્થીપ્રિય રાધાકૃષ્ણન કોલકતા યુનિ.માં ફિલોસોફીના પ્રોફેસર અને 1926માં આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ પણ રહ્યા હતા.
- ✓ તેઓ બનારસ હિંદુ યુનિ.ના કુલપતિપદે પણ નિમાયા હતા.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા રાધાક્રિષ્ણન 1938માં મહાત્મા ગાંધીને મળી આઝાદીના સંગ્રામમાં જોડાયા હતા.
- ✓ 1942ના આંદોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ <u>આઝાદી પછી રશિયાના રાજદૂત, ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ બન્યા.</u>
- ✓ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોય છે તેમના અધ્યક્ષકાળ દરમિયાન તેમના નૈતિકતાના પાઠ સામે રાજનીતિ દબાઈ જતી.
- ✓ 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપતિ' તેમ કહેનાર, ભારતના સાંસ્કૃતિક દૂત, દાર્શનિક અને મહાન રાજનીતિજ્ઞ ડો. રાધાકૃષ્ણનનું 17 એપ્રિલ 1975ના રોજ અવસાન થયું હતું.

## <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૯-૨૦૨૦)</u>

1. તાજેતરમાં જાહેર કરાયેલ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-2019 રેન્કિંગમાં પ્રથમ ક્રમ મેળવનાર રાજ્ય કયું છે - **<u>આંધ્રપ્રદેશ</u>**
2. તાજેતરમાં જાહેર કરાયેલ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-2019 રેન્કિંગમાં ગુજરાતનો ક્રમ જણાવો – **<u>10મો ક્રમ</u>**
3. તાજેતરમાં જાહેર કરાયેલ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ-2019 રેન્કિંગમાં પ્રથમ પાંચ ક્રમ મેળવનારા રાજ્યોના નામ જણાવો – **<u>૧. આંધ્રપ્રદેશ ૨. ઉત્તરપ્રદેશ ૩. તેલંગણા ૪. મધ્યપ્રદેશ ૫. ઝારખંડ</u>**
4. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ માટેના માપદંડો ક્યા કયા છે - <u>રાજ્યોને બાંધકામ પરમિટ, શ્રમ કાયદા, પર્યાવરણનું રજિસ્ટ્રેશન, યોગ્ય સમયે યોગ્ય માહિતી, જમીનની પ્રાપ્તિ અને સિંગલ વિન્ડો સિસ્ટમ આધારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન હેઠળ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ</u>
5. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગનો પ્રથમ પ્રારંભ ક્યા વર્ષથી કરવામાં આવ્યો - <u>વર્ષ-2015-16 થી</u>
6. ક્યા હેતુસર ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ આપવામાં આવે છે - **<u>દેશ-વિદેશનાં રોકાણકારોને આકર્ષવા તેમજ કારોબારના માહોલમાં સુધારા લાવવા રાજ્યો વચ્ચે સ્પર્ધા ઊભી કરવા</u>**
7. વર્લ્ડ બેન્કના ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રિપોર્ટમાં ત્રણ વર્ષમાં ભારતે કેટલા ક્રમની મોટી છલાંગ લગાવી છે - **<u>158</u>**
8. વર્ષ-2020ની કારોબારીઓ માટે અનુકૂળ દેશોની યાદીમાં ભારતનો કયો ક્રમ છે - **<u>27</u>**
9. વર્ષ-2015ના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાત ક્યા ક્રમે હતુ - **<u>પ્રથમ ક્રમે</u>**
10. વર્ષ-2018ના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાત ક્યા ક્રમે હતુ - **<u>પાંચમા ક્રમે</u>**

11. કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગ જાહેર કરવામાં આવે છે - **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય**
12. તાજેતરમાં ભારત કયા પાડોશી દેશ સાથે આંતરદેશીય જળમાર્ગથી જોડાયું - **બાંગ્લાદેશ**
13. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જળમાર્ગ માટે કઈ બે નદીનું જોડાણ થયુ છે – **ભારતની ગોમતી અને બાંગ્લાદેશની મેઘના નદી**
14. ભારત-બાંગ્લાદેશ જળમાર્ગ દ્વારા પહેલું જહાજ કયા સ્થળે આવી પહોંચ્યું હતુ - **સોનામુરા (ત્રિપુરા)**
15. ભારત-બાંગ્લાદેશ વચ્ચે થયેલી સમજૂતી અનુસાર જળમાર્ગ દ્વારા કયા બે રૂટનો સમાવેશ થાય છે - **સોનામુરા (ત્રિપુરા) તથા દાઉદકાન્ડી (બાંગ્લાદેશ)**
16. 5મી સપ્ટેમ્બર 2020ના રોજ શિક્ષક દિન નિમિત્તે ગુજરાતના કેટલા શિક્ષકોનું રાજ્યપાલ તથા મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું - **44**
17. રાજ્યકક્ષાના શિક્ષક દિન-2020ની કયા સ્થળે ઉજવણી કરવામાં આવી - **પાટનગર ગાંધીનગર**
18. ભારતમાં શિક્ષક દિવસ ક્યારે મનાવવામાં આવે છે – **5 સપ્ટેમ્બરે**
19. ભારતમાં પ્રતિ વર્ષ 5 સપ્ટેમ્બરના રોજ કોની યાદમાં શિક્ષક દિવસ મનાવવામાં આવે છે – **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**
20. દાર્શનિક રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ જણાવો - **05 સપ્ટેમ્બર 1888**
21. પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું અવસાન કયારે થયુ - **17 એપ્રિલ 1975**
22. આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ કોણ હતા - **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન**
23. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન કયા વર્ષે આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ બન્યા હતા – **વર્ષ 1926**
24. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન આઝાદી પછી કયા દેશના રાજદૂત બન્યા હતા – **રશિયા**

DATE : 06-09-2020

## ૧.ભારતનું ફોરેક્સ રિઝર્વ (અર્થશાસ્ત્ર) ભારતનું ફોરેક્સ રિઝર્વ 541.431 બિલિયન ડોલરની ઓલ ટાઈમ હાઈ સપાટી પર




**ફોરેક્સ રિઝર્વ એટલે શું : વિદેશી હુડિયામણ અનામત ભંડોળ**

**વિગતવાર સ્થિતિ :**

- ✓ 4 સપ્ટેમ્બરે ભારતીય રિઝર્વ બેન્કે જારી કરેલા આંકડા અનુસાર 28મી ઓગસ્ટે પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ અનામત ભંડોળ 3.883 બિલિયન ડોલરના વધારા સાથે 541.431 બિલિયન ડોલરની લાઇફટાઇમ હાઇ સપાટી પર પહોંચ્યું હતું.
- ✓ 5 જૂન 2020ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં પહેલીવાર ભારતના ફોરેક્સ રિઝર્વે 500 બિલિયન ડોલરની સપાટી વટાવી હતી.
- ✓ 1991માં આવી પડેલી મોટી આર્થિક કટોકટીના કારણે તત્કાલીન ભારત સરકારે સોનું ગીરવે મૂકવું પડ્યું હતું.
- ✓ માર્ચ 1991માં ભારતનું ફોરેક્સ રિઝર્વ ફક્ત 5.8 બિલિયન ડોલર હતું.
- ✓ આજે ભારત આર્થિક મોરચા પર કોઇપણ પ્રકારની કટોકટી સામે લડવા માટે ફોરેક્સ રિઝર્વનો ઉપયોગ કરી શકે તેવી સ્થિતિમાં છે.

**સરકાર અને આરબીઆઈને મોટી રાહત**

- ✓ ફોરેક્સ રિઝર્વમાં થઇ રહેલા વધારાના કારણે સરકાર અને આરબીઆઇને મોટી રાહત મળી છે, દેશનું અર્થતંત્ર કટોકટીમાં છે ત્યારે ફોરેક્સ રિઝર્વના સહારે સરકાર અને આરબીઆઇ દેશના આંતરિક અને બાહ્ય આર્થિક મામલાઓ મેનેજ કરી શકે છે.
- ✓ ફોરેક્સ રિઝર્વ આર્થિક મોરચે કટોકટી પ્રવર્તતી હોય ત્યારે ગાદીનું કામ કરે છે જે આર્થિક આંચકાઓ પચાવવાની શક્તિ આપે છે.
- ✓ આટલું ફોરેક્સ રિઝર્વ દેશની એક વર્ષની આયાત જરૂરિયાત પૂરી કરવા પૂરતું છે.
- ✓ આના કારણે ડોલર સામે રૂપિયાને મજબૂત કરવામાં પણ સહાય મળી રહી છે.

## ૨. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય) રાજયમાં પ્રથમવાર કોરોનાની શરીર પર થતી અસર જાણવો માટે મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરાશે

- ✓ રાજકોટમાં મેડિકલ ફોરેન્સિક વિભાગમાં ૨૦ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાશે : ખાસ પોસ્ટમોર્ટમ રૂમ તૈયાર
- ✓ અગાઉ એકમાત્ર ભોપાલ એઈમ્સમાં જ કોરોનાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાતુ હતુ

**કયા વય જૂથના મૃતદેહો પર રિસર્ચ કરાશે**

- ✓ 20 મૃતદેહ પર રિસર્ચ કરાશે જેમાં 20 થી 30 વર્ષની વય, 30 થી 40, 40 થી 50 અને 50 થી વધુ વયના મૃતકના મૃતદેહ પર આ સંશોધન કરવામાં આવશે.
- ✓ પોસ્ટમોર્ટમ સવારના 7 વાગ્યા પછી જ થશે, મૃત્યુના 30 મિનિટમાં તેના મૃતદેહનું પીએમ કરાશે.

**મગજ, હાર્ટ, આંખ, પેટ સહિતના ભાગમાંથી સેમ્પલ લેવાશે**

- ✓ ભારતમાં અત્યાર સુધીમાં માત્ર ભોપાલ એઇમ્સ ખાતે મૃતદેહની પેથોલોજિકલ ઓટોપ્સી કરવામાં આવી હતી જેમાં માત્ર ફેફસાંના જ સેમ્પલ લેવામાં આવ્યા હતા, પરંતુ રાજકોટમાં થનારા રિસર્ચમાં કોરોનાથી મગજ, હાર્ટ, આંખ, પેશાબામાં અને પેટમાં તેમજ શરીરના અન્ય પાર્ટમાં કેવી અસર થાય છે તે જાણવા શરીરના અલગ અલગ અંગોમાંથી સેમ્પલ લઇ તેનું પૃથક્કરણ કરી સંશોધન કરવામાં આવશે.

## ૩. નિધન : કેરળના શંકરાચાર્ય સંત કેશવાનંદ ભારતીનું 79 વર્ષે નિધન

- ✓ વડા : ઇડનીર મઠ, કાસરગોડ
- ✓ તેમને બંધારણ બચાવનારા શખ્સ તરીકે યાદ કરાય છે, કેમ કે 47 વર્ષ પૂર્વે તેમણે મઠની સંપત્તિ મામલે કેરળ સરકાર વિરુદ્ધ સુપ્રીમકોર્ટમાં ઐતિહાસિક લડત આપી હતી.
- ✓ કેરળનો સુપ્રસિદ્ધ ઇડનીર શૈવ મઠ 1,200 વર્ષ પ્રાચીન છે. તેને આદિ શંકરાચાર્યની પીઠ પણ કહે છે.
- ✓ ગુરુના નિધન બાદ કેશવાનંદ માત્ર 20 વર્ષની ઉંમરે તેના વડા બન્યા હતા.
- ✓ અધ્યાત્મ ઉપરાંત નૃત્ય, કળા, સંગીત અને સમાજસેવામાં પણ આ મઠનું ઘણું યોગદાન છે.
- ✓ ભારતની નૃત્ય પરંપરાને પ્રોત્સાહન આપવા કાસરગોડ અને તેની આસપાસના વિસ્તારોમાં દાયકાઓથી ઇડનીર મઠની ઘણી સ્કૂલ-કોલેજ ચાલે છે.

**કેશવાનંદ ભારતી કેસ : સરકારે મઠની જમીન કબ્જે કરી તો સ્વામીએ નિર્ણય કોર્ટમાં પડકાર્યો**

- ✓ મઠ વર્ષોથી ઘણા પ્રકારના વ્યવસાયોનું પણ સંચાલન કરે છે. 1970ના દાયકામાં કાસરગોડમાં આ મઠની હજારો એકર જમીન પણ હતી.
- ✓ આ એ જમાનો હતો કે જ્યારે ઇએમએસ નંબૂદરીપાદના નેતૃત્વ હેઠળ કેરળની તત્કાલીન ડાબેરી સરકાર જમીન સુધારા માટે પ્રયાસરત હતી.
- ✓ સમાજમાં આર્થિક અસમાનતા ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે રાજ્ય સરકારે ઘણા કાયદા ઘડીને જમીનદારો તથા મઠોની હજારો એકર જમીન સંપાદિત કરી લીધી.
- ✓ ઇડનીર મઠની સંપત્તિ પણ ઝપટમાં આવી. મઠની સેંકડો એકર જમીન સરકારની થઇ ચૂકી હતી.
- ✓ એવામાં મઠના યુવા વડા સ્વામી કેશવાનંદે સરકારના નિર્ણયને કોર્ટમાં પડકાર્યો. કેરળના અને કેન્દ્ર સરકારના જમીન સુધારા કાયદાઓને પણ પડકાર્યા.

**માત્ર 1 મતના તફાવતથી કેસ જીત્યા**

- ✓ કેરળ હાઇકોર્ટમાં સફળતા ન મળી તો બંધારણીય બાબતોના નિષ્ણાત વકીલ નાની પાલખીવાલા સાથે સલાહ-મસલત કરીને સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવ્યા.
- ✓ ત્યાં સવાલ ઊઠ્યો કે શું દેશની સંસદને બંધારણીય સુધારા દ્વારા મૂળભૂત અધિકારો સહિત અન્ય કોઇ પણ ભાગમાં અમર્યાદિત સુધારાનો અધિકાર છે?
- ✓ અગાઉના ગોલકનાથ કેસમાં બનેલી 11 જજની બંધારણ બેન્ચથી પણ મોટી બેન્ચ બનાવવાનું નક્કી થયું.
- ✓ 68 દિવસ લાંબી સુનાવણી બાદ 703 પેજના ચુકાદામાં માત્ર 1 વોટના તફાવતથી સુપ્રીમકોર્ટે સ્વામી કેશવાનંદની તરફેણમાં ચુકાદો આપ્યો.
- ✓ આ કેસના કારણે એક મહત્વપૂર્ણ બંધારણીય સિદ્ધાંત આવ્યો, જેણે સંસદની સુધારા કરવાની શક્તિ મર્યાદિત કરી દીધી.

## ૪. અનોખી પહેલ : આજે તા. ૭મી સપ્ટેમ્બરના રોજ વિશ્વમાં પ્રથમ વાર મનાવાશે 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' (પર્યાવરણ)

- ✓ UN દ્વારા જાહેરાત કરાઈ



**વિશેષતા :**

- ✓ કોરોનામાં દુનિયાના તમામ દેશોએ વર્ષો પછી તદ્દન સ્વચ્છ અને વાદળી આકાશ જોયું હતું.
- ✓ લૉકડાઉનના પ્રારંભિક દિવસોમાં પંજાબ અને ઉત્તર પ્રદેશનાં મકાનોના ધાબા પરથી હિમાલયના શિખરો દેખાવા લાગ્યા હતા. સડકો પર વાહનોનું પરિવહન અને ઔદ્યોગિક ગતિવિધિઓ ઘટવાને કારણે આમ થયું હતું.
- ✓ દુનિયાના તમામ દેશોમાં કારોના બદલે લોકોએ સાઈકલ ચલાવાનું શરૂ કર્યું છે. તેના અંગે યુનાઈટેડ નેશન્સ(યુએન)એ પ્રથમ વખત 7 સપ્ટેમ્બરને 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' તરીકે મનાવવાની જાહેરાત કરી છે.

**ભારત માટે વધુ મહત્વ :**

**ભારતમાં સૌથી વધુ વાયુ પ્રદૂષણ**

- ✓ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસ આ વિશેષ દિવસે એક વીડિયો સંદેશમાં વાયુ પ્રદુષણ રોકવા માટે પર્યાવરણ ધોરણો, નીતિઓ અને કાયદાઓ લાગુ કરવા, અશ્મિભૂત ઈંધણ પર સબસિડી સમાપ્ત કરવા, ક્લીન એનર્જી માટે ઈન્ટરનેશનલ સહયોગ અને વિકાસશીલ દેશોને અશ્મિભૂત ઈંધણ આધારિત પ્રોજેક્ટોને ક્લીન એનર્જીમાં બદલવા પર ભાર મુકવાનો આગ્રહ કરશે.
- ✓ 'ક્લીન એર ડેનું મહત્ત્વ ભારત માટે સૌથી વધુ છે.
- ✓ ભારત વાયુ પ્રદૂષણથી સૌથી વધુ પ્રભાવિત દેશ છે.
- ✓ આંકડા મુજબ દેશમાં આજે 90 કરોડ ટન કોલસો, 40 કરોડ ટન બાયોમાસ, 20 કરોડ ટન તેલ અને 5 કરોડ ટન ગેસની ઊર્જાનો વપરાશ છે.
- ✓ આજે 80-85% ઊર્જા કોલસા અને બાયોમાસથી મળે છે.

**પ્રદૂષિત હવામાં વિશ્વની સ્થિતિ**

- ✓ દુનિયાની 92% વસતી પ્રદૂષિત હવામાં શ્વાસ લે છે. જેના કારણે 70 લાખ લોકો સમયથી પહેલા મરી જાય છે.
- ✓ ખુલ્લામાં પ્રદૂષણથી દુનિયામાં લોકોનાં આરોગ્યને જેટલું નુકસાન થાય છે, યુનાઈટેડ નેશન્સ અનુસાર તે ગ્લોબલ જીડીપીના 4.8% (570 અબજ અમેરિકન ડોલર) જેટલું છે.
- ✓ ઓઝોનના પ્રદૂષણની અસર પાક પર પડે છે. સોયાબીનના પાકની પેદાવારમાં ઓઝોન પ્રદૂષણને કારણે 15% સુધીનો ઘટાડો થાય છે.
- ✓ પ્રદૂષણને કારણે ક્લાઈમેટ ચેન્જની ગતિ તેજ થઈ છે. હવામાનની એક્સ્ટ્રીમ ઈવેન્ટ (જેમકે કોઈ એક સ્થળે વધુ વરસાદ, મોટા વિસ્તારોમાં વારંવાર દુષ્કાળ, પૂર) વધી ગયા છે.

**સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ: એન્ટોનિયો ગુટેરસ**

## ૫. 5G વિશે (સંચાર ટેકનોલોજી)

**5G એટલે ક્વોલિટી, કનેક્ટિવિટી, સ્પીડની દુનિયાનો સમન્વય**

**5th જનરેશન (5-G)**

- ✓ ફોનના આ બદલતા રંગ રૂપની સાથે એની જનરેશન પણ જોડાયેલી હોય છે જે ૧ થી ૪ નો સફર પૂરો કરી ચુકી છે અને હવે 5-G તરફ વધી રહી છે.
- ✓ આ આવનારી 5-G શું છે, આમાં વપરાયેલી ટેક્નોલોજી શું છે અને અત્યારની ઈન્ડસ્ટ્રીઝમાં બદલાવ લાવી શકશે.
- ✓ દર ૧૦ વર્ષમાં મોબાઈલ ટેકનોલોજીમાં એક જનરેશનનો વધારો થાય છે.
- ✓ જેમકે ફર્સ્ટ જનરેશન (૧ જી) ૧૯૮૦માં, સેકન્ડ જનરેશન (૨જી) ૧૯૯૦માં, થર્ડ જનરેશન (૩ જી) ૨૦૦૦માં, ફોર્થ જનરેશન(૪ જી) ૨૦૧૦માં, હવે ફિફ્થ જનરેશન (5-G).
- ✓ હવે દુનિયા આધુનિક અને સ્માર્ટ ટેકનોલોજીની તરફ વધી રહી છે 5-Gનું પૂલ ફોર્મ છે ફિફ્થ જનરેશન
- ✓ આ ફિફ્થ જનરેશન વાયરલેસ અથવા ૫જી, બોવેજ લેટેસ્ટ સેલ્યુલર ટેકનોલોજી છે. જેને ખાસ રીતે એન્જિનિયર્ડ કરવામાં આવ્યું છે.
- ✓ જેનાથી વાયરલેસ નેટવર્કની સ્પીડ અને પ્રતિભાવમાં વધારો કરી શકાય.
- ✓ 5-Gમાં ડેટાને વાયરલેસ બ્રોડબેન્ડ કનેક્શનના માધ્યમથી લગભગ ૨૦ gbpsથી પણ વધારે સ્પીડથી ટ્રાન્સમિટ થઈ શકે છે.

**ટેકનોલોજીના ફાયદા**

- ✓ 3 સેકંડમાં પૂર્ણ એચડી મૂવી ડાઉનલોડ કરી છે ?
- ✓ 5-G નેટવર્કથી આ ખૂબ ઝડપી બનશે
- ✓ 5-G ટ્રાફિક ક્ષમતા અને નેટવર્ક કાર્યક્ષમતામાં પ્રતિ સેકન્ડ ગતિ ૨૦ જીબી પહોંચાડવા માટે સક્ષમ છે
- ✓ એમએમ વેવ સાથે, જે કનેક્શનને નક્કી કરવા અને નેટવર્ક ટ્રાફિક ઘટાડવામાં મદદ કરે છે.
- ✓ 5-G નેટવર્ક આવી ગતિ આપશે, જે વાસ્તવિક સમયમાં વૃદ્ધિશીલતાની વાસ્તવિકતાનો અનુભવ કરી શકે છે.

- ✓ વાસ્તવિક્તા પર કામ કરતા હાર્ડવેરના વિકાસમાં પણ મદદ કરશે.
- ✓ આ ટેકનિક વર્ચ્યુઅલ રિયાલિટી, ઓટો ડ્રાઇવિંગ અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સનો પાયો બનશે.
- ✓ આ ફક્ત તમારા સ્માર્ટફોનનો ઉપયોગ કરવાનો અનુભવ સુધારશે નહીં પણ તબીબી માળખાગત સુવિધાઓ અને ઉત્પાદનના વિકાસમાં મદદ કરશે.

**<u>ટેકનોલોજીની વિશેષતાઓ :</u>**

- ✓ up to 10 gbps data rate હશે. એની સાથે 10 to 100Xની rateમાં નેટવર્ક અપડેટ થશે.
- ✓ બેન્ડવિથ હાઈસ્પીડ પર કામ કરશે
- ✓ ૧૦૦ ટકા કવરેજ પ્રદાન કરે છે. નેટવર્ક જવાનો કોઈ પ્રશ્ન જ નથી.
- ✓ ૯૦ ટકા સુધી નેટવર્કને પહોંચતી ઊર્જા ઓછી કરશે છતાં સ્પીડ મળશે
- ✓ વીડિયો સ્ટ્રિમિંગ ઘટશે, એક ક્લિક પર વીડિયો પ્લે થશે
- ✓ વધારે Data volume per unit area હોય છે. વધારે સક્ષમતા વધારે ડિવાઈસની સાથે નેક્ટિવિટી
- ✓ બેટરી ઓછી હશે તો પણ કામ કરશે.
- ✓ વધારે ડિવાઈસ હશે તો પણ નેટવર્ક સ્લો નહીં થાય
- ✓ વાઈફાઈ ફ્રિકવન્સી સાથે સેટ થઈને ડિવાઈસને જોડાણ આપશે.
- ✓ વિદેશી ટેકનોલોજી ઘર આંગણે તૈયાર થશે.

**<u>૨૦૧૯માં દક્ષિણ કોરિયામાં ૫ જી નેટવર્ક શરૂ થયું</u>**

- ✓ એપ્રીલ ૨૦૧૯ના ગ્લોબલ મોબાઇલ સ્પલાઈર્સ એસોસીએશનના આંકડા અનુસાર વિશ્વના ૮૮ દેશોમાં ૨૨૪ ઓપરેટર્સ દ્વારા ૫ જી નેટકર્વનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું
- ✓ આ જ આંકડા નવેમ્બર ૨૦૧૮માં ૮૧ દેશોમાં ૧૯૨ ઓપરેટર્સનો હતો.
- ✓ ૫ જી નેટવર્ક શરૂ કરનાર વિશ્વનો પહેલો દેશ દક્ષિણ કોરીયા હતો, જેને એપ્રિલ ૨૦૧૯માં 5-G નેટવર્ક શરૂ કર્યું હતું
- ✓ સ્વીડિસ ટેલિકોમ કંપની એરિક્સને દાવો કર્યો હતો કે ૨૦૨૫ સુધીમાં વિશ્વમાં ૬૫ ટકા લોકો ૫ જી નેટવર્કનો ઉપયોગ કરશે
- ✓ જેથી એરિક્સન દ્વારા બ્રાઝિલમાં ૨૩૮.૩૦ મિલિયન ડોલરનું રોકાણ કરી ફિફ્થ જનરેશન ટેકનોલોજી માટે નવી લાઇન નાખવાની પણ વિચારણા કરાઈ છે.

**<u>૬. હૈશેન વાવાઝોડ઼ : જાપાનના દક્ષિણ કાંઠે હૈશેન વાવાઝોડું ફૂંકાયું (કુદરતિ આપત્તી)</u>**

- ✓ ઝડપ : પ્રતિ કલાક 162 કિ.મી.
- ✓ સ્થાન ક્યુશુ ટાપુ (યાકુશિમા)

**<u>૭. સાઉદી અરબમાં વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલનો પ્રારંભ (પ્રાણી કલ્યાણ)</u>**



- ✓ સ્થળ : બરાઈદાહ (અલ કાસિમ)
- ✓ સાઉદી અરબના અલ કાસિમના બરાઈદાહમાં દુનિયાની સૌથી મોટી કેમલ હૉસ્પિટલ શરૂ થઈ છે.
- ✓ આશરે 70 હજાર ચો.મી.માં ફેલાયેલી ધ સલમાન વેટરનરી હોસ્પિટલ એટલી મોટી છે કે અહીં 4 હજારથી વધુ ઊંટોને સારવાર માટે એકસાથે રાખી શકાય છે.
- ✓ ઉપરાંત અહીં ઊંટોની ઊંચી જાતિની બ્રીડિંગ પણ કરાવાય છે.
- ✓ આ હોસ્પિટલમાં અલગ અલગ વિંગવાળા આઉટડોર, યંગ કેમલ યૂનિટ, એક્સ રે તથા અલ્ટ્રાસાઉન્ડ યુનિટ તથા સિટી સ્કેન ઉપરાંત વિશાળ સર્જિકલ ઓપરેશન થિયેટર છે.
- ✓ જ્યાં દુનિયાની સૌથી ટોપ લેવલની ટેક્નોલોજી અને મેડિકલ એક્સપર્ટ્સ હાજર છે.

**<u>વિશેષતાઓ :</u>**

- ✓ 70 હજાર ચો.મી.માં ફેલાયેલી છે આ હોસ્પિટલ
- ✓ 73.24 કરોડ રૂપિયા એટલે કે (10 મિલિયન ડોલર)ના ખર્ચે બની છે આ હોસ્પિટલ.
- ✓ 144 ઊંટનું એકસાથે ચેકઅપ કરી શકાય છે હોસ્પિટલના આઉટડોરમાં
- ✓ 4000 થી વધુ બીમાર ઊંટોને અહીં રાખી શકાય છે.
- ✓ 160 પ્રકારની બીમારીઓને ડિટેક્ટ કરી શકાય છે.

**<u>૮. જન્મ દિન વિશેષ : 6 સપ્ટેમ્બર</u>**

**<u>ગ્રામમાતા : અનુબેન ઠક્કર</u>**

જન્મ : 6 સપ્ટેમ્બર 1944 અવસાન : 18 ડિસેમ્બર 2001

✓ લગભગ અજાણ્યું નામ પણ કામ પાયાનું અને નક્કર કરનાર અનુબેન ઠક્કરનો આજે જન્મદિવસ.




✓ જન્મ કચ્છના અંજારમાં પણ ઉછેર થયો સાણંદમાં થયો.

✓ અનુબેન બચપણમાં વિવેકાનંદથી પ્રભાવિત થયા હતા.

✓ મુનિશ્રી સંતબાલજી અને મૌની મહારાજના પ્રભાવે તેઓને સમાજસેવાની પ્રેરણા આપી હતી.

✓ આઝાદી પછી રાજકારણમાં જોડાવાની અને શહેરોમાં વસવાની હોડ મચી હતી ત્યારે અનુબેને ૧૯૭૮મા સમાજ સેવા અર્થે વડોદરા જીલ્લાના વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે ધૂણી ધખાવી.

✓ પહેલા તો તેમના શુભેચ્છકોએ ચેતવ્યા પણ ખરા પણ સામા પ્રવાહે તરવા જેવી સ્થિતિમાં તેમણે ગામડાઓમાં કામ શરુ કર્યું.

✓ પહેલા તો આશ્રમ સ્થાપી છોકરાઓને ભણાવવાનું શરુ કર્યું ગરીબ બાળકોને દત્તક લીધા શારદા મંદિર સંસ્થા દ્વારા બાળ મંદિર, પ્રાથમિક, માધ્યમિક અને ઘોડિયા ઘરો ચાલુ કર્યા ગ્રામીણ મહિલાઓને ભરત-ગુંથણ -સીવણની તાલીમ આપી સ્વાશ્રયનો ખ્યાલ આપ્યો.

✓ ૧૯૮૧મા આરોગ્ય મંદિર શરુ કરી ખુબ જ ઓછા દરે દર્દીઓની સારવાર શરુ કરાવી સાથે અન્નપૂર્ણા મંદિરમાં દર્દીઓના સગાઓને વિનામુલ્યે ભોજનની સુવિધા ઉભી કરી

✓ અમદાવાદ સિવાય ક્યાય કેન્સર હોસ્પિટલ ન હતી ત્યારે કૈલાશ કેન્સર હોસ્પિટલ ઉભી કરી વાનપ્રસ્થ મંદિર દ્વારા ભજન-કીર્તન, સત્સંગ,ધ્યાન અને વાંચનની વ્યવસ્થા ઉભી કરી તો ગૌશાળા દ્વારા બાયોગેસ અને પશુપાલનની તાલીમ આપી

✓ આ સંસ્થાનો ઉદ્દેશ "અમને રોટલો ન આપશો ,પણ રોટલો કેમ કમાવવો તે બતાવો "સાર્થક કર્યું હતું.

✓ અનુબેનના સેવાયજ્ઞની અશોક ગોંધિયા (૧૯૯૬), જાનકીદેવી બજાજ એવોર્ડ અને મેવાડ ફાઉન્ડેશન દ્વારા કદર થઇ છે.

✓ ૧૮ ડિસે.૨૦૦૧ના રોજ આ ગ્રામમાતાનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૯-૨૦૨૦)

1. ઓગસ્ટ 2020ના અંતમાં આરબીઆઇના અહેવાલ મુજબ ભારતમાં ફોરેક્સ રિઝર્વ ડોલરની ઓલટાઇમ હાઇ સપાટીએ હતું - **541.431 બિલિયન ડોલર**
2. ફોરેક્સ રિઝર્વ એટલે શું - **વિદેશી હૂંડિયામણ અનામત ભંડોળ**
3. વર્ષ-1991માં ભારતનું ફોરેક્સ રિઝર્વ કેટલા ડોલર હતું-**5.8 બિલિયન ડોલર**
4. ભારતે સૌપ્રથમ કયા વર્ષમાં પોતાનું સોનું ગીરવે મુકવું પડ્યું હતું - **વર્ષ 1991**
5. ગુજરાતમાં સૌપ્રથમ કયા શહેરમાં કોરોના સંક્રમણનો ભોગ બનેલ લોકોના મૃતદેહોનું સંશોધનના હેતુથી પોસ્ટમોર્ટમ કરવામાં આવશે - **રાજકોટ**
6. ભારતમાં સૌપ્રથમ કોરોના સંક્રમિત લોકોના મૃતદેહોનું કઈ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું - **AIIMS, ભોપાલ**
7. સપ્ટેમ્બર 2020મા "કેરળના શંકરાચાર્ય" તરીકે ઓળખાતા ક્યા સંતનું 79 વર્ષે અવસાન થયું - **સંત કેશવાનંદ ભારતી**
8. સંત કેશવાનંદ ભારતી કયા મઠના વડા હતા - **ઇડનીર મઠ**
9. કેરળમાં સુપ્રસિદ્ધ ઈડનીર શૈવ મઠ કેટલા વર્ષ જૂનો છે - **1200**
10. કેશવાનંદ ભારતીએ 1200 વર્ષ જૂના ઇડનીર મઠની સંપત્તિને સરકારી સંપાદનથી બચાવવા કયા બંધારણીય સુધારાને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો - **29મા**
11. 1200 વર્ષ જૂના ઇડનીર મઠની સંપત્તિને સરકારી સંપાદનથી બચાવવા 29મા બંધારણીય સુધારાને સુપ્રિમ કોર્ટમાં પડકારી હતી તે કેટલા દિવસની લાબી સુનાવણી બાદ કેટલા મતથી તેમના તરફેણમાં ચુકાદો આવ્યો હતો - **68 દિવસ અને 01 મત**
12. ભારતમાં બંધારણને બચાવનાર તરીકે કોનું નામ ઓળખાય છે - **કેશવાનંદ ભારતી**
13. કેશવાનંદ ભારતી કેસ માટે સુપ્રીમ કોર્ટની કેટલા જજની બેન્ચ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો -**13 જજ**
14. સૌપ્રથમ ક્યારે 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' મનાવવામાં આવ્યો – **તા.૭મી સપ્ટેમ્બર-૨૦૨૦**

15. સૌપ્રથમ તા.૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ 'ઈન્ટરનેશનલ ક્લીન એર ડે ફોર બ્લ્યૂ સ્કાય' મનાવવાની કોના દ્વારા જાહેરાત કરાઈ હતી – **<u>સંયુક્ત રાષ્ટ્રસંઘ</u>**

16. સંયુક્ત રાષ્ટ્રસંઘના આંકડા મુજબ ખુલ્લામાં પ્રદૂષણથી દુનિયામાં લોકોનાં આરોગ્યને જેટલું નુકસાન થાય છે, તે ગ્લોબલ જીડીપીના કેટલા ટકા બરાબર થાય છે - **<u>4.8% (570 અબજ અમેરિકન ડોલર)</u>**

17. સંયુક્ત રાષ્ટ્રના વર્તમાન મહાસચિવ કોણ છે - **<u>એન્ટોનિયો ગુટેરસ</u>**

18. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 1-G એટલે કે ફર્સ્ટ જનરેશન કઈ સાલમાં આવી હતી – **<u>વર્ષ-1980</u>**

19. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 2-G એટલે કે સેકેન્ડ જનરેશન કઈ સાલમાં આવી હતી – **<u>વર્ષ-1990</u>**

20. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 3-G એટલે કે થર્ડ જનરેશન કઈ સાલમાં આવી હતી – **<u>વર્ષ-2000</u>**

21. મોબાઈલ ટેકનોલોજીના ક્ષેત્રે 4-G એટલે કે ફોર્થ જનરેશન કઈ સાલમાં આવી હતી – **<u>વર્ષ-2010</u>**

22. 5-G નેટવર્કથી કેટલા સમયમાં પૂર્ણ એચડી મૂવી ડાઉનલોડ કરી શકાશે – **<u>3 સેકેન્ડ</u>**

23. 5-G ટ્રાફિક ક્ષમતા અને નેટવર્ક કાર્યક્ષમતામાં પ્રતિ સેકન્ડ ગતિ કેટલા જીબી પહોંચાડવા માટે સક્ષમ છે – 20 **<u>GB</u>**

24. વિશ્વમાં સૌપ્રથમ 5-G ટેકનોલોજી કયા દેશમાં શરૂ થઈ – **<u>દક્ષિણ કોરિયા</u>**

25. વિશ્વમાં સૌપ્રથમ દક્ષિણ કોરિયામાં કયા વર્ષે 5-G ટેકનોલોજી શરૂ થઈ – **<u>વર્ષ-2019</u>**

26. સપ્ટેમ્બર-2020માં જાપાનના દક્ષિણ કાંઠે કયુ વાવાઝોડું ફૂંકાયું હતુ - **<u>હૈશેન</u>**

27. સપ્ટેમ્બર-2020માં જાપાનના દક્ષિણ કાંઠે ક્યુશુ ટાપુ (યાકુશિમા) પર કેટલાની ઝડપે હૈશેન વાવાઝોડ ફૂંકાયું હતુ - **<u>પ્રતિ કલાક 162 કિ.મી.</u>**

28. સપ્ટેમ્બર-2020માં કયા દેશમાં વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલનો પ્રારંભ થયો - **<u>સાઉદી અરબ</u>**

29. સપ્ટેમ્બર-2020માં સાઉદી અરબમાં કયા સ્થળે વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલનો પ્રારંભ થયો - **<u>બરાઈદાહ (અલ કાસિમ)</u>**

30. સાઉદી અરબમાં બનેલી વિશ્વની સૌથી મોટી કેમલ હૉસ્પિટલ પાછળ કેટલો ખર્ચ થયો છે – **<u>રૂ.73.24 કરોડ (10 મિલિયન ડોલર)</u>**

31. સમાજસેવિકા અનુબેન ઠક્કરનું હુલામણુ નામ જણાવો - **<u>ગ્રામમાતા</u>**

32. સમાજસેવિકા અનુબેન ઠક્કરનો જન્મ દિવસ જણાવો - **<u>6 સપ્ટેમ્બર 1944</u>**

33. અનુબેન ઠક્કરનો જન્મ કયાં થયો હતો તથા ઉછેર કયાં થયો હતો – **<u>અંજાર (કચ્છ) તથા સાણંદ</u>**

34. અનુબેન ઠક્કરનું કયા વર્ષે અશોક ગોંધિયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતુ – **<u>1996</u>**

35. અનુબેન ઠક્કરને સમાજસેવા બદલ કયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે - **<u>જાનકીદેવી બજાજ એવોર્ડ</u>**

DATE : 07-09-2020

<u>૧. સિદ્ધિ : DRDO દ્વારા નવી પેઢીના હાઈપરસોનિક વ્હિકલનું સફળ પરીક્ષણ (સંરક્ષણ-ટેકનોલોજી)</u>

<u>ખાસ:મિસાઈલને 7,000 કિ.મી. પ્રતિ કલાકનો વેગ આપતા સ્ક્રેમજેટ એન્જિન અને હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું નિર્માણ કરનારો ભારત વિશ્વનો ચોથો દેશ</u>



સબસોનિક, સુપરસોનિક, હાઈપરસોનિક : ગતીનું જ્ઞાન

વાહન ચલાવતી વખતે સ્પીડોમિટરનો કાંટો ૧૦૦ની ઉપર વટાવે તો આપણે તેને સ્પીડ ગણીએ છીએ. ટ્રેન કલાકમાં દોઢસો કિલોમીટર ઉપર અને વિમાન ૯૦૦ કિલોમીટરથી વધારે ઝડપે સફર ખેડે તો એ પણ સ્પીડ છે. રોકેટ અને મિસાઈલની સ્પીડ આગળ આ બધી સ્પીડ સાવ ધીમી છે. એમાં પણ હવે આંતરખંડિય એટલે કે એક ખંડમાંથી બીજા ખંડમાં પહોંચી શકે એવા મિસાઈલ્સનો યુગ છે. દુશ્મન દેશને જાણ થાય એ પહેલા જ પ્રહાર કરવો હોય તો હાઈપરસોનિક સ્પીડ અનિવાર્ય છે.

અવાજની ઝડપને માક પણ કહેવામાં આવે છે. અવાજની ઝડપે (૧૨૩૮ કિલોમીટર) કોઈ વાહન પસાર થાય તો સ્પીડ એક માક જેટલી થઈ. ભારતે કરેલા પરીક્ષણની ઝડપ ૬ માક હતી. પાંચ માક કે તેનાથી વધારે ઝડપ હાઈપરસોનિક તરીકે ઓળખાય છે.

| માપ | ઝડપ- કિલોમીટર/કલાક |
|---|---|
| સબસોનિક | 980 કિ.મી. સુધી |
| ટ્રાન્સોનિક | 980થી 1,470 |
| સુપરસોનિક | 1,470થી 6,126 |
| હાઇપરસોનિક | 6,126થી 12,251 |
| હાઇ-હાઈપરસોનિક | 12,251થી 30,626 |

ભારતે હાઇપરસોનિક વ્હિકલના પરીક્ષણ માટે અગ્નિ મિસાઈલના બુસ્ટર (ખોખાં)નો ઉપયોગ કર્યો હતો.

✓ અવાજથી છ ગણી ગતિ(મેક સિક્સ)થી પ્રહાર કરતા મિસાઈલ નિર્માણનો માર્ગ મોકળો

✓ લક્ષ્યાંક : આગામી પાંચ વર્ષમાં હાઈપર સોનિક મિસાઈલનું નિર્માણ શરૂ કરાશે

✓ પરીક્ષણ સ્થળ : ડૉ. એ.પી.જે. અબ્દૂલ કલામ ટેસ્ટિંગ રેન્જ, વ્હિલર આઈલેન્ડ, બાલાસોર (ઓડિશા)




✓ ભારતે સ્ક્રેમજેટ એન્જિનમાંથી શક્તિ પ્રાપ્ત કરતા દેશમાં જ વિકસાવાયેલા હાઇપરસોનિક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું સફળ પરીક્ષણ કર્યું.

- ✓ <u>૮મી સપ્ટેમ્બર સવારે ૧૧.03 કલાકે</u> ઓડિશાના બાલાસોરમાં આવેલા વ્હીલર આઇલેન્ડ પરની એપીજે અબ્દુલ કલામ ટેસ્ટિંગ રેન્જ ખાતેથી ડીઆરડીઓના વૈજ્ઞાનિકોએ અગ્નિ મિસાઇલ બૂસ્ટરનો ઉપયોગ કરી સ્ક્રેમજેટ એન્જિનમાંથી શક્તિ પ્રાપ્ત કરતા દેશમાં જ વિકસાવાયેલા હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું સફળ પરીક્ષણ કર્યું હતું.
- ✓ આ પરીક્ષણ પાંચ મિનિટ ચાલ્યું હતું.
- ✓ આ સફળતા બાદ હવે ડીઆરડીઓના વૈજ્ઞાનિકો મેક સિક્સની ઝડપથી એટલે કે અવાજ કરતાં ૬ ગણી વધુ ઝડપથી પ્રવાસ કરતા મિસાઇલનું નિર્માણ કરી શકશે.
- ✓ આ સફળતાનો અર્થ એ છે કે ડીઆરડીઓ આગામી પાંચ વર્ષમાં સ્ક્રેમજેટ એન્જિન સાથેના હાઇપરસોનિક મિસાઇલનું નિર્માણ કરી શકશે.
- ✓ હાઇપરસોનિક મિસાઇલ સેકન્ડના બે કિલોમીટરની ઝડપથી પ્રવાસ કરે છે.
- ✓ હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ કમ્બશન ચેમ્બર પ્રેશર, એર ઇનટેક, કન્ટ્રોલ ગાઇડ સહિતના તમામ માપદંડો પર ખરું ઊતર્યું હતું.

**<u>સફળ પરીક્ષણનો ક્રમ</u>**

**<u>૮મી સપ્ટેમ્બર સવારે ૧૧:03 કલાકે પાંચ મિનિટમાં રચાયો ઇતિહાસ</u>**

- ✓ સવારે ૧૧:03 કલાકે અગ્નિ મિસાઇલ બૂસ્ટર હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલને લઇ આકાશમાં 30 કિમીની ઊંચાઇ પર પહોંચ્યું
- ✓ આ ઊંચાઇ પર અગ્નિ મિસાઇલનું બૂસ્ટર અને હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ એકબીજાથી અલગ થયાં
- ✓ ત્યારબાદ વ્હિકલની એર-ઇનટેક સિસ્ટમ કાર્યરત થઇ હતી જેનાથી સ્ક્રેમજેટ એન્જિન સફળતાપૂર્વક શરૂ થયું હતું
- ✓ આ કમ્બશન ૨૦ સેકન્ડ કરતાં વધુ સમય જારી રહ્યું હતું અને હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલે મેક સિક્સની સ્પીડ હાંસલ કરી હતી

**<u>હાઇપરસોનિક સ્પીડ મેક સિક્સ</u>**

- ✓ અવાજ કરતાં ૬ ગણી ગતિએ પ્રવાસ
- ✓ સામાન્ય રીતે મેક ફાઇવને હાઇપરસોનિક સ્પીડ તરીકે સ્વીકારવામાં આવે છે
- ✓ મેક ફાઇવમાં દરિયાની સપાટી પર ૨૦ ડિગ્રી તાપમાનમાં ગતિ ૩૮૩૬.૩૫ માઇલ પ્રતિ કલાક હોય છે
- ✓ તાપમાન અને દરિયાની સપાટીથી ઊંચાઇ પ્રમાણે હાઇપરસોનિક સ્પીડની વ્યાખ્યામાં બદલાવ થાય છે
- ✓ ભારતના હાઇપરસોનિક ટેસ્ટ વ્હિકલે મેક સિક્સ એટલે કે બે કિમી પ્રતિ સેકન્ડ (૭000 કિમી પ્રતિ કલાક)ની ઝડપ હાંસલ કરી હતી

**<u>હાલમાં કયા દેશો પાસે હાઇપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલ</u>**

1. અમેરિકા રશિયા ચીન ભારત

- ✓ DRDO વડા : સતિશ રેડ્ડી

<u>૨. NEPની ભૂમિકા અંગે ગવર્નર કોન્ફરન્સ (શિક્ષણ)</u>

<u>હેતુ :</u>

- ✓ ટ્રાન્સફોર્મિંગ હાયર એજ્યુકેશનમાં નેશનલ એજયુકેશન પોલિશી (NEP)ની ભૂમિકા : પ્રિસ્કૂલ લેવલની સેકેન્ડરી શિક્ષણ સુધીના સ્તરનું વૈશ્વિકરણ કરાશે

**<u>વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ગવર્નરશ્રીઓને ઈ-સંબોધનના મહત્વના અંશો :</u>**


- ✓ દેશની નવી શિક્ષણનીતિ ભારતને વિશ્વનું નોલેજ હબ બનાવશે અને કરોડો લોકોની જિંદગીમાં આમૂલ પરિવર્તન લાવશે કારણ કે હવે પછીના યુગમાં કંઈક નવું શીખવું, રિસર્ચ અને અવનવાં સંશોધનોનો હશે તેમ પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.
- ✓ <u>તેમણે કહ્યું હતું કે નવી શિક્ષણનીતિ એક્સેસ, ઇક્વિટી, ક્વોલિટી, એફોર્ડેબિલિટી અને એકાઉન્ટેબિલિટીના પાયા પર રચાયેલી છે.</u>
- ✓ બે કરોડ બાળકોને ફરી સ્કૂલોમાં શિક્ષણ માટે લાવી શકાશે

**<u>શિક્ષણને બદલે શીખવા પર ભાર :</u>**

- ✓ મોદીએ કહ્યું હતું કે નવી શિક્ષણનીતિમાં શિક્ષણ કરતા શીખવા પર ભાર મૂકવામાં આવ્યો છે.
- ✓ વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસક્રમથી આગળ વધીને કંઈક નવું શીખવાનું છે.

<u>૩. જીવસૃષ્ટિ (પર્યાવરણ)</u>

<u>ભારતમાં વર્ષ-2019માં 368 નવી પ્રજાતિના જીવો મળી આવ્યા-શોધાયા</u>



- ✓ દેશમાં 2019માં 368 પ્રજાતિના નવા જીવ મળ્યા છે, જેમાં 116 પ્રજાતિ પહેલીવાર જોવા મળી છે.
- ✓ છેલ્લાં દસ વર્ષમાં બીજી વાર આટલી મોટી સંખ્યામાં નવી પ્રજાતિ મળી છે.
- ✓ 2018માં 372 નવી પ્રજાતિના જીવ મળ્યા હતા.
- ✓ ભારતમાં છેલ્લા દાયકામાં કુલ 2,444 નવી પ્રજાતિ મળી આવી છે.
- ✓ 2019માં સૌથી ઓછી ફક્ત 28 નવી પ્રજાતિ ઓળખાઈ હતી.
- ✓ આ વર્ષે દુનિયામાં 257 જીવોની પ્રજાતિ પહેલીવાર જોવા મળી, જે છેલ્લાં દસ વર્ષનો સૌથી મોટો આંકડો છે.
- ✓ આ તમામ જીવોની સંપૂર્ણ માહિતી તસવીરો સાથે ઝુલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ઝેડએસઆઈ)એ 'એનિમલ ડિસ્કવરીઝ 2019: ન્યુ સ્પીસિસ એન્ડ ન્યુ રેકોર્ડ'માં પ્રકાશિત કરી છે.

**ઝેડએસઆઈ પાસે 104 વર્ષનો રેકોર્ડ. અત્યાર સુધી એક લાખથી વધુ પ્રજાતિ શોધી:**

- ✓ ઝેડએસઆઈ 104 વર્ષથી ભારતમાં જીવ-જંતુની શોધ, ઓળખ અને તેના દસ્તાવેજીકરણનો સંપૂર્ણ રેકોર્ડ તૈયાર કરે છે.
- ✓ દેશમાં અત્યાર સુધી 1,02,161 પ્રજાતિ શોધાઈ છે, જે દુનિયામાં મોજૂદ કુલ 15,64,647 જીવજંતુની પ્રજાતિના 6.52%.
- ✓ જૈવ વૈવિધ્યતા ધરાવતાં 36 હોટસ્પોટમાં ચાર ભારતમાં છે.
- ✓ ભારતમાં હિમાલય, રણપ્રદેશો, ગંગાનાં મેદાની વિસ્તારો, દક્ષિણ પઠાર, પશ્ચિમી ઘાટ, દ્વીપસમૂહો અને દરિયાઈ ક્ષેત્રોમાં સૌથી વધુ નવા જીવ મળે છે.

## ૪. વૈશ્વિક રાજકારણ : આફ્રિકાના સૌથી હિંસાગ્રસ્ત દેશ સુદાનમાં લોકશાહીની સ્થાપના : 30 વર્ષ જૂના ઇસ્લામિક શાસનનો અંત


- ✓ સુદાન સરકારે દ્વારા શાસનને ધર્મથી અલગ કરવાનો નિર્ણય.
- ✓ સુદાનના વડા પ્રધાન અબ્દુલ્લા હમદોક અને સુદાન પીપલ્સ લિબરેશન મૂવમેન્ટ નોર્થ વિદ્રોહી સમૂહના નેતા અબ્દુલ અઝીઝ અલ હિલુની વચ્ચે ઇથોપિયાની રાજધાની અદીસ અબાબામાં એક કરાર પર હસ્તાક્ષર થયા.
- ✓ આ કરાર અનુસાર સુદાનમાં હવે લોકશાહીની ચૂંટણી યોજાશે. તથા સુદાન લોકતાંત્રિક દેશ બનવા માટે તૈયાર છે.
- ✓ જ્યાં તમામ લોકોના અધિકારો સુનિશ્ચિત કરવામાં આવશે. સુદાનના દારફુર અને બીજા વિસ્તારોમાં હિંસાનું તાંડવ મચ્યું છે.
- ✓ સુદાન પીપલ્સ લિબરેશન મૂવમેન્ટ- નોર્થના બે જૂથોમાંથી એક જૂથે ધર્મનિરપેક્ષ પ્રણાલી વગર શાંતિ કરાર પર સહી કરવાનો ઇનકાર કરી દીધો હતો.
- ✓ ગત વર્ષના તખ્તાપલટ બાદ દેશની આંતરિક સરકારે ખતનાને ગુનો ગણાવતો એક કાયદો બનાવ્યો છે.
- ✓ રાજધાની : ખાર્તૂમ

## ૫. દિન વિશેષ : 07 સપ્ટેમ્બર

**જનનીની જોડ : કવિ બોટાદકર**

**જન્મ : 27 નવેમ્બર 1870  અવસાન : 7 સપ્ટેમ્બર 1924**

- ✓ જનનીની જોડ સખી નહિ મળે રે લોલ, ભાભીના ભાવ મને ભીંજવે અને મીઠલડી માવલડીએ આણાં મોકલ્યા જેવા મધુર ગીતોના કવિ દામોદર ખુશાલદાસ, મધર આજે પુણ્યતિથી.



- ✓ મૂળ અટક શાહ પણ વતન પરસ્તીથી બોટાદકર કવિબો કરી.
- ✓ અત્યંત ગરીબાઈમાં જન્મેલા બોટાદકરે નાની ઉંમરમાં પિતા ગુમાવ્યા જીવનનિર્વાહ માટે વૈદું કર્યું. પછી શિક્ષક થયા મુંબઈ કમાવા ગયા પણ દમનું દર્દ લઇ પાછા આવ્યા.
- ✓ સ્વભાવે શરમાળ, એકાંતપ્રિય, છતાં સ્વમાની આ કવિ ગામઠી ધોતિયું, અંગરખું, ખભે ખેસ અને આટયાણી પાઘડી ધારણ કરતા.
- ✓ કલ્લોલિની, સ્ત્રોતસ્વિની, નિર્ઝરિણી, રાસતરંગિણી જેવા કાવ્ય સંગ્રહો આપ્યા છે. બોટાદકર ગામડાના કવિ છે તેથી સ્વભાવિક પણે તેમની કવિતામાં પ્રકૃતિ, પ્રણય અને ગૃહસંસાર વગેરે જેવા ગ્રામીણ તત્વો પ્રધાનસ્થાને રહ્યા છે.
- ✓ અવળના ફૂલને તેમની યશસ્વી કાવ્યરચના છે.

- ✓ તેમની કવિતાઓની નરસિંહરાવ દિવેટિયા અને મનસુખલાલ ઝવેરી જેવા ઉચ્ચ દરજ્જાના વિવેચકોએ પણ પ્રશંસા કરી છે.
- ✓ ગુજરાતી સાહિત્યના આ ઊંચા ગજાના કવિનું તારીખ 7 સપ્ટેમ્બર 1924 ના રોજ અવસાન થયું હતું.
- ✓ બોટાદમાં તેમની સ્મૃતિમાં બોટાદકર કોલેજ છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતમાં પ્રથમવાર નવી પેઢીના હાઇપરસોનિક વ્હિકલનું સફળ પરીક્ષણ કઈ સંસ્થા દ્વારા કરાયું - **DRDO**
2. મિસાઇલને 7000 કિલોમીટર પ્રતિ કલાકનો વેગ આપવા સ્ક્રેમ એન્જિન અને હાઇપર સોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હિકલનું નિર્માણ કરનાર ભારત વિશ્વનો કેટલામો દેશ બન્યો છે - **ચોથો**
3. હાઇપર સોનિક એટલે શું - **અવાજ થી છ ગણી ઝડપ**
4. ભારત આગામી કેટલા વર્ષ હાઇપર સોનિક મિસાઈલનું નિર્માણ કરશે - **5 વર્ષ**
5. ભારત દ્વારા તાજેતરમાં હાઇપર સોનિક વ્હીકલનું ક્યાંથી સફળ પરીક્ષણ કરાયું - **ડૉ. એપીજે કલામ ટેસ્ટિંગ રેન્જ વ્હીલર આઇલેન્ડ બાલાસોર (ઓરિસ્સા)**
6. હાલમાં ભારત સિવાય કયા કયા દેશો પાસે હાઇપર સોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હીકલ ઉપલબ્ધ છે - **અમેરિકા રશિયા અને ચીન**
7. DRDOના વર્તમાન વડાનું નામ જણાવો - **સતીશ રેડ્ડી**
8. હાઇપર સોનિક ટેકનોલોજીમાં કયા એન્જિનમાંથી શક્તિ પેદા કરવામાં આવશે - **સ્ક્રેમ જેટ એન્જિન**
9. કેન્દ્ર સરકાર નવી શિક્ષણ નીતિમાં કઈ બાબતો પર ખાસ ભાર મૂકવા જઇ રહી છે-**શિક્ષણને બદલે શીખવા ઉપર ભાર મૂકવો**
10. NEPનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ એજ્યુકેશન પોલિસી**
11. ભારતમાં વર્ષ 2019માં કેટલી નવી વન્યજીવ પ્રજાતિઓ મળી આવી છે - **368**
12. ભારતમાં નવી વન્યજીવ પ્રજાતિઓની વિગતો કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે - **ઝૂલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા**
13. સપ્ટેમ્બર-૨૦૨૦માં આફ્રિકાના સૌથી હિંસાગ્રસ્ત કયા દેશમાં લોકશાહીની સ્થાપના થઈ – **સુદાન**
14. સપ્ટેમ્બર-૨૦૨૦માં આફ્રિકન દેશ સુદાનમાં લોકશાહીની સ્થાપના થતા કેટલા વર્ષ જૂના ઇસ્લામિક શાસનનો અંત આવ્યો - **30**
15. સુદાન દેશના વર્તમાન વડા પ્રધાનનું નામ જણાવો - **અબ્દુલ્લા હમદોક**
16. સપ્ટેમ્બર-૨૦૨૦માં સુદાનમાં લોકશાહીની સ્થાપના માટે સુદાનના વડા પ્રધાન અબ્દુલ્લા હમદોક અને વિદ્રોહી સમૂહના નેતા અબ્દુલ અઝીઝ અલ હિલુની વચ્ચે કયા સ્થળે કરાર પર હસ્તાક્ષર થયા - **અદીસ અબાબા**
17. ઇથોપિયા દેશની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **અદીસ અબાબા**
18. સુદાન દેશની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **ખાર્તૂમ**
19. પ્રસિદ્ધ ગુજરાતી પંક્તિ 'જનનીની જોડ સખી નહિ મળે રે લોલ'ના સર્જક કોણ છે – **કવિ બોટાદકર**
20. કવિ બોટાદકરનું મૂળ નામ જણાવો - **દામોદર ખુશાલદાસ**
21. કવિ બોટાદકરના મુખ્ય કાવ્યસંગ્રહોના નામ જણાવો - **કલ્લોલિની, સ્રોતસ્વિની, નિર્ઝરિણી, રાસતરંગિણી**
22. કવિ બોટાદકરનું અવસાન ક્યારે થયુ – **તા. 7 સપ્ટેમ્બર 1924**

DATE : 08-09-2020

## ૧. સુવિધા : ગુજરાત સરકાર

## મહેસૂલી સેવા ઓનલાઇન (ડિજિટલ ગુજરાત)




**નવી ઓનલાઈન સેવાઓ :**

- ✓ ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર
- ✓ સબ રજિસ્ટ્રાર કચેરી દ્વારા બોજાનું પ્રમાણપત્ર
- ✓ વેચાણ દસ્તાવેજ ઇન્ડેક્સ 2.0ની નકલ
- ✓ રાજ્યમાં હાલ કુલ 23 જેટલી સેવાઓ મહેસૂલ વિભાગ દ્વારા i-ORA પોર્ટલ ઉપર ઉપલબ્ધ

**અન્ય વિગત :**

- ✓ આ નિર્ણયથી પક્ષકારો અને વકીલોને સબ રજિસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ જવું પડશે નહી.
- ✓ 'i-ORA પોર્ટલ' પરથી જરૂરી ડેટા એન્ટ્રી કરવાથી વિગતો ઉપલબ્ધ થશે.

✓ ખેતીની જમીન ખરીદવી હોય તો ખેડૂત પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે.

✓ જમીનના શરતફેર, બિનખેતી જેવા વિવિધ પ્રકારની પરવાનગીની અરજીઓ સાથે પણ ખેડૂત પ્રમાણપત્ર રજૂ કરવાનું થાય છે.

✓ તેના માટે મૂળ ખેડૂત ખાતેદારોને મામલતદારને જરૂરી વિગતસહ અરજી કરવાની પડે છે.

✓ હવેથી આ સેવા માટે ઓનલાઈન અરજી કર્યેથી ઘરે બેઠા જ ઈ-મેલ કે SMSથી નિર્ણયની જાણ કર્યા બાદ ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર ઉપલબ્ધ થઈ શકશે.

✓ સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી થયેલા દસ્તાવેજોની અનુક્રમણિકા તૈયાર કરવામાં આવે છે.

✓ મિલકતના ખરીદ-વેચાણના કામે, બેંકમાંથી લોન મેળવવા, મોર્ગેજ દસ્તાવેજ કરાવવા, ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ જેવી વિવિધ કામગીરી માટે બોજા પ્રમાણપત્રની નકલ પણ ઓનલાઈન ઉપલબ્ધ થશે.

✓ વેચાણ દસ્તાવેજની ઈન્ડેક્સ-૨ની નકલ પણ કચેરીમાં ગયા વગર ઘરે બેઠા મેળવી શકાશે.

✓ મહેસૂલ મંત્રી : શ્રી કૌશિકભાઈ પટેલ

## ૨.ભારત-ચીન સરહદી વિવાદ (વૈશ્વિક વિવાદ)

### 45 વર્ષમાં પ્રથમવાર LAC પર ગોળીબાર : વર્ષ-૧૯૯૩ના કરારનું ચીન દ્વારા ઉલ્લંઘન




**સ્થળ : રેઝાંગ-લા- રેચિન લા પર્વત શૃંખલા**

**શું હતી ઘટના :**

✓ પૂર્વ લદ્દાખમાં એલએસી ખાતે રેઝાંગ-લા- રેચિન લા પર્વત શૃંખલા પરના ભારતીય સૈનિકોના કબજાને હટાવવા ચીની સેનાના ૩૦ થી ૫૦ જવાનોના પ્રયાસને ઓનલાઇન ભારતીય સૈનિકોએ નિષ્ફળ બનાવ્યો હતો.

✓ આ અથડામણમાં ભારતના કેટલાક સૈનિકોને ઇજા પણ પહોચી હતી.

✓ ચીની સેનાએ ભારતીય સૈનિકોની ઉશ્કેરણી કરવા માટે હવામાં ગોળીબાર કર્યા હતા.

✓ ભારતીય સેનાએ કોઇ સ્થળે એલઓસી પાર કરી નથી અને ગોળીબાર સહિતની આક્રમકતા દાખવી નથી.

**૧૯૯૩માં થયેલો કરાર :**

✓ ૧૯૭૫માં અરુણાચલ પ્રદેશની એલએસી ખાતે ચીની સૈનિકોએ ભારતીય જવાનો પર ઘાત લગાવીને ગોળીબાર કરતાં ભારતીય જવાન શહીદ થયાં હતાં.

✓ આ ઘટનાના ૧૮ વર્ષ બાદ ૧૯૯૩માં તત્કાલીન વડાપ્રધાન નરસિમ્હારાવની ચીન મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચે કરાર કરાયો હતો.

**કરારની મુખ્ય શરતો :**

✓ એલએસીના બે કિમીના દાયરામાં કોઇ સેના ફાયરિંગ, જૈવિક હથિયાર, કેમિકલ કે વિસ્ફોટક અને બંદૂકનો ઉપયોગ નહીં કરે.

✓ સમજૂતી સધાઇ છે તે વિસ્તારોમાં મિલિટરી પ્રવૃત્તિઓ નહીં કરાય

✓ એલએસી નજીક સૈનિક અભ્યાસ કરતા પહેલાં આગોતરી સૂચના આપવાની રહેશે.

✓ બંને દેશની વાયુસેના એલએસીનું ઉલ્લંઘન નહીં કરે.

✓ સંઘર્ષ દરમિયાન બંને દેશની સેના કોઇપણ પ્રકારનાં શસ્ત્રોનો ઉપયોગ નહીં કરે.

✓ LAC : લાઈન ઓફ એક્ચ્યૂલ કંટ્રોલ

## 3. માનવ અંતરિક્ષ મિશન : ગગનયાન-2020 (અવકાશ વિજ્ઞાન)

### અંતરિક્ષ યાત્રીઓના સ્પેશ શૂટ બનાવવા ISRO અને રશિયન અંતરિક્ષ એજન્સી વચ્ચે કરાર

✓ અવકાશમાં ક્યારેક તાપમાન -250 ડિગ્રી જેટલું નીચે પણ જતું રહે છે, તો ક્યારેક સૂરજ સામે આવે તો ગરમીનો પારો 250 ડિગ્રીએ પહોંચી જાય છે.

✓ આ પ્રકારના વાતાવરણમાં આ સૂટ અંતરિક્ષ યાત્રીઓને રક્ષણ આપે છે.

✓ ગગનયાન મિશન માટે ઈસરોએ રશિયન અંતરિક્ષ એજન્સી ગ્લાયકોસમોસ સાથે કરાર કર્યો છે.

✓ આ બેકપેકમાં શ્વાસ લેવા માટે ઓક્સિજન પણ હશે. તેમાં શ્વાસમાંથી નીકળતો કાર્બન ડાયોક્સાઈડ પણ બહાર નીકળી જશે.

✓ બેકપેકમાંથી સૂટને વીજ પુરવઠો મળશે.

✓ આ ઉપરાંત એક ફેનથી સ્પેસ સૂટમાં ઓક્સિજનનું સર્ક્યુલેશન પણ થશે અને તેમાં એક પાણીની ટાંકી પણ હશે.

✓ આ સૂટ -250 ડિગ્રી ઠંડી સામે પણ યાત્રીઓને રક્ષણ આપશે.

**૪.નિધન : ભારતમાં રેડિયો ટેલિસ્કોપના ફાધર ગણાતા પદ્મશ્રી ડો.ગોવિંદ સ્વરૂપનું ૯૧ વર્ષની વયે નિધન**




- ✓ જન્મ : ૧૯૨૯, મોરાદાબાદ
- ✓ અવસાન : પૂના, તા.૦૭-૦૯-૨૦૨૦.
- ✓ **ઉપનામ : "ફાધર ઓફ ધ ઈન્ડિયન રેડિયો ટેલિસ્કોપ".**

**સિદ્ધિઓ :**

- ✓ અવકાશ વિજ્ઞાનમાં રેડિયો એસ્ટ્રોનોમિ કહેવાતી શાખાને તેઓ ધૂરંધર વિજ્ઞાની હતા.
- ✓ ભારતમાં રેડિયો ટેલિસ્કોપની શરૂઆત તેમણે કરાવી હતી અને તેમના પ્રયાસોથી જ વર્ષ-૧૯૭૦માં ઊટી તથા પુના ખાતે રેડિયો ટેલિસ્કોપ બંધાયા હતા.
- ✓ બ્રહ્માંડના અભ્યાસમાં એક મહત્વની શાખા રેડિયો એસ્ટ્રોનોમિની છે. રેડિયો એટલે કે ધ્વની તરંગો.
- ✓ બ્રહ્માંડમાં દૂરથી આવતા અજાણ્યા કિરણોનો અભ્યાસ કરવા માટે રેડિયો ટેલિસ્કોપ અનિવાર્ય છે.
- ✓ દુનિયાના અગ્રણી દેશો પાસે તો આવા વિશાળ ડિશ એન્ટેના આકારના ટેલિસ્કોપ છે જ, પણ ભારતમાં આવા ટેલિસ્કોપની શરૂઆત ડો.ગોવિંદ સ્વરૂપે કરાવી હતી.
- ✓ ઊટી રેડિયો ટેલિસ્કોપ (ઓઆરટી) અને પુના પાસે આવેલા જાયન્ટ મિટરવેવ રેડિયો ટેલિસ્કોપ (જીએમઆરટી)એ રેડિયો એસ્ટ્રોનોમિ ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કર્યું છે અને કરી રહ્યા છે.
- ✓ ૧૯૭૦માં ઓઆરટીની સ્થાપના થઈ ત્યારે એ જગતના સૌથી સક્ષમ રેડિયો ટેલિસ્કોપ પૈકીનું એક હતું. કેમ કે ઊટીની ઊંચાઈ પર આવેલું હોવાથી ત્યાં આકાશમાં કોઈ એક પદાર્થનું સતત દસેક કલાક સુધી ટ્રેકિંગ કરી શકતું હતું.
- ✓ પુનામાં આવેલી વૈજ્ઞાનિક સંસ્થા નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોનોમિ (NCRA)ના તેઓ ફાઉન્ડર ડિરેક્ટર હતા.
- ✓ ભારત સરકારે તેમને પદ્મશ્રીથી સન્માન્યા હતા. વિજ્ઞાન જગતના ઘણા આંતરરાષ્ટ્રીય સન્માનો પણ તેમને મળ્યાં હતા.
- ✓ તેઓ અમેરિકાની સ્ટેનફોર્ડમાં ભણ્યા હતા અને ત્યાં જ તેમને સારામાં સારી નોકરી મળી શકતી હતી.
- ✓ ભારતમાં રેડિયો એસ્ટ્રોનોમિનો વિકાસ થાય એ હેતુથી તેઓ ભારત પરત ફર્યા હતા.

**૫. રાષ્ટ્રીય સાક્ષરતા અંગે NSO દ્વારા વર્ષ 2017-2018નો અહેવાલ જાહેર (શિક્ષણ)**

- ✓ **સૌથી વધુ સાક્ષરતા દરમાં 96.2 ટકા સાથે કેરળ પ્રથમ અને ગુજરાત નવમા સ્થાને.**
- ✓ **દેશનો સરેરાશ સાક્ષરતા દર 77.3 ટકા**
- ✓ વર્ષ 1981થી 1991ના દશકામાં ભારતમાં સાક્ષરતા દરમાં સૌથી વધુ 16 ટકાનો વધારો

**ટોપ ટેન રાજ્યો :**

| રાજ્ય | ટકાવારી |
|---|---|
| કેરળ | 96.2 |
| દિલ્હી | 88.7 |
| ઉત્તરાખંડ | 87.6 |
| હિમાચલપ્રદેશ | 86.6 |
| આસામ | 85.9 |
| મહારાષ્ટ્ર | 84.8 |
| પંજાબ | 83.7 |
| તમિલનાડુ | 82.9 |
| ગુજરાત | 82.4 |
| હરિયાણા | 80.4 |

**ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ :**

- ✓ 1961માં કુલ સાક્ષરતા દર 31.5 ટકા
- ✓ 2011માં કુલ સાક્ષરતા દર 78 ટકા
- ✓ **ગ્રામ્ય વિસ્તારમાં સાક્ષરતા દર 71.7 ટકા**
- ✓ **શહેરી વિસ્તારમાં સાક્ષરતા દર 86.3 ટકા**
- ✓ **પુરૂષોમાં સાક્ષરતા દર 85.8 ટકા**
- ✓ **મહિલાઓમાં સાક્ષરતા દર 69.7 ટકા**
- ✓ સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ : 85.5 ટકા
- ✓ દાહોદ જિલ્લો રાજ્યમાં છેલ્લે : 58.8 ટકા
- ✓ રાજ્યમાં તમામ બાળકોને 3 કિમીના ઘેરાવામાં પ્રાથમિક શિક્ષણ જ્યારે 5 કિમી સુધીમાં માધ્યમિક શિક્ષણ પણ ઉપલબ્ધ.
- ✓ 50 વર્ષમાં ગુજરાતમાં સાક્ષરતા દરમાં 46.5 ટકાનો વધારો થયો છે.
- ✓ 2001થી 2011 વચ્ચે કુલ સાક્ષરતા દરમાં 8.9 અંકનો વધારો થયો હતો જેમાં ગ્રામ્ય વિસ્તારમાં 10.4 જ્યારે શહેરી વિસ્તારમાં 4.5 અંકનો વધારો થયો હતો.
- ✓ 2001માં પુરૂષ અને મહિલા સાક્ષરતા દર વચ્ચે 21.9 અંકનું અંતર હતું જે 2011માં 16.1 થયું હતું.

- ✓ 2011ની વસ્તી ગણતરી મુજબ, રાજ્યની કુલ વસ્તી 6 કરોડ 4 લાખ હતી.
- ✓ જેમાં 78 ટકા સાક્ષરતા દર છે. 22 ટકા લોકો એટલે 1.4 કરોડ લોકો સાક્ષર નથી.

**સાક્ષર વ્યક્તિની વ્યાખ્યા શું?**

- ✓ જે વ્યક્તિ કોઇપણ ભાષામાં સમજપૂર્વક વાંચી અને લખી શકે તે સાક્ષર છે.
- ✓ 7 વર્ષથી ઓછી વયનું બાળક લખી કે વાંચી શકે પણ તેનો સાક્ષરમાં સમાવેશ થતો નથી.

**સાક્ષરતા સર્વેક્ષણ અંગે**

- ✓ રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કચેરી(NSO)એ જુલાઈ-2017 થી જૂન-2018 દરમિયાન દેશભરમાં સર્વેક્ષણ હાથ ધરી 'શિક્ષણના કૌટુંબિક સામાજિક ઉપયોગ બાબતના મુખ્ય સૂચકો' શીર્ષક હેઠળ રિપોર્ટ બહાર પાડ્યો છે.
- ✓ જેમાં 7 વર્ષથી ઉપરના લોકોમાં સાક્ષરતાના દરની બાબતમાં ગુજરાતનો નંબર 22 મોટા રાજ્યોમાં 9મા ક્રમે છે.

**૬. દિન વિશેષ : 08 સપ્ટેમ્બર**

**વિશ્વ સાક્ષરતા દિવસ**

- ✓ દર વર્ષે 8મી સપ્ટેમ્બરના રોજ વિશ્વ સાક્ષરતા દિવસ ઉજવાય છે.
- ✓ યુનેસ્કોએ 17 નવેમ્બર 1965માં તેની જાહેરાત કરી હતી.
- ✓ થીમ-2020 : "Literacy teaching and learning in the COVID-19 crisis and beyond,".

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૯-૨૦૨૦)**

1. તાજેતરમાં રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા કેટલી નવી સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે - **03**
2. ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધીમાં કુલ કેટલી મહેસૂલી સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવાની છે - **23**
3. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા કયા ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી સેવા ઓનલાઇન કરવામાં આવી છે - **i-ORA પોર્ટલ**
4. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો - **કૌશિકભાઈ પટેલ**
5. તાજેતરમાં ભારત અને ચીન સરહદ ઉપર LAC ઉપર કેટલા વર્ષ બાદ પ્રથમવાર ગોળીઓ ચલાવવામાં આવી છે - **45**
6. LACનું વિસ્તૃત નામ જણાવો - **લાઇન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલ**
7. તાજેતરમાં ચીન દ્વારા LAC પ્રથમવાર ગોળીબાર કરીને કયા વર્ષના કરારનું ઉલ્લંઘન કર્યું છે - **1993**
8. કરાર મુજબ LAC ઉપર કેટલા કિમી વિસ્તારમાં કોઈ સેના,ફાયરિંગ, જૈવિક હથિયાર અને બંદૂકનો ઉપયોગ નહીં કરવાનો કરાર કરાયો હતો – **2 કિ.મી વિસ્તારમા**
9. વર્ષ 1993માં કયા તત્કાલીન વડાપ્રધાનના વખતમાં ભારત અને ચીન વચ્ચે બોર્ડર ઉપર ગોળીબારનો ઉપયોગ નહીં કરવાના કરાર કર્યા હતા- **નરસિમ્હા રાવ**
10. અંતરિક્ષ યાત્રીઓના સ્પેશ શૂટ બનાવવા ભારત-રશિયાની કઈ એજન્સી વચ્ચે કરાર થયા - **ISRO અને રશિયન અંતરિક્ષ એજન્સી**
11. ઈસરોએ કયા અંતરીક્ષ મિશન માટે રશિયન અંતરિક્ષ એજન્સી ગ્લાયકોસમોસ સાથે કરાર કર્યો છે - **ગગનયાન**
12. ઈસરોએ ગગનયાન મિશન માટે રશિયન અંતરિક્ષ એજન્સી ગ્લાયકોસમોસ સાથે અંતરિક્ષ યાત્રીઓના સ્પેશ શૂટ બનાવવા કરાર કર્યો છે આ શૂટની વિશેષતા જણાવો - **બેકપેકમાં શ્વાસ લેવા માટે ઓક્સિજન હશે તથા તેમાં શ્વાસમાંથી નીકળતો કાર્બન ડાયોક્સાઈડ પણ બહાર નીકળી જશે**
13. ભારતમાં રેડિયો ટેલિસ્કોપના ફાધર તરીકે કોણ ઓળખાય છે - **ડો.ગોવિંદ સ્વરૂપ**
14. ભારતમાં રેડિયો ટેલિસ્કોપના ફાધર ગણાતા ડો.ગોવિંદ સ્વરૂપનું ક્યાં-ક્યારે અવસાન થયુ – **પૂના, તા.૦૭-૦૯-૨૦૨૦**
15. ડો.ગોવિંદ સ્વરૂપનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો – **મોરાદાબાદ, વર્ષ-૧૯૨૯**
16. ડો.ગોવિંદ સ્વરૂપનું ઉપનામ જણાવો - **"ફાધર ઓફ ધ ઈન્ડિયન રેડિયો ટેલિસ્કોપ"**
17. ભારતમાં રેડિયો ટેલિસ્કોપની શરૂઆત કોણે કરાવી હતી – **ડો.ગોવિંદ સ્વરૂપ**
18. ડો.ગોવિંદ સ્વરૂપના પ્રયાસોથી જ કયા વર્ષે ઊટી તથા પુના ખાતે રેડિયો ટેલિસ્કોપ બંધાયા હતા - **વર્ષ-૧૯૭૦**
19. રેડિયો એસ્ટ્રોનોમિની શું છે - **બ્રહ્માંડના અભ્યાસમાં એક મહત્વની શાખા**
20. રેડિયો ટેલિસ્કોપનું મુખ્ય કાર્ય શું છે - **બ્રહ્માંડમાં દૂરથી આવતા અજાણ્યા કિરણોનો અભ્યાસ કરવો**
21. ORTનું વિસ્તૃત નામ જણાવો - **ઊટી રેડિયો ટેલિસ્કોપ**

22. GMRTનું વિસ્તૃત નામ જણાવો - **જાયન્ટ મિટરવેવ રેડિયો ટેલિસ્કોપ**
23. પુના પાસે આવેલા કયા રેડિયો ટેલિસ્કોપ દ્વારા રેડિયો એસ્ટ્રોનોમિ ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન કર્યું છે – **GMRT**
24. ડો.ગોવિંદ સ્વરૂપ પુનામાં આવેલી કઈ વૈજ્ઞાનિક સંસ્થાના ફાઉન્ડર ડિરેક્ટર હતા - **નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોનોમિ (એનસીઆરએ)**
25. ભારત સરકાર દ્વારા ડો.ગોવિંદ સ્વરૂપનું ક્યો એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા - **પદ્મશ્રી**
26. વિશ્વ સાક્ષરતા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **8 સપ્ટેમ્બર**
27. યુનેસ્કોએ વિશ્વ સાક્ષરતા દિવસ ઉજવવાની જાહેરાત કયારે કરી હતી - **17 નવેમ્બર 1965**
28. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં કયું રાજ્ય સૌથી વધુ સાક્ષરતા દર ધરાવે છે - **કેરળ**
29. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં કયું રાજ્ય સૌથી વધુ કેટલા ટકા સાક્ષરતા દર ધરાવે છે - **કેરળ અને 96.2 %**
30. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં ગુજરાત કેટલા ટકા સાક્ષરતા દર સાથે કયું સ્થાન ધરાવે છે - **09 અને 82.4%**
31. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં ભારતમાં પુરુષ અને મહિલાઓનો સાક્ષરતા દર જણાવો - **84.7% અને 70.3%**
32. ભારતનો સરેરાશ સાક્ષરતા દર જણાવો - **77.3%**
33. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં ટોપ ટેન રાજ્યોના નામ ટકાવારી સાથે જણાવો - **કેરળ-96.2, દિલ્હી-88.7, ઉત્તરાખંડ-87.6, હિમાચલપ્રદેશ-86.6, આસામ-85.9, મહારાષ્ટ્ર-84.8, પંજાબ-83.7, તમિલનાડુ-82.9, ગુજરાત-82.4 અને હરિયાણા-80.4**
34. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં ગુજરાતમાં પુરૂષો અને મહિલાઓ કેટલા ટકા સાક્ષરતા દર ધરાવે છે - **85.8% અને 69.7%**
35. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં ગુજરાતમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો સાક્ષરતા દર જણાવો - **71.7% અને 86.3%**
36. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ 2017 થી જૂન 2018 સાક્ષરતા અંગેના સર્વેક્ષણમાં ગુજરાતમાં સૌથી વધુ સાક્ષરતા દર ધરાવતો જિલ્લો અને ટકાવારી જણાવો – **સુરત અને 85.5 ટકા**
37. વિશ્વ સાક્ષરતા દિવસ-2020ની થીમ જણાવો - **"Literacy teaching and learning in the COVID-19 crisis and beyond,".**
38. વર્ષ 1961માં ગુજરાતનો કુલ સાક્ષરતા દર કેટલા ટકા હતો - **31.5 ટકા**
39. વર્ષ-2011માં ગુજરાતનો કુલ સાક્ષરતા દર કેટલા ટકા હતો - **78 ટકા**
40. ગુજરાતમાં સૌથી ઓછો સાક્ષરતા દર કયા જિલ્લામાં અને કેટલા ટકા છે - **દાહોદ અને 58.8 ટકા**
41. ગુજરાતમાં તમામ બાળકોને કેટલા કિમીના ઘેરાવામાં પ્રાથમિક શિક્ષણ જ્યારે કેટલા કિમી સુધીમાં માધ્યમિક શિક્ષણ ઉપલબ્ધ છે – **3 તથા 5**
42. સાક્ષર વ્યક્તિની વ્યાખ્યા જણાવો - **જે વ્યક્તિ કોઇપણ ભાષામાં સમજપૂર્વક વાંચી અને લખી શકે**
43. રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કચેરીએ જુલાઈ-2017 થી જૂન-2018 દરમિયાન દેશભરમાં સર્વેક્ષણ હાથ ધરી કયા શીર્ષક હેઠળ રિપોર્ટ બહાર પાડ્યો છે - **'શિક્ષણના કૌટુંબિક સામાજિક ઉપયોગ બાબતના મુખ્ય સૂચકો'**
44. વર્ષ 1981થી 1991ના દશકામાં ભારતમાં સાક્ષરતા દરમાં સૌથી વધુ કેલા ટકાનો વધારો થયો હતો – **16 ટકા**

**DATE : 09-09-2020**

## ૧. NSO :ભારતનો જેન્ડર રેશિયો જાહેર

- ✓ સર્વેનો સમયગાળો : જુલાઈ 2017 થી જૂન 2018
- ✓ માપદંડ : 1000 પુરૂષોએ મહિલાઓની સંખ્યા
- ✓ સર્વેમાં કુલ રાજ્યો : 22

- ✓ સરેરાશ રેશિયામાં **દેશમાં પ્રથમ રાજ્ય : કેરળ તથા ગુજરાતનો ક્રમ : 14મો**

**ભારતના અગ્રેસર રાજ્યો**

| રાજ્ય | સેક્સ રેશિયો |
|---|---|
| કેરળ | ૧૦૪૮ |
| હિમાચલ પ્રદેશ | ૧૦૩૦ |
| તામિલનાડું | ૧૦૧૪ |
| આંધ્રપ્રદેશ | ૧૦૦૩ |
| તેલંગણા | ૯૮૪ |
| પશ્ચિમ બંગાળ | ૯૬૩ |
| ઓરિસ્સા | ૯૪૯ |
| છત્તીસગઢ | ૯૩૯ |
| ઝારખંડ | ૯૩૦ |
| ઉતરાખંડ | ૯૨૭ |
| મહારાષ્ટ્ર | ૯૨૦ |
| ઉત્તર પ્રદેશ | ૯૧૮ |
| રાજસ્થાન | ૯૧૨ |

- ✓ ભારતનો સરેરાશ સેક્સ રેશિયો : 927
- ✓ ગુજરાતનો સરેરાશ સેક્સ રેશિયો : 911
- ✓ શહેરી વિસ્તારના સેક્સ રેશિયામાં ગુજરાત દેશમાં તળીયે છે. દેશમાં દિલ્હી પછી સૌથી ખરાબ સ્થિતિ ગુજરાતની.
- ✓ દેશમાં શહેરી વિસ્તારનો સરેરાશ સેક્સ રેશિયો ૯૧૪ છે જ્યારે ગુજરાતનો માત્ર ૮૪૩ છે.
- ✓ આમ દેશના ૨૨ મોટા રાજ્યોમાં શહેરી વિસ્તારના સરેરાશ સેક્સ રેશિયામાં ગુજરાતનો ૨૧માં ક્રમે.
- ✓ દિલ્હીમાં શહેરી વિસ્તારમાં સેક્સ રેશિયો સૌથી નબળો ૮૦૪ છે.
- ✓ ગુજરાતના શહેરી વિસ્તારમાં પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણુ ઓછુ.
- ✓ ગુજરાતના શહેરી વિસ્તારમાં ૧ હજાર પુરૂષોએ માત્ર ૮૪૩ સ્ત્રીઓ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ આંકડો ૯૫૬ છે.
- ✓ જેમાં સૌથી વધુ કેરળમાં દર હજાર પુરૂષોએ ૧,૦૪૮ સ્ત્રીઓ છે.
- ✓ કેરળ એકમાત્ર રાજ્ય એવુ છે કે જ્યાં શહેરી વિસ્તારનો સેક્સ રેશિયો ગ્રામ્ય વિસ્તાર કરતાં વધુ છે.
- ✓ કેરળમાં હજાર પુરૂષોએ સ્ત્રીની સંખ્યા ૧,૦૬૫ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ સંખ્યા ૧,૦૩૫ છે.
- ✓ આ સિવાય તામિલનાડુમાં શહેરી વિસ્તારમાં હજાર પુરૂષોએ સ્ત્રીની સંખ્યા ૧,૦૧૨ અને ગ્રામ્ય વિસ્તારમાં આ સંખ્યા ૧,૦૧૬ છે.

## ૨. સાત પગલાં ખેડૂત કલ્યાણના : ગુજરાત સરકાર (કૃષિ)

**મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ કુલ સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત કિસાન પરિવહન યોજના અને મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાનો ગાંધીનગરથી ઈ-શુભારંભ**




**કિસાન પરિવહન યોજના :**

- ✓ ખેડૂત પોતાનો પાક લઈ જઈ શકે તેમજ લાવી શકે તેમજ સારા ભાવે વેચાણ કરી શકે તે માટે મધ્યમ માલવાહક વાહન સહાય યોજના
- ✓ નાના/સિમાંત/મહિલા/અનુ.જાતિ/અનુ. જનજાતિના ખેડૂતો માટે રૂ.૭૫,૦૦૦/-ની સહાય
- ✓ સામાન્ય/અન્ય ખેડૂતો માટે રૂ.૫૦,૦૦૦/- સહાય
- ✓ ટાટા, મહિન્દ્રા, અશોક લેલેન્ડ, મારૂતી સુઝુકી કંપનીનાં પ્રખ્યાત માલ વાહક વાહનો જેવા કે છોટા હાથી, સુપ્રો, દોસ્ત, સુપર કેરી સહિતના ૪૫ મોડલો માન્યતા પ્રાપ્ત
- ✓ રાજ્યમાં તમામ ખેડૂતોને એક સમાન અને યોગ્ય ભાવે વાહન
- ✓ યોજના હેઠળ ૬૦૦ થી ૧૫૦૦ કિ.ગ્રા, ભાર વહન ક્ષમતા ધરાવતા વાહનોનો સમાવેશ
- ✓ સરકારે કરેલ એમ્પેનલમેન્ટથી વાહનોની કુલ કિંમતમાં રૂ.૩૮,૦૦૦/- સુધીનો ઘટાડો
- ✓ આ યોજના હેઠળ રૂ.૫૦ કરોડની જોગવાઈ
- ✓ મંજુરી બાદ એટસોર્સ સહાય એટલે કે વાહનની કિંમતમાંથી સહાયની રકમ બાદ કરી ખેડૂત ખરીદી કરી શકશે
- ✓ ખેડૂત એમ્પેનલ્ડ ઉત્પાદકના એમ્પેનલ્ડ મોડેલ ઓથોરાઇઝ્ડ ડીલર્સ પાસેથી જ ખરીદી શકશે.

**મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના :**

ખેડૂતો પોતાની ખેત પેદાશ સંગ્રહ કરી સારા ભાવ મળે ત્યારે વેચાણ કરી વધુ આર્થિક વળતર મેળવી શકે તે માટે નાના ગોડાઉન બાંધવામાં સહાય

- ✓ ખેડૂતને ખેતરમાં ગોડાઉન હોવાથી વરસાદ, વાવાઝોડું, કરા વગેરે જેવી ઘટનામાં પોતાની ખેત પેદાશોને બગડતા બચાવી શકશે
- ✓ ખેડૂતને રૂ. ૩૦,૦૦૦/- સુધીની સહાય
- ✓ સહાયની ચુકવણી બે તબક્કામાં
- ✓ પ્રથમ હપ્તો પ્લીન્થ લેવલે રૂ. ૫,૦૦૦/-
- ✓ બીજો હપ્તો બાંધકામ પૂર્ણ થયે રૂ. ૧૫,૦૦૦/-
- ✓ ન્યૂનત્તમ ૩૩૦ ચો.ફૂટનું બાંધકામ
- ✓ લાભાર્થી ખેડૂતને બાંધકામમાં વિકલ્પ
- ✓ કોંક્રિટ/જી.આઈ.શીટ/પ્રિફેબ્રિકેટેડ સ્ટ્રકચર
- ✓ સ્ટ્રકચરની ન્યૂનત્તમ ઊંચાઈ ૧૨ ફૂટ, પાયાની ઊંડાઈ ૨ ફટ, પ્લીન્થ ઊંચાઈ ૨ ફૂટ
- ✓ ન્યૂનત્તમ એક દરવાજો અને એક બારી રૂ. ૩૫૦ કરોડની નાણાંકીય જોગવાઈ
- ✓ કુલ ૧,૧૬,૦૦૦ ખેડૂતો લાભાન્વિત થશે
- ✓ <u>વિભાગ : કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર</u>
- ✓ કૃષિ મંત્રી : શ્રી આર.સી. ફળદુ

### 3. PM SVANidhi સ્કીમ : કેન્દ્ર સરકાર (રોજગારી)




**<u>યોજના :</u>**

- ✓ પી.એમ. સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi)

**<u>વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંબોધનના મુખ્ય અંશો :</u>**

- ✓ પીવાના પાણી માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક બેટલ્સને બદલે માટીના માટલાનો ઉપયોગ કરવા અનુરોધ
- ✓ સ્ટ્રીટ વેન્ડર્સ દ્વારા ડિજિટલ લેવડ-દેવડ કરવામાં આવશે તો તેમના ખાતામાં સરકાર દ્વારા કેટલીક રકમ ઈનામ સ્વરૂપે કેશબેક આપવામાં આવશે.
- ✓ કોરોનામાં ગ્રાહકોની સુરક્ષાનું ધ્યાન રાખવા અપીલ.
- ✓ માસ્ક, સાફ-સફાઈ અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા અનુરોધ

**<u>સ્કીમ હેઠળ 1.40 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને રૂ. 140 કરોડની સહાય</u>**

- ✓ સ્કીમ હેઠળ 1.40 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને રૂ.140 કરોડની સહાય કરાઈ હતી.
- ✓ મોદીએ કહ્યું કે લોકડાઉનમાં જેમના બિઝનેસને અસર થઈ હતી તેવા સ્ટ્રીટ વેન્ડર્સના લાભાર્થે સ્કીમ શરૂ કરાઈ હતી. જેથી તેઓ નવેસરથી બિઝનેસ શરૂ કરી શકે.
- ✓ આ યોજના હેઠળ 4.50 લાખ સ્ટ્રીટ વેન્ડર્સનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

### <u>૪. ગુજરાત સરકાર : ઘુડખરની વસ્તી ગણતરી - વન વિભાગ (વન્યજીવ) રણના ઘુડખરની વસ્તી 37 ટકા વધીને કુલ-6082 થઈ</u>



- ✓ 1963માં રોગચાળાને કારણે સંખ્યા 362 સુધી પહોંચી ગઈ હતી
- ✓ <u>રણ સિવાય વિશ્વમાં ક્યાંય ન જોવા મળતા અને રણનું આગવું ઘરેણું ગણાતા એવા દુર્લભ ઘુડખરની</u> આ વર્ષે માર્ચ માસમાં યોજાયેલી ગણતરી અનુસાર વસ્તી અધધ 37%થી વધીને હાલમાં 6082એ પહોંચી.
- ✓ <u>છેલ્લે 2014માં યોજાયેલી ગણતરી અનુસાર ઘુડખરની સંખ્યા 4451 નોંધાઇ</u> હતી.
- ✓ આ વર્ષે 13 અને 14મી માર્ચ-2020ના રોજ 5 જીલ્લાના 15000 વર્ગ કિ.મી.માં ગણતરી યોજાઇ.

<u>કચ્છના મોટા રણમાં છે ઘૂડખરનું અભ્યારણ્ય</u>

- ✓ <u>ગુજરાત સરકારે 12 જાન્યુઆરી 1973ના રોજ કચ્છના નાના રણ વિસ્તારને ઘૂડખરનું અભયસ્થાન વિસ્તાર ઘોષિત કર્યો</u> હતો.
- ✓ સને 1978માં કચ્છના મોટા રણનો થોડો ભાગ ઉમેરીને કુલ 4953.71 ચો.કિ.મી.વિસ્તાર રણનું વિશિષ્ટ પ્રાણી ઘૂડખર હોઇ ઘૂડખર અભયારણ્યના નામે રક્ષિત કરવામાં આવ્યું હતુ.
- ✓ સને 1946માં સૌપ્રથમ ઘૂડખરની કરાયેલી ગણતરી અનુસાર ઘૂડખરની સંખ્યા 3500 હતી.
- ✓ જે સને 1963માં ઘૂડખરમાં રોગચાળો આવતા સંખ્યા ઘટીને માત્ર 362 સુધી જ પહોંચી ગઇ હતી.
- ✓ છેલ્લે 2014માં કરાયેલી ગણતરી અનુસાર રણમાં ઘૂડખરની સંખ્યા 4451 નોંધાઇ.

**<u>વર્ષ પ્રમાણે વસ્તી :</u>**

| વર્ષ | સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| 1946 | 3500 |
| 1960 | 2000 |
| 1963 | 362 |
| 1976 | 720 |
| 1983 | 1989 |
| 1990 | 2075 |
| 1998 | 2839 |
| 2004 | 3863 |
| 2009 | 4038 |
| 2014 | 4451 |
| 2020 | 6082 |

**જિલ્લા પ્રમાણે વસ્તી :**

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | 2034 |
| કચ્છ | 1244 |
| મોરબી | 1172 |
| બનાસકાંઠા | 960 |
| પાટણ | 653 |
| અમદાવાદ | 19 |

**યુનેસ્કોમાં દરખાસ્ત :**

**ઘૂડખર અભયારણને યુનેસ્કો કમિટીમાં સબમીટ કરાયું હતું**

- ✓ રણ સિવાય વિશ્વમાં ક્યાંય ન જોવા મળતા દુર્લભ ઘૂડખર માટે રક્ષિત કરવામાં આવેલા 4954 ચો.કિ.મી. વિસ્તાર 'ઘૂડખર અભયારણ'ને સને 2006માં વર્લ્ડ હેરીટેજમાં સામેલ કરવા યુનેસ્કો કમીટીમાં સબમીટ કરવામાં આવ્યું હતુ.
- ✓ પરંતુ છેલ્લે પાટણની 'રાણી કી વાવ'નો વર્લ્ડ હેરીટેજ સાઇટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ✓ રણને અડીને આવેલા પાંચ જિલ્લાના રક્ષિત વિસ્તારમાંથી બહાર નીકળીને છેક અમદાવાદ જીલ્લા સુધી પહોંચ્યા છે.
- ✓ અમદાવાદ જીલ્લામાં 19 ઘૂડખરો નોંધાયા.

## ૫. UN : બાળ મૃત્યુ દર અંગે અહેવાલ-2020 (બાળ વિકાસ)

**અહેવાલની વિગત :**

- ✓ રિપોર્ટ 2020માં જણાવાયું છે કે 5 વર્ષથી નાના બાળકોના મોતનો આંકડો 1990માં 1.25 કરોડથી ઘટીને 2019માં 52 લાખ થયો.
- ✓ છેલ્લાં 30 વર્ષમાં સ્વાસ્થ્ય સેવાઓમાં સુધારાના કારણે બાળ મૃત્યુદર ઘટ્યો છે.
- ✓ ભારતમાં 5 વર્ષથી નાના બાળકોનાં મોતનો આંકડો 2019માં 8.24 લાખ રહ્યો, જે 1990 માં 34 લાખ હતો.
- ✓ ભારતમાં 1990માં છોકરાઓનો બાળ મૃત્યુદર 122 અને છોકરીઓનો 131 હતો.
- ✓ ગત વર્ષે છોકરાઓનો બાળ મૃત્યુદર 34 અને છોકરીઓનો બાળ મૃત્યુદર 35 રહ્યો.
- ✓ 2019માં 5 વર્ષથી નાના જે બાળકોનાં મોત થયાં તેમાંથી 49 ટકા બાળકો 5 દેશ- નાઇજિરિયા, ભારત, પાકિસ્તાન, કોંગો અને ઇથોપિયાના હતાં.

## ૬. UN : આગામી 5 વર્ષમાં 1.5 ડિગ્રી સુધી તાપમાનમાં વધારાની શક્યતા (ક્લાઈમેટ ચેન્જ)

**અહેવાલ :**

- ✓ આગામી પાંચ વર્ષમાં સરેરાશ વૈશ્વિક તાપમાન પ્રથમ વખત પૂર્વ ઔદ્યોગિક સરેરાશ સ્તરથી ૧.૫ ડિગ્રી સેલ્સિયસ (૨.૭ ફેરનહાઇટ)થી વધારે હોઇ શકે છે.
- ✓ એજન્સીના જણાવ્યા અનુસાર ૧.૫ ડિગ્રી સેલ્સિયસ એ સ્તર છે જેના પર વિભિન્ન દેશોએ ગ્લોબલ વોર્મિંગને મર્યાદિત કરવાના પ્રયત્નો કરવા માટે સંમતિ દર્શાવી હતી.
- ✓ ઉલ્લેખનીય છે કે <u>૨૦૧૫માં થયેલા પેરિસ ક્લાયમેન્ટ સમજૂતીમાં ૧.૫ ડિગ્રી સેલસિયસની મર્યાદા નક્કી કરવામાં આવી હતી.</u>
- ✓ આ અગાઉ ૨૦૧૮ના યુએન સાયન્સ રિપોર્ટમાં પણ વધી રહેલા વૈશ્વિક તાપમાન અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

## ૭. જન્મ દિન વિશેષ : 09 સપ્ટેમ્બર

**દરિયાલાલ : ગુણવંતરાય આચાર્ય**

**જન્મ : 9 સપ્ટેમ્બર 1900 અવસાન : 25 નવેમ્બર 1965**

- ✓ આજે લિયો ટોલસ્ટોય ભારતેન્દુ હરિશ્ચંદ્ર અને ગુણવંતરાય આચાર્યનો જન્મદિવસ તથા કિશોરલાલ મશરૂવાળા, ઇતિહાસકાર રાધાકુમુદ મુખરજીની પુણ્યતિથિ છે.
- ✓ <u>જામનગર જિલ્લાના જેતલસર ગામે જન્મેલા</u> ગુણવંતરાય પોપટભાઈ આચાર્ય એ કોલેજ સુધીનું શિક્ષણ પણ લીધું ન હતું. કચ્છના માંડવીમાં પ્રાથમિક શિક્ષણ દરમિયાન તેઓમાં સ્થાનિક વાતાવરણના સહવાસથી દરિયાઇ કથાઓ લખવાનું બીજ વવાયું હતું. સૌરાષ્ટ્ર મિત્ર, સૌરાષ્ટ્ર, ફૂલછાબ, પ્રજાબંધુ જેવાં સામયિકો તેમનાં સર્જનોની

પૃષ્ઠભૂમિ હતી. ફૂલછાબ અને ફિલ્મી સામયિક મોજ મજાહનાં તો તેઓ તંત્રી પણ હતાં.

- ✓ ગુણવંતરાય આચાર્ય એ દરિયા સારંગ, હાથીદાંતનો સોદાગર, દરિયાપીર, હાજી કાસમ તારી વીજળી, દરિયાલાલ, કાળ વૈભવ, જળ સમાધિ, બંડખોર, રાય બુકકારાય, વતનનો સાદ, અલ્લા બેલી, સુભાષચંદ્ર બોઝ, સોરઠની સંધ્યા, હું બાવો ને મંગળદાસ જેવાં નવલકથા ,નાટક, નવલિકા, નિબંધને લગતાં ૧૦૦ થી વધુ પુસ્તકો લખ્યાં છે. તેમનું સાહિત્ય સર્જન મુખ્યત્વે સાગર કથાઓ, ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ ક્ષેત્રે રહ્યુ છે.
- ✓ <u>દરિયાલાલ નવલકથાથી વ્યાપક પ્રસિદ્ધિ પામેલાં ગુણવંતરાય આચાર્યનું ૧૯૪૫માં ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માન થયું હતું.</u>
- ✓ અત્યંત આધુનિક વિચારો ધરાવતા ગુણવંતરાય આચાર્યનું ૨૫ નવેમ્બર ૧૯૬૫નાં રોજ અવસાન થયું હતું. તેમનો સાહિત્યિક વારસો તેમની <u>પુત્રીઓ ઈલા આરબ મહેતા અને વર્ષા અડાલજા</u> સાચવી રહ્યાં છે.

### <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૯-૨૦૨૦)</u>

1. તાજેતરમાં સપ્ટેમ્બર 2020માં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં કુલ કેટલા રાજ્યમાં સર્વે કરાયો - **<u>22</u>**
2. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયાનો સમયગાળો જણાવો - **<u>જુલાઈ 2017 થી જૂન 2018</u>**
3. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં 1000 પુરુષોએ સૌથી વધુ મહિલાની વસ્તી ધરાવતું પ્રથમ રાજ્ય- **<u>કેરળ</u>**
4. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં પ્રથમ રાજ્ય - **<u>કેરળ</u>**
5. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં ગુજરાતનો ક્રમ જણાવો - **<u>14</u>**
6. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં 1000 પુરુષોએ સૌથી વધુ મહિલાની વસ્તી કેરળમાં કેટલી છે - **<u>1048</u>**
7. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં 1000 પુરુષોએ બીજા ક્રમે હિમાચલપ્રદેશમાં મહિલાની વસ્તી કેટલી છે - **<u>1030</u>**
8. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં 1000 પુરુષોએ ત્રીજા ક્રમે તમિલનાડુમાં મહિલાની વસ્તી કેટલી છે -**<u>1014</u>**
9. તાજેતરમાં NSO દ્વારા જાહેર કરવામાં આવેલ ભારતના જેન્ડર રેશિયામાં સરેરાશ કેટેગરીમાં 1000 પુરુષોએ ચોથા ક્રમે આંધ્રપ્રદેશમાં મહિલાની વસ્તી કેટલી છે -**<u>1003</u>**
10. ભારતનો સરેરાશ સેક્સ રેશિયો જણાવો - **<u>927</u>**
11. ગુજરાતનો સરેરાશ સેક્સ રેશિયો જણાવો - **<u>911</u>**
12. ભારતનો શહેરી વિસ્તારનો સરેરાશ સેક્સ રેશિયો જણાવો - **<u>914</u>**
13. ગુજરાતનો શહેરી વિસ્તારનો સરેરાશ સેક્સ રેશિયો જણાવો - **<u>843</u>**
14. ભારતના મોટા 22 રાજ્યમાં શહેરી વિસ્તારમાં સરેરાશ સેક્સ રેશિયામાં ગુજરાતનો ક્રમ જણાવો - **<u>21</u>**
15. તા.૧૦મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે સાત પગલાં ખેડૂત કલ્યાણ અંતર્ગત કઈ બે યોજનાનો ગાંધીનગરથી ઈ-શુભારંભ કરાયો - **<u>કિસાન પરિવહન યોજના અને મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના</u>**
16. ગુજરાત સરકારે ખેડૂત પોતાનો પાક લાવવા-લઈ જવા તેમજ સારા ભાવે વેચાણ કરી શકે તે માટે કઈ યોજના અમલી છે - **<u>કિસાન પરિવહન યોજના</u>**
17. ગુજરાત સરકારની કિસાન પરિવહન યોજના અંતર્ગત નાના/સિમાંત/મહિલા/અનુ.જાતિ/અનુ. જનજાતિના ખેડૂતો માટે કેટલા રૂપિયાની સહાય કરવામાં આવે છે - <u>રૂ.૭૫,૦૦૦/-</u>
18. ગુજરાત સરકારની કિસાન પરિવહન યોજના અંતર્ગત સામાન્ય/અન્ય ખેડૂતો માટે કેટલા રૂપિયાની સહાય કરવામાં આવે છે - <u>રૂ.૫૦,૦૦૦/-</u>
19. ગુજરાત સરકારની કિસાન પરિવહન યોજના અંતર્ગત ટાટા, મહિન્દ્રા, અશોક લેલેન્ડ, મારૂતી સુઝુકી કંપનીનાં પ્રખ્યાત માલ વાહક વાહનો જેવા કે છોટા હાથી, સુપ્રો, દોસ્ત, સુપર કેરી સહિત કેટલા માન્યતા પ્રાપ્ત મોડલો છે - <u>૪૫</u>
20. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો પોતાની ખેત પેદાશ સંગ્રહ કરી સારા ભાવ મળે ત્યારે વેચાણ કરી વધુ આર્થિક

વળતર મેળવી શકે તે માટે નાના ગોડાઉન બાંધવા માટે કઈ યોજના અમલી છે - **મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના**

21. ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેડૂતને કેટલી સહાય આપવામાં આવે છે - **રૂ. 30,000/- સુધી**
22. ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેડૂતને ગોડાઉન બાંધવા ન્યૂનત્તમ કેટલા બાંધકામ સુધી સહાય આપવામાં આવે છે - **330 ચો.ફૂટ**
23. ગુજરાત સરકારની મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત કુલ કેટલા ખેડૂતોને લાભ મળશે - **૧,૧૬,૦૦૦**
24. ગુજરાત સરકારની કિસાન પરિવહન યોજના અને મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાનું અમલીકરણ કયા વિભાગ દ્વારા કરવામાં આવે છે - **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર**
25. ગુજરાતના વર્તમાન કૃષિ મંત્રીનું નામ જણાવો - **શ્રી આર.સી. ફળદુ**
26. પી.એમ. સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) સ્કીમ હેઠળ 1.40 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને કેટલી સહાય અપાશે - **રૂ. 140 કરોડ**
27. પી.એમ. સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) સ્કીમ હેઠળ કેટલા સ્ટ્રીટ વેન્ડર્સને રૂ. 140 કરોડની સહાય આપવામાં આવી હતી - **1.40 લાખ**
28. પી.એમ. સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) યોજના હેઠળ કેટલા સ્ટ્રીટ વેન્ડર્સનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું - **4.50 લાખ**
29. રણ સિવાય વિશ્વમાં ક્યાંય ન જોવા મળતા અને રણનું આગવું ઘરેણું ગણાતા એવા દુર્લભ પ્રાણીનું નામ જણાવો – **ઘૂડખર**
30. માર્ચ-2020માં યોજાયેલી ગણતરી અનુસાર ઘૂડઘરની વસ્તી કેટલી નોંધાઈ - **6082**
31. વર્ષ 2014માં યોજાયેલી ગણતરી અનુસાર ઘૂડખરની સંખ્યા કેટલી નોંધાઇ હતી - **4451**
32. તા.13-14મી માર્ચ-2020ના રોજ કેટલા જિલ્લાના કેટલા વિસ્તારમાં ઘૂડખરની ગણતરી યોજાઇ હતી - **5 જીલ્લાના 15000 વર્ગ કિ.મી.**
33. ગુજરાતમાં ઘૂડખરનું અભ્યારણ્ય ક્યાં આવેલું છે - **કચ્છના મોટા રણમાં**
34. ગુજરાત સરકારે કચ્છના નાના રણ વિસ્તારને ઘૂડખરનું અભયસ્થાન વિસ્તાર કયારે ઘોષિત કર્યો હતો – **તા. 12 જાન્યુઆરી 1973**
35. કયા વર્ષે કચ્છના મોટા રણનો થોડો ભાગ ઉમેરીને કુલ 4953.71 ચો.કિ.મી.વિસ્તાર ઘૂડખર અભયારણ્યના નામે રક્ષિત કરવામાં આવ્યો હતો – **વર્ષ 1978**
36. ગુજરાતમાં સૌપ્રથમ ક્યારે ઘૂડખરની ગણતરી કરવામાં આવી હતી - **વર્ષ 1946**
37. ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ 1946માં ઘૂડખરની ગણતરી કરવામાં આવી ત્યારે ઘૂડખરની સંખ્યા કેટલી હતી - **3500**
38. UNના બાળ મૃત્યુ દર અહેવાલ-2020 અનુસાર વિશ્વમાં 5 વર્ષથી નાના બાળકોના મોતનો આંકડો 1990માં 1.25 કરોડથી ઘટીને 2019માં કેટલો થયો - **52 લાખ**
39. UNના બાળ મૃત્યુ દર અહેવાલ-2020 અનુસાર ભારતમાં 5 વર્ષથી નાના બાળકોનાં મોતનો આંકડો 1990માં 34 લાખ હતો જે ઘટીને 2019માં કેટલો થયો - **8.24 લાખ**
40. UN દ્વારા આગામી 5 વર્ષમાં તાપમાનમાં કેટલા વધારાની શક્યતા દર્શાવી છે - **1.5 ડિગ્રી સુધી**
41. ક્યા વર્ષે પેરિસ ક્લાયમેન્ટ સમજૂતી થઈ હતી – **વર્ષ 2015**
42. વર્ષ 2015માં થયેલી પેરિસ ક્લાયમેન્ટ સમજૂતીમાં તાપમાન કેટલા ડિગ્રી સેલ્સિયસની મર્યાદા નક્કી કરવામાં આવી હતી – **1.5**
43. ગુજરાતી સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યનો જન્મ દિવસ જણાવો- **9 સપ્ટેમ્બર 1900**
44. ગુજરાતી સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યનો જન્મ ક્યાં થયો હતો - **જામનગર જિલ્લાના જેતલસર ગામે**
45. સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યની મુખ્ય સાહિત્ય કૃતિનું નામ જણાવો – **દરિયાલાલ, દરિયા સારંગ, હાથીદાંતનો સોદાગર, દરિયાપીર, હાજી કાસમ તારી વીજળી, કાળ વૈભવ, જળ સમાધિ, સોરઠની સંધ્યા, હું બાવો ને મંગળદાસ**
46. ગુણવંતરાય આચાર્ય તેમની કઈ નવલકથાથી વ્યાપક પ્રસિદ્ધિ મેળવી હતી - **દરિયાલાલ**
47. ક્યા વર્ષે ગુણવંતરાય આચાર્યનું ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માન કરાયું હતું - **1945**
48. ગુજરાતી લેખિકા ઈલા આરબ મહેતા અને વર્ષા અડાલજાના પિતાનું નામ જણાવો – **ગુણવંતરાય આચાર્ય**

## ૧.યુદ્ધ વિમાન રાફેલ : પાંચ રાફેલ યુદ્ધ વિમાનો ભારતીય એરફોર્સની 17મી સ્ક્વોડ્રન ગોલ્ડન એરોઝમાં વિધિવત સામેલ (સંરક્ષણ)




- ✓ સ્થાન : અંબાલા એરબેઝ (હરિયાણા)
- ✓ નામ : RB-001 થી 005
- ✓ RB: એટલે હાલના IAFના વડા રાકેશકુમાર ભદૌરિયાના નામ ઉપરથી RB

### ગોલ્ડન એરોઝ સ્ક્વોડ્રન વિશે

- ✓ ૧૯૫૧માં એરફોર્સની ૧૭મી સ્ક્વોડ્રન ગોલ્ડન એરોઝની રચના કરાઈ
- ✓ ગોલ્ડન એરોઝમાં મિગ-૨૧ વિમાનો સામેલ કરાયાં હતાં
- ✓ ૨૦૧૬માં મિગ-૨૧ને રૂખસદ અપાતાં ગોલ્ડન એરોઝ બંધ કરાઈ હતી
- ✓ ૨૦૧૯માં રાફેલ વિમાન માટે અંબાલામાં ગોલ્ડન એરોઝને પુન: શરૂ કરાયુ

### ગોલ્ડન એરોઝ સ્ક્વોડ્રનની કામગીરી

- ✓ ૧૯૫૧-૧૯૫૫ : હાર્વર્ડ ટુબી વિમાનોનું સંચાલન
- ✓ ૧૯૫૫-૧૯૫૭ હેવિલલેન્ડ વેમ્પાયર વિમાનોનું સંચાલન
- ✓ ૧૯૫૭-૧૯૭૫ હોકર હંટર વિમાનોનું સંચાલન
- ✓ ૧૯૭૫-૨૦૧૬ મિગ-૨૧ વિમાનનું સંચાલન
- ✓ ૧૯૬૧માં ગોવા લિબરેશન વોર
- ✓ ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન વોર
- ✓ ૧૯૭૧માં બેટલ ઓફ લોન્ગેવાલા
- ✓ ૧૯૯૯માં કારગિલ વોરમાં સૌથી વધુ ગેલેન્ટરી એવોર્ડ્સ

### 23 વર્ષ બાદ નવા યુદ્ધ વિમાનો

- ✓ ૨૩ વર્ષ પછી નવા યુદ્ધ વિમાન રાફેલ આવતાં તે માટે હિન્દુ ધર્મગુરૂ, મુસ્લિમ મૌલવી, શીખ ધર્મગુરુ અને ખ્રિસ્તી પાદરી દ્વારા તેની શુભકામના માટે સર્વધર્મ પ્રાર્થના કરાઈ હતી.

### વધુ 5 રાફેલ આવશે


- ✓ વધુ 5 રાફેલ ઓક્ટોબર સુધીમાં મળશે
- ✓ બીજી બેચનાં વિમાનોને પ.બંગાળના કલઈકુંડા એરબેઝ પર તહેનાત કરી પૂર્વ કમાનના પડકારોને ઝીલવા સજ્જ કરાશે.
- ✓ રાફેલ વિમાનની રેન્જ 3700 કિ.મી. સુધીની છે.
- ✓ અંબાલામાં તહેનાત કરી તેને જરૂર પડતાં લદાખ કે લેહમાં ઉપયોગમાં લઈ શકાશે.
- ✓ લેહના ઓછા તાપમાનમાં પણ વિમાનનું એન્જિનસ્ટાર્ટ થઈ જાય તે માટે ભારતે રાફેલમાં ખાસ મોડિફિકેશન કરાવ્યું છે.
- ✓ ભારત આવ્યા પછી આ તમામ વિમાનોની 250 કલાકથી વધુ ઉડાન અને ફિલ્ડ તથા ફાયરિંગનું ટેસ્ટિંગ થઈ ચૂક્યું છે.
- ✓ આ વિમાન યુદ્ધ માટે તૈયાર છે.

### ખાસ ઉપસ્થિતિ

- ✓ આ પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણપ્રધાન રાજનાથસિંહ, ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન ફ્લોરેન્સ પર્લી, ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, વાયુસેનાના વડા એરચીફ માર્શલ આરકેએસ ભદૌરિયાની ઉપસ્થિતિ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) (મત્સ્ય ઉદ્યોગ)

- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી એ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બિહારમાં PMMSY લોન્ચ કરી




- ✓ **યોજનાનો હેતુ :** માછલી ઉત્પાદન વધારવુ અને નિકાસને વેગ આપવા
- ✓ દેશના ૨૧ રાજ્યોમાં આ યોજના શરૂ થશે
- ✓ મત્સ્ય પાલન પાલન થકી આગામી પાંચ વર્ષમાં ૫૫ લાખને રોજગારીનો લક્ષ્યાંક.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશમાં ફિશરિઝ સેક્ટરનાં વિકાસ માટે રૂ. ૨૦,૦૫૦ કરોડની પ્રધાનમંત્રી મત્સ્ય

સંપદા યોજના (PMMSY) લોન્ચ કરવામાં આવી હતી. સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાની યોજનાનાં ભાગરૂપે આ સ્કીમ શરૂ કરાઈ છે

**ખેડૂતો માટે ઈ-ગોપાલા એપ લોન્ચ કરાઈ**

- ✓ હેતુ : ખેડૂતોના બહુવિધ ઉપયોગ માટે ઈ-ગોપાલા એપ
- ✓ ખેડૂતોની પશુઓને લગતી સમસ્યાઓ ઉકેલવા સહાયરૂપ થઈ શકે તેવી મોબાઇલ એપ ઈ-ગોપાલા મોદીએ લોન્ચ કરી હતી.
- ✓ આ ઉપરાંત પૂર્ણિયા જિલ્લામાં ૭૫ એકર જમીનમાં રૂ. ૮૪.૨૭ કરોડનાં ખર્ચે આધુનિક સિમન સેન્ટર પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.
- ✓ મોદીએ આ પછી ખેડૂતો સાથે પશુપાલન અને ફિશરિઝ સેક્ટરને લગતા મુદ્દાઓ ચર્ચ્યાં હતા.

**આત્મનિર્ભર ભારત: ફિશરિઝ સેક્ટરનો વિકાસ**

- ✓ સરકારનાં આત્મનિર્ભર ભારત પેકેજનાં ભાગરૂપે ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫ સુધી ફિશરિઝ સેક્ટરનાં વિકાસ માટે PMMSY યોજના શરૂ કરવામાં આવી છે. ફિશરિઝ સેક્ટરમાં આ સૌથી મોટામાં મોટું રોકાણ છે
- ✓ રૂ. ૨૦,૦૫૦ કરોડમાંથી રૂ. ૧૨,૩૪૦ કરોડની રકમ મરિન તેમજ ઇનલેન્ડ ફિશરિઝ અને એકવાકલ્ચર માટે તથા રૂ. ૭,૭૧૦ કરોડ ફિશરિઝ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવવામાં આવશે.
- ✓ આ સ્કીમ દ્વારા ૨૦૨૪-૨૫ સુધીમાં માછલીનું વધુ ૭૦ લાખ ટન ઉત્પાદન કરી શકાશે જ્યારે માછલીઓની નિકાસ કમાણી રૂ. ૧ લાખ કરોડ સુધી પહોંચાડી શકાશે. જેને ૨૦૨૮ સુધીમાં રૂ. ૨ લાખ કરોડ સુધી પહોંચાડાશે.
- ✓ સરકારે મત્સ્ય પાલન ક્ષેત્રે આગામી પાંચ વર્ષમાં ૫૫ લાખ લોકોને રોજગારી આપવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.
- ✓ આ સ્કીમ અમલમાં આવતા ગંગા શુદ્ધિકરણ યોજના તેમજ પ્રોજેક્ટ ડોલ્ફિનને વેગ અપાશે.

**વિવિધ કૃષિ ક્રાંતિ :**

1. વ્હાઈટ રિવોલ્યુશન – દૂધ ડેરી ઉદ્યોગ
2. સ્વિટ રિવોલ્યુશન-મધમાખી ઉછેર ઉદ્યોગ
3. બ્લ્યુ રિવોલ્યુશન-મત્સ્ય ક્રાંતિ

**૩. ભારત-જાપાન વચ્ચે લશ્કરી સહયોગ માટે કરાર (વૈશ્વિક સંબંધો)**

**કરાર વિશે વિગતો :**

બન્ને દેશ સુરક્ષા, અર્થવ્યવસ્થા અને આર્થિક સહયોગની સાથે સાથે મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ પર કામ કરતા રહેશે.

- ✓ આ સાથે જ ભારતે જાપાન સાથે મ્યુચ્યુઅલ લોજિસ્ટિક સપોર્ટ અરેજમેન્ટ કરાર પર હસ્તાક્ષર કર્યાં છે.
- ✓ જાપાની સેલ્ફ ડિફેન્સ ફોર્સ અને ભારતીય સશસ્ત્ર દળોની વચ્ચે સપ્લાય અને સર્વિસ આદાનપ્રદાન કરાર થયો છે.
- ✓ તેનાથી બન્ને દેશોની સેનાઓ વચ્ચે જમીન પર સહયોગ વધશે.
- ✓ કરાર પછી ચીન ટેંશનમાં છે.

**૪.નિમણૂક : નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD)ના ચેરમેન પદે અભિનેતા-પૂર્વ સાંસદ પરેશ રાવલની નિમણૂક**

- ✓ સમયગાળો : ૪ વર્ષ પદ્મશ્રી વર્ષ-૨૦૧૪
- ✓ રાષ્ટ્રપતિશ્રી દ્વારા નિમણૂક સ્થાન - નવી દિલ્હી.

**૫. સન્માન : USના સ્પેસ ક્રાફ્ટ (કેપ્સ્યૂલ)ને મૂળ ભારતીય અમેરિકન કલ્પના ચાવલાનું નામ અપાયું**



- ✓ અમેરિકાની એરોસ્પેસ કંપની નોર્થરોપ ગ્રુમેન કોર્પોરેશને પોતાના નવા લોન્ચ થનાર સિગ્નસ સ્પેસક્રાફ્ટનું નામ અવકાશયાત્રી કલ્પના ચાવલાના નામ પરથી રખાયુ છે.
- ✓ આ અંતરિક્ષ યાન ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશનમાંથી છોડવામાં આવશે.
- ✓ કલ્પના ચાવલા અંતરિક્ષમાં જનાર ભારતીય મૂળની પહેલી મહિલા અવકાશયાત્રી હતા.
- ✓ 1 ફેબ્રુઆરી-2003માં અંતરિક્ષ યાનમાં બનેલી એક દુર્ઘટનામાં તેનું મોત થયું હતું. કોલંબિયા યાન 16 દિવસોની અંતરિક્ષ યાત્રા પર હતું અને દુર્ઘટના વખતે તે પૃથ્વી તરફ પાછું ફરી રહ્યું હતું.

**કલ્પનાના નામ પર સ્પેસક્રાફ્ટ**

- ✓ કલ્પનાએ 19 નવેમ્બર 1997એ પોતાનું પહેલું અંતરિક્ષ મિશન શરૂ કર્યું હતું.
- ✓ 6 અંતરિક્ષ યાત્રીઓની સાથે સ્પેસ શટલ કોલંબિયા STS-87માંથી ઉડાન ભરી હતી
- ✓ કલ્પનાએ ચંદીગઢના પંજાબ એન્જિનિયરિંગ કોલજમાંથી એરોનોટિકલ એન્જિનિયરિંગમાં બીટેકનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ 1982માં અમેરિકા જતા રહ્યા હતા.

✓ તેમણે ટેક્સસ યુનિવર્સિટીમાંથી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં એમટેક કર્યું. ત્યારબાદ યુનિવર્સિટી ઓફ કોલોરાડોમાંથી ડોક્ટરેટની ડિગ્રી મેળવી હતી.

✓ નાસામાં કલ્પનાની નિયુક્તિ રિસર્ચ સેન્ટરમાં થઈ અને માર્ચ 1995માં તે નાસાના અંતરિક્ષ યાત્રા કોર ટીમમાં સામેલ કરાઈ હતી.

✓ 1 ફેબ્રુઆરી 2003એ કોલંબિયા અંતરિક્ષ યાન પૃથ્વીની કક્ષામાં પ્રવેશ કરતા જ તૂટીને આકાશમાં વિખેરાઈ ગયું હતું. જેમાં કલ્પનાનું મોત થયું હતું.

### ૬. RBI : નિર્ણય (કર)

✓ રેમિટન્સ સ્કીમમાં પૈસા વિદેશ મોકલવા ઉપર 5 ટકાના દરે TCS

✓ આરબીઆઈની લિબરલાઈઝડ રેમિટન્સ સ્કીમ હેઠળ વિદેશ પૈસા મોકલવા પર 5 ટકાના દરે ટીસીએસ લાગશે.

✓ આ ટેક્સ 1 ઓક્ટોબરથી લાગુ થઈ જશે.

✓ તેની જોગવાઈ નાણાકીય કાયદા 2020માં કરાઈ છે.

✓ સરકારે ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં ઓવરસીઝ રેમિટન્સ અને ઓવરસીઝ ટૂર પેકેજના વેચાણ પર 5 ટકા ટીસીએસ લગાવવાની પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

### ૭. બન્ની વિશે : કચ્છ (ભૂગોળ)

✓ એક સમયે એશિયાના શ્રેષ્ઠ ઘાસીયા મેદાન તરીકે પ્રખ્યાત ભુજ તાલુકાનો બન્ની પ્રદેશ છેલ્લા દાયકાથી રણોત્સવને કારણે દેશ અને દુનિયામાં પ્રસિદ્ધ થયેલો છે.



✓ મુખ્યત્વે માલધારીઓની વસ્તી ધરાવતા આ વિશાળ ભાતીગળ પંથકમાં કોરોના કાળના છ-છ મહિના બાદ પણ સદનસીબે અત્યાર સુધી એકપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી

**કચ્છની ઉત્તરે આવેલાં 48 ગામોનો સમૂહ એટલે બન્ની**

✓ કચ્છની ઉત્તરે આવેલા બન્ની પ્રદેશ 2489 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે.

✓ ઉગમણી બન્નીના બેરડો ગામથી મુખ્ય બન્ની અને આથમણી બન્ની સરહદી હાજીપીર સુધી વિસ્તરેલો છે.

✓ 48 ગામોના સમૂહને બન્ની કહેવાય છે. અનેક વાંઢ આવેલી છે જેમાં વિચરતી વસ્તી રહે છે, જે ઘાસના મેદાનમાં સ્થળાંતર કરતી હોય છે.

**શા માટે કોરોના ઘૂસી નથી શક્યો ?**

✓ વિશાળ વિસ્તાર, વસ્તી પાંખી

✓ માલધારીઓના પરિવારજનો શહેરથી અળગા જ રહે છે.

✓ મહિલાઓ મર્યાદાને કારણે બહાર નથી નીકળતી.

✓ માલધારી પ્રજા ખડતલ હોવાથી કુદરતી રીતે જ રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

### ૮. ભારતનો પ્રથમ ૧૬ કિ.મી. લાંબો એનિમલ અંડર પાસ

✓ સ્થાન : NH-44 (કાશ્મીરથી કન્યાકુમારીને જોડતો માર્ગ)

**અહેવાલની વિગત :**

✓ દેશમાં પ્રથમ વખત નેશનલ હાઈવે 44ના 16 કિમીના ક્ષેત્રમાં બનાવાયેલા 9 એનિમલ અંડરપાસમાંથી 10 મહિનામાં 89 વખત વાઘ પસાર થયાની ઘટના બની હતી.

✓ 18 પ્રકારનાં 5,450 જંગલી પ્રાણીઓ આ અંડરપાસમાંથી પસાર થયાં હતા.

✓ પેચ ટાઈગર રિઝર્વમાં બનાવાયેલ દુનિયાના સૌથી લાંબા એનિમલ ક્રોસિંગ સ્ટ્રકચરરમાંથી વન્યજીવો તથા વાહનોના ટકરાવાની હજારો ઘટનાઓ ટળી ગઈ હતી

**સંસ્થા:વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા**

### ૯. દિન વિશેષ : 10 સપ્ટેમ્બર

### વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ

✓ થીમ-૨૦૨૦ : working together to prevent suicide

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૯-૨૦૨૦)**

1. તાજેતરમાં ભારતીય એરફોર્સમાં કયા પાંચ નવા યુદ્ધ વિમાનો વિધિવત રીતે સામેલ કરાયા - **રાફેલ**
2. તાજેતરમાં ભારતીય એરફોર્સમાં રાફેલ યુદ્ધ વિમાનો વિધિવત રીતે કઈ સ્કવોડ્રનમાં સામેલ કરાયા- **17 મી ગોલ્ડન એરોઝ**
3. રાફેલનો અર્થ જણાવો - **તૂફાન**
4. રાફેલની રેન્જ જણાવો - **3700 કિલોમીટર**
5. રાફેલ યુદ્ધ વિમાનને કયા એર બેઝ ઉપર તહેનાત કરવામાં આવ્યા છે – **અંબાલા (હરિયાણા)**
6. રાફેલ યુદ્ધ વિમાનનું ભારતીય નામ જણાવો - **RB એટલે કે રાકેશ કુમાર ભદૌરીયા**
7. 17મી ગોલ્ડન એરોઝની રચના કયા વર્ષે કરાઇ હતી - **1951**
8. 17મી ગોલ્ડન એરોઝને પૂન: ક્યારે શરૂ કરાઈ - **2019**
9. ક્યારે અને કયા દેશના સંરક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં રાફેલ યુદ્ધ વિમાનને ભારતીય વાયુસેનામાં સામેલ


કરાયા - **<u>ભારત:- રાજનાથસિંઘ તેમજ ફ્રાંસના સંરક્ષણ મંત્રી ફ્લોરેન્સ પર્લી</u>**

10. તાજેતરમાં માછલી ઉત્પાદન વધારવા અને નિકાસને વેગ આપવા માટેની કઈ યોજના વડાપ્રધાન દ્વારા ક્યાંથી લોન્ચ કરાઈ - **<u>PMMSY અને બિહાર</u>**
11. PMMSYનું નામ જણાવો - **<u>પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના</u>**
12. PMMSY અંતર્ગત કુલ કેટલી રકમ ફાળવવામાં આવી છે - **<u>રૂ.20,500 કરોડ</u>**
13. PMMSY કેટલા રાજ્યોમાં લોન્ચ કરવામાં આવી - **<u>21</u>**
14. આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત PMMSYનો સમયગાળો જણાવો - **<u>વર્ષ 2020-21 થી 2024-25</u>**
15. તાજેતરમાં સપ્ટેમ્બર 2020માં વડાપ્રધાનના હસ્તે ખેડૂતોને બહુવિધ ઉપયોગ માટે કઈ નવી એપ લોન્ચ કરી - **<u>ઈ-ગોપાલા એપ</u>**
16. સ્વીટ રિવોલ્યુશન એટલે શું - **<u>મધમાખી ઉછેર</u>**
17. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે લશ્કરી સહયોગ માટે વિવિધ કરારો કર્યા - **<u>જાપાન</u>**
18. ફિલ્મ-મનોરંજન સાથે સંકળાયેલ સંસ્થા નેશનલ NSDનું વિસ્તૃત નામ જણાવો – **<u>નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા</u>**
19. સપ્ટેમ્બર-૨૦૨૦માં NSDના ચેરમેન પદે કોની નિમણૂક કરાઈ - **<u>અભિનેતા-પૂર્વ સાંસદ પરેશ રાવલ</u>**
20. અભિનેતા પરેશ રાવલ કેટલા સમયગાળા માટે NSDના ચેરમેન પદે રહેશે - **<u>૪ વર્ષ</u>**
21. ભારત સરકારે અભિનેતા પરેશ રાવલને ક્યા વર્ષે પદ્મશ્રીથી સન્માનિત કર્યાં હતા - **<u>વર્ષ-૨૦૧૪</u>**
22. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા સંસ્થા ક્યાં આવેલી છે - **<u>નવી દિલ્હી</u>**
23. USના સ્પેસ ક્રાફ્ટ (કેપ્સ્યૂલ)ને કઈ મૂળ ભારતીય અમેરિકન અવકાશયાત્રીનું નામ અપાયું - **<u>કલ્પના ચાવલા</u>**
24. અમેરિકાની કઈ એરોસ્પેસ કંપની એ પોતાના નવા લોન્ચ થનાર સિગ્નસ સ્પેસક્રાફ્ટનું નામ અવકાશયાત્રી કલ્પના ચાવલાના નામ પરથી રાખ્યુ છે - **<u>નોર્થરોપ ગ્રુમેન કોર્પોરેશન</u>**
25. અંતરિક્ષમાં જનાર ભારતીય મૂળની પહેલી મહિલા અવકાશયાત્રીનું નામ જણાવો - **<u>કલ્પના ચાવલા</u>**
26. કલ્પના ચાવલાનું અંતરિક્ષ યાનમાં બનેલી એક દુર્ઘટનામાં ક્યારે મોત થયું હતું - **<u>1 ફેબ્રુઆરી-2003</u>**
27. કલ્પના ચાવલાનું કયા અંતરિક્ષ યાનમાં બનેલી એક દુર્ઘટનામાં મોત થયું હતું - **<u>કોલંબિયા યાન</u>**
28. કલ્પના ચાવલાએ કયારે પોતાનું પહેલું અંતરિક્ષ મિશન શરૂ કર્યું હતું - **<u>19 નવેમ્બર 1997</u>**
29. સપ્ટેમ્બર૨૦૨૦માં RBIએ રેમિટન્સ સ્કીમમાં પૈસા વિદેશ મોકલવા ઉપર કેટલા ટકાના દરે TCS લગાવવાનો નિર્ણય કર્યો હતો - **<u>5</u>**
30. સપ્ટેમ્બર૨૦૨૦માં RBIએ રેમિટન્સ સ્કીમમાં પૈસા વિદેશ મોકલવા ઉપર 5 ટકાના દરે TCS લગાવવાનો નિર્ણય કર્યો હતો તે ક્યારથી અમલી બનશે - **<u>1 ઓક્ટોબર-2020</u>**
31. ભુજ તાલુકાનો કયો પ્રદેશ એશિયાના શ્રેષ્ઠ ઘાસીયા મેદાન તરીકે પ્રખ્યાત છે - **<u>બન્ની પ્રદેશ</u>**
32. કચ્છની ઉત્તરે આવેલાં કેટલા ગામોનો સમૂહ વિસ્તાર બન્ની પ્રદેશ તરીકે ઓળખાય છે - **<u>48</u>**
33. કચ્છની ઉત્તરે આવેલા બન્ની પ્રદેશ કેટલા ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે - **<u>2489</u>**
34. ભારતનો પ્રથમ ૧૬ કિ.મી. લાંબો એનિમલ અંડર પાસ ક્યા આવેલો છે - **<u>NH-44 (કાશ્મીરથી કન્યાકુમારીને જોડતો માર્ગ)</u>**
35. વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ કયારે મનાવવામાં આવે છે - **<u>10 સપ્ટેમ્બર</u>**
36. વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **<u>working together to prevent suicide</u>**

DATE : 11-09-2020

<u>૧. સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિગ જાહેર (કેન્દ્ર સરકાર)</u>

**<u>સતત બીજા વર્ષે સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિગમાં ગુજરાત પ્રથમ નંબરે</u>**




- ✓ કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા ૨૦૧૮થી સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્ક શરૂ કરવામાં આવ્યું છે.
- ✓ જેમાં દર વર્ષે જુદા જુદા 30 એકશન પોઈન્ટસના આધારે દરેક સ્ટેટ-યુનિયન ટેરીટરીઝને રન્કિંગ અપાય છે.
- ✓ આ વર્ષે દેશમાંથી ૨૨ રાજ્યો અને ૩ કેન્દ્ર શાસિત પ્રદેશોએ ભાગ લીધો હતો. જેમાંથી ગુજરાત અને અંદમાન નિકોબાર બેસ્ટ પર્ફોમર્સ રહ્યા છે.

અન્ય રાજ્યો

- ✓ રેન્કિંગ મુજબ કર્ણાટક અને કેરળ ટોપ પર્ફોમર્સ રહ્યા છે. જ્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા ઓરિસ્સા સહિતના રાજ્યો લીડર્સની કેટેગરીમાં આવ્યા છે.
- ✓ પંજાબ અને તેલંગાણા સહિતના રાજ્યો એસ્પાયરિંગ લીડર્સની કેટેગરીમાં આવ્યા.
- ✓ દિલ્હી અને મધ્યપ્રદેશના સહિતના રાજ્ય ઈમર્જિંગ ઈકોસીસ્ટમની કેટેગરીમાં આવ્યા.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૩૬૬૧૪ સ્ટાર્ટઅપ્સ માન્ય કરાયા છે જેમાં ૬૦૦થી વધુ સ્ટાર્ટઅપ વિવિધ રાજ્યો પ્રદેશોના સીલેકશનમાં હતા.

## ૨. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી- ૨૦૨૦ જાહેર : ગુજરાત સરકાર

- ✓ સમયગાળો – ૨૦૨૦થી પાંચ વર્ષ




**માપદંડ :**

- ✓ તા.૧લી જાન્યુઆરી-૧૯૫૦ પહેલાંના મહેલો, કિલ્લા, ઐતિહાસિક વિરાસતો- ઈમારતોમાં મૂળભૂત માળખા- સ્ટ્રક્ચરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વિના તેને હેરિટેજ રેસ્ટોરન્ટ, હેરિટેજ બેન્કવેટ હોલ ફેરવી તેની જાળવણી માટે રાજ્ય સરકાર પ્રોત્સાહનો આપશે.

**હેતુ :**

- ✓ રાજ્યમાં આવેલા રાજમહેલો- ઐતિહાસિક ઈમારતો- કિલ્લા- સાંસ્કૃતિક વિરાસતોની જાળવણી થાય, ટૂરિઝમ વધે તે હેતુથી આ નવી નીતિ જાહેર કરાઈ છે.

**નિયમો :**

- ✓ તા. ૧લી જાન્યુઆરી-૧૯૫૦ પહેલાંના મહેલો- કિલ્લા- ઈમારતોમાં આ નવી નીતિ અમલી બનશે અને એમાં મૂળભૂત સ્ટ્રક્ચર- માળખામાં કોઈ ફેરફાર કરી શકાશે નહીં.
- ✓ હેરિટેજ મ્યુઝિયમમાં કિંમતી ચીજવસ્તુઓ, પહેરવેશ- પોષાકો, શસ્ત્રો, ચલણી સિક્કા વગેરે રાખી શકાશે.

**હેરિટેજ પોલિસી માટે સબસિડી-રાહત :**

- ✓ નવી હેરિટેજ હોટેલમાં રૂ. ૨૫ કરોડ સુધીનું રોકાણ હશે તો ૨૦ ટકા સબસિડી એટલે મહત્તમ રૂ. ૫ કરોડ અને રૂ. ૨૫ કરોડથી વધુ રોકાણમાં મહત્તમ રૂ. ૧૦ કરોડ સહાય વર્તમાન હેરિટેજ હોટેલના રિનોવેશન-રિપેરિંગમાં પણ આ જ રીતે સહાયનું ધોરણ.
- ✓ નવા હેરિટેજ મ્યુઝિયમ- બેન્કવેટ હોલ- રેસ્ટોરાં માટે તથા વર્તમાન રેસ્ટોરાંમાં રિનોવેશન- રિસ્ટોરેશન માટે રૂ. ૩ કરોડ સુધીના રોકાણમાં ૧૫ ટકા લેખે સબસિડી એટલે મહત્તમ રૂ. ૪૫ લાખ અને રૂ. ૩ કરોડથી વધુ રોકાણમાં ૧૫ ટકા લેખે મહત્તમ રૂ. ૧ કરોડ સહાય.
- ✓ મંજૂર થયેલી અને વિતરણ થયેલી લોન ઉપર ૫ વર્ષ માટે ૭ ટકા વ્યાજ સબસિડી એટલે મહત્તમ પ્રતિવર્ષ રૂ.30 લાખની સહાય
- ✓ પાંચ વર્ષ માટે ૧૦૦ ટકા ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી માફી
- ✓ નેશનલ- ઇન્ટરનેશન ઇવેન્ટ માટે રેન્ટ સહાય.

**૬ રૂમ સુધીના આવાસો હોમ સ્ટે પોલિસીનો લાભ લઈ શકશે, ટેક્સમાં રાહત મળશે**

- ✓ ગુજરાત સરકારે હોમ સ્ટે પોલિસી જે ૨૦૧૪થી ૨૦૧૯ સુધીની હતી તે નીતિ લંબાવીને વધુ સ્પષ્ટ બનાવાઈ છે, જેમાં ૧થી ૬ રૂમ સુધીના આવાસોમાં વસવાટ કરનારી વ્યક્તિઓ પોતાના આવાસો હોમ સ્ટે તરીકે આપી શકશે.
- ✓ આવા આવાસોમાં ઘરેલું પ્રોપર્ટી ટેક્સ, ઘરેલું વીજદરમાં લાભ અપાશે. સોલર રૂફ ટોપ યોજનાનો લાભ લઈ શકાશે.
- ✓ અત્યારે ૧૦૦ જેટલા આવાસો હોમ સ્ટે પોલિસી હેઠળ હોવાનું જણાવાઈ રહ્યું છે.

## 3.વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-2018 (આર્થિક)

વિશ્વના કુલ-૧૬૨ દેશોમાં ભારત ૧૦૫માં ક્રમે

- ✓ ગત વર્ષ-૨૦૧૭માં ભારત ૭૯ ક્રમે હતુ

**અન્ય વિગત :**

- ✓ ભારત માટે સૌથી નિરાશાજનક પરિબળ વિશ્વ સ્તરે વેપારની સ્વતંત્રતા હતું. જેમાં ભારતનો ક્રમ ૧૩૯મો હતો. ૨૦૧૭માં ભારત આ મુદ્દે ૧૩૭મા ક્રમે હતું.

- ✓ રેગ્યુલેશન્સ મુદ્દે અગાઉ ભારત ૧૧૪મા ક્રમે હતું પણ ૨૦૧૮માં ૮ પગથિયા સરકીને ૧૨૨મા ક્રમે આવ્યું હતું.
- ✓ સાઉન્ડ મનીનાં મામલે ભારતનો દેખાવ સારો રહ્યો હતો અને ૮૯માંથી ૮૮મા ક્રમે આવ્યું હતું.
- ✓ લીગલ સિસ્ટમ્સ એન્ડ પ્રોપર્ટી રાઇટ્સમાં તેણે ૭૯મું સ્થાન જાળવી રાખ્યું હતું.
- ✓ સરકારના કદના મામલે તે ૨૦૧૭માં ૩૫મા ક્રમે હતું ત્યાંથી સરકીને ૨૦૧૮માં ૫૪મા ક્રમે આવી ગયું હતું.

### ૪. કેન્દ્ર સરકાર : રાષ્ટ્રીય શિક્ષણ પર્વની ઉજવણી

- ✓ સમયગાળો: તા. ૮ થી ૨૫ સપ્ટેમ્બર-૨૦૨૦

### ૫. લિવિંગ પ્લાનેટ રિપોર્ટ (વન્યજીવ)

**સંસ્થા: વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (આંતરરાષ્ટ્રીય પર્યાવરણ અને વન્યજીવ સંસ્થા)**

**અહેવાલના મહત્વના તથ્યો :**

- ✓ મનુષ્ય પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે બીજા તમામ જીવોનો નાશ કરી રહ્યો છે. પરિણામે **વર્ષ ૧૯૩૦ થી** લઈને ૨૦૧૬ સુધીના ૪૬ વર્ષના ગાળામાં ધરતી પરની ૬૮ ટકા વન્યસૃષ્ટી-વન્ય જીવો નષ્ટ થયા.
- ✓ રિપોર્ટ પ્રમાણે અત્યારે જે ઝડપે સજીવો નાશ પામી રહ્યાં છે, એવો ઘટાડો અગાઉના લાખો વર્ષ દરમિયાન નોંધાયો નથી.
- ✓ દક્ષિણ અમેરિકા ખંડ અને કેરેબિયન ટાપુ સમુહમાં વન્ય જીવોની સંખ્યા ૯૪ ટકા સુધી ઘટી છે. આખા જગતમાં આવિસ્તાર સૌથી વધુ વન્યજીવો ગુમાવી રહ્યો છે.
- ✓ આફ્રિકામાં ૬૫ ટકા, એશિયા પેસેફિકમાં ૪૫ ટકા, ઉત્તર અમેરિકામાં ૩૩ ટકા અને યુરોપ મધ્ય એશિયામાં ૨૪ ટકા વન્યજીવો નષ્ટ થયા છે.
- ✓ પ્રજાતિના સજીવોના અસ્તિત્વ પર ખતરો છે. વન્યજીવોના ખાત્મા પાછળનું એકમાત્ર કારણ મનુષ્યો દ્વારા કરવામાં આવી રહેલું પર્યાવરણનું નિકંદન છે.
- ✓ ઔદ્યોગિક ક્રાંતિથી લઈને આજ સુધીમાં જગતમાંથી તાજાં પાણીના ૮૫ ટકા જશાયળો નાશ પામ્યા છે. એ પાણીમાં રહેતા સજીવોની સંખ્યા વર્ષ ૧૯૩૦ થી દર વર્ષે સરેરાશ ૪ ટકાના દરે ઘટતી ગઈ.
- ✓ ધરતી પરના માનવીઓ પોતાની જરૂરિયાત કરતાં પર્યાવરણીય સંસાધન ૫૬ ટકા જેટલા વધારે વાપરી રહ્યાં છે. એ બંધ કરે તો પણ ધરતીનું નિકંદન નીકળતું અટકી શકે.
- ✓ ઘણા દેશો જંગલો સાફ કરીને ખેતી કરી રહ્યા છે. પરંતુ વન્યજીવો જ નહીં રહે તો પછી છેવટે ખેતી પણ નહીં થઈ શકે એ વાત જંગલો કાપનારા સમજી શકતા નથી.

### ૬. ભારતમાં ગ્રીન ઈન્વેસ્ટમેન્ટમાં વધારો (પર્યાવરણ)

**વિગતવાર અહેવાલ :**

- ✓ ભારતે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે ધ્યાન આપવાની શરૂઆત કરી છે. ખાસ તો રિન્યુએબલ એનર્જી સેક્ટરનું કદ ભારતમાં સતત વધી રહ્યું છે.
- ✓ ભારતમાં ક્લાઈમેટ ચેન્જ પર કામ કરતી થિન્ક ટેન્ક ક્લાઈમેટ પોલિસી ઈનિશિયેટીવ (સીપીઆઈ) દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- ✓ રિપોર્ટ પ્રમાણે ભારતમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૮ દરમિયાન કુલ ૨૪૮ હજાર કરોડનું રોકાણ આવ્યું.
- ✓ શક્તિ સસ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન અને સીપીઆઈ દ્વારા તૈયાર થયેલા રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૬માં ૧૧૧ હજાર કરોડ, જ્યારે વર્ષ ૨૦૧૭માં ૧૩૭ હજાર કરોડનું રોકાણ થયું.
- ✓ ભારતમાં છેલ્લા વર્ષોમાં જેને ગ્રીન ઈન્વેસ્ટમેન્ટ કહેવામાં આવે છે એ પ્રકારનું રોકાણ વધી રહ્યું છે.
- ✓ આ રિપોર્ટ તૈયાર થયો એ વર્ષો દરમિયાન ભારતના જીડીપીનો વિકાસ દર સરેરાશ સવા સાત ટકા હતા, જ્યારે ગ્રીન ઈન્વેસ્ટમેન્ટમાં એ દરમિયાન સરેરાશ ૨૪ ટકા જેવી વૃદ્ધિ જોવા મળી હતી.

### ૭. દિન વિશેષ : 11 સપ્ટેમ્બર

### (૧) દિગ્વિજય દિવસ

- ✓ **વિશેષતા :** તા. 11 સપ્ટેમ્બર-1893ના રોજ સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મ પરિષદને સંબોધી હતી.





### (૨) USના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર 11મી સપ્ટેમ્બર-2001ના રોજ આતંકવાદી હુમલો




૮. જન્મ દિન વિશેષ : 11 સપ્ટેમ્બર

ભૂદાન યાત્રી : વિનોબા ભાવેની 125મી જન્મજયંતિ




જન્મ : 11 સપ્ટેમ્બર 1895

અવસાન : 15 નવેમ્બર 1982

- ✓ આજે વિનોબા ભાવે, લાલા અમરનાથ અને મહંમદ કરીમ ચાગલાનો જન્મદિવસ છે. વિનોબા ભાવેનો જન્મ મહારાષ્ટ્રના ગગોદામાં ભક્તિભાવવાળા અને રાષ્ટ્રવાદી પરિવારમાં થયો હતો.
- ✓ 1916માં વિનોબાએ હિમાલયમાં તપ કરવાનું નક્કી કર્યું હતું પરંતુ બનારસમાં મહાત્મા ગાંધીના ક્રાંતિકારી ભાષણને સાંભળ્યા પછી હિમાલયમાં વિનોબ જવાનું માંડી વળ્યું હતું.
- ✓ 21 વર્ષની વયે અમદાવાદમાં પહેલીવાર ગાંધીજીને મળ્યાને આજીવન ગાંધીવાદી બની રહ્યા.
- ✓ ગાંધીજી તેમના માટે કહેતા કે, વિનોબા આશ્રમના દુર્લભ રત્નો પૈકી એક છે અને તેઓ અહીં કશું મેળવવા નહિ પણ અર્પણ કરવા આવ્યા છે.
- ✓ સ્વરાજ્ય યાત્રી, પહેલા વ્યક્તિગત સત્યાગ્રહી (1940), રાષ્ટ્રીય અધ્યાપક, ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી, ભૂદાનયાત્રી એમ અનેક રીતે ભાવેનું સ્મરણ થાય છે.
- ✓ વિનોબાએ 18 એપ્રિલ 1951 એ તેલંગાણાના પોચમપલ્લીથી ભૂમિહીનો માટે ભૂમિની માંગણી કરી તેમના પ્રસિદ્ધ ભૂદાન યજ્ઞનો પ્રારંભ ભાવે કર્યો.
- ✓ વિનોબા ગાંધીજીના હાર્ડકોર અનુયાયી છતાં 1975 માં ઇન્દિરા ગાંધી શાસનમાં નંખાયેલી કટોકટીને "અનુશાસન પર્વ તરીકે ઓળખાવી વિવાદમાં આવ્યા હતા.
- ✓ ગીતા પ્રવચનો અને સ્વરાજ્ય શાસ્ત્ર વિનોબાજીના જાણીતા ગ્રંથો છે.
- ✓ 15 નવે.1982 એ વિનોબાનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૯-૨૦૨૦)

1. સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિગ કોના દ્વારા જાહેર કરવામાં આવે છે – **કેન્દ્રીય ઉદ્યોગ મંત્રાલય**
2. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રીય ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિગમાં કયુ રાજય સતત બીજા વર્ષે પ્રથમ નંબરે આવ્યું - **ગુજરાત**
3. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત સરકારે હેરિટેજ સંદર્ભે કઈ નવી પોલિસી જાહેર કરી - **નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦**
4. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦નો સમયગાળો જણાવો – **૨૦૨૦થી પાંચ વર્ષ**
5. ગુજરાત સરકારની નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત ક્યા સમય પહેલાંના મહેલો, કિલ્લા, ઐતિહાસિક વિરાસતો-ઈમારતોમાં મૂળભૂત માળખા- સ્ટ્રક્ચરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વિના તેને હેરિટેજ રેસ્ટોરન્ટ, હેરિટેજ બેન્કવેટ હોલ ફેરવી તેની જાળવણી માટે રાજ્ય સરકાર પ્રોત્સાહનો આપશે – ૧લી **જાન્યુઆરી-૧૯૫૦**
6. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦નો હેતુ જણાવો - **રાજ્યમાં આવેલા રાજમહેલો- ઐતિહાસિક ઈમારતો- કિલ્લા- સાંસ્કૃતિક વિરાસતોની જાળવણી થાય, ટૂરિઝમ વધે**
7. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦માં એક વર્ષ સુધી કઈ ડયૂટી માફીની જોગવાઈ છે - **ઇલેક્ટ્રિસિટી**
8. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવી હેરિટેજ હોટેલમાં કેટલા રૂપિયા સુધીનું રોકાણ હશે તો સરકાર દ્વારા ૨૦ ટકા સબસિડી યાને મહત્તમ રૂ. ૫ કરોડ સહાય અપાશે - **રૂ. ૨૫ કરોડ**
9. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવી હેરિટેજ હોટેલમાં રૂ. ૨૫ કરોડથી વધુ રોકાણમાં સરકાર દ્વારા મહત્તમ કેટલી સહાય અપાશે - **રૂ. ૧૦ કરોડ**
10. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવા હેરિટેજ મ્યુઝિયમ- બેન્કવેટ હોલ- રેસ્ટોરાં માટે તથા વર્તમાન રેસ્ટોરાંમાં રિનોવેશન- રિસ્ટોરેશન માટે સરકાર દ્વારા કેટલા રૂપિયા સુધીના રોકાણમાં ૧૫ ટકા લેખે સબસિડી યાને મહત્તમ રૂ. ૪૫ લાખ અપાશે - **રૂ. ૩ કરોડ**

11. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત નવા હેરિટેજ મ્યુઝિયમ- બેન્કવેટ હોલ- રેસ્ટોરાં માટે તથા વર્તમાન રેસ્ટોરાંમાં રિનોવેશન- રિસ્ટોરેશન માટે રૂ. 3 કરોડથી વધુ રોકાણમાં સરકાર દ્વારા મહત્તમ કેટલી સહાય કરાશે - **રૂ. ૧ કરોડ**
12. નવી હેરિટેજ ટૂરિઝમ પોલિસી-૨૦૨૦ અંતર્ગત કેટલા રૂમ સુધીના આવાસો હોમ સ્ટે પોલિસીનો લાભ લઈ શકશે તથા ટેક્સમાં રાહત મળશે - **૬**
13. ગુજરાત સરકારની હોમ સ્ટે પોલિસી કયા વર્ષ સુધીની હતી જે સપ્ટેમ્બર-૨૦૨૦માં લંબાવીને વધુ સ્પષ્ટ બનાવાઈ છે - **વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯**
14. વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-૨૦૧૮માં ભારતે કયો ક્રમ મેળવ્યો – **૧૦૫મો ક્રમ**
15. વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-૨૦૧૭માં ભારતે કયા ક્રમે હતુ – **૭૯મો ક્રમ**
16. વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા રેન્કિંગ-૨૦૧૮માં વિશ્વભરના કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો હતો -**૧૬૨**
17. કયા સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ પર્વની ઉજવણી કરાશે - **તા. ૮ થી ૨૫ સપ્ટેમ્બર-૨૦૨૦**
18. કેન્દ્ર સરકાર દ્વારા સ્ટાર્ટઅપ રેન્કિંગ કેટલા એક્શન પોઇન્ટના આધારે આપવામાં આવે છે - **30**
19. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં કેટલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ભાગ લીધો હતો- **22 અને 03**
20. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોમન્સ રાજ્ય-UT જણાવો - **ગુજરાત અને આંદામાન નિકોબાર**
21. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ટોપ પર્ફોમન્સ રાજ્ય-UT જણાવો - **કર્ણાટક અને કેરળ**
22. કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષથી સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમવર્ક શરૂ કરવામાં આવ્યું છે - **2018**
23. તાજેતરમાં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા"લિવિંગ પ્લાનેટ રિપોર્ટ" જાહેર કરાયો છે- **વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ**
24. વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ લિવિંગ પ્લાનેટ રિપોર્ટ મુજબ 1970 થી 2016 સુધીના 46 પૃથ્વી ઉપરના કેટલા ટકા વન્ય જીવો નષ્ટ થયા છે - **68 %**
25. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ લિવિંગ પ્લાનેટ રિપોર્ટ મુજબ માનવીઓ પોતાની જરૂરિયાત કરતા પર્યાવરણીય સંસાધનોનો કેટલા ટકા વધુ ઉપયોગ કરી રહ્યા છે - **56%**
26. લિવિંગ પ્લાનેટ અહેવાલ મુજબ વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિથી લઈને આજ સુધીમાં તાજા પાણીના કેટલા ટકા જળાશયો નાશ પામ્યા છે - **85 %**
27. CPIના અહેવાલ મુજબ ભારતમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે 2016 થી 2018 દરમિયાન કુલ કેટલા હજાર કરોડનું રોકાણ આવ્યું છે - **રૂ. 248 હજાર કરોડ**
28. ભારતમાં ક્લાઈમેટ ચેન્જ ઉપર કામ કરતી થિન્ક ટેન્ક CPIનું વિસ્તૃત નામ જણાવો - **ક્લાઇમેટ પોલિસી ઇનિશિયેટીવ**
29. દિગ્વિજય દિવસ કયારે મનાવવામાં આવે છે – **૧૧ સપ્ટેમ્બર**
30. સ્વામી વિવેકાનંદ દ્વારા શિકાગો ધર્મ પરિષદને કયારે સંબોધી હતી - **૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩**
31. આતંકવાદીઓ દ્વારા અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કયારે હુમલો કરાયો હતો – **તા.૧૧મી સપ્ટેમ્બર-૨૦૦૧**
32. ભૂદાન યાત્રી વિનોબા ભાવેનો જન્મ દિવસ જણાવો – **૧૧ સપ્ટેમ્બર-૧૮૯૫**
33. ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ ભૂદાન યાત્રી વિનોબા ભાવેની કેટલામી જન્મ જયંતિ ઉજવાઈ – **૧૨૫મી**
34. ભૂદાન યાત્રી વિનોબા ભાવેનો જન્મ કયાં થયો હતો - **મહારાષ્ટ્રના ગગોદામાં**
35. વિનોબા ભાવેએ કયા સ્થળેથી ભૂદાન યજ્ઞનો પ્રારંભ કર્યો હતો - **તેલંગાણાના પોચમપલ્લી**
36. વિનોબા ભાવેએ કયારે તેલંગાણાના પોચમપલ્લીથી ભૂમિહીનો માટે ભૂમિની માંગણી કરી ભૂદાન યજ્ઞનો પ્રારંભ કર્યો હતો - **18 એપ્રિલ 1951**
37. વિનોબા ભાવેના જાણીતા ગ્રંથોનો નામ જણાવો - **ગીતા પ્રવચનો અને સ્વરાજ્ય શાસ્ત્ર વિનોબાજી**

DATE : 12-09-2020

## ૧. NSO : 'હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા અહેવાલ (ટેકનોલોજી)

**અહેવાલની વિગત :**

- ✓ હેતુ: ઘરમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટના ઉપયોગ વિષે સરવે
- ✓ ભારત સરકારની નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ દ્વારા રિપોર્ટ જાહેર.
- ✓ સમયગાળો : જુલાઇ 2017થી જૂન 2018.

**ગુજરાતની સ્થિતિ :**

- ✓ ગુજરાત સામાજિક-આર્થિક સમીક્ષા 2019-20 અનુસાર, રાજ્યમાં ઓક્ટોબર 2019 સુધીમાં 6.92 કરોડ સેલ્યુલર ધારકો જ્યારે 4.26 કરોડ ઇન્ટરનેટ ધારકો છે.

**ભારતના ઘરોમાં કમ્પ્યુટરની સ્થિતિ**

- ✓ દેશમાં 10.7 ટકા ઘરોમાં કમ્પ્યુટરની સુવિધા છે જેમાં ગ્રામ્યમાં 4.4 ટકા જ્યારે શહેરોમાં 23.4 ટકા છે.
- ✓ દેશના 23.8 ઘરોમાં ઇન્ટરનેટની સુવિધા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં 14.9 ટકા અને શહેરી વિસ્તારોમાં 42.0 ટકા છે.
- ✓ માત્ર 16.5 ટકાને કમ્પ્યુટરનો ઉપયોગ કરતાં આવડે છે જેમાં 20 ટકા પુરૂષો છે જ્યારે 12.8 ટકા મહિલાઓ છે.
- ✓ 20.1 ટકાને ઇન્ટરનેટનો ઉપયોગ કરતાં આવડે છે. 25 ટકા પુરૂષોને જ્યારે 14.9 ટકા મહિલાઓને.
- ✓ દિલ્હીમાં સૌથી વધારે 34.9 ટકા ઘરોમાં કમ્પ્યુટર અને 55.7 ટકા ઘરોમાં ઇન્ટરનેટની સુવિધા છે.
- ✓ સરવેના સમયે છેલ્લા 30 દિવસમાં ઇન્ટરનેટનો ઉપયોગ કર્યો હોય એવા 17.6 ટકા લોકો હતા.

**કમ્પ્યુટરની સુવિધામાં ભારતના રાજ્યો**

| રાજ્ય | કમ્પ્યુટર | ઇન્ટરનેટ |
|---|---|---|
| દિલ્હી | 34.9 | 55.7 |
| કેરાલા | 23.5 | 51.3 |
| તમિલનાડુ | 18.1 | 19.6 |
| પંજાબ | 16.2 | 46.4 |
| ઉત્તરાખંડ | 14.3 | 43.5 |
| રાજસ્થાન | 11.7 | 26.7 |
| ગુજરાત | 11.2 | 33.2 |

## ૨.વૈશ્વિક સંબંધો : શાંતિ સમજૂતી

**ઈઝરાયેલ સાથે વધુ એક અખાતી દેશ બહરીન શાંતિ સમજૂતી માટે સહમત**




- ✓ જાહેરાત: 11મી સપ્ટેમ્બર 2001ના રોજ યુએસના ટ્વીન ટાવર ઉપર થયેલા હુમલાના 19મી વાર્ષિક તિથિ નિમિત્તે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત
- ✓ મધ્યસ્થી : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ
- ✓ ઈઝરાયેલના વડાપ્રધાન : બેન્જામિન નેતન્યાહૂ
- ✓ બહરીન : કિંગ હામિદ બિન ઈશા અલ ખલીફા
- ✓ અગાઉ ઈઝરાયેલ UAE સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા

## ૩. યુનિસેફ ઇન્ડિયા : બોલિવૂડ અભિનેતા આયુષ્યમાન ખુરાના યુનિસેફ ઇન્ડિયા સાથે સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાયા

- ✓ ભૂમિકા : બાળકો પર થતી હિંસા વિશે લોક જાગૃતિ ફેલાવશે
- ✓ અભિયાન : 'રાઈટ્સ ફોર એવરી ચિલ્ડ્રન'

## ૪. જન્મ દિન વિશેષ : 12 સપ્ટેમ્બર

### ફિરોઝશાહ ગાંધી

**જન્મ : 12 સપ્ટેમ્બર 1912 અવસાન : 8 સપ્ટેમ્બર 1960**

- ✓ આજે ફિરોઝ ગાંધી અને બંગાળી નવલકથાકાર વિભૂતિભૂષણ બંદોપાધ્યાયનો જન્મદિવસ
- ✓ અંબાલાલ સાકરલાલ, સંગીતકાર જયકિશન, પરીક્ષિતલાલ મજમુદાર અને સુબ્રમણ્યમ સી. ભારતીની પુણ્યતિથિ.
- ✓ ફિરોઝ ગાંધીનો જન્મ મુંબઇમાં પારસી પરિવારમાં સૌથી નાના સંતાન તરીકે થયો હતો.
- ✓ પિતાના અવસાન પછી 1920માં અલ્હાબાદમાં સ્થાયી થયા હતા.
- ✓ દેશની આઝાદીના જંગમાં ફિરોઝ ગાંધીએ વાનર સેનાના (કિશોર સ્વતંત્રતા સૈનિક) તરીકે જોડાયા હતા.
- ✓ 1930માં સવિનય કાનૂનભંગ આંદોલન દરમિયાન અભ્યાસ છોડી તેમાં જોડાયા હતાં.
- ✓ પિકેટિંગ અને બીજી પ્રવૃત્તિઓ દ્વારા જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ ફિરોઝ ગાંધી ઉત્તર પ્રદેશમાં કિસાન આંદોલન સાથે પણ ગાઢ રીતે જોડાયેલા હતા.

✓ સ્વતંત્રતા આંદોલનના ગાળામાં નેશનલ હેરાલ્ડ અને નવજીવન જેવાં સામયિકો દ્વારા પત્રકારત્વ પણ ખેડ્યું હતું.
✓ મહાત્મા ગાંધીજીની દરમિયાનગીરીથી માર્ચ 1942માં ઇન્દિરા ગાંધી સાથે લગ્ન થયાં હતાં.
✓ 1942માં આ દંપતી હિંદ છોડો આંદોલનમાં જેલમાં પણ ગયું.
✓ 8 સપ્ટેમ્બર 1960ના રોજ ફિરોઝ ગાંધીનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના ઘરોમાં કમ્પ્યુટર અને ઇન્ટરનેના વપરાશ અંગે" હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" અહેવાલ કોના દ્વારા રજૂ કરાયો - **NSO**
2. તાજેતરમાં "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે કયા સમયગાળા દરમિયાન કરાયો - **જુલાઈ 2017 થી જૂન 2018**
3. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ભારતના કેટલા ટકા ઘરોમાં જ કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ છે - **10.7%**
4. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ભારતના કેટલા ટકા ઘરોમાં જ ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે - **23.8%**
5. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ કમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે - **દિલ્હી**
6. "હાઉસહોલ્ડ સોશિયલ કન્ઝમ્શન ઓન એજ્યુકેશન ઇન ઇન્ડિયા" સર્વે મુજબ ગુજરાતમાં કેટલા ટકા ઘરોમાં કમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે -**11.2% અને 33.2%**
7. ભારતમાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધામાં ગુજરાતનો ક્રમ જણાવો - **07**
8. ભારતમાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધામાં એકથી પાંચ રાજ્યોનો ક્રમ જણાવો - **દિલ્હી, કેરળ, તમિલનાડુ, પંજાબ અને ઉત્તરાખંડ**
9. ઈઝરાયેલ સાથે અખાતી દેશ UAE સાથે શાંતિ સમજૂતી કરાર બાદ અન્ય બીજા ક્યા દેશ સાથે શાંતિ કરાર થયો - **બહરીન**
10. કયા કાર્યક્રમ પ્રસંગે ઈઝરાયેલ સાથે વધુ એક અખાતી દેશ બહરીન સાથે શાંતિ સમજૂતી કરારની જાહેરાત થઈ - **11મી સપ્ટેમ્બર 2001ના રોજ યુએસના ટ્વીન ટાવર ઉપર થયેલા હુમલાના 19મી વાર્ષિક તિથિ નિમિત્તે**
11. ઈઝરાયેલ અને અખાતી દેશ બહરીન વચ્ચે શાંતિ સમજૂતી કરારની જાહેરાત કોના દ્વારા કરવામાં આવી - **યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ**
12. ઈઝરાયેલના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **બેન્જામિન નેતન્યાહૂ**
13. બહરીનના વર્તમાન કિંગનું નામ જણાવો - **હામિદ બિન ઈશા અલ ખલીફા**
14. સપ્ટેમ્બર-૨૦૨૦માં બોલિવૂડના ક્યા અભિનેતા યુનિસેફ ઇન્ડિયા સાથે સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાયા - **આયુષ્યમાન ખુરાના**
15. તાજેતરમાં બોલિવૂડના અભિનેતા આયુષ્યમાન ખુરાના યુનિસેફ ઇન્ડિયા સાથે સેલિબ્રિટી એડવોકેટ તરીકે જોડાયા તેની કઈ ભૂમિકા-કામગીરી હશે - **બાળકો પર થતી હિંસા વિશે લોક જાગૃતિ ફેલાવશે**
16. અભિનેતા આયુષ્યમાન ખુરાના યુનિસેફ ઇન્ડિયાના કયા અભિયાન સાથે જોડાયા - **'રાઈટ્સ ફોર એવરી ચિલ્ડ્રન'**
17. ફિરોઝ ગાંધીનો જન્મ દિવસ જણાવો - **12 સપ્ટેમ્બર 1912**
18. બંગાળી નવલકથાકાર વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની જન્મ તારીખ જણાવો - **12 સપ્ટેમ્બ**
19. ફિરોઝ ગાંધીએ સ્વતંત્રતા આંદોલનના ગાળામાં કયા સામયિકો દ્વારા પત્રકારત્વ ક્ષેત્રે ખેડાણ કર્યુ હતું - **નેશનલ હેરાલ્ડ અને નવજીવન**
20. વર્ષ-1924માં ફિરોઝ ગાંધીના લગ્ન કોની સાથે થયા હતા - **ઇન્દિરા ગાંધી**

DATE : 13-09-2020

૧. આયુષ મંત્રાલય: કોરોનાથી સાજા થયેલા દરદીઓ માટે પ્રથમવાર નવી ગાઈડલાઈન જાહેર (આરોગ્ય)

**વ્યક્તિગત સ્તરે**

✓ માસ્ક, સેનિટાઇઝર, સોશિયલ ડિસ્ટન્સ
✓ પૂરતા પ્રમાણમાં ગરમ પાણી પીવું
✓ તંદુરસ્તી સારી હોય તો ઘરનું કામ કરી શકાય
✓ પ્રોફેશનલ વર્ક તબક્કાવાર શરૂ કરવું

- ✓ યોગાસન, પ્રાણાયમ અને મેડિટેશન જેવી મધ્યમ કસરત કરવી
- ✓ ફિઝિશિયન દ્વારા સૂચિત શ્વાસની કસરત કરવી
- ✓ શરીર સાથ આપે તે રીતે સવારે અને સાંજે ચાલવું
- ✓ તાજો અને સુપાચ્ય ખોરાક લેવો
- ✓ ધૂમ્રપાન અને શરાબ સેવન અવગણવું
- ✓ ડોક્ટર દ્વારા સૂચવાયેલી દવાઓનું નિયમિત સેવન
- ✓ ઘેર જ બ્લડપ્રેશર, ટેમ્પરેચર, બ્લડશુગર માપતા રહેવું.
- ✓ ખાંસી અને ગળામાં ખારાશ હોય તો મીઠાનાં પાણીના કોગળા કરતાં રહેવું, નાસ લેવો
- ✓ ડોક્ટર દ્વારા સૂચિત ખાંસીની દવા લેવી
- ✓ તાવ, શ્વાસ લેવામાં તકલીફ, ઓક્સિજન લેવલમાં ઘટાડો, છાતીમાં દુખાવો, થાક જેવાં લક્ષણો અવગણવા નહીં

**આયુષ મેડિસિન**

- ✓ દિવસમાં એકવાર એક કપ આયુષ કવાથ પીવો
- ✓ દિવસમાં બે વાર ૫૦૦ એમજી સમશમણીવટીનું સેવન
- ✓ ૧૫ દિવસ સુધી ૧-૩ ગ્રામ ગિલોય પાઉડર ગરમ પાણી સાથે
- ✓ ૧૫ દિવસ સુધી બે વાર ૫૦૦ એમજી અશ્વગંધાનું સેવન
- ✓ દિવસમાં એકવાર આમળુ ખાવું અથવા ૧-૩ ગ્રામ આમળા પાઉડર ખાવો
- ✓ સૂકી ખાંસી હોય તો દિવસમાં બે વાર ગરમ પાણી સાથે ૧-૩ મુલેઠી પાઉડર
- ✓ સવાર - સાંજ અડધી ટીસ્પૂન હળદર સાથે ગરમ દૂધ
- ✓ હળદર અને મીઠાના પાણીના કોગળા કરવા
- ✓ રોજ ૧ ચમચી ચ્યવનપ્રાશનું સેવન કરવું.

**સામુદાયિક સ્તરે**

- ✓ સાજા થયેલા દર્દીએ સકારાત્મક અનુભવ શેર કરી ખોટી માન્યતાઓ દૂર કરવી.
- ✓ રિકવરી અને પુનર્વસન માટે સેલ્ફહેલ્પ ગ્રુપ-સિવિલ સોસાયટી સંગઠનો અને પ્રોફેશનલ્સની મદદ લેવી.
- ✓ આરોગ્ય કર્મચારીઓ અને કાઉન્સેલર પાસેથી સાઇકો સોશિયલ સહાય મેળવવી.
- ✓ યોગ, મેડિટેશનના ગ્રુપ સેશનમાં જોડાવું

**આરોગ્યની કાળજી**

- ✓ ડિસ્ચાર્જ થયાના પ્રથમ સાત દિવસમાં હોસ્પિટલમાં જઇ ચેક અપ કરાવવું.
- ✓ નજીકના એલોપથી-આયુર્વેદિક ડોક્ટર પાસે ફોલોઅપ ટ્રીટમેન્ટ લેવી
- ✓ હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓએ પોસ્ટ કોવિડ લક્ષણો જણાય તો નજીકની હોસ્પિટલમાં જવું

## ૨. GPS : ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (નેવિગેશન ટેકનોલોજી)

**નેવિગેશન અને GPSની ભૂમિકા**

- ✓ નેવિગેશન ડાયરેક્શન આપે છે જ્યારે GPS જે તે ડેસ્ટિનેશનનું ચોક્કસ લોકેશન બતાવે છે.




**GPS શું છે**

- ✓ GPS ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ : એક ઉપગ્રહ આધારિત નેવિગેશન પ્રણાલી છે જેનો ઉપીયોગ કોઈ પણ વસ્તુ કે જગ્યાને શોધવા માટે થાય છે
- ✓ પોઝિશન અને ડેસ્ટિનેશન અનિવાર્ય છે અન્યથા તે કોઈ રૂટ શોધવામાં મુંઝવણ અનુભવશે એ ઓછામાં ઓછા ૨૪ ઉપગ્રહોથી બનેલું છે.
- ✓ ગમે તેવા મૌસમમાં ૨૪ કલાક કામ કરી શકે છે.
- ✓ GPS ટેકનિકનો પેલીઅર ઉપયોગ ૧૯૬૦ના દાયકામાં સંયુક્ત રાજ્ય અમેરિકાની સેના દ્વારા સૌથી પહેલાં કરવામાં આવ્યો હતો જેમાં આજના જેવો લાઈવ મેપ ન હતો પણ સેટેલાઈટ ઈમેજથી છાવણીઓને ફોક્સ કરવામા આવી હતી
- ✓ વર્ષમાં ૧૯૮૦માં આ ટેક્નોલોજીનો ઉપયોગ નાગરિકો માટે કરવામાં આવ્યો ત્યારે આ એક ડિવાઈસ બેઝ હતું
- ✓ સ્માર્ટફોનની એપ કે સોફ્ટવેરથી હજાર ગણુ અલગ GISમાં ટેક્નિકનો સૌથી વધારે ઉપયોગ થાય છે
- ✓ આનો ઉપયોગ મોબાઈલ, હવાઈ જહાજ, રેલ, બસ અને ગાડીમાં થાય છે. હવે તો સાઇકલમાં પણ સેટ થાય એવા ડિવાઈસ આવે છે જે રૂટ બતાવે છે

**GPS કેવી રીતે કામ કરે છે**

- ✓ GPS સિસ્ટમમાં પૃથ્વીની સપાટીથી ૧૯,૩૦૦ કિ.મી. ઉપર અંતરિક્ષમાં મોકલેલા ઉપગ્રહોને સિગ્નલ મોકલે છે. તે દર

કલાકે પૃથ્વીની એક પરિક્રમા કરે છે જે લગભગ કલાક દીઠ ૧૧,૨૦૦ કિ.મી.ની ખૂબ જ ઝડપથી ફરે છે.

- ✓ એટલે જે ઉપગ્રહ ભ્રમણ કરે છે એમાં આવા સિગ્નલ ફાયર થાય છે. જેમાં રેડિયો સિગ્નલ ડિટેક્શન કોડ હોય છે જે મેપિંગ કરી જે તે ડિવાઈસને રિબાઉન્સ કરે છે.
- ✓ એક એવી પણ ટેકનોલોજી આવી રહી છે જેના મેપિંગમાં તમે ચોક્કસ સ્થાનેથી એ વસ્તુના ફોટોગ્રાફ અપલોડ કરીને ટ્રેક કરી શકો છો.

**ભારત પાસે પોતાની એક અનોખી સિસ્ટમ**

- ✓ ભારતમાં પણ આ સિસ્ટમનો ઉપયોગ વધી રહ્યો છે.
- ✓ વૈશ્વિક પોઝિશનિંગ સિસ્ટમના આધારે ઈએમયુ આધારિત રેલવે પેસેન્જર ઇન્ફર્મેશન સિસ્ટમ શરૂ કરી રહી છે.
- ✓ પ્રથમ ઇએમયુ (બી-૨૬) ટ્રેન તામ્બરમ સ્ટેશનથી ચેન્નઈ બીચ સુધી દોડશે
- ✓ જેમાં ઈનકમિંગ ટ્રેનનું નામ, તે સ્ટેશન પર આગમનનો અંદાજિત સમય, જાહેર હિતના સંદેશા અને મુસાફરો સુરક્ષા સંદેશા પ્રદર્શિત થશે
- ✓ દરેક કોચમાં બે ડિસ્પ્લે પેનલ હોય છે તેમાં ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રકાશ ઉત્સર્જન ડાયોડ હોય છે જેથી કોચની અંદર મુસાફરો સરળતાથી વાંચી શકે
- ✓ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા અમદાવાદની સ્પેસ એપ્લિકેશન્સ લેબોરેટરીએ ડિસ્ટ્રેસ એલાર્મ ટ્રાન્સમિટર (DAT) નામનું એક નાનું ડિવાઇસ તૈયાર કર્યું છે.
- ✓ આ ઉપકરણ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ પર આધારિત એક ચેતવણી સિસ્ટમ છે. જેનો ઉપયોગ ચોમાસાના સમયમાં સિસ્ટમ જાણવા થાય છે.
- ✓ બેટરી સંચાલિત ડિવાઇસનો અનોખો આઈડી નંબર છે જે દર પાંચ મિનિટમાં પચીસ કલાકના અંતરે ચેતવણી મોકલે છે.
- ✓ આના માધ્યમથી બચાવ ટીમો કમ્પ્યૂટરની સ્ક્રીન પર સમુદ્રમાં નૌકાની સ્થિતિ જાણી શકે છે

**GPS ઉપગ્રહ વિશે અન્ય કેટલાંક રસપ્રદ તથ્ય**

- ✓ GPS માટે મોનિટરિંગ સિસ્ટમનું USDODનું નામ NAVSTAR છે.
- ✓ પહેલો GPS ઉપગ્રહ ૧૯૭૮માં લૉન્ચ કરવામાં આવ્યો હતો
- ✓ ૧૯૯૪મા ૨૪ ઉપગ્રહનો એક પૂર્ણ નક્ષત્ર મેળવવામાં આવ્યો હતો.
- ✓ પ્રત્યેક ઉપગ્રહનું નિર્માણ લગભગ 10 વર્ષ સુધી થાય છે. રિપ્લેસમેન્ટ સતત કક્ષામાં નિર્મિત અને લોન્ચ કરવામા આવે છે.
- ✓ એક GPSનો વજન લગભગ 2,000 પાઉન્ડ છે અને સૌર પેનલની સાથે તેનો વિસ્તાર ૧૭ ફિટ છે ડિવાઈસમાં એની પોર્ટેબિલિટી હોય છે.
- ✓ GPS ઉપગ્રહ સૌર ઊર્જાની સાથે સંચાલિત થાય છે, પરંતુ સૂર્યગ્રહણના મામલે એની પાસે બેકઅપ બેટરી ઓનબૉર્ડ હોય છે
- ✓ ટ્રાન્સમીટરની શક્તિ ૫૦ વોલ્ટ કે તેનાથી ઓછી હોય છે
- ✓ GPS સૌથી પહેલા ૧૯૯૬માં વાહનોમાં ઇન્સ્ટોલ કરાયું હતું
- ✓ GPSનો મિલિટરીમાં સૌથી પહેલો ઉપયોગ યુએ દ્વારા કરવામાં આવ્યો હતો.
- ✓ બીજા વિશ્વ યુદ્ધ સમયે ઉપયગમાં લેવામા આવેલી લોરેન અને ડેક્કા પદ્ધતિ પર જીપીએસ આધાર રાખે છે.

**સામાન્ય રીતે GPSના પાંચ ઉપયોગ છે**

- ✓ Location : સ્થિતિ નિર્ધાર
- ✓ Navigation : એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા
- ✓ Tracking : કોમોડિટી મોનિટરિંગ અથવા વ્યક્તિગત ચળવળ
- ✓ Mapping : વિશ્વ નો નકશો બનાવવા
- ✓ Timing : ચોક્કસ સમયનો ઉપાય કરે છે

**3. સ્વદેશી ભાભા કવચ : AK-47ની ગોળી પણ વીંધી ન શકે તેવું વૈશ્વિકકક્ષાનું સ્વદેશી બુલેટ પ્રૂફ જેકેટ – ભાભા કવચ તૈયાર (સંરક્ષણ)**

- ✓ મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ (મિધાની) નામે ચાલતા આ એકમે તેના દ્વારા ઉત્પાદિત બુલેટપ્રૂફ જેકેટને ભાભા કવચ નામ આપ્યું.
- ✓ આ બુલેટપ્રૂફ જેકેટની મૂળ ટેટેકનોલોજી ભાભા એટમિક રિસર્ચ સેન્ટરે વિકસાવી હોવાથી મિધાનીએ તે જેકેટને ભાભા કવચ આપ્યું છે.

**આર્મર વ્હિકલનું ઉત્પાદન :**

- ✓ મિધાની કંપની સુરક્ષાદળો પડકારભર્યા સમયમાં ઉપયોગ કરી શકે તેવા આર્મર વ્હિકલનું પણ ઉત્પાદન કરે છે.
- ✓ આ વ્હિકલના ટાયરને ગોળીબાર કરીને નિશાન બનાવવામાં આવે તો પણ તે પછી ૧૦૦ કિ.મી.નું અંતર

કાપવાની ક્ષમતા ધરાવે છે. આવી ટાયર સિસ્ટમને રનફ્લેટ ટાયર સિસ્ટમ કહેવામાં આવે છે.


- ✓ વ્હિકલમાં શસ્ત્રો સાથે સાત સુરક્ષા જવાનો સફર કરી શકે તેમ છે.
- ✓ કંપની: મિશ્રધાતુ નિગમ લિમિટેડ, હૈદરાબાદ

## ૪. નિધન : મનરેગા યોજનાના જન્મદાતા RJDના પૂર્વ કેન્દ્રીય કૃષિમંત્રી રઘુવંશ પ્રસાદનું નિધન

- ✓ મનરેગા મેન તરીકેની ઓળખ
- ✓ કાર્યક્ષેત્ર : પટના, બિહાર
- ✓ ઉપનામ : રઘુવંશ બાબુ

## ૫. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના : ગુજરાત સરકાર (મહિલા સશક્તિકરણ)

- ✓ હેતુ : મહિલાઓને આત્મનિર્ભર બનાવવા
- ✓ લક્ષ્યાંક: એક લાખ મહિલા જૂથોને રૂ. ૧,000 કરોડની વગર વ્યાજની લોન અપાશે




- ✓ ગુજરાતની મહિલા શક્તિને આત્મનિર્ભર– સ્વાવલંબી બનાવવા ગુજરાત સરકાર દ્વારા નવી યોજનાની જાહેરાત
- ✓ લાભાર્થી : મહિલા જૂથો
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા. ૧૭મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના લોન્ચ

**મહિલા ઉત્કર્ષ યોજના વિશે :**

- ✓ ૧૦ લાખથી વધુ માતા બહેનોને બેન્કો મારફત ધિરાણનો લાભ અપાશે
- ✓ ધિરાણનું તમામ વ્યાજ રાજ્ય સરકાર પોતે જ ભોગવશે
- ✓ ધિરાણ વખતે આપવી પડતી સ્ટેમ્પ ડ્યુટીમાં પણ માફી અપાશે
- ✓ યોજનામાં ૧૦ મહિલાઓના એક એવા એક લાખ જૂથ બનાવાશે
- ✓ ગ્રામીણમાં ૫૦ હજાર અને શહેરી ક્ષેત્રમાં ૫૦ હજાર મહિલા જૂથ બનાવાશે
- ✓ મહિલા ઉત્કર્ષ યોજનામાં વ્યાજ રાહત પેટે રૂ. ૧૭૫ કરોડની જોગવાઈ
- ✓ જૂથ રચવામાં સહાય થનારને રૂ. ૩૦૦નું પ્રોત્સાહન અપાશે
- ✓ સરકારી, સહકારી અને ખાનગી બેન્કો દ્વારા લોન અપાવાશે

**અમલીકરણ એજન્સી :**

- ✓ શહેરોમાં ગુજરાત અર્બન લાઇવલીહૂડ મિશન અને ગામડાંમાં ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા યોજનાનો અમલ થશે.
- ✓ યોજનામાં પ્રત્યેક મહિલા જૂથને સરકારી, સહકારી અને ખાનગી બેન્કો તથા ધિરાણ સંસ્થાઓ મારફત રૂ.૧ લાખની લોન અપાશે.
- ✓ રાજ્યમાં અત્યારે ગ્રામીણ વિસ્તારોમાં ૨.૫૧ લાખ અને શહેરી વિસ્તારોમાં ૨૩,૭૭૬ જેટલા સ્વસહાય જૂથ સખી મંડળો છે, જેમને ૨૦૧૯-૨૦માં રૂ.૪૨૮.૭૨ કરોડનું ધિરાણ અપાયેલું છે.

## ૬. SFF : ચીન સરહદે દુર્ગમ પહાડો પર સરળતાથી ચઢી જતાં તિબેટી યોદ્ધા-SFF તહેનાત

- ✓ SFF : સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ
- ✓ SFF : ૧૯૭૧થી લઈ હાલના સંકટ સુધી બહાદુરી બતાવનારા તિબેટી યોદ્ધાઓની ગાથા

**ભૂમિકા :**

- ✓ લદાખમાં ભારતીય અને ચીનની સેનાઓ સામ-સામે છે.
- ✓ સેનાએ પેંગોંગ સરોવરના દક્ષિણ હિસ્સામાં 5 મુખ્ય શિખર હેલ્મટ, બ્લેક ટોપ, કેમલ્સ બેન્ક, ગુરુંગ શિખર તથા રેકિન લા પર સ્થિતિ મજબૂત કરી લીધી છે.
- ✓ આ નિર્ણાયક લીડમાં સ્થાનિક તિબેટિયન જવાનોની પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે.
- ✓ આ જવાનોમાં 53 વર્ષીય તેનજિન ન્યીમા પણ હતા જે પેંગોંગ સરોવર નજીક વિસ્ફોટક સુરંગમાં શહીદ થઇ ગયા.
- ✓ લદ્દાખમાં ચોગલામસર સ્થિત તિબેટિયન શરણાર્થી વસતીમાં રહેનારા ન્યીમા સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ (એસએફએફ)નો હિસ્સો હતા, જેને લદાખ, સિયાચિન અને કારગિલ જેવા ઊંચા સૈન્ય ક્ષેત્રોમાં લડવામાં વિશેષ મહારત હાંસલ છે.
- ✓ 1962ના ભારત-ચીન યુદ્ધ બાદ બનાવાયેલી આ બટાલિયનમાં આશરે 4000 તિબેટિયન શરણાર્થી હતા.

## ૭. વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ– "માણા પાસ" તૈયાર (સિવિલ ઈજનેરી)

**વિશેષતા :**

- ✓ ઉપરથી નીચે તરફ બનેલો ભારતનો પહેલો રોડ
- ✓ દુનિયાનો સૌથી ઊંચો મોટરેબલ રોડ માણા પાસ તૈયાર.
- ✓ ઉત્તરાખંડમાં ચીન સરહદ નજીક આ પાસ 18,192 ફૂટની ઊંચાઈએ છે.
- ✓ આ પાસથી માનસરોવર તથા કૈલાશ ખીણ જવાનો પણ મુખ્ય માર્ગ નીકળે છે.
- ✓ આ એકમાત્ર એવો રોડ છે જેને ઉપરથી નીચે સુધી બનાવાયો છે.
- ✓ પહેલાં હેલિકોપ્ટરથી ભારે રૉક કટિંગ મશીનો ઉપર પાસ પર પહોંચાડાયા અને ત્યાંથી રોડ નિર્માણ કરતા કરતા નીચે ૬૪ કિ.મી દુર માણા ગામ સુધી લવાયા.

## ૮. ખેલકૂદ : US ઓપન-૨૦૨૦

- ✓ રમત : ટેનિસ
- ✓ મહિલા સિંગલ્સ વિજેતા: નાઓમી ઓસાકા-જાપાન
- ✓ હરિફ : વિક્ટોરિયા અઝારેન્કા-બેલારૂસ
- ✓ નાઓમી બીજીવાર US ઓપન વિજેતા
- ✓ યજમાન : ન્યૂયોર્ક(US)

## ૯. ૧૬૦ વર્ષ બાદ લીપ યર અને અધિક માસનો સંયોગ (ખગોળ)

**દર ૩૪ માસ બાદ અધિક માસ આવે**

**વિગતવાર માહિતી :**

- ✓ ૧૭ સપ્ટેમ્બરના શ્રાદ્ધ પક્ષની સમાપ્તિ થશે
- ✓ શ્રાદ્ધ પક્ષ બાદ શારદિય નવરાત્રિનો પ્રારંભ થતો હોય છે. પરંતુ આ વખતે ૧૮ સપ્ટેમ્બર-શુક્રવારથી અધિક માસ છે જ્યારે તેના ૨૯ દિવસ બાદ ૧૭ ઓક્ટોબર- શનિવારથી, નવરાત્રિનો પ્રારંભ થશે.
- ✓ વર્ષ ૨૦૨૦માં આ વખતે લીપ યરનો પણ સમાવેશ થતો હતો.
- ✓ આમ, એક જ વર્ષમાં લીપ યર અને અધિક માસ આવતા હોય તેવું ૧૬૦ વર્ષ બાદ બનશે.
- ✓ અધિક આસો માસ હોય તેવું છેલ્લે વર્ષ ૨૦૦૧માં બન્યું હતું.
- ✓ હવે પછીનો અધિક આસો માસ વર્ષ ૨૦૩૯માં આવશે.
- ✓ અષાઢ સુદ એકાદશીથી દેવ ઉઠી એકાદશી સુધી ચાતુર્માસ કહેવામાં આવે છે.
- ✓ આ વર્ષે દેવશયની એકાદશીથી દેવઉઠી એકાદશી ૧૪૮ દિવસ પાંચ માસ સુધીની રહેતી હોવાથી આ વર્ષે ચાતુર્માસ નહીં પણ પંચમાસ કહેવાશે.
- ✓ સૂર્ય વર્ષ અને ચંદ્ર વર્ષ વચ્ચેનો તફાવત દૂર કરવા અધિક માસ આવતો હોય છે.
- ✓ આ સૌર વર્ષ ૩૬૫ દિવસ ૬ કલાક અને ૯ મિનિટનું હોય છે. આ ૬ કલાકના તફાવતને સમાવવા માટે દર ચોથું વર્ષ લીપ યર હોય છે.
- ✓ ચંદ્ર વર્ષનો સમય ૩૫૪ દિવસ ૮ કલાક ૪૮ મિનિટનો હોય છે.
- ✓ વર્ષના ૧૨ મહિનાના હિસાબે કારતકથી આસો સુધીના ૧૨ મહિનાના સરેરાશ ૨૯ દિવસ ૧૨ કલાક હોય છે અને તેથી ક્ષય તિથિનો જન્મ થાય છે.
- ✓ હવે વર્ષના ૧૧ દિવસના તફાવતને દૂર કરવા અધિક માસની રચના કરાઇ છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં કોરોનાથી સાજા થયેલા દર્દીઓ માટે કયા મંત્રાલય દ્વારા પ્રથમવાર ગાઇડલાઇન જાહેર કરવામાં આવી છે - **આયુષ મંત્રાલય**
2. નેવિગેશન અને GPSનો તફાવત જણાવો - **નેવિગેશન ડાયરેક્શન આપે છે જ્યારે GPS જે તે ડેસ્ટિનેશન ચોક્કસ લોકેશન બતાવે છે**
3. પહેલો GPS ઉપગ્રહ કયા વર્ષે લોન્ચ કરવામાં આવ્યો હતો - **1978**
4. સામાન્ય રીતે GPSના મુખ્ય પાંચ ઉપયોગ જણાવો - **લોકેશન, નેવિગેશન, ટ્રેકિંગ, મેપિંગ અને ટાઈમિંગ**
5. તાજેતરમાં ભારતની કઈ સંસ્થા દ્વારા વૈશ્વિક કક્ષાનો સ્વદેશી બુલેટ પ્રુફ જેકેટ તૈયાર કરવાની જાહેરાત કરી છે - **મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ**
6. તાજેતરમાં મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ દ્વારા વૈશ્વિક કક્ષાનો સ્વદેશી બુલેટ પ્રુફ જેકેટ તૈયાર કરવાની જાહેરાત કરી છે તેનું નામ જણાવો - **ભાભા કવચ**
7. મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ કયાં આવેલી છે- **હૈદરાબાદ**
8. તાજેતરમાં "મનરેગા મેન" તરીકે ઓળખાતા કયા પૂર્વ કેન્દ્રીય મંત્રીનું અવસાન થયું છે - **રઘુવંશ પ્રસાદ**
9. તાજેતરમાં "મનરેગા મેન" તરીકે ઓળખાતા પૂર્વ કેન્દ્રીય મંત્રી રઘુવંશ પ્રસાદનું રાજ્ય અને પક્ષ જણાવો - **બિહાર અને RJD**

10. ગુજરાતમાં મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવા માટે તાજેતરમાં કઈ નવી યોજના લોન્ચ કરવામાં આવી - **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના**

11. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં કેટલા મહિલા જૂથોને કેટલા કરોડની વગર વ્યાજે લોન અપાશે - **1 લાખ અને રૂ.1,000 કરોડ**

12. તાજેતરમાં ગુજરાત સરકારે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" કયા દિવસે જાહેર કરી - **17 સપ્ટેમ્બર- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો જન્મદિવસ**

13. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં કયા કયા મહિલા જૂથોને લાભ અપાશે - **50 હજાર ગ્રામીણ તેમજ 50 હજાર શહેરી મહિલા જૂથ**

14. ગુજરાતમાં મહિલા જૂથ રચવામાં સહાય કરનારને કેટલા રૂપિયાનું પ્રોત્સાહન અપાશે - **રૂ.300/-**

15. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં લાભ લેવા એક જૂથમાં કેટલી મહિલાઓ હોવી જોઈએ - **10**

16. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનામાં પ્રતિ મહિલા જૂથને કેટલી લોન આપવામાં આવશે- **રૂ. 1 લાખ**

17. ચીનની સરહદે દુર્ગમ પહાડો પર સરળતાથી ચડી શકતા તિબેટીયન યોદ્ધાઓની ફોર્સ કયા નામે ઓળખાય છે - **SFF**

18. SFFનું વિસ્તૃત નામ જણાવો- **સ્પેશિયલ ફ્રન્ટિયર ફોર્સ**

19. તાજેતરમાં કયા રાજ્યમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ તૈયાર કરાયો છે - **ઉત્તરાખંડ**

20. તાજેતરમાં ભારતમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ તૈયાર કરાયો છે તેનું નામ જણાવો - **માણા પાસ**

21. US ઓપન: 2020 મહિલા સિંગલ્સ વિજેતા અને દેશ - **નાઓમી ઓસાકા અને જાપાન**

22. US ઓપન: 2020 મહિલા સિંગલ્સમાં ઉપ વિજેતા અને દેશ - **વિક્ટોરિયા અઝારેન્કા અને બેલારુસ**

23. તાજેતરમાં કેટલા વર્ષ બાદ લિપ યર અને અધિક માસનો સંયોગ એક સાથે ઉભો થયો છે - **160 વર્ષ**

## DATE : 14-09-2020

### ૧.NSO : ડ્રોપ આઉટ રેશિયો (શિક્ષણ)

✓ સર્વેક્ષણનો સમયગાળો : જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮

✓ **ભારતનો સરેરાશ ડ્રોપ આઉટ દર ૧૨.૬ ટકા**

**ભારતના રાજ્યો અને ડ્રોપ આઉટ રેશિયો :**

| રાજ્યનું નામ | ડ્રોપ આઉટ રેશિયો | | |
|---|---|---|---|
| | | છત્તીસગઢ | 11.5 % |
| પશ્ચિમ બંગાળ | 23.5 % | જમ્મુ-કશ્મીર | 11.3 % |
| ઓડિશા | 21.2 % | બિહાર | 10.2 % |
| આસામ | 20.3 % | તેલંગણા | 9.5 % |
| ગુજરાત | 17.8 % | હરિયાણા | 8.9 % |
| મહારાષ્ટ્ર | 15.3 % | તામિલનાડું | 8.5 % |
| કેરળ | 13.6 % | ઉત્તરપ્રદેશ | 6.5 % |
| ઝારખંડ | 13.5 % | દિલ્હી | 6.3 % |
| કર્ણાટક | 13.3 % | હિમાચલપ્રદેશ | 5 % |
| આંધ્રપ્રદેશ | 13.3 % | પંજાબ | 4 % |
| મધ્યપ્રદેશ | 13.2 % | ઉત્તરાખંડ | 3.4 % |
| રાજસ્થાન | 13.1 % | સરેરાશ | 12.6 % |

**ગુજરાતની સ્થિતિ :**

✓ ગુજરાતના ગ્રામીણ વિસ્તારનો ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫ ટકા છે જ્યારે શહેરી વિસ્તારનો ૧૩.૮ ટકા છે.

✓ આમ શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ વધુ ૬.૭ ટકા છે.

**કારણો :**

✓ આપતાં શિક્ષણ નિષ્ણાતો જણાવે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ.૮નો અભ્યાસ કર્યા પછી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણવાનું છોડી દેતા હોય છે, તેમાં સૌથી મોટી સંખ્યા વિદ્યાર્થિનીઓની હોય છે.

✓ જેનું મૂળ કારણ ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોનું પ્રમાણ ઘણું ઓછું છે. જેથી ગામડાના પરિવારો યુવતીઓને નજીકના શહેરની હાઈસ્કૂલમાં ભણવા માટે મોકલતા નથી.

✓ આ સિવાય બીજું કારણ આર્થિક પરિસ્થિતિનું હોય છે. આર્થિક રીતે નબળા પરિવારો દીકરીઓને ભણાવવાનું ટાળે છે.

✓ આ સિવાય ગ્રામ્ય વિસ્તારમાં નાની ઉંમરમાં લગ્ન થઈ જતાં હોવાથી યુવતીઓનો અભ્યાસ અટકી જાય છે.

✓ આમ આ પ્રકારના વિવિધ કારણોથી ગ્રામ્ય વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

### ૨. નીતિ : રિન્યુએબલ એનર્જી જનરેશન પાર્ક – ગુજરાત સરકાર (ઊર્જા)

**પાર્ક માટેની નવી જોગવાઈઓ : પ્રોજેક્ટ વિશે :**

ગુજરાતમાં વિન્ડ, સોલાર અને વિન્ડ સોલાર હાઈબ્રિડ પાર્ક

બનાવવા માટે કંપનીઓ કે ડેવલપર્સને સરકારી પડતર જમીન અપાશે

- ✓ મહેસૂલ વિભાગ દ્વારા આ સંદર્ભમાં અગાઉ જારી કરાયેલી પોલીસીના ઠરાવમાં કેટલાક સુધારાઓ કરીને છૂટછાટો આપી છે.
- ✓ રિન્યુએબલ એનર્જી જનરેશન પાર્ક માટે જમીનની <u>ભાડાપટ્ટાની મુદત્ત ૪૦ વર્ષ માટેની રહેશે.</u>
- ✓ પાર્ક ડેવલપરે ૪૦ વર્ષ પછી જમીન સરકારને પરત કરવી પડશે.
- ✓ આ સંદર્ભમાં સુધાર ઠરાવ કરી કેટલીક શરતોને ઉમેરવામાં આવી છે.
- ✓ જે મુજબ <u>પ્રથમ ૫ વર્ષ પાર્કના વિકાસ માટે અને ૩૫ વર્ષ રિન્યૂએબલ એનર્જીનું ઉત્પાદન કરવા માટે</u> રહેશે.
- ✓ સરકારને વાર્ષિક હેક્ટર દીઠ ૧૫ હજાર લેખે ભાડું ચૂકવવાનું રહેશે.
- ✓ પાર્ક ડેવલપ કર્યા બાદ અન્ય પ્રોજેક્ટ ડેવલપરને જમીન પેટા ભાડેથી આપી શકાશે.
- ✓ જમીનનો કબ્જો મેળવ્યાના દિવસથી ભાડું શરૂ થઈ જશે.
- ✓ કબજા વખતે કલેક્ટર અને નોડેલ એજન્સી વચ્ચે ત્રિપક્ષી કરાર સમયે ડેવલપરે જમીનના ૧ વર્ષના ભાડે જેટલી રકમ અનામત સ્વરૂપે મૂકવાની રહેશે.
- ✓ વીજ ઉત્પાદન માટે પ્રોજેક્ટ ડેવલપરને જમીન પેટા ભાડેથી આપી શકશે.
- ✓ પાંચ વર્ષના અંતે ભાડાપટ્ટે ફાળવેલી જમીન પર પ્રોજેક્ટની ૧૦૦ ટકા ક્ષમતા ઉભી કરવાની રહેશે.
- ✓ ત્રણ વર્ષમાં ૫૦ ટકા વીજ ક્ષમતા સ્થાપી વીજ ઉત્પાદન અને પાંચ વર્ષમાં ૧૦૦ ટકા વીજ ક્ષમતા સ્થાપિત કરવાની રહેશે.
- ✓ પાર્ક ડેવલપરે વીજ ખરીદ-વેચાણ કરાર, ઈરાદાપત્રક અથવા નિર્ણય પત્ર યુટીલીટી સાથે સંલગ્ન સંસ્થાઓ જેવી કે SECI, NTPC,GUVNL વગેરે સાથે ૨૦થી ૨૫ વર્ષ માટે કર્યા હોઈ અને એમનું પ્રોજેક્ટનું સ્થાન નિશ્ચિત ન હોય તેની વિગતો અરજી વખતે જમાં કરવાની રહેશે.
- ✓ રિન્યુએબલ એનર્જી માટે સરકારી પડતર જમીન અપાશે.

<u>૩. ખેલકૂદ : US ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૦</u>

**<u>મેન્સ સિંગલ્સ વિજેતા અને દેશ</u>**

- ✓ ડોમિનિક થિએમ : ઓસ્ટ્રિયા
- ✓ US ઓપન વિજેતા પ્રથમ ઓસ્ટ્રિયન ખેલાડી
- ✓ હરિફ : એલેકઝાન્ડર ઝેવરેવ-જર્મની

<u>૪. નિમણૂક : ABCના નવા અધ્યક્ષ તરીકે દેવેન્દ્ર દર્ડા</u>

- ✓ લોકમત મીડિયા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર દેવેન્દ્ર વિજય દર્ડા વર્ષ 2020-21 માટે ઓડિટ બ્યૂરો ઑફ સર્ક્યુલેશન (એબીસી)ના અધ્યક્ષ ચૂંટાયા છે.

<u>૫. હાઈબ્રીડ વૉરફેર</u>

**<u>ચીની કંપની ઝેનહુઆ ડેટા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા ભારત સહિત આખા વિશ્વની જાસુસી</u>**

- ✓ વિશ્વભરના અંદાજે ૨૪ લાખ નાગરિકો ઉપર વૉચ

**<u>હાઈબ્રીડ વૉરફેર એટલે શું ?</u>**

- ✓ યુદ્ધ સામ-સામા શસ્ત્રો ફેંકીને જ લડી શકાય એ યુગ પુરો થયો.
- ✓ હવેનો જમાનો ટેકનોલોજીકલ અને હાઈબ્રીડ વોરફેરનો છે.
- ✓ કોઈ વ્યક્તિની બધી માહિતી મેળવી તેનું બ્રેઇન વોશિંગ કરવું એ હાઈબ્રીડ વોરફેરનો એક પ્રકાર છે.
- ✓ તમે સતત કોઈ વ્યક્તિને જાણતા હો તો પછી તેના આધારે તેને ગમતી-નાગમતી વાત કરી શકો.
- ✓ તેના ગમા-અણગમા જાણી શકો.
- ✓ આ માહિતીના આધારે કોઈ વ્યક્તિની વિચારધારા પણ બદલી શકાય છે.
- ✓ એ મનોવૈજ્ઞાનિક પરિવર્તનની પ્રક્રીયા હાઈબ્રીડ વોરફેર તરીકે ઓળખાય છે.
- ✓ આ કંપનીના માલિક વાંગ શુઇફેંગ અગાઉ આઈબીએમમાં હતો.
- ✓ હવે પોતાની કંપની ચલાવે છે.
- ✓ તેનો દાવો છે કે એ હાઈબ્રીડ વોરફેરનો એક્સપર્ટ છે.
- ✓ રાજકીય પક્ષો મતદારોને પોતાની તરફેણમાં લાવવા આ પ્રકારની ગેમ રમતાં જ હોય છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

<u>૬. દિન વિશેષ : 14 સપ્ટેમ્બર</u>

<u>રાષ્ટ્રીય હિન્દી ભાષા દિવસ</u>



- 14 સપ્ટેમ્બર 1949ના રોજ બંધારણ સભાએ હિન્દીને અનુચ્છેદ 343 હેઠળ ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી.
- સૌપ્રથમ હિન્દી દિવસ 14 સપ્ટેમ્બર 1953ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- હિન્દી ભાષાને દેવનાગરી લિપિમાં લખવામાં આવે છે. બંધારણમાં કુલ 22 અનુસૂચિત ભાષાઓ છે.
- ભારતમાં સત્તાવાર રીતે હિન્દી તથા અંગ્રેજીને રાજકીય કાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- ભારતના 70 ટકા લોકો હિન્દી લખી, વાંચી, બોલી અને સમજી શકે છે.
- હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાનારી ભાષાઓમાં ત્રીજા ક્રમાંકની ભાષા છે.
- 2011ની વસ્તી ગણતરી અનુસાર 43.63 ટકા ભારતીયો હિન્દી ભાષાનો ઉપયોગ માતૃભાષાના રૂપે કરે છે.
- હિંદી પ્રતિ લોકોને પ્રોત્સાહિત કરવા માટે હિન્દી દિવસના અવસરે પુરસ્કાર સમારોહ આયોજિત કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ દ્વારા પસંદ કરાયેલા વ્યક્તિઓને "રાજભાષા કીર્તિ પુરસ્કાર" અને "રાજભાષા ગૌરવ પુરસ્કાર" પ્રદાન કરવામાં આવે છે.

**રાજભાષા ગૌરવ પુરસ્કાર**

- આ પુરસ્કાર ટેકનિકલ અથવા વિજ્ઞાન વિષય પર હિન્દી ભાષામાં લખનાર કોઈપણ ભારતીય નાગરિકને પ્રદાન કરવામાં આવે છે.
- આમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કરનારને 2 લાખ રૂપિયા, દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત કરનારને 1 લાખ 50 હજાર રૂપિયા અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનારને 75 હજાર રૂપિયા આપવામાં આવે છે.
- ઉપરાંત 10 લોકોને પ્રોત્સાહિત પુરસ્કારના રૂપે 10,000 રૂપિયા આપવામાં આવે છે.

**રાજભાષા કીર્તિ પુરસ્કાર**

- આ પુરસ્કાર યોજના દ્વારા કુલ 39 પુરસ્કાર આપવામાં આવે છે.
- આ પુરસ્કાર કોઈ સમિતિ, વિભાગ, મંડળ વગેરે દ્વારા હિન્દીમાં કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યો બદલ પ્રદાન કરવામાં આવે છે.
- ભારતમાં હિન્દી ભાષા ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને છત્તીસગઢમાં મોટાપાયા પર બોલાય છે.
- ભારત સિવાય વિશ્વના કેટલાક દેશો જેવા કે પાકિસ્તાન, મોરિશિયસ, ત્રીનીદાદ અને સુરીનામમાં પણ હિન્દી ભાષા બોલાય છે.
- અંગ્રેજી અને ફિજીયન સાથે હિન્દી પણ ફિજીની રાષ્ટ્રીય ભાષા છે. ફિજીમાં "ફિજી હિન્દી" બોલાય છે.
- જન્મ દિવસ : હિન્દીના કવિ મુન્શી પ્રેમચંદ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૯-૨૦૨૦)

1. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન ભારતનો સરેરાશ ડ્રોપ આઉટ દર કેટલા ટકા હતો - **૧૨.૬**
2. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન ગુજરાતના ગ્રામીણ તથા શહેરી વિસ્તારનો ડ્રોપ આઉટ રેશિયો કેટલા ટકા હતો – **અનુક્રમે ૨૦.૫ તથા ૧૩.૮ ટકા**
3. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન સૌથી વધુ કયા રાજયનો કેટલા ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો – **પશ્ચિમ બંગાળ તથા ૨૩.૫ ટકા**
4. NSO દ્વારા તાજેતરમાં જાહેર થયેલા સર્વેક્ષણ અનુસાર જુલાઈ-૨૦૧૭ થી જૂન-૨૦૧૮ દરમિયાન સૌથી ઓછો કયા રાજયનો કેટલા ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો – **ઉત્તરાખંડ તથા ૩.૪ ટકા**
5. ગુજરાત સરકાર દ્વારા કયા પાર્ક બનાવવા માટે કંપનીઓ કે ડેવલપર્સને સરકારી પડતર જમીન આપવામાં આવે છે - **વિન્ડ, સોલાર અને વિન્ડ સોલાર હાઈબ્રિડ**
6. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા વિન્ડ, સોલાર અને વિન્ડ સોલાર હાઈબ્રિડ પાર્ક બનાવવા માટે કંપનીઓ કે ડેવલપર્સને સરકારી પડતર જમીન આપવામાં આવે છે – **મહેસૂલ વિભાગ**

7. ગુજરાત સરકાર દ્વારા કયા પાર્ક માટે જમીનની ભાડાપટ્ટાની મુદત્ત ૪૦ વર્ષ માટેની રાખવામાં આવી છે - **<u>રિન્યુએબલ એનર્જી જનરેશન</u>**
8. US ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૦ મેન્સ સિંગલ્સ વિજેતા ખેલાડી-દેશ જણાવો - **<u>ડોમિનિક થિએમ તથા ઓસ્ટ્રિયા</u>**
9. US ઓપન ટેનિસ ટુર્નામેન્ટ વિજેતા પ્રથમ ઓસ્ટ્રિયન ખેલાડીનું નામ જણાવો - **<u>ડોમિનિક થિએમ</u>**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં ABCના નવા અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાઈ આવ્યુ - **<u>દેવેન્દ્ર દર્ડા</u>**
11. લોકમત મીડિયા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર દેવેન્દ્ર વિજય દર્ડા કયા સમયગાળા માટે ABCના અધ્યક્ષ તરીકે ચૂંટાયા - **<u>વર્ષ 2020-21</u>**
12. ABCનું વિસ્તૃત નામ જણાવો - **<u>ઓડિટ બ્યૂરો ઑફ સર્ક્યુલેશન</u>**
13. સપ્ટેમ્બર-૨૦૨૦માં કઈ ચીની કંપની દ્વારા ભારત સહિત આખા વિશ્વના અંદાજે ૨૪ લાખ નાગરિકોની જાસુસી કરવાની ઘટના પ્રકાશમાં આવી - **<u>ઝેનહુઆ ડેટા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી</u>**
14. હાઈબ્રીડ વૉરફેર કોને કહેવામાં આવે છે - **<u>કોઈ વ્યક્તિની બધી માહિતી મેળવી તેનું બ્રેઇન વોશિંગ કરવું</u>**
15. રાષ્ટ્રીય હિન્દી ભાષા દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **<u>14 સપ્ટેમ્બર</u>**
16. બંધારણ સભાએ ક્યારે હિન્દીને ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી - **<u>14 સપ્ટેમ્બર 1949</u>**
17. બંધારણ સભાએ કયા અનુચ્છેદ હેઠળ હિન્દીને ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી - **<u>343</u>**
18. સૌપ્રથમ હિન્દી દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો - **<u>14 સપ્ટેમ્બર 1953</u>**
19. હિન્દી ભાષાને કઈ લિપિમાં લખવામાં આવે છે - **<u>દેવનાગરી</u>**
20. બંધારણમાં કુલ અનુસૂચિત ભાષાઓ કેટલી છે - **<u>22</u>**
21. ભારતમાં અંદાજે કેટલા ટકા લોકો હિન્દી લખી, વાંચી, બોલી અને સમજી શકે છે - **<u>70</u>**
22. હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાનારી ભાષાઓમાં કેટલામાં ક્રમે આવે છે - **<u>ત્રીજા ક્રમે</u>**
23. 2011ની વસ્તી ગણતરી અનુસાર કેટલા ટકા ભારતીયો હિન્દી ભાષાનો ઉપયોગ માતૃભાષાના રૂપે કરતા હતા - **<u>43.63</u>**
24. હિંદી પ્રતિ લોકોને પ્રોત્સાહિત કરવા માટે હિન્દી દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્વારા કયા પુરસ્કાર આપવામાં આવે છે - **<u>"રાજભાષા કીર્તિ પુરસ્કાર" અને "રાજભાષા ગૌરવ પુરસ્કાર"</u>**
25. ભારત સિવાય વિશ્વના કયા દેશોમાં હિન્દી ભાષા બોલાય છે - **<u>પાકિસ્તાન, મોરિશિયસ, ત્રીનીદાદ અને સુરીનામ</u>**
26. અંગ્રેજી અને ફિજીયન સાથે હિન્દી પણ કયા દેશની રાષ્ટ્રીય ભાષા છે - **<u>ફિજી</u>**
27. હિન્દી સાહિત્યના જાણીતા સર્જક મુન્શી પ્રેમચંદનો જન્મ દિવસ જણાવો – **<u>14 સપ્ટેમ્બર</u>**

**DATE : 15-09-2020**

<u>૧. UN : UN કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમનના સભ્ય તરીકે યોજાયેલી ચૂંટણીમાં ચીન સામે ભારતનો વિજય (વૈશ્વિક સંબંધો)</u>




✓ **<u>સમયગાળો</u>** : <u>ભારત ચાર વર્ષ સુધી</u> યુનાઇટેડ નેશન્સ કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમનનો સભ્ય રહેશે.

✓ સંસ્થા : ECOSOC

**<u>ચૂંટણીની પ્રક્રિયા :</u>**

✓ આયોગમાં આ બેઠક મેળવવા માટે ભારત, ચીન અને અફઘાનિસ્તાન વચ્ચે જંગ હતો.

✓ <u>ભારત અને અફઘાનિસ્તાનને ૫૪ માંથી મહત્તમ સભ્યોનો ટેકો મળ્યો, જ્યારે ચીનને અડધા સભ્યોનું પણ સમર્થન ન મળ્યું</u>. આ રીતે ચીનનો કારમો પરાજય થયો હતો

✓ ચીનના વલણ સામે આ આંતરરાષ્ટ્રીય સ્તરે તેનો વિરોધના સંકેત ગણવા પડે એમ છે.

✓ આ વર્ષે બેઇજિંગ વર્લ્ડ કોન્ફરન્સ ઓન વિમેનની ૨૫મી વર્ષગાંઠ છે. એ સમયે ભારત આ સંસ્થાના સભ્ય તરીકે ચૂંટાઇ આવે અને ચીનને હરાવીને સભ્ય બને એ ઘટના આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ નોંધવા લાયક બની રહી છે.

✓ <u>ઉમેદવારી કરનાર દેશો</u> : ભારત અફઘાનિસ્તાન અને ચીન

✓ UN : યુનાઇટેડ નેશન્સ

✓ વડુમથક : વોશિંગ્ટન DC (USA)

## ૨. મંજૂરી : રૂ. ૧૯ અબજના ખર્ચે ભાવનગરમાં વિશ્વના સૌપ્રથમ સીએનજી ટર્મિનલ સ્થાપવા ગુજરાત સરકારની મંજૂરી (ઊર્જા)




**વિશેષતા : સીએનજી અને એલએનજી પોર્ટ ટર્મિનલ ધરાવતું ગુજરાત પ્રથમ રાજ્ય બનશે**

- ✓ એલએનજી પોર્ટ ટર્મિનલ-હજીરા અને દહેજ
- ✓ સીએનજી - ભાવનગર (સૂચિત)
- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૯ અબજના ખર્ચે ભાવનગરમાં CNG ટર્મિનલ સ્થાપવા ત્રણ કંપનીઓના કોન્સોર્ટિયમ સાથે થયેલા લેટર ઓફ ઈન્ટેન્ટ-LOIને મંજૂરી આપી છે.
- ✓ પોણા બે વર્ષ પહેલા વાઈબ્રન્ટ સમિટમાં થયેલા કરારને માન્યતા મળતા હવે ડિટેઈલ્સ પ્રોજેક્ટ રિપોર્ટ-DPR અને એન્વાર્યમેન્ટ ક્લિયરન્સની પ્રક્રિયા ૧૮ મહિનામાં પૂર્ણ થશે.
- ✓ ત્યારબાદ ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ થશે.

**ટર્મિનલની ક્ષમતા :**

- ✓ પ્રથમ તબક્કે રૂ.૧૩૦૦ કરોડના રોકાણથી પ્રતિવર્ષ ૧૫ લાખ ટન ક્ષમતાનું CNG ટર્મિનલ, ૪૫ લાખ ટન ક્ષમતાનું લિકવિડ કાર્ગો ટર્મિનલ-કન્ટેનર અને વ્હાઈટ કાર્ગો તેમજ રો-રો ટર્મિનલ પણ વિકસાવાશે.

## ૩. બન્ની ઘાસિયા મેદાનો-કચ્છ (ભૂગોળ)

**કચ્છમાં ચાલુ વર્ષે ૨૬૭ ટકા વરસાદ થવાથી**

**બન્ની પુન: એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાન બનશે**

**વિગત :**


- ✓ બન્ની એશિયાનું સૌથી મોટું અને શ્રેષ્ઠ ચરિયાણ પ્રદેશ
- ✓ ભુજ તાલુકાના ઉત્તરે આવેલા બન્ની વિસ્તારો પુન: એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાન બનાવવા તરફ પ્રગતિ કરી રહ્યું છે.
- ✓ બન્ની પ્રદેશમાં ૧૯ પંચાયતો, ૫૬ ગામડાઓ (વાંઢો)માં ૪૦,૦૦૦ માનવ વસ્તી, ૧,૫૦,૦૦૦ ગાય, ભેંસ, ઘેટા, બકરા, તેમજ અન્ય પશુધન છે.

## ૪. પુસ્તક : "ધ એન્ડ ઓફ એન એરા ઈન્ડિયા એક્ઝિટ્સ તિબેટ"

- ✓ લેખક : ક્લાઉડ અર્પી, ફ્રાન્સ
- ✓ પુસ્તકમાં દાવો : લદ્દાખમાં ચીન રસ્તો બાંધે છે એવી માહિતી છતાં વર્ષ-૧૯૫૭માં નહેરુ સરકાર નિષ્ક્રિય રહી હતી
- ✓ ભારતના એક લશ્કરી અધિકારી અને એક હવલદારે ૧૯૫૭ના આરંભમાં સ્થાનિક ભરવાડો સાથે મળી અક્સાઈ ચીન (જે હવે ચીનના તાબામાં છે)માં મિશન હાથ ધર્યું હતું, જેને લીધે પાકો પુરાવો મળી ગયો હતો કે ચીને ભારતીય વિસ્તારમાં એક ગેરકાયદે રોડ બાંધ્યો હતો.
- ✓ તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને ત્યારના સંરક્ષણ મંત્રી વી. કે. કૃષ્ણમેનને રોડના ચોક્કસ લોકેશન વિશે શંકા દર્શાવતા કુમાઉ રેજિમેન્ટના લેફ. કર્નલ આર. એસ. બસેરા અને કોર્પસ ઓફ એન્જિનીયર્સના હવાલદાર દિવાનસિંહના સાહસિક પ્રયાસ એળે ગયા હતા.
- ✓ બંને ઘણું જોખમ લઈ અને હાડમારી વેઠી ગુપ્ત મિશન પાર પાડ્યું હતું.
- ✓ બે વરસે ભારત સરકારે સંસદમાં સ્વીકાર્યું હતું કે હકીકતમાં ચીને રોડ બાંધ્યો છે.

## ૫. દિન વિશેષ : 15 સપ્ટેમ્બર

## એન્જિનિયર દિવસ




**કોની યાદમાં :**

- ✓ મહાન ભારતીય એન્જિનિયર ભારતરત્ન સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાની યાદમાં
- ✓ ભારતમાં દર વર્ષે 15 સપ્ટેમ્બરને વર્ષ 1968થી એન્જિનિયર દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ જન્મ-15 સપ્ટેમ્બર 1860 મૈસૂર (વર્તમાન કર્ણાટકના ચિક્કબલ્લાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં)
- ✓ અવસાન- 14 એપ્રિલ 1962 બેંગ્લોર

**કારકિર્દી :**

- ✓ 1912 થી 1918 સુધી તેમણે મૈસુરના દીવાન તરીકે સેવાઓ આપી હતી.

- ✓ કૃષ્ણરાજ સાગરબંધ, ભદ્રાવતી આયર્ન એન્ડ સ્ટીલ વર્ક્સ, મૈસૂર સંદલ ઓઈલ એન્ડ સોપ ફેક્ટરી, મૈસુર વિશ્વ વિદ્યાલય, બેંક ઓફ મૈસુર –આબધાનું નિર્માણ તેમનાં અથાગ પ્રયત્નોને કારણે જ શક્ય બન્યું છે.
- ✓ તેઓ લંડનની સિવિલ એન્જિનિયર સોસાયટીમાં માનદ સભ્ય હતા.
- ✓ બ્રિટિશ સરકારે તેમના યોગદાન બદલ તેમને KCIE (નાઈટ કમાન્ડર ઓફ ધ બ્રિટિશ ઇન્ડિયન એમ્પાયર)થી સન્માનિત કર્યા હતા.
- ✓ તેમનાં કામોને જોતા ઈ.સ. 1955માં તેમને સર્વોચ્ચ ભારતીય સમ્માન ભારતરત્નથી સમ્માનિત કરવામાં આવ્યાં.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનના સભ્યની ચૂંટણીમાં કયા દેશ વિજેતા થયા - **ભારત અને અફઘાનિસ્તાન**
2. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનના સભ્યની ચૂંટણીમાં કયા કયા દેશે ઉમેદવારી કરી હતી- **ભારત, અફઘાનિસ્તાન અને ચીન**
3. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનમાં ભારત કેટલા વર્ષ માટે સભ્ય તરીકે રહેશે - **4 વર્ષ**
4. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ કમિશન ઑન સ્ટેટ્સ ઑફ વૂમનના સભ્યની ચૂંટણીમાં કેટલા દેશોએ મતદાન કર્યું હતું - **54**
5. UNનું વડુ મથક ક્યાં આવેલું છે - **વોશિંગ્ટન ડી.સી (યુએસએ)**
6. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ક્યાં બંદર ઉપર વિશ્વના સૌપ્રથમ સીએનજી ટર્મિનલ સ્થાપવાની મંજૂરી અપાય છે - **ભાવનગર**
7. સીએનજી અને એલએનજી પોર્ટ ટર્મિનલ ધરાવતું કયું દેશનું પ્રથમ રાજ્ય કયુ બનશે - **ગુજરાત**
8. ગુજરાતમાં LNG પોર્ટ ટર્મિનલ ક્યાં આવેલું છે - **હજીરા અને દહેજ**
9. ભાવનગરમાં અંદાજે કેટલા અબજના ખર્ચે સીએનજી ટર્મિનલ કાર્યરત થશે- **રૂ.19 અબજ**
10. ભાવનગર ખાતે તૈયાર થનાર સીએનજી ટર્મિનલમાં કેટલા લાખ ટન ક્ષમતાનું સીએનજી ટર્મિનલ તૈયાર કરાશે - **15 લાખ ટન**
11. CNGનું વિસ્તૃત નામ જણાવો - **કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ**
12. LNGનું વિસ્તૃત નામ જણાવો - **લિક્વિફાઇડ નેચરલ ગેસ**
13. કચ્છમાં ચાલુ વર્ષે કેટલા ટકા વરસાદ થયો છે -**267%**
14. એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાનો ક્યાં આવેલા છે - **કચ્છ**
15. એશિયાના સૌથી મોટા ઘાસિયા મેદાનો કયા નામથી ઓળખાય છે - **બન્ની**
16. એશિયાનું સૌથી મોટું અને શ્રેષ્ઠ ચરિયાણ પ્રદેશ ક્યાં આવેલો છે - **બન્ની, કચ્છ**
17. કચ્છનો બન્ની પ્રદેશ કયા તાલુકામાં આવેલો છે - **ભુજ**
18. તાજેતરમાં ચર્ચામાં આવેલ પુસ્તક "ધ એન્ડ ઓફ એન એરા ઈન્ડિયા એક્ઝિટ્સ તિબેટ"ના લેખકનું નામ જણાવો - **ક્લાઉડ અર્પી, ફ્રાન્સ**
19. ફ્રાન્સના લેખક ક્લાઉડ અર્પીએ તેમના પુસ્તક "ધ એન્ડ ઓફ એન એરા ઈન્ડિયા એક્ઝિટ્સ તિબેટ"માં ભારત અંગે કયો મહત્વનો દાવો કર્યો છે - **લદ્દાખમાં ચીન રસ્તો બાંધે છે એવી માહિતી છતાં વર્ષ-૧૯૫૭માં નહેરૂ સરકાર નિષ્ક્રિય રહી હતી**
20. એન્જિનિયર દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૧૫ સપ્ટેમ્બર**
21. એન્જિનિયર દિવસ કોની યાદમાં ઉજવવામાં આવે છે - **સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા**
22. ભારતમાં કયા વર્ષથી ૧૫ સપ્ટેમ્બરને એન્જિનિયર દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **વર્ષ ૧૯૬૮**
23. ભારતીય એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનો જન્મ કયારે થયો હતો - **૧૫ સપ્ટેમ્બર ૧૮૬૦**
24. ભારતીય એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનું જન્મ સ્થળ જણાવો - **મૈસૂર (વર્તમાન કર્ણાટકના ચિક્કબલ્લાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં)**
25. મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા કયા શહેરની સિવિલ એન્જિનિયર સોસાયટીમાં માનદ સભ્ય હતા - **લંડન**
26. બ્રિટિશ સરકારે મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાને કયા હોદ્દાથી સન્માનિત કર્યા હતા - **KCIE (નાઈટ કમાન્ડર ઓફ ધ બ્રિટિશ ઇન્ડિયન એમ્પાયર)**

27. ભારત સરકારે મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાને કયા વર્ષે સર્વોચ્ચ ભારતીય સમ્માન ભારતરત્નથી સમ્માનિત કર્યા હતા – **વર્ષ ૧૯૫૫**

DATE : 16-09-2020

**૧.રશિયન કોરોના વેક્સિન : Sputnik-V (આરોગ્ય)**

- ✓ રશિયા દ્વારા ભારતને Sputnik-Vના ૧૦ કરોડ ડોઝ વેચાતા અપાશે
- ✓ ભારતની ડૉ. રેડ્ડીઝ લેબ સાથે ક્લિનિક ટ્રાયલ અને વિતરણ માટે સમજૂતિ
- ✓ **અન્ય** : USની નોવાવેક્સ માટે ભારતની સીરમ ઈન્સ્ટિટ્યૂટ વેક્સિનના બે અબજ ડોઝ બનાવશે

**૨. સૈલી વાવાઝોડુ : USના અલાબામા વિસ્તારમાં ત્રાટકેલું ભયાનક વાવાઝોડું (કુદરત્તી આપત્તિ)**

- ✓ પવનની ઝડપ : ૧૬૫ કિ.મી. પ્રતિ કલાક

**૩. નવીન સંસદ ભવન (માળખાગત સુવિધા)**



**આકાર : ત્રિકોણ**

- ✓ અંદાજે રૂ. ૮૮૯ કરોડના ખર્ચે નવી દિલ્હી ખાતે સંસદ ભવન તૈયાર થશે
- ✓ નિર્માણ કાર્ય:આગામી બે વર્ષમાં પૂર્ણ કરાશે
- ✓ સંયુક્ત સત્રમાં સાંસદો આરામથી બેસી શકે તે માટે નવા ભવનમાં ૧૩૫૦ બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે
- ✓ નિર્માણ માટે ટાટા કંપનીને પ્રોજેક્ટ અપાયો

**૪. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦ સંસદમાં પસાર (આયુર્વેદ શિક્ષણ)**

- ✓ ત્રણ આયુર્વેદ યુનિવર્સિટીને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો અપાયો
- ✓ આયુર્વેદ બિલ, ૨૦૨૦'ને રાજ્યસભામાં ધ્વની મતથી પસાર કરાયો હતો. જયારે ગયા સત્રમાં લોકસભામાં આ ખરડો પાસ કરાયો હતો.

**યુનિવર્સિટી અને સ્થળ**

1. જામનગર - ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ
2. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય
3. ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ

**૫. દિન વિશેષ : 16 સપ્ટેમ્બર**

**વિશ્વ ઓઝોન દિવસ**

**થીમ-૨૦૨૦ : Ozone for Life: 35 years of ozone layer protection'**

**૬. જન્મ દિન વિશેષ : 16 સપ્ટેમ્બર**

**કૃષ્ણલાલ શ્રીધરાણી**

જન્મ : 16 સપ્ટેમ્બર 1911 અવસાન : 23 જુલાઈ 1960




- ✓ આજે ગુજરાતી-અંગ્રેજીના કલમકશ, પત્રકાર અને કવિ તથા નાટ્યકાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મદિવસ.
- ✓ વકીલ પિતા અને ગૃહિણી માતાના આ પુત્રનો જન્મ મોસાળ ઉમરાળામાં થયો હતો.
- ✓ શ્રીધરાણીએ શિક્ષણ દક્ષિણામૂર્તિ વિદ્યાભવન ભાવનગરમાં લીધું હતું. ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિ નિકેતનમાં પણ અભ્યાસ કર્યો.
- ✓ 1935માં એમ.એ. અને 1938માં કોલંબિયા યુનિથી પીએચડી થયા હતા.
- ✓ પહેલી કૃતિ બાળ કવિતા "કુમાર"માં છપાઈ અને તેમને કવિપદ પ્રાપ્ત થયું હતું.
- ✓ શ્રીધરાણીએ પત્રકાર તરીકે અમૃત બઝાર પત્રિકા, ન્યૂયોર્ક ટાઈમ્સ, કરન્ટ હિસ્ટરી, સેટરડે રિવ્યૂ ઓફ લિટરેચર, ન્યૂયોર્ક હેરાલ્ડ ટ્રીબ્યુન, ટોક્યો શિમ્બૂન અને વોઈસ ઓફ ઇન્ડિયા જેવા સામયિકો દ્વારા પત્રકારત્વમાં ખેડાણ કર્યું હતું.
- ✓ તેમની ઇનસાઇડ દિલ્હી" સાપ્તાહિક કોલમ ઘણી લોકપ્રિય બની હતી.

**મહત્વના પુસ્તકો**

- ✓ કૃષ્ણલાલ શ્રીધરાણીએ વડલો, ઈન્સાન, મિટા-દૂંગા, પીળા પલાશ, પદ્મીની, મોરના ઈંડા, કોડિયા, પુનરપી જેવા પુસ્તકો લખ્યા.
- ✓ કૃષ્ણલાલ સોનેટ અને ગીતો લખી દેશભક્તિને પ્રોત્સાહિત કરી હતી.

✓ તેઓએ દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડનો અહેવાલ પણ લખ્યો છે.

✓ તેમનું રણજીતરામ સુવર્ણચંદ્રક દ્વારા સન્માન થયું હતું પરતું તે મળે તે પહેલા ૨૩ જુલાઈ ૧૯૬૦ના રોજ "પ્રવાસ મૈ જીવનનો પૂરો કર્યો, સ્વધામ જાતો પગલે ઉતાવળા"ના આ કવિ અને સ્કોલર જર્નાલીસ્ટનુ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૯-૨૦૨૦)


1. રશિયા ભારતને કઈ વેક્સિનના ૧૦ કરોડ ડોઝ વેચાતા આપશે - **Sputnik-V**
2. રશિયા દ્વારા ભારતની કઈ લેબ સાથે ક્લિનિક ટ્રાયલ અને વિતરણ માટે સમજૂતિ થઈ - **ડૉ. રેડ્ડીઝ**
3. USની નોવાવેક્સ માટે ભારતની કઈ ઈન્સ્ટિટ્યૂટ વેક્સિનના બે અબજ ડોઝ બનાવશે - **સીરમ**
4. સપ્ટેમ્બર-૨૦૨૦માં USના અલાબામા ત્રાટકેલા ભયાનક વાવાઝોડુંનું નામ જણાવો - **સૈલી વાવાઝોડુ**
5. USના અલાબામા ત્રાટકેલા **સૈલી વાવાઝોડુ** દરમિયાન પવનની ઝડપ કેટલા કિ.મી. પ્રતિ કલાક હતી - **૧૬૫**
6. નવી દિલ્હી ખાતે અંદાજે કેટલા રૂપિયાના ખર્ચે નવીન સંસદ ભવન તૈયાર થશે - **રૂ. ૮૮૯ કરોડ**
7. નવી દિલ્હી ખાતે નિર્માણ પામાનારા નવા સંસદ ભવનનો આકાર કેવો હશે - **ત્રિકોણ**
8. ભારતીય સંસદના નવા ભવનમાં કેટલી બેઠક વ્યવસ્થા તૈયાર કરાશે - **૧૩૫૦**
9. ભારતીય સંસદના નવા ભવનના નિર્માણની કામગીરી કઈ કંપનીને સોંપાઈ છે - **ટાટા કંપની**
10. સપ્ટેમ્બર-૨૦૨૦માં આયુર્વેદને લગતુ કયુ બિલ સંસદમાં પસાર કરાયું - **ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦**
11. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦માં દેશની કેટલી આયુર્વેદ યુનિવર્સિટીને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો અપાયો - **ત્રણ**
12. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ બિલ-૨૦૨૦ અંતર્ગત કઈ ત્રણ યુનિવર્સિટીને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો અપાયો - **ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ (જામનગર), ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ**
13. વિશ્વ ઓઝોન દિવસ કયારે મનાવવામાં આવે છે - **16 સપ્ટેમ્બર**
14. વિશ્વ ઓઝોન દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Ozone for Life: 35 years of ozone layer protection'**
15. ગુજરાતી કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ દિવસ જણાવો - **16 સપ્ટેમ્બર 1911**
16. ગુજરાતી પત્રકાર શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની કઈ સાપ્તાહિક કોલમ ઘણી લોકપ્રિય બની હતી - **'ઇનસાઇડ દિલ્હી'**
17. કૃષ્ણલાલ શ્રીધરાણીના જાણીતા પુસ્તકોના નામ જણાવો - **વડલો, ઈન્સાન, મિટા-દૂંગા, પીળા પલાશ, પદ્મીની, મોરના ઈંડા, કોડિયા, પુનરપી**

DATE : 17-09-2020

## ૧.ગુજરાત સરકાર દ્વારા નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે વિવિધ ૫ પ્રજાલક્ષી પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત

### (૧) સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત કુલ-૨ પગલાંનો પ્રારંભ

### (૧) ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજનાનો શુભારંભ




✓ એક ગાયના નિભાવ માટે માસિક રૂ.૯૦૦ એમ કુલ વર્ષે રૂ. ૧૦,૮૦૦ની સહાય

✓ દેશી ગાય આધારિત પ્રાકૃતિક કરતા ખેડૂત કુટુંબને એક ગાયના નિભાવ ખર્ચમાં સહાય


✓ પ્રથમ તબક્કામાં કુલ ૧,૦૫,૦૦૦ લાભાર્થી ખેડૂતો માટે રૂ. ૬૬.૫૦ કરોડની જોગવાઈ

### (૨) પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજનાનો શુભારંભ

✓ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે લાભાર્થીઓને કૃષિ કીટમાં સહાય

✓ કુલ ૧,૦૦,૦૦૦ લાભાર્થી ખેડૂતો માટે રૂ. ૧૩.૫૦ કરોડની જોગવાઈ

**(૨) ગૃહમંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાનું ખાતમુહૂર્ત**




- ✓ રૂ. ૨૨૯ કરોડના ખર્ચે તૈયાર થનારી આ યોજનાથી ગાંધીનગરના શહેરવાસીઓને ૨૪ કલાક પુરતા પ્રેશરથી નળ દ્વારા પાણી મળી રહેશે
- ✓ **૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડનાર ગાંધીનગર દેશનું પ્રથમ શહેર બનશે**

**(૩) આદિવાસી વિસ્તારમાં સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ**

- ✓ ઉકાઈ જળાશય આધારિત રૂ. ૩૦૮ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ યોજનાથી નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડીયાપાડા તાલુકા તેમજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કુલ ૨૦૫ ગામોના ૨.૭૩ લાખ લોકોને દૂરદરાજથી પાણી મેળવવાની હાડમારીમાંથી મુક્તિ મળશે.
- ✓ દૈનિક ૫.૪ કરોડ લિટરની પાણીની ક્ષમતા ધરાવતી ૭૦૦ કિ.મી. થી વધુ લંબાઈની વિતરણ પાઈપ લાઈનનું નિર્માણ

**(૪) "બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત"નું મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન**

- ✓ કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના ૧૦ વર્ષની કામગીરીના ડોક્યુમેન્ટનું વિમોચન તેમજ ગુજરાત સરકાર ખ્યાતનામ રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે MOUs કરી તેમને નોલેજ પાર્ટનર બનાવશે

**(૫)મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો શુભારંભ**




- ✓ ૧ લાખ સ્વસહાય જૂથોની ૧૦ લાખ મહિલાઓને વગર વ્યાજે મળશે લોન
- ✓ ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ મહિલા જૂથોને આપવાનું આયોજન
- ✓ મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ચાલુ વર્ષે રૂ.૧૭૫ કરોડનું બજેટ ફળવાયું

**૨. પુસ્તક વિમોચન : લોર્ડ ઓફ રેકોર્ડ્સ**

- ✓ લેખક : હરિશ્ચંદ્ર વર્ણવાલ
- ✓ થીમ : નરેન્દ્ર મોદીની સિદ્ધિઓ

**૩. ક્લાયમેટ ચેન્જ વિભાગ : ગુજરાત સરકાર (પર્યાવરણ)**

**ગ્રીન એનર્જી માટે ત્રણ નવી યોજનાઓની જાહેરાત**

**(૧) ૧૦ હજાર વિદ્યાર્થીઓને રૂ.૬૦ હજારની કિંમતના બેટરીથી ચાલતા ટુ- વ્હીલર ખરીદવા યુનિટદીઠ રૂ. ૧૨ હજાર અને કુલ રૂ. ૧૨ કરોડની સબસિડી અપાશે**



**(૨) ૫ હજાર નંગ ઈ-રિક્ષા માટે યુનિટદીઠ રૂ. ૪૮ હજાર અને કુલ રૂ. ૨૪ કરોડની સબસિડી અપાશે**

**(૩) ૧૦ પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા એકમદીઠ રૂ. ૫ લાખ અને કુલ રૂ. ૫૦ લાખની સબસિડી અપાશે.**

- ✓ ગુજરાત ક્લાઈમેટ ચેન્જના ૧૦ વર્ષ પૂર્ણ

**૪. વડનગર : PM શ્રી નરેન્દ્ર મોદીના વતનને વૈશ્વિકકક્ષાની ઓળખ અપાવવા કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા રૂ.૨૦૦ કરોડના ખર્ચે વિકાસ કરાશે (હેરિટેજ)**




**વિવિધ પ્રોજેક્ટ**

- ✓ વર્ષ-૨૦૨૧થી પ્રોજેક્ટની કામગીરી શરૂ થશે
- ✓ વડનગરના વિકાસ માટે ડ્રીમ પ્રોજેક્ટરૂપે એથેન્સના 'એક્રોપોલિસ' મ્યુઝિયમની રાહ પર જમીનથી ૭ માળ નીચે વિશ્વનું બીજું સૌથી મોટું અદ્યતન A.C. 'હેરિટેજ મ્યુઝિયમ' તૈયાર કરાશે.
- ✓ તાના-રીરી સંગીત એકેડમી, યુનિવર્સિટી યોગ સ્કુલ અને વિશ્વ સ્તરની સુવિધા ધરાવતું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ

- ✓ વડનગરની આજુબાજુના નાના-મોટા ૭૦ તળાવોને ડેવલપ કરીને 'ઝીલો કી નગરી' તરીકે ઓળખાતા ઉદેપુરની જેમ ગુજરાતનું સૌપ્રથમ 'લેક સિટી' બનાવવામાં આવશે.
- ✓ વડાપ્રધાન મોદીએ જે સ્કુલમાં અભ્યાસ કર્યો હતો તે એ.બી.એન. હાઈસ્કુલમાં યોગ સ્કુલ બનાવાશે અને વિદ્યાર્થીઓને યોગાસનો ઉપરાંત યોગમાં વ્યવસાયલક્ષી માર્ગદર્શન અપાશે.
- ✓ વડનગનરમાં અદ્યતન રેલવે સ્ટેશન બનાવાશે.
- ✓ શર્મિષ્ઠા તળાવ-વડનગર

## ૫. હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-૨૦૨૦

- ✓ સંસ્થા : વર્લ્ડ બેન્ક
- ✓ ભારતનો ક્રમ : ૧૧૬મો
- ✓ કુલ દેશ : ૧૭૪

**અન્ય વિગત :**

- ✓ આ રેન્કમાં ભારતના સ્કોરમાં વધારો
- ✓ ૨૦૧૮માં ભારતનો સ્કોર ૦.૪૪ હતો જે ૨૦૨૦માં વધીને ૦.૪૯ થયો છે.
- ✓ ૨૦૧૯માં વર્લ્ડ બેન્ક દ્વારા ૧૫૭ દેશોનો હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ જારી કરવામાં આવ્યો હતો. તે સમયે ભારત ૧૧૫માં ક્રમે હતો.
- ✓ ભારત દ્વારા ગત વર્ષે જ વર્લ્ડ બેન્કની આ રેન્કિંગ સિસ્ટમ અને રેન્ક સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

## ૬. સરદાર સરોવર ડેમ : પ્રથમવાર તેની ૧૩૮.૬૮ મીટરની સંપૂર્ણ ઊંચાઈએ છલકાયો



- ✓ આગામી બે વર્ષ સુધી ગુજરાતને પાણી પૂરું પાડશે

## ૭. સ્માર્ટ સિટી વૈશ્વિક ઈન્ડેક્સ-૨૦૨૦

**વિશ્વના પ્રથમ દસ સ્માર્ટ શહેરો અને દેશ**

| | |
|---|---|
| 1. સિંગાપોર | 2. હેલસિંકી (ફિનલેન્ડ) |
| 3. ઝુરીચ (સ્વિત્ઝરલેન્ડ) | 4. ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ) |
| 5. ઓસ્લો (નોર્વે) | 5. કોપનહેગન (નેધરલેન્ડ) |
| 7. જીનીવા (સ્વિત્ઝરલેન્ડ) | 8. તાઈપેઈ (તાઈવાન) |
| 9. આર્મસ્ટડેમ (નેધરલેન્ડ) | 10. ન્યૂયોર્ક (અમેરિકા) |

**ભારતના શહેરો અને ક્રમ**

- ✓ હૈદરાબાદ શહેર ભારતમાં પ્રથમ ક્રમે વૈશ્વિક રેન્કિંગમાં ૮૫માં ક્રમે
- ✓ દિલ્હી : ૮૬ મુંબઈ : ૯૩ બેંગાલુરૂ : ૯૫
- ✓ કુલ માપદંડ : ૧૫

**રિપોર્ટ મુજબ સ્માર્ટ સિટી**

- ✓ સ્માર્ટ સિટી તેને કહેવાય જે અણધારી આફત આવે તો તેને પહોંચી વળવા તૈયાર હોય. એ હિસાબે જોઈએ તો ભારતના મહાનગરો તો દર વર્ષે આવનારી આફતોનો સામનો કરવા પણ સક્ષમ નથી.

**ઈન્ડેક્સ જાહેર કરનાર સંસ્થા :**

- ✓ ઇન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ **સ્વિત્ઝરલેન્ડ** અને સિંગાપુર ટેક્નોલોજી યુનિવર્સીટી ફોર ડિઝાઇન

## ૮. જન્મ દિન વિશેષ : 17 સપ્ટેમ્બર

### (૧) PM નરેન્દ્ર મોદીનો 70મો જન્મદિન




જન્મ : 17 સપ્ટેમ્બર.

- ✓ PMનો જન્મદિવસ : ભાજપ દ્વારા તા. 14 સપ્ટેમ્બર થી 20 સપ્ટેમ્બર દરમિયના સેવા સપ્તાહ તરીકે ઉજવાયો

### (૨) ભારતના પિકાસો-ચિત્રકાર : એમ.એફ.હુસૈન

જન્મ : 17 સપ્ટેમ્બર 1915 અવસાન : 9 જૂન 2011

- ✓ આજે સર ફ્રાન્સીસ ચીચેસ્ટ, એમ.એફ હુસૈન, ગીતા પ્રેસ ગોરખપુરના સૂત્રધાર હનુમાનપ્રસાદ પોદાર, બાપાલાલ વૈધનો જન્મદિવસ છે.
- ✓ મકબૂલ ફિદા હુસૈન, એમ. એફ. હુસૈનનો જન્મ મહારાષ્ટ્રના પંઢરપુરમાં સુલેમાની વહોરા કુટુંબમાં થયો હતો.
- ✓ હુસૈને શિક્ષણ ઇન્દોર અને મુંબઈમાં લીધું. મુંબઈમાં સ્થાયી થઇ ફિલ્મોના હોર્ડિંગ્સ બનાવવાથી પોતાની ચિત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કરી હતી.
- ✓ મુંબઈમાં પ્રોગેસિવ આર્ટિસ્ટ ગ્રૂપ ઓફ બોમ્બેના સ્થાપક સભ્ય હતા. 1940 પછી હુસૈનને ચિત્રકાર તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળવી શરૂ થઇ હતી.
- ✓ અનેક દેશોમાં તેમની કલાકૃતિઓના પ્રદર્શનો યોજાયા હતા.

- ✓ 1990ના દાયકામાં હિંદુ દેવી-દેવતાઓના અનાવૃત્ત ચિત્રો બનાવવા બદલ તેમને મારી નાંખવાની ધમકીઓ મળી હતી.
- ✓ 2006 થી ભારત બહાર રહેતા હતા. તેમના પર 100 કરતા વધુ કોર્ટ કેસો થયા હતા. થ્રૂ ધ આઈઝ ઓફ પેઈન્ટર, ગજગામિની અને એ ટેલ ઓફ દિ સિટીઝ જેવી ફિલ્મો બનાવી હતી.
- ✓ મકબૂલ ફિદા હુસૈનની ચિત્રકારીનું પદ્મશ્રી, પદ્મભૂષણ,પદ્મ વિભૂષણ અને રાજા રવિવર્મામાં પુરસ્કારથી સન્માનિત.
- ✓ મકબૂલ ફિદા હુસૈનનું 9 જૂન 2011ના રોજ 95 વર્ષની વયે લંડનમાં અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૯-૨૦૨૦)

1. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કેટલા પ્રજાલક્ષી પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાયા – **પાંચ**
2. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કયા પાંચ પ્રજાલક્ષી પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાયા - **(૧) સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત કુલ-૨ પગલાંનો પ્રારંભ (૨) ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાનું ખાતમુહૂર્ત (3) આદિવાસી વિસ્તારમાં સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ (૪) "બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત"નું મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન અને (૫) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો શુભારંભ**
3. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે એક ગાયના નિભાવ માટે માસિક કેટલી સહાય અપાશે – **રૂ.૯૦૦/-**
4. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે એક ગાયના નિભાવ માટે વાર્ષિક કેટલી સહાય અપાશે – **રૂ.૧૦,૮૦૦/-**
5. PM મોદીના જન્મદિન નિમિતે ગુજરાત સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત કયા બે પગલાંનો પ્રારંભ કરાયો – **(૧) પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજના (૨) ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજના**
6. ગુજરાત સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે કુલ એક લાખ લાભાર્થી ખેડૂતો માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ છે - **રૂ. ૧૩.૫૦ કરોડ**
7. કયુ શહેર ૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડનાર દેશનું પ્રથમ શહેર બનશે - **ગાંધીનગર**
8. PM મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે કોના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪X૭ પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાનું ખાતમુહૂર્ત કરાયું - **ગૃહમંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા**
9. PM મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે આદિવાસી વિસ્તારમાં કઈ જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ કરાયો - **સાગબારા-ડેડીયાપાડા**
10. કેટલા રૂપિયાના ખર્ચે ઉકાઈ જળાશય આધારિત સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજના તૈયાર થશે - **રૂ. ૩૦૮ કરોડ**
11. ઉકાઈ જળાશય આધારિત સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાથી નર્મદા-તાપી જિલ્લાના કુલ કેટલા ગામ-લોકોને દૂરદરાજથી પાણી મેળવવાની હાડમારીમાંથી મુક્તિ મળશે - **૨૦૫ ગામોના ૨.૭૩ લાખ લોકો**
12. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત સરકારના કયા વિભાગના સ્થાપનાના ૧૦ વર્ષ પૂર્ણ થયા - **ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ**
13. ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના ૧૦ વર્ષની કામગીરીના કયા ડોક્યુમેન્ટનું મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન થયુ - **"બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત"**
14. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત કેટલી સ્વસહાય જૂથોની કેટલી મહિલાઓને વગર વ્યાજે લોન મળશે - **૧ લાખ તથા ૧૦ લાખ**
15. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત મહિલા જૂથોને કેટલું ધિરાણ અપાશે – **એક હજાર કરોડ**
16. PM મોદીના જન્મદિને લેખક હરિશ્ચંદ્ર વર્ણવાલના કયા પુસ્તકનું વિમોચન થયુ - **લોર્ડ ઓફ રેકોર્ડ્સ**
17. PM મોદીના જન્મદિને લેખક હરિશ્ચંદ્ર વર્ણવાલ દ્વારા રચિત પુસ્તક લોર્ડ ઓફ રેકોર્ડ્સની થીમ જણાવો - **નરેન્દ્ર મોદીની સિદ્ધિઓ**
18. PM મોદીના જન્મદિને ગુજરાત સરકાર દ્વારા ગ્રીન એનર્જી માટે કેટલી નવી યોજનાઓની જાહેરાત કરાઈ – **ત્રણ**
19. PM મોદીના જન્મદિને ગુજરાત સરકાર દ્વારા ગ્રીન એનર્જી માટે કઈ ત્રણ નવી યોજનાઓની જાહેરાત કરાઈ – **(૧) દુ-**

વ્હીલર ખરીદવા સબસિડી (૨) ઈ-રિક્ષા સબસિડી તથા (3) પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા સબસિડી

20. PM મોદીના જન્મદિને ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ગ્રીન એનર્જી માટે ટુ-વ્હીલર, ઈ-રિક્ષા અને પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા સબસિડી માટેની યોજના જાહેર કરાઈ - <u>ક્લાયમેટ ચેન્જ વિભાગ</u>
21. ગુજરાત સરકાર દ્વારા ૧૦ હજાર વિદ્યાર્થીઓને રૂ.૬૦ હજારની કિંમતના બેટરીથી ચાલતા ટુ- વ્હીલર ખરીદવા યુનિટદીઠ તથા કુલ કેટલા રૂપિયાની સબસિડી અપાશે - <u>રૂ. ૧૨ હજાર તથા રૂ. ૧૨ કરોડ</u>
22. ગુજરાત સરકાર દ્વારા ૫ હજાર નંગ ઈ-રિક્ષા માટે યુનિટદીઠ તથા કુલ કેટલા રૂપિયાની સબસિડી અપાશે - <u>રૂ. ૪૮ હજાર તથા રૂ. ૨૪ કરોડ</u>
23. ગુજરાત સરકાર દ્વારા ૧૦ પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા એકમદીઠ તથા કુલ કેટલા રૂપિયાની સબસિડી અપાશે - <u>રૂ. ૫ લાખ તથા કુલ રૂ. ૫૦ લાખ</u>
24. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વતનને વૈશ્વિક ઓળખ આપવા કેન્દ્ર- રાજ્ય સરકાર દ્વારા કેટલા કરોડના ખર્ચે હેરિટેજ સિટી તરીકે વિકાસ કરવામાં આવશે- <u>રૂ. 200/-</u>
25. વડનગરમાં ડ્રીમ પ્રોજેક્ટ તરીકે એથેન્સના "એક્રોપોલિસ" મ્યુઝિયમની જેમ કેટલા માળ નીચે વિશ્વનું બીજું સૌથી મોટું હેરિટેજ મ્યુઝિયમ બનશે- <u>07</u>
26. વડનગરની આજુબાજુના કેટલા તળાવોને ડેવલપ કરીને ગુજરાતની સૌપ્રથમ લેક સિટી તરીકેનું બિરુદ આપવામાં આવશે - <u>70</u>
27. તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાયેલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-2020માં ભારતનો ક્રમ જણાવો- <u>116</u>
28. તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાયેલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-2020માં કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો - <u>174</u>
29. તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાયેલ હ્યુમન કેપિટલ ઈન્ડેક્સ-2020માં ભારતનો સ્કોર કેટલો થયો છે - <u>0.49</u>
30. તાજેતરમાં સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ કેટલી ઉંચાઈએ તા.17 સપ્ટેમ્બરે છલકાયો હતો - <u>138.68</u>
31. તાજેતરમાં જાહેર કરાયેલ સ્માર્ટ સિટી વૈશ્વિક ઇન્ડેક્સ-2020માં ભારતના હૈદરાબાદ શહેરને સૌપ્રથમ કેટલામો ક્રમ અપાયો છે - <u>85મો</u>
32. તાજેતરમાં જાહેર કરાયેલ સ્માર્ટ સિટી વૈશ્વિક ઇન્ડેક્સ-2020માં પ્રથમ દસ સ્માર્ટ શહેરો અને દેશ જણાવો -<u>(૧) સિંગાપોર (૨) હેલસિંકી (ફિનલેન્ડ) (3) ઝુરીચ (સ્વિત્ઝરલેન્ડ) (૪) ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ) (૫) ઓસ્લો (નોર્વે) (૬) કોપનહેગન (નેધરલેન્ડ) (૭) જીનીવા (સ્વિત્ઝરલેન્ડ) (૮) તાઈપેઈ (તાઈવાન) (૯) આર્મસ્ટડેમ (નેધરલેન્ડ) (૧૦) ન્યૂયોર્ક (અમેરિકા)</u>
33. - તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા સ્માર્ટ સિટી વૈશ્વિક ઈન્ડેક્સ-2020 જાહેર કરાયો- <u>ઇન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ સ્વિત્ઝરલેન્ડ અને સિંગાપુર ટેક્નોલોજી યુનિવર્સીટી ફોર ડિઝાઇન</u>
34. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો તા. 17 સપ્ટેમ્બર-2020 કેટલામો જન્મ દિવસ ઉજવાયો- <u>70</u>
35. ભારતના ચિત્રકાર એમ.એફ. એસ હુસેનનો જન્મદિવસ જણાવો - <u>17 સપ્ટેમ્બર</u>

**DATE : 18-09-2020**

<u>૧. રાષ્ટ્રીય સુરક્ષા ડેટા ધરાવતી NICના નેટવર્ક ઉપર સાયબર એટેક (સાયબર ક્રાઈમ)</u>

**<u>સાયબર એટેકની મોડસ ઓપરેન્ડી :</u>**

✓ ૧૦૦થી વધુ કમ્પ્યૂટર હેક કરાયા

✓ હેકરોએ ઇ-મેલ મોકલીને NICના કોમ્પ્યુટરોમાંથી માહિતી તફડાવી

✓ એનઆઇસીને એક ઇ-મેલ મોકલવામાં આવ્યો હતો. એનઆઇસીના એક કર્મચારીએ આ ઇ-મેલ સાથેની એટેચમેન્ટ પર ક્લિક કરતાં જ સેંધમારી શરૂ થઇ ગઇ હતી અને તેના કોમ્પ્યુટરોમાં રહેલા ડેટાની તફડંચી થઇ ગઇ હતી.

✓ આ ઇ-મેલ સંદેશાના કારણે આ કર્મચારી સહિત એનઆઇસીના અન્ય કૉમ્પ્યુટરોમાંથી પણ ડેટાની તફડંચી થઇ હોવાનું મનાય છે.

✓ પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, બેંગ્લોરની એક આઇટી કંપની દ્વારા આ ઇ-મેલ મોકલવામાં આવ્યો હતો.

✓ વધુ તપાસમાં સામે આવ્યું હતું કે બેંગ્લરૂ સ્થિત આઇટી કંપનીના પ્રોક્સી સર્વરનો ઉપયોગ કરીને અમેરિકાથી ઇ-મેલ મોકલાયો હતો.

**NIC વિશે :**

- ✓ એનઆઇસી દેશમાં અત્યંત મહત્ત્વના સાઇબર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણીનું કામ કરે છે.
- ✓ એનઆઇસી સરકાર માટે ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી તથા સિક્યુરિટીની જવાબદારી સંભાળે છે.

## ૨.IPL-૨૦૨૦ લીગનો પ્રારંભ : ૧૩મી સીઝનનો 19મી સપ્ટેમ્બરથી પ્રારંભ (ખેલકૂદ)

- ✓ સ્થાન : UAE
- ✓ પ્રથમ મેચ : મુંબઇ ઇન્ડિયન્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ
- ✓ મુંબઈ ઈન્ડિયન્સ વર્તમાન ચેમ્પિયન તરીકે ઉતરશે.
- ✓ કુલ : ૮ ટીમ

**આઠ ટીમના કેપ્ટન (ડાબેથી)**

- ✓ કોલકાતા : દિનેશ કાર્તિક
- ✓ દિલ્હી : શ્રેયસ ઐયર
- ✓ બેંગ્લોર : કોહલી
- ✓ ચેન્નાઈ : ધોની
- ✓ મુંબઈ : રોહિત શર્મા
- ✓ પંજાબ : કે. એલ. રાહુલ
- ✓ હૈદ્રાબાદ : વોર્નર
- ✓ રાજસ્થાન : સ્મિથ

## ૩.કોસી રેલ મહાસેતુ : બિહાર (સુવિધા)

- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ઈ-લોકાર્પણ
- ✓ જિલ્લો : સુપાલ
- ✓ કુલ ખર્ચ : રૂ. ૫૧૬ કરોડ




**મહાસેતુથી લાભ :**

- ✓ સુપાલ જિલ્લાના સરાયગઢથી આસનપુર કુપાહ વચ્ચે ટ્રેનને પણ રવાના કરી હતી.
- ✓ તેનાથી કોસી ક્ષેત્ર સાથે મિથિલાંચલ સીધા રેલવે માર્ગથી જોડાઈ ગયું હતું.
- ✓ અમુક અન્ય પ્રોજેક્ટ પણ શરૂ કરાયા.
- ✓ કોસી રેલવે પુલ શરૂ થવાથી નિર્મળીથી સરાયગઢનું 298 કિમીનું અંતર ઘટીને ફક્ત 22 કિમી રહી ગયું છે.
- ✓ હાલ નિર્મનીથી સરાયગઢ સુધીના પ્રવાસ માટે લોકોએ દરભંગા - સમસ્તીપુર - ખગડિયા માનસી - સહરસા થઈને 298 કિમીનું અંતર કાપવું પડતુ હતુ.

## ૪. ખેલકૂદ :૧૦૭મી ટૂર દી ફ્રાન્સ સ્પર્ધા

- ✓ ટૂર દી ફ્રાન્સ સાયકલ સ્પર્ધા : વિશ્વની સૌથી લાંબી રેસ

**ટૂર દી ફ્રાન્સ સ્પર્ધા વિશે :**

- ✓ ટૂર દી ફ્રાન્સ એટલે કે ફ્રાન્સનો પ્રવાસ નામે ઓળખાતી આ સ્પર્ધા જગતની સૌથી લાંબી સ્પોટ્સ ઈવેન્ટ્સ છે.
- ✓ રૂટ : ફ્રાન્સના દક્ષિણ છેડે નાઈસથી શરૂ થતી સફર પેરીસમાં પુરી થશે. એ દરમિયાન વચ્ચે રાતવાસો સહિતના રોકાણ થતાં હોય છે.
- ✓ સામાન્ય રીતે જૂન જુલાઈમા યોજાઈ છે પણ આ વર્ષે કોરોનાને કારણે મોડી પડી.
- ✓ ૨૯મી ઓગસ્ટે સ્પર્ધા શરૂ થઈ અને ૨૦મી સપ્ટેમ્બરે પુરી થશે. એ દરમિયાન સ્પર્ધકો વિવિધ ૨૧ સ્ટેજમાંથી પસાર થઈને કુલ ૩૪૮૪.૨ કિલોમીટરનું અંતર કાપી નાખશે.
- ✓ આ વખતની સ્પર્ધામાં કુલ ૨૨ ટીમોએ ભાગ લીધો છે.
- ✓ દરેક ટીમમાં આઠ સાયકલિસ્ટ હોય છે, એ હિસાબે કુલ ૧૭૬ સાઈકલ સવારો પેડલ મારી રહ્યાં છે.
- ✓ કઠીન સ્પર્ધામાં વિજેતાને પાંચ લાખ યુરો ડોલરની રકમ મળશે, જ્યારે કુલ ઈનામો તો ૨૩ લાખ યુરો ડોલરના અપાશે.
- ✓ ૧૯૦૩માં શરૂ થયેલી સ્પર્ધા વચ્ચે વિશ્વયુદ્ધના કારણે કેટલાક વર્ષ બંધ રહી હતી. આ વખતની ઈવેન્ટ ૧૦૭મી સ્પર્ધા.
- ✓ આ સ્પર્ધામાં બાઈક તરીકે ઓળખાતી પાંચ હજારથી લઈને ૨૫ હજાર ડોલર સુધીની કિંમત ધરાવતી મોંઘામુલી સાઈકલો વાપરવામાં આવે છે.
- ✓ સૌથી લાંબી સાથે આ જગતની સૌથી લોકપ્રિય પૈકીની એક રમત છે.
- ✓ દુનિયાના પોણા બસ્સો કરતા વધારે દેશોમાં આ સાઈકલ સ્પર્ધા લાઈવ દર્શાવાય છે.

## ૫. જન્મ દિન વિશેષ : 18 સપ્ટેમ્બર

**ક્રાંતિવીર : મદનલાલ ઢીંગરા**

**જન્મ : 18 સપ્ટેમ્બર 1883 અવસાન : 17 ઓગસ્ટ 1909**

- ✓ ભારતીય આઝાદીના જંગની ક્રાંતિકારી વિચારધારાના સીમાસ્તંભ સમા મદનલાલ ઢીંગરાનો આજે જન્મદિન.



✓ <u>પંજાબના અમૃતસરમાં જન્મેલા મદનલાલનું</u> નામ અભ્યાસકાળ દરમિયાન લાહોર કોલેજમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે પોલીસના ચોપડે દર્જ થયું તરત જ બ્રિટિશભક્ત ડોક્ટર પિતાએ ઘરેથી કાઢી મૂક્યા.

✓ 1906માં આઈ.સી.એસ થવા ઇંગ્લેન્ડ ગયા પૈસાના અભાવે સ્ટીમરમાં મજૂરી કરી પૈસા ભેગા કરતા હતા.

✓ **<u>શ્યામજીકૃષ્ણ વર્મા અને વી.ડી.સાવરકરના પ્રભાવમાં અભિનવ ભારત સંસ્થાના સભ્ય બન્યા.</u>**

✓ ઢીંગરાનું ક્રાંતિકારી કામ લંડનની ઇન્ડિયા ઓફિસના મુખ્ય સલાહકાર અને ભારત સચિવના રાજકીય સલાહકાર કર્ઝન વાયલીની હત્યાના કિસ્સામાં છે.

✓ <u>1 જુલાઈ 1909ના રોજ વાયલીના મોઢાના ભાગ પર 4 ગોળીઓ ધરબી તેની હત્યા કરી નાંખી. પોતે પણ ગોળી છોડી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો પણ સફળ ન થયા અને પકડાઈ ગયા.</u>

✓ વાયલીની હત્યાથી આખા બ્રિટનમાં હાહાકાર મચી ગયો. અહીં દેશમાં પિતાએ પણ ઢીંગરા સાથેનો સંબંધ તોડી નાંખ્યો.

✓ કોર્ટમાં તેમણે કહ્યું કે, અંગ્રેજોને અમારા દેશ પર રાજ કરવાનો કોઈ અધિકાર નથી, દેશભક્તિથી પ્રેરાઈ મેં આ હત્યા કરી છે.

✓ <u>17 ઓગસ્ટ 1909ના રોજ મદનલાલ ઢીંગરાને ફાંસી અપાઈ હતી.</u>

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૯-૨૦૨૦)

1. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારતમાં રાષ્ટ્રીય સુરક્ષા ડેટા ધરાવતા ક્યા નેટવર્ક પર સાયબર એટેક થયો હતો – **<u>NIC</u>**
2. NICનું વિસ્તૃત નામ જણાવો – **<u>નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર</u>**
3. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારતમાં NIC નેટવર્ક પર થયેલા સાયબર એટેકમાં કેટલા કોમ્પ્યૂટર્સ હેક કરાયા - **<u>૧૦૦થી વધુ કમ્પ્યૂટર</u>**
4. હેકરોએ કઈ રીતે NICના કોમ્પ્યુટરોમાંથી માહિતી- ડેટાની ચોરી કરી હતી – **<u>હેકર્સે NICને એક ઇ-મેલ મોકલ્યો, આ ઇ-મેલ સાથેની એટેચમેન્ટ પર ક્લિક કરતાં કોમ્પ્યુટરોમાં રહેલા ડેટા ચોરાયા હતા</u>**
5. NICની કામગીરી જણાવો - **<u>દેશમાં અત્યંત મહત્વના સાઇબર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણીનું કામ</u>**
6. સરકાર માટે ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી તથા સિક્યુરિટીની જવાબદારી કોણ સંભાળે છે - **<u>NIC</u>**
7. તા.19મી સપ્ટેમ્બરથી IPL-2020 લીગની કેટલામી સિઝનનો પ્રારંભ થયો - **<u>13મી સીઝન</u>**
8. IPL-2020 લીગની 13મી સીઝનનું આયોજન કયા સ્થળે કરાયું - **<u>UAE</u>**
9. IPLની 12મી સિઝનની વિજેતા ટીમનું નામ જણાવો - **<u>મુંબઇ ઇન્ડિયન્સ</u>**
10. IPL-2020 લીગની 13મી સીઝનમાં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો – **<u>આઠ</u>**
11. IPL-2020 લીગની 13મી સીઝનમાં ભાગ લેનારી આઠ ટીમ તથા ટીમના કેપ્ટનનું નામ જણાવો – **<u>(૧) કોલકાતા : દિનેશ કાર્તિક (૨) દિલ્હી : શ્રેયસ ઐયર (3) બેંગ્લોર : કોહલી (૪) ચેન્નઈ : ધોની (૫) મુંબઈ : રોહિત શર્મા (૬) પંજાબ : કે. એલ. રાહુલ (૭) હૈદ્રાબાદ : વોર્નર (૮) રાજસ્થાન : સ્મિથ</u>**
12. તાજેતરમાં રૂ.516 કરોડના ખર્ચે તૈયાર થયેલ કોસી રેલ મહાસેતુનું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયા રાજ્યમાં ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું - **<u>જિલ્લો-સુપાલ, બિહાર</u>**
13. ભારતીય રેલવે દ્વારા કોસી રેલ મહા સેતુ કઈ નદી ઉપર તૈયાર કરવામાં આવ્યો છે - **<u>કોસી</u>**
14. તાજેતરમાં કેટલામી "ટૂર દી ફ્રાંસ" સાયકલ સ્પર્ધા યોજાઇ - **<u>107</u>**
15. વિશ્વની સૌથી લાંબામાં લાંબી સાયકલ સ્પર્ધા કયા નામે ઓળખાય છે - **<u>"ટૂર દી ફ્રાંસ"</u>**
16. "ટૂર દી ફ્રાંસ" સાયકલ સ્પર્ધામાં સ્પર્ધકોએ કેટલા કિલોમીટરનું અંતર કાપવાનું હોય છે - **<u>3484.02 કિલોમીટર</u>**
17. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધામાં ચાલુ વર્ષે કેટલી ટીમોએ ભાગ લીધો - **<u>22</u>**
18. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધામાં એક ટીમમાં કેટલા ખેલાડીઓ હોય છે - **<u>08</u>**
19. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધામાં અન્ય કયા નામે ઓળખાય છે - **<u>ફ્રાંસનો પ્રવાસ</u>**
20. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધાનો રૂટ જણાવો - **<u>ફ્રાન્સના દક્ષિણ છેડે આવેલા નાઈસ શહેરથી પેરિસ સુધી</u>**
21. "ટૂર દી ફ્રાંસ" સ્પર્ધા સૌપ્રથમ કયા વર્ષે શરૂ થઈ હતી – **<u>1903</u>**
22. ક્રાંતિવીર મદનલાલ ઢીંગરાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો - **<u>18 સપ્ટેમ્બર 1883 તથા અમૃતસર (પંજાબ)</u>**

23. મદનલાલ ઢીંગરા કોના પ્રભાવમાં અભિનવ ભારત સંસ્થાના સભ્ય બન્યા હતા - **શ્યામજીકૃષ્ણ વર્મા અને વી.ડી.સાવરકર**

24. મદનલાલ ઢીંગરા એ તા. 1 જુલાઈ 1909ના રોજ કોની ગોળીઓ મારી હત્યા કરી પોતે પણ ગોળી છોડી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો - **લંડનની ઇન્ડિયા ઓફિસના મુખ્ય સલાહકાર અને ભારત સચિવના રાજકીય સલાહકાર કર્ઝન વાયલી**

25. ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાને ક્યારે ફાંસી અપાઈ હતી - **17 ઓગસ્ટ 1909**

DATE : 19-09-2020

૧. INS વિરાટ : ભારતીય નેવીનું વિમાન વાહક યુદ્ધ જહાજ વિરાટની મુંબઈથી અંતિમ સફર (સંરક્ષણ)




- ઉપનામ : ગ્રાન્ડ ઓલ્ડ લેડી
- ગુજરાતના અલંગ બંદરે તેને ભાંગીને કાટમાળ વેચવામાં આવશે
- ખાસ : INS વિરાટે ભારતમાં ૩૦ વર્ષ સેવા આપી
- ગેટ વે ઓફ ઈન્ડિયા મુંબઈથી અંતિમ સફરનો પ્રારંભ

**INS વિરાટ વિશે**

- આઈએનએસ વિરાટ ભારતનું નહીં પણ વિશ્વનું સૌથી જૂનું યુદ્ધજહાજ છે. એટલે જ તે ગ્રાન્ડ ઓલ્ડ લેડી'ના હુલામણા નામે પણ ઓળખાય છે.
- આ વિશ્વનું એકમાત્ર યુદ્ધજહાજ છે, જેણે બ્રિટિશ અને ભારતીય નૌસેનામાં પણ સેવા આપી છે.
- સૌથી લાંબા સમય સુધી સેવા આપવા બદલ વિરાટનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયું છે.
- 18મી સપ્ટેમ્બર, 2020ના રોજ આઈએનએસ વિરાટ મુંબઈના ગેટ વે ઑફ ઈન્ડિયાથી ભાવનગરના અલંગ આવવા નીકળ્યું હતું. અલંગમાં આ ભવ્ય યુદ્ધજહાજને તોડવામાં આવશે.
- 2017 માં વિરાટને નિવૃત્ત કરાયા પછી એક નીલામીમાં ગુજરાતના ભાવનગર સ્થિત શ્રીરામ જૂથે રૂ. 38.54 કરોડમાં ખરીદી લીધું હતું.
- સેવા નિવૃત્ત માર્ચ-2017

૨. સિદ્ધિ : ગુજરાતનો શિવરાજપુર બીચ એશિયામાં બીજા નંબરનો બીચ તરીકે ભારત સરકાર દ્વારા પસંદગી-જાહેર (પ્રવાસન)

- ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા શિવરાજપુર કિનારે વૈશ્વિકકક્ષાનો બ્લૂ ફ્લેગ બીચ વિકસાવાશે
- સ્થાન : દ્વારકા

**વિગત :**

- હેતુ : પ્રવાસીઓ દરિયાઈ પ્રકૃત્તિનો આનંદ માણી શકશે

**પસંદગી :**

- સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા નજીક શિવરાજપુરના સમુદ્ર કિનારે વિશાળ અને આંતરરાષ્ટ્રીય કક્ષાનો બ્લૂ ફ્લેગ બીચ વિકસ્યો છે.
- ભારત સરકાર દ્વારા વર્લ્ડ બેંક પ્રાયોજિત ઇન્ટીગ્રેટેડ કોસ્ટલ-ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટ અન્વયે શીવરાજપુરના દરિયાની પસંદગી કરવામાં આવી છે.
- હાલ આ બીચ પર હજારોની સંખ્યામાં પર્યટકો મુલાકાતે આવી રહ્યા છે.
- વિશ્વમાં હાલ 75 જેટલા બીચ આવેલા છે. જ્યારે 76માં અને એશિયાના બીજા બીચ તરીકે દ્વારકાના શિવરાજપુર બીચની ભારત સરકાર દ્વારા પસંદગી કરવામાં આવી છે.
- જે બીચને એશિયાનો બીજા નંબરનો બીચ જાહેર કરવામાં આવ્યો છે

**સુવિધાઓ :**

- બીચમાં વિશાળ સમુદ્ર કિનારો સાથે સાથે મનભરીને બોટીંગ, સ્કુબા ડ્રાઇવિંગ, દરિયાના છીંછરા પાણીમાં સ્નાન, હોર્સ રાઇડીંગ, સેન્ડ રીક્ષા ડ્રાઇવીંગ જેવી સુવિધાઓ બીચ પર તૈયાર કરવામાં આવી
- બીચ પર ટોયલેટ, બાથરૂમ, જોગીંગ ટ્રેક અને ચેન્જિંગ રૂમ તેમજ ચિલ્ડ્રન પ્લે એરિયા વગેરે સહિતની સુવિધા વિકસાવવામાં આવી છે.

**બીચ ઓથોરિટી માન્ય માપદંડો :**

- વન અને પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલય દ્વારા દ્વારકાના શિવરાજપુરની પસંદગી કરવામાં આવી છે.

Ministry of Environment, Forest and Climate Change
Government of India

✓ બીચ ઓથોરિટી દ્વારા માન્ય કરાયેલા માપદંડો અનુસાર બ્લૂ ફ્લેગ બીચ એ આંતર રાષ્ટ્રિય સ્તરનું સર્ટિફિકેટ છે. જે સર્ટિફિકેટ લંડન સ્થિત ફાઉન્ડેશન ફોર ઇકોલોજીકલ એજ્યુકેશન દ્વારા આપવામાં આવે છે. જે શિવરાજપુરને અપાયું છે.

## 3. કોરોના મહામારીમાં બાળકોની સ્થિતિ અંગે વૈશ્વિક અહેવાલ (બાળ વિકાસ)

unicef Save the Children

**અહેવાલ વિશે :**

✓ અત્યારસુધીમાં વિશ્વમાં ૧૫ કરોડથી વધુ બાળકો ગરીબીમાં ધકેલાયા

**અસરો :**

✓ ભારતમાં સૌથી વધુ અસરો

✓ ગામડાઓમાં પેદા થયેલા ઉત્પાદનો બજાર સુધી પહોંચી શકતા નથી અને ગામડાઓમાં ખાદ્ય અને મેડિકલ સપ્લાય પહોંચી શકતા નથી.

✓ આ રિપોર્ટમાં આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે કોરોના વાઇરસના કારણે થયેલી ભોજનના સપ્લાયની કમીના કારણે એક વર્ષમાં એક લાખ વીસ હજાર બાળકોના મૃત્યુ નીપજી શકે છે.

✓ સંયુકત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર દર મહિને સાડા પાંચ લાખથી વધારે બાળકો કુપોષણના શિકાર બને છે.

✓ યુ.એન.ની ચાર એજન્સીઓએ ચેતવણી આપી છે કે વધી રહેલા કુપોષણના લાંબા ગાળાના પરિણામ ભારે નુકસાનકારક હોઈ શકે છે.

✓ વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર કોરોના સંકટની ખાદ્ય સુરક્ષા પરની અસરો વર્ષો સુધી દેખાવાની છે.

✓ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં ભારતમાં ભૂખમરો મોટી સમસ્યા છે.

✓ સરકારના વિકાસના દાવાઓ વચ્ચે દેશમાં ભૂખમરો સતત વધી રહ્યો છે અને ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન નીચું જઈ રહ્યું છે.

✓ સંસ્થા : યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રન

## ૪. દિન વિશેષ : 19 સપ્ટેમ્બર

## આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે

આગામી ઉજવણી ની તારીખો

DATES:
**21 September 2019**
19 September 2020
18 September 2021
17 September 2022
16 September 2023
21 September 2024
20 September 2025
19 September 2026
18 September 2027
16 September 2028
15 September 2029
21 September 2030

✓ દર વર્ષે સપ્ટેમ્બરનો ત્રીજો શનિવાર આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે તરીકે ઉજવાય છે

✓ હેતુ : દરિયાકાંઠાની સફાઈ

✓ સૌપ્રથમ પ્રારંભ : ૧૯૮૬થી

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૯-૨૦૨૦)

1. ભારતના સૌથી જૂના યુદ્ધજહાજ આઈએનએસ વિરાટને નિવૃત્ત કરીને તાજેતરમાં કયા બંદરે તેના વિસર્જન માટે લાવવામાં આવ્યું છે - **અલંગ, ભાવનગર**
2. INS વિરાટને કયા વર્ષમાં ભારતીય નેવીમાંથી નિવૃત્ત કરવામાં આવ્યું હતું - **માર્ચ 2017**
3. INS વિરાટે કેટલા વર્ષ સુધી નેવીમાં સેવા આપી છે - **30**
4. INS વિરાટનું ઉપનામ જણાવો - **ગ્રાન્ડ ઓલ્ડ લેડી**
5. INS વિરાટ મૂળ કયા દેશની બનાવટનું યુદ્ધ જહાજ છે - **બ્રિટન**
6. બ્રિટન અને ભારતીય નેવીમાં સેવાઓ આપી હોય તેવું વિશ્વનું એકમાત્ર યુદ્ધ જહાજ જણાવો - **INS વિરાટ**
7. આઈએનએસ વિરાટે અલંગ આવવા માટે તેની અંતિમ સફર ક્યાંથી શરૂ કરી - **ગેટવે ઓફ ઇન્ડિયા, મુંબઈ**
8. INSનું વિસ્તૃત નામ જણાવો - **indian naval ship**
9. ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે શહીદ થનાર વીર વિનોદ કિનારીવાલાનો જન્મદિવસ જણાવો - **19.09**
10. ભારત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતના કયા બીચને એશિયાના બીજા નંબરના બીચ તરીકે જાહેર કરવામાં આવ્યો છે - **શિવરાજપુર બીચ**
11. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા શિવરાજપુરને વૈશ્વિક કક્ષાએ કયા પ્રકારના બીચ તરીકે વિકસાવવામાં આવ્યો છે - **બ્લ્યૂ ફ્લેગ**
12. શિવરાજપુર બીચ કયા ઐતિહાસિક યાત્રાધામ નજીક આવેલો છે - **દ્વારકા**
13. ભારત સરકાર દ્વારા વર્લ્ડ બેંક પ્રાયોજિત કયા પ્રોજેક્ટ અંતર્ગત શિવરાજપુરના સમુદ્ર કિનારાની પસંદગી કરાઈ છે- ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ- **ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટ**

14. વિશ્વમાં હાલ મુખ્યત્વે કેટલા બીચ આવેલા છે જેમાં શિવરાજપુર બીચની કયા ક્રમે પસંદગી થઇ છે - <u>કુલ 75 અને 76</u>

15. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા શિવરાજપુર બીચની પસંદગી કરવામાં આવી છે - <u>વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ મંત્રાલય</u>

16. તાજેતરમાં કોરોના મહામારીમાં બાળકોની સ્થિતી અંગેના વૈશ્વિક અહેવાલમાં સપ્ટેમ્બર 2020 સુધીમાં કેટલા ટકા બાળકો ગરીબીનો ભોગ બન્યા છે - <u>15 કરોડથી વધુ</u>

17. તાજેતરમાં કોરોના મહામારીમાં બાળકોની સ્થિતી અંગેનો વૈશ્વિક અહેવાલ સપ્ટેમ્બર 2020માં કઈ બે વૈશ્વિક સંસ્થાઓ દ્વારા રજૂ કરાયો છે - <u>યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રન</u>

18. સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના સપ્ટેમ્બર 2020ના અહેવાલ મુજબ દર મહિને અંદાજે કેટલા બાળકો વિશ્વમાં કુપોષણનો ભોગ બને છે - <u>5.50 લાખ</u>

19. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ બચાવોના ભાગરૂપે કયા દિવસે "આંતરરાષ્ટ્રીય કૉસ્ટલ કિલનઅપ ડે" તરીકે ઉજવવામાં આવે છે - <u>સપ્ટેમ્બર મહિનાનો ત્રીજો શનિવાર</u>

20. સમગ્ર વિશ્વમાં પર્યાવરણ બચાવોના ભાગરૂપે આ વર્ષે 2020માં કયા દિવસે"આંતરરાષ્ટ્રીય કૉસ્ટલ કિલનઅપ ડે" તરીકે ઉજવવામાં આવે છે - <u>19 સપ્ટેમ્બર</u>

21. "આંતરરાષ્ટ્રીય કૉસ્ટલ કિલનઅપ ડે"તરીકે ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે કરવામાં આવ્યો હતો - <u>વર્ષ 1986</u>

22. "આંતરરાષ્ટ્રીય કૉસ્ટલ કિલનઅપ ડે"ની ઉજવણીમાં શું કાર્ય કરવામાં આવે છે - <u>વિવિધ એનજીઓ- લોકો દ્વારા દરિયા કિનારાની સફાઈ</u>

**DATE : 20-09-2020**

## <u>૧. ભારતીય સંસદ (કાયદો)</u>

✓ રાજયસભામાં કુલ ત્રણમાંથી બે કૃષિ ખરડા ધ્વનિમતથી પસાર : મંજૂરી માટે રાષ્ટ્રપતિને મોકલાયા




<u>રાજ્યસભામાં પસાર થયેલા બે ખરડા</u>

<u>૧. ફાર્મર્સ એન્ડ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ-૨૦૨૦</u>

<u>૨. ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રિમેન્ટ ઓન પ્રાઈસ એસ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ બિલ-૨૦૨૦</u>

<u>કૃષિ ખરડા :</u>

<u>(૧) ફાર્મર્સ એન્ડ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ-૨૦૨૦</u>

✓ કૃષિ ઉપજના ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ, સીધા ઓનલાઇન લે-વેચ માટેના ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મની પરવાનગી આપે છે

<u>મુખ્ય જોગવાઈઓ</u>

✓ આ બિલ હેઠળ સરકારની યોજના એક એવું તંત્ર વિકસાવવાની છે, <u>જ્યાં ખેડૂત તેની ઈચ્છા મુજબના સ્થળે તેનો પાક વેચી શકે, જેથી ખેડૂત તેના પાકનો સોદો માત્ર પોતાના જ નહીં અન્ય રાજ્યના વેપારીઓ સાથે પણ કરી શકે છે.</u>

✓ <u>હાલ ખેડૂતોને તેમની ઊપજ વેચવા માટે વધુ વિકલ્પો ઉપલબ્ધ નથી. ખેડૂતો તેમના વિસ્તારની એપીએમસીમાં અથવા રાજ્ય સરકારને જ પાક વેચી શકે છે.</u>

✓ ખેડૂતોની ચિંતા એ છે કે આ નીતિ લાગુ થયા પછી એપીએમસી વ્યવસ્થા ખતમ થઈ જશે.

✓ આ વ્યવસ્થા ખતમ થતાં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ એટલે કે એમએસપી નહીં મળે.

✓ જોકે, વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ જણાવ્યું છે કે એપીએમસી જળવાઈ રહેશે, તેના પર આ બિલની કોઈ અસર નહીં પડે.

<u>૨. ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રિમેન્ટ ઓન પ્રાઈસ એસ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ બિલ-૨૦૨૦</u>

✓ કોઇપણ કૃષિ ઊપજના ઉત્પાદન કે લણણી પહેલાં કૃષિ કરારની પરવાનગી, આ પ્રકારના કરારમાં ગેરંટેડ મૂલ્ય દર્શાવવાનું રહેશે

<u>મુખ્ય જોગવાઈઓ.</u>

- ✓ આ બિલ હેઠળ સરકારનો દાવો છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગને નેશનલ ફ્રેમવર્ક મળશે. તેનાથી ખેતી સંબંધિત બધું જોખમ માત્ર ખેડૂત નહીં, પરંતુ તેની સાથે કરાર કરનારી કંપની પર પણ રહેશે.
- ✓ બીજો મોટો લાભ ખેડૂતોને તેમના ઉત્પાદનના માર્કેટિંગ પર ખર્ચ નહીં કરવો પડે અને દલાલી ખતમ થશે.
- ✓ કૃષિ ક્ષેત્રની કંપનીઓ, હોલસેલર્સ, એક્સપોર્ટર્સ અને રીટલર્સ સાથે ખેડૂતો પોતે કરાર કરીને પરસ્પર ઉત્પાદનોના ભાવ નક્કી કરશે અને પાક વેચશે.
- ✓ ખેડૂતોને તેનાથી તેમના ઉત્પાદનોનું યોગ્ય મૂલ્ય મળશે.
- ✓ દેશમાં હજી પણ ખેતી એક અનિશ્ચિત પ્રોસેસ છે, તેમાં વરસાદ, બજારની અનુકૂળતા વગેરેની અસર થાય છે અને ખેતીનું સંપૂર્ણ જોખમ ખેડૂતોના માથે હોય.
- ✓ નવા બિલ અંગે ખેડૂતો અને વિપક્ષની ચિંતા એ છે કે વિવાદની સ્થિતિમાં ખેડૂતો કોર્પોરેટ સામે કેવી રીતે લડશે. તેમની પાસે સંશાધનો ઓછા પડશે.
- ✓ સરકારનું કહેવું છે કે એગ્રીમેન્ટ સપ્લાય, ક્વૉલિટી, ગ્રેડ, સ્ટાન્ડર્ડ્સ અને ભાવ સંબંધિત શરતો પર વિવાદનો ઉકેલ લાવી શકાશે.

**3. એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલ**

- ✓ આ બિલ 1955માં બનાવાયેલા આવશ્યક વસ્તુ કાયદાની જોગવાઈઓમાં ફેરફારની વ્યાખ્યા કરે છે.

**મુખ્ય જોગવાઈઓ.**

- ✓ સરકારે તેની જોગવાઈઓમાં અનાજ, કઠોળ, ખાદ્ય તેલ, ડુંગળી, બટાકા વગેરેને આવશ્યક વસ્તુની યાદીમાંથી હટાવી દીધા.
- ✓ સરકારનો તર્ક છે કે સામાન્ય સ્થિતિમાં સરકાર આ વસ્તુઓના સંગ્રહ અને વિતરણ પર તેનું નિયંત્રણ નહીં રાખે. તેના મારફત ફૂડ સપ્લાય ચેનને આધુનિક બનાવાશે તથા ભાવમાં સ્થિરતા રખાશે.
- ✓ સરકારનું કહેવું છે કે વર્તમાન વ્યવસ્થામાં આવશ્યક વસ્તુ કાયદાના કારણે કોલ્ડ સ્ટોરેજ, ગોદામો, પ્રોસેસિંગ અને એક્સપોર્ટમાં રોકાણ ઓછું હોવાથી ખેડૂતોને લાભ નથી મળતો. આથી, બમ્પર પાક થાય તો ખેડૂતોને નુકસાન થાય છે.
- ✓ નવા બિલ હેઠળ આ ખામીઓ દૂર થશે. જોકે, ખેડૂતો અને વિપક્ષની ચિંતા છે કે તેનાથી ભાવમાં અસ્થિરતા આવશે.
- ✓ ફૂડ સિક્યોરિટી સંપૂર્ણપણે ખતમ થઈ જશે. રાજ્યોને એ ખબર જ નહીં હોય કે રાજ્યમાં કઈ વસ્તુનો કેટલો સ્ટોક છે. તેથી આવશ્યક વસ્તુઓની કાળાબજારી વધશે.

**કૃષિ ખરડા અંગે PMનું નિવેદન :**

- ✓ લઘુતમ ટેકાના ભાવ(MSP)ની વ્યવસ્થા જારી રહેશે, સરકાર કૃષિ ઊપજની ખરીદી કરતી રહેશે : પીએમ મોદી
- ✓ કૃષિ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માટેના 3 માંથી બે કૃષિ ખરડા રાજ્યસભાએ પસાર કરી દીધા છે.
- ✓ ભારતના કૃષિ ક્ષેત્રને માળખાકીય અને ટેકનિકલ સુધારાની તાતી જરૂર હતી અને હવે આ બંને ખરડા પસાર થતાં ખેડૂતો અત્યાધુનિક ટેકનોલોજી પ્રાપ્ત કરીને પોતાની ઊપજમાં વધારો કરી શકશે.
- ✓ આપણા કૃષિ ક્ષેત્રને આધુનિક ટેકનોલોજી સાથે ઉદ્યમી ખેડૂતોને સહાય મળે તેની ખૂબ જરૂર હતી.
- ✓ હવે ખેડૂતો સરળતાથી આધુનિક ટેકનોલોજી પ્રાપ્ત કરીને તેમની ઊપજમાં વધારો કરી શકશે. કૃષિ ક્ષેત્રમાંથી દલાલો અને વચેટિયાઓની નાબૂદી અત્યંત જરૂરી હતી.
- ✓ ઘણા દાયકાઓથી વચેટિયા ખેડૂતોનું શોષણ કરી રહ્યાં હતાં. સંસદમાં પસાર કરાયેલા ખરડા ખેડૂતોને આ પ્રકારની ગુલામીમાંથી મુક્ત કરાવશે.
- ✓ ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસો વેગ આપીને તેમને સમૃદ્ધ બનાવશે.
- ✓ એમએસપીની વ્યવસ્થા ચાલુ જ રહેશે. સરકાર દ્વારા કૃષિ ઊપજની ખરીદી જારી રહેશે. અમે અહીં ખેડૂતોની સેવા માટે બેઠા છીએ. અમે ખેડૂતોની ભાવિ પેઢીને સારું જીવન સુનિશ્ચિત કરી રહ્યાં છીએ.
- ✓ કેન્દ્રિય કૃષિ મંત્રી : શ્રી નરેન્દ્ર તોમર
- ✓ MSP : મિનિમમ સપોર્ટ પ્રાઈઝ

## 2. કોરોના વોરીયર્સના સંતાનો માટે નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)

**નિર્ણય :**

- ✓ કોવિડ-19માં ફરજ બજાવતા મૃત્યુ પામેલા કર્મચારીઓના સંતાનોને MYSY યોજના હેઠળ પર્સન્ટાઈલ કે આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય લાભ અપાશે

**વિગત અને પ્રક્રિયા :**

- ✓ રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દર વર્ષે

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૫૦ ટકા જેટલી ફી માફીનો લાભ આપવામાં આવે છે.

- ✓ આ સહાય મેળવવા માટે જે તે વિભાગની કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગના નાયબ સચિવથી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ ઠરાવની જોગવાઈઓને શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧થી લાગુ કરવામાં આવશે.

**MYSY વિશે :**

- ✓ રાજ્યના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલો તેમજ ઉચ્ચ અભ્યાસ સુધી જઈ શકે અને સારી રીતે અભ્યાસ કરી શકે તેના માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વર્ષ-૨૦૧૫-૧૬થી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના લાગુ કરવામાં આવી.
- ✓ ચાલુ વર્ષે કોરોના મહામારીના કારણે રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને ઉંરૂ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
- ✓ અમલ : શૈક્ષણિક વર્ષ 2020-21થી
- ✓ MYSY : મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

## ૩.ભારતનો પહેલો સૂચિત વર્ટિકલ લિફ્ટ રેલ્વે બ્રિજ-રામેશ્વરમ (ભારતીય રેલવે)

- ✓ આગામી વર્ષ 2022 સુધીમાં તૈયાર થશે



**બ્રિજની વિશેષતા :**

- ✓ દેશનો પ્રથમ વર્ટિકલલિફ્ટિંગ રેલવે બ્રિજ બની રહ્યો છે. અંદાજે રૂ.250 કરોડના ખર્ચે બની રહેલા આ બ્રિજનો ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિલાન્યાસ કર્યો હતો. બ્રિજ 2 વર્ષમાં તૈયાર થઇ જશે.
- ✓ જૂનો પમ્બન બ્રિજ ભારતીય રેલવેએ 1914માં બનાવ્યો હતો, જે મુન્નારના અખાતમાં સ્થિત રામેશ્વરમને મેઇનલેન્ડ મંડપમ સાથે જોડતો હતો.
- ✓ 1988માં પમ્બન બ્રિજને સમાંતર રેલવે બ્રિજ બનાવાયો, જેથી લોકોને જવા- આવવામાં રાહત મળી.
- ✓ વર્ટિકલ બ્રિજ બનવાથી ટ્રેન પસાર ન થતી હોય ત્યારે બ્રિજને ઉપર કરીને નીચેથી જહાજો માટે રસ્તો કરી શકાશે.

- ✓ દેશના ૧૨ જ્યોર્તિલિંગમાંથી એક રામેશ્વરમ-તામિલનાડુ

## ૪. વઘરી બકરી : ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની વઘરી બકરીની ઓળખ કરાઈ (પશુપાલન)



- ✓ વિસ્તાર : જામનગર ગ્રામ્ય

**વિગત :**

- ✓ પાંચાલી ઘેટા, કાહમી બકરી બાદ ગુજરાતમાં વધુ એક દેશી ઓલાદની બકરીની ઓળખ થઇ.
- ✓ કચ્છની સહજીવન સંસ્થાએ જામનગર જિલ્લાના ગામડાઓમાં વઘરી બકરીની ઓળખ કરી.
- ✓ આ વઘરી બકરીને નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ પાસેથી માન્યતા મળે તે માટે પ્રયાસો શરૂ કરાયા.

**અત્યારસુધી ગુજરાતમાં માન્યતા પ્રાપ્ત પશુઓ**

- ✓ ગુજરાતમાં અત્યાર સુધી ખારાઇ ઉંટ, હાલારી ગધેડો, કાહમી બકરી, ડગરી ગાય સહિત અન્ય કેટલીક દેશી ઓલાદના પશુઓને નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસે માન્યતા આપી છે.
- ✓ શોધ કરનાર સંસ્થા : સહજીવન

**વઘરી બકરીની વિશેષતાઓ :**

- ✓ વઘરી બકરી રોજ દોઢ-બે લિટર દૂધ આપે છે
- ✓ વઘરી બકરીનું દૂધ ગુણવત્તાસભર છે. ઉંટાટીયુ રોગમાં અકસીર દવા સમાન છે.
- ✓ ડુંગરાળ પ્રદેશવઘરી બકરીનુ ચરિયાણ છે
- ✓ સફેદ ગરદન અને કાળા રંગનું શરીર વઘરી બકરીની આગવી ઓળખ છે
- ✓ વઘરી બકરી વર્ષમાં બે-ત્રણ વખત બચ્ચાને જન્મ આપે છે
- ✓ નર બકરાની કિંમત રૂ.૧૦-૧૨ હજાર સુધી બોલાય છે
- ✓ વઘરી બકરીની કિંમત રૂા.૭-૮ હજારની અંકાય છે
- ✓ અંદાજે ૧૨ હજારથી વધુ સંખ્યા
- ✓ બકરીની ગરદનનો ભાગ સફેદ હોય છે અને શરીરનો ભાગ કાળા રંગનો હોય છે એટલે બે નામ હોવાથી વઘરી નામ-ઓળખ
- ✓ ઉછેર : માલધારી પ્રજા-જામનગર

**રાષ્ટ્રીય માન્યતા માટે રજૂઆત**


- ✓ આ બકરીને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળે તે માટે રાજ્ય પશુપાલન વિભાગને એક દરખાસ્ત મોકલી અપાઇ છે.
- ✓ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી વધરી બકરીની પ્રજનન ક્ષમતા, દૂધ ઉત્પાદન, દેખાવ, શરીરની રચના સહિતની વિગતો સાથે પ્રોફાઇલ તૈયાર કરશે.
- ✓ આ પ્રોફાઇલ આધારે નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ વધરી બકરીને માન્યતા આપશે

**૫. જન્મ દિન વિશેષ : 20 સપ્ટેમ્બર**

**છાત્ર શક્તિ : વિનોદ કિનારીવાલા**

**જન્મ : 20 સપ્ટેમ્બર 1924 અવસાન : 9 ઓગસ્ટ 1942**

- ✓ 'તમારો આદર્શ વિનોદ જે શહીદ થઇ ગયો એ છે, એણે જે બહાદુરી અને હિંમત બતાવી દેશદાઝનો નમૂનો આપ્યો છે. તેણે તમારે સંગ્રહી રાખવાનો છે તેમાંથી જીવનના પાઠ શીખવાના છે.' આ વાત સરદાર વલ્લભભાઈ પટેલે વિનોદ કિનારીવાલાની શહીદી નિમિત્તે અમદાવાદના યુવાઓને કહી હતી.




- ✓ વિનોદ કિનારીવાલા એટલે 1942ના હિન્દ છોડો આંદોલનનો અમદાવાદ-ગુજરાતમાં પર્યાય.
- ✓ હિન્દ છોડો આંદોલનના પ્રતિસાદરૂપે અમદાવાદમાં સર એલ.એ. શાહ લો કોલેજમાં 2 હજાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ભવ્ય વિરોધ પ્રદર્શન યોજાયું, ભાષણો થયા, ધ્વજવંદન થયું અને 'ઇન્કલાબ ઝીન્દાબાદના નારા પણ પોકાર્યા.
- ✓ તેમાં અગ્રિમ પંક્તિમાં ઇન્ટર આર્ટ્સમાં ભણતા વિનોદ કિનારીવાલા હતા.
- ✓ ગાંધી-રવિશંકર મહારાજનો તેમના જીવન પર ઊંડો પ્રભાવ હતો, તો ચંદ્રશેખર આઝાદ જેમ કાંઈક કરી છૂટવાની તમન્ના પણ હતી.
- ✓ મિશન ચર્ચ પાસેથી જેવું વિરોધી સરઘસ નીકળ્યું કે યુવતીઓ પર લાઠીઓ વીંઝાઇ, બદલામાં પોલીસ પર પથ્થરમારો થયો અને નાસભાગ શરૂ થઇ.
- ✓ રાષ્ટ્રધ્વજ લઇ આગળ ધપતા વિનોદને બેયોનેટની અણી બતાવી ધ્વજ છોડી હટી જવા કહ્યું પણ વિનોદ મક્કમ રહ્યા એટલામાં અંગ્રેજ અધિકારીના ટોપા પર એક પથ્થર પડતા તેણે ગોળીબારનો હુકમ કરતાં પહેલો શિકાર વિનોદ કિનારીવાલા થયા હતા.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૯-૨૦૨૦)**

1. તાજેતરમાં રાજ્યસભામાં કયા ત્રણ કૃષિ ખરડા ધ્વનિ મતથી પસાર કરાયા – **(૧) ફાર્મર્સ એન્ડ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ-૨૦૨૦ (૨) ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રિમેન્ટ ઓન પ્રાઈસ એસ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ બિલ-૨૦૨૦ અને (3) એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલ**
2. તાજેતરમાં રાજ્યસભામાં પસાર કરાયેલ કૃષિ અંગેના ફાર્મર્સ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ ( પ્રમોશન એન્ડ ફેસિલિયેશન) બિલ 2020 ની મુખ્ય જોગવાઈઓ જણાવો - **કૃષિ ઉપજના ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ, સીધા ઓનલાઇન લે-વેચ માટેના ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મની પરવાનગી આપે છે**
3. તાજેતરમાં રાજ્યસભામાં પસાર કરાયેલ કૃષિ અંગેના ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ ફોટોપ્રોટેક્શન) એગ્રીમેન્ટ ઓન પ્રાઇસ એશ્યોરન્સ & ફાર્મ સર્વિસ બિલ 2020ની મુખ્ય જોગવાઈઓ જણાવો - **કોઇપણ કૃષિ ઊપજના ઉત્પાદન કે લણણી પહેલાં કૃષિ કરારની પરવાનગી, આ પ્રકારના કરારમાં ગેરંટેડ મૂલ્ય દર્શાવવાનું રહેશે**
4. કૃષિ બિલ એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલ કયા કાયદાની જોગવાઈની વ્યાખ્યા કરે છે - **1955માં બનાવાયેલા આવશ્યક વસ્તુ કાયદાની જોગવાઈઓમાં ફેરફારની વ્યાખ્યા**
5. કૃષિ બિલ એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) બિલની મુખ્ય જોગવાઈઓ જણાવો – **સરકારે તેની જોગવાઈઓમાં અનાજ, કઠોળ, ખાદ્ય તેલ, ડુંગળી, બટાકા વગેરેને આવશ્યક વસ્તુની યાદીમાંથી હટાવી દીધા**
6. ભારતના વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
7. MSPનું વિસ્તૃત નામ જણાવો -**મિનિમમ સપોર્ટ પ્રાઈઝ**
8. ગુજરાતમાં કોરોના ફરજ દરમિયાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના સંતાનોને કઈ યોજના અંતર્ગત કોઈપણ માપદંડ ધ્યાને લીધા સિવાય શૈક્ષણિક હેતુ માટે લાભ આપવામાં આવશે - **MYSY**
9. MYSYનું વિસ્તૃત નામ જણાવો - **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**

10. ગુજરાતમાં કોરોના ફરજ દરમિયાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના સંતાનોને MYSY અંતર્ગત શૈક્ષણિક હેતુ માટે લાભ કયા વર્ષથી આપવામાં આવશે - <u>વર્ષ 2020-21</u>

11. ગુજરાતમાં કોરોના ફરજ દરમિયાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના સંતાનોને MYSY અંતર્ગત શૈક્ષણિક હેતુ માટે કેટલા ટકા ફી માફીનો લાભ આપવામાં આવશે - <u>50 ટકા</u>

12. ભારતમાં સૌથી પહેલો સૂચિત વર્ટિકલ લિફ્ટ રેલવે બ્રિજ ક્યાં તૈયાર થઈ રહ્યો છે - **<u>રામેશ્વરમ</u>**

13. ભારતમાં સૌથી પહેલો સૂચિત વર્ટિકલ લિફ્ટ રેલવે બ્રિજ ક્યાં આગામી કયા વર્ષ સુધીમાં તૈયાર થઈ જશે - <u>વર્ષ 2022</u>

14. - ભારતના 12 જ્યોતિર્લિંગમાંનું એક રામેશ્વરમ કયા રાજ્યમાં આવેલું છે - <u>તમિલનાડુ</u>

15. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની કઈ બકરીની ઓળખ કરાઈ - **<u>વધરી બકરી</u>**

16. ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની વધરી બકરીની ઓળખ કરાઈ તે ક્યા વિસ્તારમાં જોવા મળે છે - **<u>જામનગર ગ્રામ્ય</u>**

17. ગુજરાતમાં નવી પ્રજાતિની દેશી ઓલાદની વધરી બકરીની ઓળખ કરાઈ તે પહેલા અન્ય કઈ બે ઘેટા-બકરીની દેશી ઓલાદની ઓળખ કરાઈ હતી - **<u>પાંચાલી ઘેટા તથા કાહમી બકરી</u>**

18. કઈ સંસ્થા દ્વારા જામનગર જિલ્લાના ગામડાઓમાં વધરી બકરીની ઓળખ કરાઈ- **<u>સહજીવન સંસ્થા(કચ્છ)</u>**

19. નવી ઓળખ કરાયેલી વધરી બકરીને કોની પાસેથી માન્યતા મળે તે માટે પ્રયાસો શરૂ કરાયા છે - **<u>નેશનલ બ્યુરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ</u>**

20. અત્યારસુધી ગુજરાતમાં માન્યતા પ્રાપ્ત પશુઓના નામ જણાવો - **<u>ખારાઇ ઉંટ, હાલારી ગધેડો, કાહમી બકરી, ડગરી ગાય</u>**

21. નવી ઓળખ કરાયેલી વધરી બકરીની વિશેષતાઓ જણાવો - **<u>સફેદ ગરદન અને કાળા રંગનું શરીર, રોજ દોઢ-બે લિટર દૂધ આપે છે</u>**

22. વધરી બકરીનું દૂધ કયા રોગમાં અકસીર દવા સમાન છે - **<u>ઉંટાટીયુ</u>**

23. વધરી નર બકરા-બકરીની કિંમત જણાવો – **<u>અનુક્રમે રૂ.૧૦-૧૨ હજાર તથા રૂ.૭-૮ હજાર</u>**

24. વધરી બકરીને રાષ્ટ્રીય માન્યતા માટે કઈ કૃષિ યુનિવર્સિટી તેની પ્રજનન ક્ષમતા, દૂધ ઉત્પાદન, દેખાવ, શરીરની રચના સહિતની વિગતો સાથે પ્રોફાઇલ તૈયાર કરી રહી છે - **<u>જૂનાગઢ</u>**

25. શહિદ વિનોદ કિનારીવાલાનો જન્મ દિવસ જણાવો - <u>20 સપ્ટેમ્બર 1924</u>

26. વિનોદ કિનારીવાલા કયા આંદોલનમાં શહિદ થયા હતા - <u>1942ના હિન્દ છોડો આંદોલન</u>

27. 1942ના હિન્દ છોડો આંદોલન વેળાએ ક્યારે વિનોદ કિનારીવાલા શહિદ થયા હતા – **<u>9 ઓગસ્ટ 1942</u>**

**DATE : 21-09-2020**

<u>૧. નિમણૂક : રાજય માહિતી કમિશનર તરીકે બે નિવૃત્ત અધિકારીઓની નિયુક્તિ</u>



✓ ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી અમૃતભાઈ પટેલ અને ડો. સુભાષચંદ્ર સોનીને રાજય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય તરીકે આજે રાજભવન ખાતે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

<u>૨. ભારત-માલ્દિવ્સ સંબંધો : બંને દેશ વચ્ચે પ્રથમ સીધી કાર્ગો ફેરી સર્વિસ શરૂ (વૈશ્વિક સંબંધો)</u>



✓ ભારતથી માલદિવ્સ જવા કોચીથી પ્રથમ કાર્ગો સેવાનો પ્રારંભ

<u>વિગત :</u>


✓ રાજ્ય કક્ષાના કેન્દ્રીય જહાજ મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી મનસુખ માંડવિયા અને માલ્દિવ્સના પરિવહન અને નાગરિક ઉડ્ડયન મંત્રી સુશ્રી ઐશાથ નહુલાએ ભારત અને માલ્દિવ્સ વચ્ચે સીધી કાર્ગો ફેરી સર્વિસનું ઉદ્ઘાટન સંયુક્તપણે કર્યું હતું.

- ✓ પોતાની પ્રથમ સફર દરમિયાન 200 ટીઇયુ અને 3000 એમટી બ્રેક બલ્ક કાર્ગોની ક્ષમતા ધરાવતું જહાજ તુતિકોરિનથી કોચીની સફર કરશે, જ્યાંથી જહાજ ઉત્તર માલદિવ્સમાં કુલ્હુધુફુશી પોર્ટ તરફ આગળ વધશે અને પછી માલે પોર્ટ પહોંચશે.
- ✓ આ ફેરી સર્વિસ શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા ઓપરેટ કરે છે, જે મહિનામાં બે વખત ચાલશે તેમજ ભારત અને માલ્દિવ્સ વચ્ચે ચીજવસ્તુઓના પરિવહનના આ વાજબી, પ્રત્યક્ષ અને વૈકલ્પિક માધ્યમો પ્રદાન કરશે.
- ✓ આ સર્વિસ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગત વર્ષે જૂન મહિના દરમિયાન માલ્દિવ્સની યાત્રા દરમિયાન વ્યક્ત કરેલી પ્રતિબદ્ધતા પૂર્ણ કરવાના પ્રતીક સમાન છે.
- ✓ ઉપરાંત વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે 13 ઓગસ્ટ, 2020ના રોજ એમની વર્ચ્યુઅલ બેઠક દરમિયાન પણ આ ફેરી સર્વિસની જાહેરાત કરી હતી.

## ૩. કેન્દ્ર સરકાર : છ રવિ પાકના ટેકાના લઘુત્તમ ભાવ(MSP)માં વધારો કરાયો (કૃષિ)

**કયા પાકનાં MSPમાં કેટલો વધારો**

| પાકનું નામ | MSP ક્વિન્ટલ દીઠ | પહેલા MSP ક્વિન્ટલ દીઠ | હવે તફાવત રૂ. ક્વિન્ટલ દીઠ |
|---|---|---|---|
| ઘઉં | ૧૯૨૫ | ૧૯૭૫ | ૫૦ |
| જવ | ૧૫૨૫ | ૧૬૦૦ | ૭૫ |
| સરસવ | ૪૪૨૫ | ૪૬૫૦ | ૨૨૫ |
| ચણા | ૪૮૭૫ | ૫૧૦૦ | ૨૨૫ |
| મસૂર | ૪૮૦૦ | ૫૧૦૦ | ૩૦૦ |
| કુસુમ/ સૂર્યમુખી | ૫૨૧૫ | ૫૩૨૭ | ૧૧૨ |




- ✓ કેન્દ્રીય કષિમંત્રી શ્રી નરેન્દ્ર તોમરે કહ્યું હતું કે, ૨૦૧૩-૧૪માં અનાજના MSP રૂ. ૧૩૧૦ હતા જે ૨૦૨૦-૨૧માં વધારીને રૂ. ૧૮૬૮ કરાયા છે આમ તેની MSP ૪૩ ટકા વધી છે.
- ✓ ઘઉંની MSP ૨૦૧૩-૧૪માં રૂ. ૧૪૦૦ હતી જે ૨૦૨૦-૨૧માં વધારીને રૂ. ૧૯૭૫ કરાઈ છે
- ✓ આમ તેની એમએસપી ૪૧ ટકા વધી છે. સરસવ અને રેપસીડની એમએસપી આ ગાળામાં ૫.૧ ટકા વધી છે.

**MSP નક્કી કરવાની પદ્ધતિ**

- ✓ સરકાર દ્વારા દર સિઝન પહેલા કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઈસિસની ભલામણને આધારે જરૂર મુજબ દરેક પાકનાં MSP નક્કી કરવામાં આવે છે.
- ✓ જો કોઈ પાકની બમ્પર ઊપજ થઈ હોય તો બજારમાં તેના ભાવ ઓછા મળે છે. આથી ખેડૂતોને નુકસાન ન થાય તે રીતે MSP નક્કી કરવામાં આવતા ખેડૂતો માટે તે બજારમાં નિશ્ચિત ભાવ મળવાની ખાતરી આપે છે.
- ✓ ખેડૂતો માટે તે ગેરંટેડ સમર્થન મૂલ્યનું કામ કરે છે. બજારમાં કોઈપણ પાકની કિંમતમાં વધઘટ થાય તો પણ તેને તેની ઉપજનાં ઓછામાં ઓછા ભાવ મળી રહે છે. જેને ટેકાના લઘુતમ ભાવ કહેવાય છે.

## ૪. બે ટ્રિલિયન ડોલરનું વૈશ્વિક મની લોન્ડરિંગ કૌભાંડ (આર્થિક)

- ✓ સમયગાળો : ૧૯૯૮ થી ૨૦૧૯
- ✓ અહેવાલ : ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટીગેટિવ જર્નાલિસ્ટે (ICIJ) (પત્રકારસંઘ)




**ટૂંકી વિગત**

- ✓ અહેવાલ મુજબ અગ્રણી યુરોપિયન બેંક્સના અધિકારીઓએ જાણી જોઈને કૌભાંડીઓના નાણાની હેરાફેરી થવા દીધી હતી.
- ✓ આવી બેંકમાં એચએસબીસી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ, જેપી મોર્ગન ચેસ, ડોઈશે બેંક તથા બેંક ઓફ ન્યૂયોર્ક મેલોનનો સમાવેશ થાય છે.
- ✓ સ્કેમ જાહેર થયા બાદ એચએસબીસી અને સ્ટાન્ડર્ડ બેંકના શેર્સ તેમના બે દાયકાના તળિયાં પર ટ્રેડ થયાં હતાં

**સ્કેમ વિશે :**

- ✓ વૈશ્વિક મનીલોન્ડરિંગ કૌભાંડનું કર ૨ ટ્રિલિયન ડોલર હોવાનો અંદાજ

**કૌભાંડનો સમય**

- ✓ ૧૯૯૮-૨૦૧૯ના સમયગાળામાં થયેલા ૨૧૦૦ એન્ટ્રીઝને બેંકોએ સસ્પિસિયસ એક્ટિવિટી રિપોર્ટ(એસએઆર) દર્શાવી

**કોણ-કોણ સંડોવાયું છે**


- ✓ ગેંગસ્ટર્સ, ડ્રગ માફિયા સહિતના ગુનેગારોના નાણા કેવાયસી વિના એક એકાઉન્ટમાંથી બીજા એકાઉન્ટમાં ટ્રાન્સફ થયાં છે

**સ્કેમ કેવી રીતે બહાર આવ્યું**

- ✓ ૨૦ વર્ષ દરમિયાન ટ્રાન્ઝેક્શન્સ હાથ ધરનાર બેંકોને જ પાછળથી લાગ્યું કે આ ટ્રાન્ઝેક્શન્સ શંકાસ્પદ હતાં અને તેમણે પોતે જ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરીના ક્રાઈમ એન્ફેર્મેન્ટ નેટવર્કને આ માહિતી સુપ્રદ કરી

## ૫. ગુજરાત સરકાર : ખરીફ પાકમાં નુક્સાનની વળતર પેટે રૂ. ૩૭૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર

- ✓ અંદાજે ૨૭ લાખ ખેડૂતોને લાભ




**પેકેજની વિગત :**

- ✓ ગુજરાતના વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખરીફ ઋતુમાં ભારે વરસાદથી થયેલા પાક નુકસાન અંગે 3700 કરોડનું સહાય પેકેજ જાહેર કર્યું હતું.
- ✓ આ સહાય રાજ્યના 20 જિલ્લાના 123 તાલુકાના 37 લાખ હેક્ટરને મળશે.
- ✓ આ સહાય પેકેજથી રાજ્યના 27 લાખ જેટલા ખેડૂત ખાતેદારોને ખાતાદીઠ સહાયનો લાભ મળશે.
- ✓ 1 ઓક્ટોબરથી પોર્ટલ ખુલ્લું મુકાશે

**પેકેજ એટ-એ ગ્લાન્સ :**

- ✓ મગફળી, કપાસ, ડાંગર, તલ, બાજરી, કઠોળ, શાકભાજી વગેરે પાકોમાં નુકસાન
- ✓ અરજી કરવાનો ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવશે
- ✓ રાજ્યના અન્ય તાલુકાઓમાં પાક નુકસાનીના આકલન આવશે તો રાજ્ય સરકાર એ અંગે પણ વિચારણા કરશે.
- ✓ આ સહાય મેળવવા ઓનલાઈન અરજી કરવાની રહેશે
- ✓ ખેડૂતોએ નજીકના ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી અરજી કરવાની રહેશે.
- ✓ અરજી અન્વયે મંજૂરી પ્રક્રિયાને અંતે સહાયની રકમ સીધી જ ખેડૂતના બેંક ખાતામાં ઓનલાઇનથી જમા કરવામાં આવશે
- ✓ દિવાળી સુધીમાં સમગ્ર પ્રક્રિયા પૂરી કરી દેવામાં આવશે

## ૬.સિદ્ધિ : નેવીના ઈતિહાસમાં પ્રથમવાર બે મહિલા પાયલોટ્સ હેલિકોપ્ટર ઉડાડશે (મહિલા સશક્તિકરણ)



- ✓ યુદ્ધજહાજ પરથી પહેલીવાર મહિલા હેલિકોપ્ટર ઉડાડશે
- ✓ નેવીના ઇતિહાસમાં પ્રથમવાર બે મહિલા અધિકારીને યુદ્ધ જહાજ પર તહેનાત કરાઈ.
- ✓ તેઓ હેલિકોપ્ટર સ્ટ્રીમમાં એરબોર્ન ટેકનિશિયન માટે પસંદ થઈ છે.
- ✓ <u>યુદ્ધ જહાજો ઉપર ઉડ્ડયનની કામગીરી સંભાળતા એરબોર્ન ટેક્નિશિયને-ઓબ્જર્વર્સ તરીકે ઓળખાય છે</u>
- ✓ <u>સબ લે. કુમુદિની ત્યાગી અને સબ લે. રીતિસિંહ દેશની પ્રથમ મહિલા એરબોર્ન ટેકનિશિયન હશે.</u>
- ✓ સ્થાન : કોચી-કેરળ

## ૭. સિદ્ધિ : ગુજરાતની FSU અને RSUને રાષ્ટ્રીયકક્ષાનો દરજ્જો (શિક્ષણ)

- ✓ ગાંધીનગર જિલ્લાના દહેગામ સ્થિત લવાડ ખાતે આવેલી રાજ્યની રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો અપાયો
- ✓ આ બંને યુનિવર્સિટીઓને રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી તરીકે અપગ્રેડ કરવાનું લોકસભામાં બીલ પસાર.
- ✓ આ સાથે જ બંને યુનિર્સિટીઓને ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ (રાષ્ટ્રીય મહત્વનું શૈક્ષણિક સંસ્થાન)નો પણ દરજ્જો અપાયો.
- ✓ આ સૂચિત કેન્દ્રિય યુનિવર્સિટીનું વડુ મથક ગાંધીનગર ખાતે રહેશે.
- ✓ વિવિધ કેન્દ્રીય સંસ્થાઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો અને વિદેશી સંસ્થાઓ પાસેથી રિસર્ચ અને કન્સલ્ટસિગ પ્રોજેક્ટ મેળવવામાં સરળતા રહેશે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા આ યુનિવર્સિટીને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે.
- ✓ <u>FSU: ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-ગાંધીનગર</u>

- ✓ RSU: રક્ષાશક્તિ યુનિવર્સિટી-લવાડ-ગાંધીનગર

## ૮. ૭૨મો એમી એવોર્ડ : USA (કલા-ફિલ્મ)

**ગુજરાત મૂળના આંદ્રિજ પારેખને બેસ્ટ ડિરેક્ટરનો એમી એવોર્ડ અપાયો**

- ✓ શ્રી પારેખ ડિરેક્ટર અને સીનેમેટો ગ્રાફર HBOની સિરીઝ સક્સેશનના ડિટેકેશન માટે એવોર્ડ

**એમી એવોર્ડ વિશે**

- ✓ એમી એવોર્ડ અમેરિકાની ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીનો સર્વોચ્ચ એવોર્ડ.
- ✓ આ વખતે એમી એવોર્ડ સમારોહ વર્ચ્યુઅલ ઓનલાઈન યોજાયો હતો.
- ✓ આ એવોર્ડ એચબીઓ ચેનલ પર આવતી સિરિઝ સકસેશન માટે અપાયો હતો.
- ✓ પારેખનો જન્મ : બોસ્ટન
- ✓ સમગ્ર કાર્યક્રમ ઓનલાઇન યોજાયો
- ✓ શ્રી પારેખના પિતા પ્રવીણ પારેખ ગુજરાતી જ્યારે માતા લેસીઆ યુક્રેનના વતની

## ૯. TRAI : ભારતમાં ઇન્ટરનેટ વપરાશકર્તાની સંખ્યા 74.31 કરોડ (સંચાર)

**TRAI અહેવાલ :**

- ✓ માર્ચ 2020 સુધીના આંકડા
- ✓ ભારતમાં માર્ચ-૨૦૨૦ના અંત સુધીમાં ઈન્ટરનેટ વપરાશ કરનારાઓની સંખ્યા ૭૪.૩૧ કરોડ નોંધાઈ હતી.
- ✓ એક વર્ષ પહેલા માર્ચ-૨૦૧૯માં દેશમાં નેટ વપરાશકારોની સંખ્યા ૭૧.૮૭ કરોડ હતી. એટલે વપરાશકારોમાં ૨.૪૪ કરોડનો વધારો થયો છે.
- ✓ ઈન્ટરનેટ વપરાશકારોમાં ૭૨.૦૨ કરોડ વાયરલેસ કનેક્શન જ્યારે સવા બે કરોડ જેટલા વપરાશકર્તાઓ વાયર સાથેનું ઈન્ટરનેટ કનેકશન ધરાવે છે.

**નેટ સેવા આપતી વિવિધ કંપનીઓ**

- ✓ ભારતમાં સૌથી વધુ ૫૨.૩ ટકા માર્કેટ શેર રિલાયન્સ જિયોનો છે. એ પછી ૨૩.૬ ટકા સાથે ભારતી એરટેલ અને ૧૮.૭ ટકા વપરાશકારો વોડાફોન-આઇડિયાના ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
- ✓ વાયર્ડ કનેક્શન વાપરનારા સવા બે કરોડમાંથી ૧.૧૨ કરોડ વપરાશકારો સાથે બીએસએનએલનો હિસ્સો ૫૦.૩ ટકા છે. એ પછી બીજા ક્રમે ભારતી એરટેલના ૨૪.૭ લાખ યુઝર્સ નોંધાયા છે.
- ✓ TRAI : ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા

## ૧૦. નિમણૂક : જાપાનના નવા વડાપ્રધાન તરીકે યોશિહિદે સુગાની નિયુક્તિ (વૈશ્વિક બાબતો)

- ✓ તારીખ: 16મી સપ્ટેમ્બર 2020 નવા વડાપ્રધાન તરીકે કાર્યરત



**ખાસ :**


શ્રી સુગા દ્વારા તે યુગને "રીવા"નામ અપાયું

- ✓ "રીવા" જાપાની શબ્દ તેનો અર્થ - સુંદર સદભાવ
- ✓ શ્રી સુગાનું હુલામણુ નામ "અંકલ રીવા"

## ૧૧. દિન વિશેષ : 21 સપ્ટેમ્બર

### (૧) વર્લ્ડ અલ્જાઇમર્સ ડે

**વિશ્વમાં દર વર્ષે 21 સપ્ટેમ્બરની વર્લ્ડ અલ્જાઈમર્સ ડે તરીકે ઉજવણી થાય છે**




**ઉદ્દેશ**

- ✓ અલ્જાઈમર અને ડિમેન્શિયા વિશે જાગૃતતા લાવવાનો.
- ✓ અલ્જાઈમર્સમાં મગજમાં થતી નર્વ સેલ્વ વચ્ચે થતું કનેક્શન નબળું પડી જાય છે. ધીમે ધીમે આ રોગ મગજના વિકારનું રૂપ લઈ લે છે અને યાદશક્તિને ખતમ કરી દે છે. વ્યક્તિ વિચારવાનું બંધ કરી દે છે.
- ✓ 1906માં ડો. એલોઈસ અલ્જાઈમરે આ રોગ વિશે શોધ કરી હતી, આ જ કારણે આ રોગને તેમનું નામ આપવામાં આવ્યું હતું.
- ✓ તેમણે માનસિક રોગથી પીડિત એક મહિલાને મગજમાં કોષિકાઓમાં ફેરફાર થતો જોયો હતો. સ્ટડીમાં ખબર પડી કે જે લોકોને અલ્જાઈમર્સ થાય છે તેમને કાર્ડિયોવસ્કુલર રોગ પણ થાય છે.

### (૨) ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ :

21 સપ્ટેમ્બર

✓ થીમ-2020 : 'શેપિંગ પીસ ટુગેધર';

✓ આજે 1981માં UNએ ઇન્ટરનેશનલ ડે ઓફ પીસની શરૂઆત કરી

✓ 1981માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ઈન્ટરનેશનલ ડે ઓફ પીસની સ્થાપના કરી હતી.

✓ બે દાયકા પછી 2001માં મહાસભાએ સર્વસંમતિથી આ દિવસને 24 કલાક અહિંસા અને સીઝફાયરની સમયમર્યાદા તરીકે ઉજવણી કરવાનો નિર્ણય કર્યો.

હેતુ :

✓ યુનાઈટેડ નેશન્સ તમામ રાષ્ટ્ર અને લોકોને અહિંસાનું મહત્ત્વ જણાવવા માટે આ દિવસની ઉજવણી કરે છે. આ દિવસે શાંતિના આદર્શોને મજબૂતાઈ આપવામાં આવે છે.

✓ આ દિવસે મહાત્મા ગાંધીની અહિંસાની શીખને યાદ કરવાનો પણ દિવસ છે. UNનું કહેવું છે કે આ વર્ષે આપણે એકબીજાના દુશ્મન નહીં, પણ કોવિડ-19ના રૂપમાં આપણા એક દુશ્મનને જાહેર કરવાનો છે, જેણે આખી દુનિયાને હેરાન કરી નાખી છે.

(3) મણિપુરનો ભારતમાં વિલય-1949 21 સપ્ટેમ્બર

✓ 15 ઓગસ્ટ 1947ના રોજ બ્રિટિશરાજ ખતમ થયાના થોડાક દિવસ પહેલાં જ મણિપુરના રાજાએ 11 ઓગસ્ટે ભારતના શાસનનો સ્વીકાર કર્યો હતો, પરંતુ રાજ્યએ આંતરિક સંપ્રભુતા હાંસિલ કરી લીધી હતી.

✓ મણિપુર સ્ટેટ કોન્સ્ટિટ્યુશન એક્ટ 1947 લાગુ થયો, જેનાથી રાજ્યને પોતાનું અલગ બંધારણ મળ્યું. મણિપુરમાં ઘણા લોકો ભારતમાં વિલય ઈચ્છતા હતા. મણિપુર ઈન્ડિયા કોંગ્રેસ પણ બની. ભારત સરકારે અલગ બંધારણને માન્યતા ન આપી.

✓ છેલ્લે, મહારાજા પર દબાણ થયું અને તેમણે 21 સપ્ટેમ્બર 1949ના રોજ ભારત સરકાર સાથે મર્જર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરી લીધા. આ એગ્રીમેન્ટ 15 ઓક્ટોબરે લાગુ થયો હતો, ઘણાં વર્ષો સુધી કેન્દ્રનું સીધું શાસન અહીં રહ્યું, પણ 1972માં મણિપુરને ભારતમાં અલગ રાજ્યનો દરજ્જો મળ્યો હતો.

(૪) (RAW) નો સ્થાપના દિવસ

ભારતની આંતરરાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થા (રીસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ) (RAW) નો સ્થાપના દિવસ

✓ વડુમથક : દિલ્હી

૧૨. જન્મ દિન વિશેષ : 21 સપ્ટેમ્બર

લોકનેતા ઉચ્છંગરાય ઢેબર

**જન્મ – 21 સપ્ટેમ્બર-1895 અવસાન – 11 માર્ચ-1977**



✓ "કોઈ સુંદર પુસ્તક હું જોઉં અને તે હું ખરીદી ન શકું ત્યારે મને લાગે છે કે હું ગરીબ છું." આવા વિચારો ધરાવતા ઉચ્છંગરાય ઢેબરનો આજે જન્મદિવસ છે.

✓ જામનગરના ગંગાજળા ગામે જન્મેલા ઢેબરભાઈનું વતન ખંભાળિયા હતું.

✓ ઢેબરભાઈએ રાજકોટ મુંબઈમાં શિક્ષણ લઇ 1929માં રાજકોટમાં સ્વતંત્ર વકિલાત શરૂ કરી હતી.

✓ કાઠિયાવાડ ટાઈમ્સ સાથે પણ સંકળાયેલા હતા. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રભાવમાં 1936માં વકીલાત છોડી. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય થયા.

✓ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટે પારિવારિક બાબતો પરત્વે એટલું તો દુર્લક્ષ્ય સેવ્યું હતું કે જે કોઈ ગૃહસ્થાશ્રમી માટે ગુનો ગણાય તે કક્ષાનું હતું.

✓ આઝાદી પછી 15 ફેબ્રુઆરી 1948માં સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા

✓ ગરાસદારી અને બારખલી પ્રથા નાબૂદ કરી દાખલ થયેલી જમીન સુધારણાનો શ્રેય ઉચ્છંગરાય ઢેબરના ફાળે જાય છે.

✓ મુખ્યમંત્રી તરીકે તેમણે કહ્યું કે, મારા રાજ્યમાં ઘાસચારાની અભાવે ગાય માતાએ ઘાસને બદલે કાગળ ખાવા પડે તેને હું મારી વ્યવસ્થાની ખામી ગણું છું.

✓ અનુસૂચિત જનજાતિઓ માટે રચાયેલા પંચના અધ્યક્ષ તરીકે આદિવાસીઓની જમીન બિન આદિવાસીઓના હાથમાં જતી રોકવાનો કાયદો પણ કર્યો હતો.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતના નવા રાજ્ય માહિતી કમિશનર તરીકે કયા બે નિવૃત્ત અધિકારીઓની નિમણૂક કરાઈ - **શ્રી અમૃતભાઈ પટેલ અને શ્રી સુભાષચંદ્ર સોની**

2. રાજ્ય માહિતી કમિશનરને શપથ કોના દ્વારા લેવડાવવામાં આવે છે - **રાજ્યપાલશ્રી**
3. તાજેતરમાં વૈશ્વિક સંબંધોના ભાગરૂપે કયા બે દેશો વચ્ચે પ્રથમવાર સીધી કાર્ગો ફેરી સર્વિસનો પ્રારંભ થયો - **ભારત અને માલદીવ**
4. માલદીવ જવા માટે સૌપ્રથમ ભારતના કયા બંદરેથી જહાજ રવાના થયું - **કોચી**
5. ભારત અને માલદીવના કયા બે બંદરો વચ્ચે સૌપ્રથમ કાર્ગો ફેરી સર્વિસનો પ્રારંભ થયો - **કોચી અને કુલ્હુધુફુશી પોર્ટ**
6. ભારત અને માલદીવ વચ્ચે તાજેતરમાં શરૂ થયેલી કાર્ગો ફેરી સર્વિસ કોના દ્વારા ઓપરેટ કરવામાં આવશે- **શિપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા**
7. રાજ્યકક્ષાના કેન્દ્રીય જહાજ મંત્રીનું નામ જણાવો - **શ્રી મનસુખભાઈ માંડવીયા**
8. તાજેતરમાં સપ્ટેમ્બર 2020માં કેન્દ્ર સરકાર દ્વારા આગામી રવિ સીઝન માટે કયા કયા પાકના MSPમાં વધારો કર્યો - **ઘઉં, જવ, સરસવ, ચણા, મસૂર અને સૂર્યમુખી**
9. કેન્દ્ર સરકાર એમ એસ પી કોની ભલામણને આધારે નક્કી કરે છે - **કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઇસિસ**
10. તાજેતરમાં વૈશ્વિક ક્ષેત્રે બે ટ્રિલિયન ડોલરનું મની લોન્ડરિંગ કૌભાંડ કઈ સંસ્થા દ્વારા બહાર લાવવામાં આવ્યું છે - **ઇન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ**
11. તાજેતરમાં ગુજરાત સરકારે અતિવૃષ્ટિને કારણે ખરીફ પાકમાં નુકસાનીના વળતર પેટે કેટલા કરોડનું ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કર્યું છે - **રૂ.3,700 કરોડ**
12. તાજેતરમાં ગુજરાત સરકારે અતિવૃષ્ટિને કારણે ખરીફ પાકમાં નુકસાનીના વળતર પેટે જાહેર કરેલા પ્રથમ પેકેજમાં કેટલાક ખેડૂતોને લાભ મળશે - **27 લાખ**
13. તાજેતરમાં ભારતીય નેવીના ઇતિહાસમાં પ્રથમવાર કયા બે મહિલા પાયલટ યુદ્ધ જહાજ પરથી હેલિકોપ્ટર ઉડાડશે - **સબ.લે.કુમુદિની ત્યાગી અને સબ.લે. રીતિસિંહ**
14. તાજેતરમાં લોકસભા દ્વારા ગુજરાતની કઈ બે સંસ્થાઓને" રાષ્ટ્રીય કક્ષાનો" દરજ્જો અપાયો - **FSU અને RSU ગાંધીનગર**
15. FSUનું વિસ્તૃત નામ જણાવો - **ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી**
16. RSUનું વિસ્તૃત નામ જણાવો - **રક્ષાશક્તિ યુનિવર્સિટી- લવાડ**
17. સપ્ટેમ્બર-૨૦૨૦માં USA ખાતે કેટલામો એમી એવોર્ડનું આયોજન કરાયું હતુ - **૭૨**
18. સપ્ટેમ્બર-૨૦૨૦માં આયોજિત ૭૨માં એમી એવોર્ડમાં ગુજરાત મૂળના કયા વ્યક્તિને બેસ્ટ ડિરેકટરનો એવોર્ડ અપાયો - **આંદ્રિજ પારેખ**
19. ગુજરાત મૂળના ડિરેક્ટર-સીનેમેટૉગ્રાફર આંદ્રિજ પારેખને શાના માટે બેસ્ટ ડિરેકટરનો એમી એવોર્ડ અપાયો - **HBOની સિરીઝ સક્સેશનના ડિટેકેશન માટે**
20. અમેરિકાની ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીના સર્વોચ્ચ એવોર્ડનું નામ જણાવો - **એમી એવોર્ડ**
21. એમી એવોર્ડ-૨૦૨૦નો સમારોહ કઈ રીતે યોજાયો હતો - **વર્ચ્યુઅલ ઓનલાઈન**
22. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર માર્ચ 2020ની સ્થિતિએ ઈન્ટરનેટ વપરાશ કરનારાઓની સંખ્યા કેટલી નોંધાઈ હતી - **૭૪.૩૧ કરોડ**
23. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર ઈન્ટરનેટના વાયરલેસ કનેક્શન વપરાશકારોની કેટલી સંખ્યા નોંધાઈ હતી - **૭૨.૦૨ કરોડ**
24. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર વાયર સાથેનું ઈન્ટરનેટ કનેકશન વપરાશકારોની કેટલી સંખ્યા નોંધાઈ હતી - **સવા બે કરોડ**
25. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર વાયર્ડ કનેક્શન વાપરનારા સવા બે કરોડમાંથી ૧.૧૨ કરોડ વપરાશકારો સાથે પ્રથમ ક્રમે કઈ કપંની હતી – **બીએસએનએલ (૫૦.૩ ટકા હિસ્સો)**
26. TRAIના તાજેતરના અહેવાલ અનુસાર ભારતમાં સૌથી વધુ ૫૨.૩ ટકા માર્કેટ શેર કઈ કંપનીનો છે - **રિલાયન્સ જિયો**
27. TRAIનું વિસ્તૃત નામ જણાવો - **ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા**
28. તા.16મી સપ્ટેમ્બર 2020ના રોજ કોણે જાપાનના નવા વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો - **યોશિહિદે સુગા**
29. જાપાનના નવા વડાપ્રધાન શ્રી યોશિહિદે સુગાએ તે યુગને કયુ નામ આપ્યું - **"રીવા"**
30. જાપાની શબ્દ "રીવા"નો અર્થ જણાવો - **સુંદર સદભાવ**

31. જાપાનના નવા વડાપ્રધાન શ્રી યોશિહિદે સુગાનું હુલામણુ નામ જણાવો - **"અંકલ રીવા"**

32. વર્લ્ડ અલ્ઝાઇમર્સ ડે કયારે મનાવવામાં આવે છે - **21 સપ્ટેમ્બર**

33. પ્રતિ વર્ષ વર્લ્ડ અલ્ઝાઇમર્સ ડે ઉજવવા પાછળનો ઉદ્દેશ જણાવો–**અલ્ઝાઈમર-ડિમેન્શિયા વિશે જાગૃતતા લાવવા**

34. કયા વર્ષે ડો. એલોઈસ અલ્ઝાઈમરે અલ્ઝાઇમર્સ રોગ વિશે શોધ કરી હતી જેને લીધે આ રોગને તેમનું નામ આપવામાં આવ્યું હતું – **વર્ષ-1906**

35. ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ કયારે મનાવવામાં આવે છે - **21 સપ્ટેમ્બર**

36. ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ-2020ની થીમ જણાવો - **'શેપિંગ પીસ ટુગેધર'**

37. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ કયા વર્ષે ઇન્ટરનેશનલ ડે ઓફ પીસની સ્થાપના કરી હતી – **વર્ષ-1981**

38. કયા હેતુસર યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રતિ વર્ષે ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ દિવસની ઉજવણી કરવામાં આવે છે - **તમામ રાષ્ટ્ર અને લોકોને અહિંસાનું મહત્વ જણાવવા**

39. મણિપુરનો ભારતમાં વિલય ક્યારે થયો હતો - **21 સપ્ટેમ્બર 1949**

40. ક્યા વર્ષે મણિપુરને ભારતમાં અલગ રાજ્યનો દરજ્જો મળ્યો હતો – **વર્ષ-1972**

41. RAWનું વિસ્તૃત નામ જણાવો – **રીસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ**

42. RAWનો સ્થાપના દિવસ જણાવો - **21 સપ્ટેમ્બર**

43. ભારતની આંતરરાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થા (RAWનું વડુમથક ક્યાં આવેલું છે - **દિલ્હી**

44. લોકનેતા ઉચ્છંગરાય ઢેબરનો જન્મ દિવસ જણાવો – **21 સપ્ટેમ્બર-1895**

45. લોકનેતા ઉચ્છંગરાય ઢેબરનું જન્મસ્થળ-વતન જણાવો - **જામનગરના ગંગાજળા ગામે તથા ખંભાળિયા**

46. આઝાદી પછી ઉચ્છંગરાય ઢેબર કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા - **સૌરાષ્ટ્ર**

47. ઉચ્છંગરાય ઢેબર આઝાદી બાદ કયારે સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા - **15 ફેબ્રુઆરી 1948**

48. ગરાસદારી અને બારખલી પ્રથા નાબૂદ કરી દાખલ થયેલી જમીન સુધારણાનો શ્રેય કોના ફાળે જાય છે - **ઉચ્છંગરાય ઢેબર**

**DATE : 22-09-2020**

## ૧. ગુજરાત વિધાનસભા : શ્રમ અને રોજગાર અંતર્ગત ત્રણ સુધારા વિધેયક પસાર કરાયા (કાયદો)

**(૧) ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક :**

**નવી જોગવાઈ :**

- ✓ નવા સુધારા મુજબ ૩૦૦ કે તેથી વધુ કામદારો ધરાવતી સંસ્થાએ પૂર્વ પરવાનગી લેવાની જોગવાઈ કરાઈ છે.
- ✓ આવી સંસ્થામાં છટણી કે સંસ્થા બંધ કરવાના સમયે ત્રણ મહિનાના સરેરાશ પગાર જેટલી રકમ વળતર તરીકે મળશે.
- ✓ પહેલાં ૩ મહિનાની નોટિસ કે નોટિસ પગાર આપીને છૂટા કરી શકાતા હતા.
- ✓ જોકે હવે ફરજિયાત ત્રણ માસની નોટિસ આપવાની રહેશે, નોટિસ પગાર આપી છટણી કરી શકાશે નહિ, ૧૦૦થી ૩૦૦ કામદાર ધરાવતી સંસ્થા આ જોગવાઈ લાગુ પાડી શકશે.
- ✓ અગાઉ ૧૦૦ કે તેથી વધુ કામદાર ધરાવતી સંસ્થાએ લે ઓફ, છટણી તથા સંસ્થા બંધ કરતાં પહેલાં સરકારની મંજૂરી લેવી જરૂરી હતી.
- ✓ નોકરીમાંથી છૂટા કરવા, સંસ્થા બંધ કરતી સમયે સળંગ નોકરીના દરેક પૂરા થતાં વર્ષ અથવા તેના કોઈ ભાગ માટે ૧૫ દિવસનો સરેરાશ પગાર આપવાની જોગવાઈ હતી.
- ✓ ૧૦ વર્ષ કોઈએ કામ કર્યું હોય તો પ્રત્યેક વર્ષના ૧૫ દિવસ લેખે ૧૦ વર્ષના ૧૫૦ દિવસના સરેરાશ પગાર જેટલું વળતર મળે, તેમાં હવે સુધારો કરીને ૧૫ દિવસના સરેરાશ પગાર ઉપરાંત વળતરમાં વધારો કરીને છેલ્લા ત્રણ મહિનાના સરેરાશ પગાર જેટલી રકમ આપવાની જોગવાઈ.

**(૨) કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબુદી) ગુજરાત સુધારા વિધેયક**

**નવી જોગવાઈ :**

- ✓ હવે ૨૦ નહીં ૫૦ કામદાર હશે તો કોન્ટ્રેક્ટ જોગવાઈ લાગુ પડશે
- ✓ વિધાનસભામાં કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વિધેયક પસાર કરાયું છે, જે મુજબ હવે

૨૦ના બદલે ૫૦ કોન્ટ્રેક્ટ કામદાર ધરાવતા કોન્ટ્રાક્ટર્સને લાગુ પડશે, તેમના માટે લાયસન્સ, રજિસ્ટ્રેશનની જોગવાઈ કરાઈ છે, બાકીને રાહત મળશે

**(3) કારખાના અધિનિયમ(ગુજરાત સુધારા) :**

- ✓ કારખાનાધારો હવે ૧૦ને બદલે ૨૦ કામદારોએ લાગુ પડશે
- ✓ ગૃહમાં કારખાના અધિનિયમ (ગુજરાત સુધારા) પસાર કરાયું છે.
- ✓ આ સુધારાથી બેરોજગારી ઘટશે.
- ✓ અત્યારે ૧૦ કામદારોએ કારખાનાધારો લાગુ પડે છે, સુધારાના કારણે કારખાનાધારો ૨૦ શ્રમયોગીએ લાગુ પડશે.
- ✓ ૨૦ કામદારો વીજળીની મદદથી ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયા હોય અથવા તો ૪૦ કામદારો વીજળીની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયેલ હોય ત્યાં કારખાનાધારો લાગુ પડશે.

## ૨. UGC : નિર્ણય (શિક્ષણ)

**દેશભરની યુનિવર્સિટીઓમાં UG-PG કોર્સમાં તારીખ ૧લી નવેમ્બરથી નવું સત્ર શરૂ થશે**

- ✓ યુજીસી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના એકેડેમિક કેલેન્ડર જાહેર
- ✓ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સના ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રના હંગામી કેલેન્ડરને ફાઈનલ મંજૂરી આપી છે.
- ✓ કોરોનાના કારણે આ વર્ષે દેશભરની યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સત્ર ૧લી નવેમ્બરથી શરૂ થશે. એડમિશન ઓક્ટોબર અંત સુધીમાં પુરા કરવાના રહેશે.
- ✓ યુજીસીની ગાઈડલાઈન પ્રમાણે એડમિશન પ્રોસેસ તા.3૧-૧૦-૨૦૨૦ સુધીમાં પુરી કરવાની રહેશે. ફ્રેશ બેચ-ફર્સ્ટ સેમેસ્ટરના વિદ્યાર્થીઓના વર્ગનો આરંભ તા.૧-૧૧-૨૦ના રોજ થશે.
- ✓ પરીક્ષાની તૈયારી માટેની રજા તા.૧-૩-૨૦૨૧ થી તા.૭-૩-૨૦૨૧ સુધી રહેશે. પરીક્ષા તા.૮-૩-૨૦૨૧ થી તા.૨૬-૩-૨૦૨૧ સુધીમાં લેવાની રહેશે.
- ✓ સેમેસ્ટર બ્રેક તા.૨૭-૩-૨૧ થી તા.૪-૪-૨૧ સુધી રહેશે. ઈવન સેમેસ્ટરની શરૂઆત તા.૫-૪-૨૧થી થશે.
- ✓ પરીક્ષાની તૈયારી માટેની રજા તા.૧-૮-૨૧ થી તા.૮-૮-૨૧ સુધી રહેશે. પરીક્ષાનું સંચાલન તા.૯-૮-૨૧ થી તા.૨૧-૮-૨૧ સુધી થશે.
- ✓ તારીખ 30 નવેમ્બર સુધીમાં પ્રવેશ રદ થાય તો વિદ્યાર્થીઓને તમામ ફી પરત આપવાની રહેશે

## 3. કેન્દ્ર સરકાર : એસેન્સિયલ કોમોડિટી સુધારો ખરડો રાજ્યસભામાં ધ્વનિ મતથી પસાર (કાયદો)

- ✓ હવે કૃષિક્ષેત્રના તમામ ૩ ખરડાઓ પસાર

**કાયદામાં સુધારાની અસરો**

- ✓ રાજ્યસભામાં એસેન્શિયલ કોમોડિટી સુધારા ખરડો પસાર થતાં દાળ, કઠોળ, તેલીબિયાં, ખાદ્ય તેલ, ડુંગળી અને બટાકાને આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાંથી નાબૂદ.
- ✓ હવે તેને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી અપાશે. અગાઉ ૧૫મી સપ્ટેમ્બરે લોકસભામાં આ ખરડો પસાર કરાયો હતો.
- ✓ હવે આ ચીજવસ્તુઓના ઉત્પાદન, સંગ્રહ, હેરફેર અને પુરવઠા પરના નિયંત્રણો દૂર થતાં કૃષિ ક્ષેત્રમાંપ્રાઇવેટ સેક્ટર અને વિદેશી સીધા મૂડીરોકાણમાં વધારો થશે.
- ✓ આ ચીજવસ્તુઓના સંગ્રહ પર લદાયેલા નિયંત્રણોના કારણે કૃષિ ક્ષેત્રમાં માળખાકીય વિકાસમાં મૂડીરોકાણ મેળવવામાં અવરોધ સર્જાતો હતો.
- ✓ સાડા ૬ દાયકા જૂના કાયદામાં કરાયેલા સુધારા બાદ હવે સરકાર ફક્ત રાષ્ટ્રીય કુદરતી હોનારતો અને દુકાળ જેવી અસામાન્ય સ્થિતિમાં જ જથ્થાના સંગ્રહ પર મર્યાદા લાદશે.

**રાજ્યસભામાં પસાર કરાયેલા ૬ ખરડા**

1. એસેન્શિયલ કોમોડિટી (એમેન્ડમેન્ટ) બિલ
2. પાંચ નવા આઇઆઇઆઇટી સંસ્થાનોને રાષ્ટ્રીય મહત્વના જાહેર કરતો ખરડો
3. ધ કંપનીઝ (એમેન્ડમેન્ટ) બિલ
4. નેશનલ ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી બિલ
5. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી બિલ
6. બેન્કિંગ રેગ્યુલેશન એમેન્ડમેન્ટ બિલ

- ✓ ગ્રાહક બાબતોના રાજ્યમંત્રી ડી આર દાબારાવે

## ૪. UNની ૭૫મી એનિવર્સરી (વૈશ્વિક સંબંધો)

- ✓ જનરલ એસેમ્બલીની ઉચ્ચ કક્ષાની બેઠકનો વડાપ્રધાન મોદી દ્વારા ઈ-સંબોધન : વર્ષ-૧૯૪૫ના UNના માળખામાં ૨૧મી સદી મુજબ ફેરફાર જરૂરી
- ✓ ભારત ૧લી જાન્યુઆરી ૨૦૨૧થી UNSCમાં હંગામી સભ્ય તરીકે બે વર્ષ માટે ભૂમિકા ભજવશે

✓ ભારતનો હેતુ N.O.R.M.S. હાંસલ કરવાનો

✓ N.O.R.M.S. : ન્યુ ઓરિયેન્ટેશન ફોર અ રીફોમ્ડ મલ્ટિલેટરલ સિસ્ટમ

✓ ૧૦૦થી વધુ દેશના પ્રતિનિધિ જોડાયા

**૫. અવસાન : ૧૦ વાર માઉન્ટ એવરેસ્ટ સર કરનારા નેપાળના અંગ રિટા શેરપાનું ૭૨ વર્ષે નિધન**



✓ પર્વતારોહણની સિદ્ધિ : વર્ષ-૧૯૮૩થી ૧૯૯૬

✓ ઉપનામ : સ્નો લેપર્ડ

✓ ઓક્સિજન વિના પર્વતારોહણ કરનારા પર્વતારોહક

**૬. DRDO : સ્વદેશી લડાકુ ડ્રોન 'અભ્યાસ'નું સફળ પરિક્ષણ (સંરક્ષણ)**

✓ સ્થાન : બાલાસોર (ઓડિશા)




**ડ્રોનની વિશેષતા :**

✓ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા કરવામાં હાઈ સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટ-અભ્યાસના પરિક્ષણ પર વિભિન્ન રડારો અને ઈલેક્ટ્રો ઓપ્ટિક પ્રણાલીને સહારે નજર રાખવામાં આવી.


✓ તેમાં ફલાઈટ કન્ટ્રોલ કોમ્પ્યૂટર અને ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ પણ લગાવવામાં આવી હતી.

✓ અભ્યાસનું પરિક્ષણ પાંચ કિલોમીટરની ઊંચાઈ, ૦.૫ માક ઝડપ, ૩૦ મિનિટની સ્થિરતા અને ટુજી ટર્ન ક્ષમતા માટે કરવામાં આવ્યું હતું , જે સફળ રહ્યું હતુ.

**૭. ૨૫માં સૌર ચક્રનો પ્રારંભ (ખગોળ)**

**પ્રક્રિયા :**

✓ સૂર્યના નવા સૌર ચક્રની શરૂઆત થઇ ગઇ છે. સૌર ચક્ર માત્ર વૈજ્ઞાનિક જ નહીં. પરંતુ ધાર્મિક અને સામાજિક રીતે પણ લોકોમાં કુતુહલનો વિષય રહ્યું છે.



✓ દર ૧૧ વર્ષે સૌર ચક્ર બદલાય છે. જોકે ઘણી વખત સૌર ચક્ર ૧૪ વર્ષ સુધી પણ ચાલતું હોય છે.

✓ ગ્રહો નક્ષત્રોની અસર આમ તો જ્યોતિષશાસ્ત્રનો વિષય છે પરંતુ સૂરજની સૃષ્ટિ પર થતી અસરો વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

✓ ગત ઓકટોબરમાં સૂર્ય કલંક દેખાયા નહોતા ત્યારે વૈજ્ઞાનિકોને લાગ્યું કે હજુ ૨૪મુ સૌર ચક્ર લાંબુ ચાલશે. પરંતુ હવે નાસા અને ભારતના વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે કે સૌર ચક્ર બદલાઇ ગયું છે.

**સૌર ચક્ર એટલે શું ?**

✓ સુર્ય એવી રીતે ગતિ કરે છે કે જેના કારણે તેના ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં અદલાબદલી થયા કરે છે અને આ પ્રક્રિયામાં ૧૧ વર્ષનો સમય લાગે છે, સતત ચાલતી આ પ્રક્રિયાને સોલર સાઇકલ એટલે કે સૌરચક્ર કહે છે.

**૮. US : ટેકસેસ કિનારે બીટા વાવાઝોડુ ત્રાટક્યુ (કુદરતિ આપત્તિ)**

✓ પવનની ઝડપ ૭૨ કિ.મી. પ્રતિ કલાક

**૯. કાર ફ્રી ડે : ૨૨ સપ્ટેમ્બર**


**હેતુ :**

✓ વિશ્વ આખું આજે 22મી સપ્ટેમ્બરના કાર ફ્રી ડે ઉજવી રહ્યું છે, પ્રદૂષણ મુક્ત વાતાવરણ, ટ્રાફિક સમસ્યાનું સમાધાન, ઈંધણ બચત, સમય બચત અને આર્થિક બચત સાથોસાથ સૌથી મોટું આરોગ્યપ્રદ જીવન માટે કાર ફ્રી માહોલ જ નહિં પરંતુ સાયકલ વપરાશ સમયનો તકાદો છે.

✓ ગ્લોબલ વોર્મિંગનું સમાધાન ચોક્કસપણે સાયકલિંગ જ છે.

**૧૦. દિન વિશેષ : 22 સપ્ટેમ્બર**

**શરદ સંપાત (ખગોળ)**



✓ આજે દિવસ અને રાત બંનેના સમય એક સરખા રહેશે

✓ તા. 22-09-2020ના રોજ 12 કલાકનો દિવસ અને 12 કલાકની રાત્રિ

✓ ખગોળ શાસ્ત્રમાં આ ઘટનાને શરદ સંપાત તરીકે ઓળખાય છે

✓ તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ દિવસ અને રાત બંન્ને સરખા હશે.

✓ આજે દિવસ ૧૨ કલાકનો તેમજ રાત્રી પણ ૧૨ કલાકની જ રહેશે.

- ✓ ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્તના પરસ્પર છેદનને કારણે આ ખગોળિય ઘટના સર્જાય
- ✓ ખગોળ શાસ્ત્રમાં આ ઘટનાને શરદ સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ સૂર્યના ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વાર એકબીજાને છેદે છે. ત્યારબાદ દિવસ ક્રમશઃ ટૂંકો અને રાત ક્રમશ : લાંબી થતી જશે.
- ✓ ભારતમાં લોકોએ અગાઉ ગત ૨૧મી માર્ચે દિવસ અને રાત બંને સરખા હોવાનો અહેસાસ કર્યો હતો.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક મુજબ કેટલા કામદારો ધરાવતી કંપની બંધ કરતા પૂર્વે સરકારની મંજૂરી લેવાની રહેશે - 300 કે તેથી વધુ (અગાઉ 100 કે તેથી વધુ)
2. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા ગુજરાત કોન્ટ્રાક્ટ મજુર સુધારા વિધેયક મુજબ હવે 20ના બદલે કેટલા કામદાર હશે તેને લાગુ પડશે - 50
3. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલા કારખાના અધિનિયમ સુધારા મુજબ હવે 10ને બદલે કેટલા કામદારોએ આ કારખાના અધિનિયમ લાગુ પડશે - 20
4. તાજેતરમાં કોરોનાની પરિસ્થિતિમાં દેશભરની યુનિવર્સિટીઓમાં યુજીસીના નિર્ણય પ્રમાણે UG અને PG કોર્સમાં નવું સત્ર ક્યારથી શરૂ થશે - 1 નવેમ્બર 2020
5. તાજેતરમાં કૃષિ સુધારા માટેનો કયો ત્રીજો ખરડો રાજ્યસભામાં પસાર થયો - એસેન્સિયલ કોમોડિટી સુધારા ખરડો
6. એસેન્સિયલ કોમોડિટી સુધારા ખરડા અંતર્ગત કઈ ચીજવસ્તુઓને આવશ્યક વસ્તુઓની યાદીમાંથી બહાર કરાઈ - દાળ, કઠોળ, તેલીબિયા, ખાદ્યતેલ, ડુંગળી અને બટાકા
7. તાજેતરમાં ભારતના વડાપ્રધાને યુનાઇટેડ નેશન્સની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે યુએનની જનરલ એસેમ્બલીને સંબોધી હતી - 75
8. ભારત આગામી 1 જાન્યુઆરી 2021 થી કેટલા વર્ષ માટે UNSCના હંગામી સભ્ય તરીકે સેવા આપશે - 2 વર્ષ
9. UNSCનું વિસ્તૃત નામ જણાવો - યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ
10. વિશ્વમાં સૌથી વધુ 10 વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર કયા પર્વતારોહકનું તાજેતરમાં અવસાન થયું - અંગ રિટા શેરપા
11. પર્વતારોહક અંગ રિટા શેરપાનું વતન જણાવો - કાઠમંડુ, નેપાળ
12. પર્વતારોહક અંગ રિટા શેરપા કયા હુલામણા નામથી ઓળખાતા હતા - સ્નો લેપર્ડ
13. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા કયા સ્વદેશી લડાકુ ડ્રોનનું સફળ પરીક્ષણ કરાયું - "અભ્યાસ"
14. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા સ્વદેશી લડાકુ ડ્રોન "અભ્યાસ"નું સફળ પરીક્ષણ ક્યા કરાયું - બાલાસોર, ઓડિશા
15. ડીઆરડીઓનું વિસ્તૃત નામ જણાવો - ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન
16. તાજેતરમાં સૂર્યના નવા કેટલામાં સૌર ચક્રની શરૂઆત થઇ - ૨૫માં
17. કેટલા વર્ષે સૌર ચક્ર બદલાય છે – ૧૧ વર્ષ
18. સુર્ય એવી રીતે ગતિ કરે છે કે જેના કારણે તેના ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં અદલાબદલી થયા કરે છે અને આ પ્રક્રિયામાં ૧૧ વર્ષનો સમય લાગે છે, સતત ચાલતી આ પ્રક્રિયાને કયા નામે ઓળખવામાં આવે છે - સોલર સાઇકલ એટલે કે સૌરચક્ર
19. સપ્ટેમ્બર-૨૦૨૦માં USના ટેકસેસ કિનારે કયુ વાવાઝોડ ત્રાટક્યુ હતુ - બીટા
20. તાજેતરમાં USના ટેકસેસ કિનારે ત્રાટકેલા વાવાઝોડા દરમિયાન પવનની ઝડપ કેટલી હતી - ૭૨ કિ.મી. પ્રતિ કલાક
21. વિશ્વભરમાં કાર ફ્રી ડે ક્યારે ઉજવવામાં આવે છે - ૨૨ સપ્ટેમ્બર
22. ક્યા હેતુસર પ્રતિ વર્ષ ૨૨ સપ્ટેમ્બરે વિશ્વભરમાં કાર ફ્રી ડે ઉજવવામાં આવે છે - પ્રદૂષણ મુક્ત વાતાવરણ, ટ્રાફિક સમસ્યાનું સમાધાન, ઈંધણ બચત, સમય બચત અને આર્થિક બચત સાથોસાથ આરોગ્યપ્રદ જીવન
23. ખગોળ વિજ્ઞાન અનુસાર કયારે દિવસ અને રાત બંનેનો સમય એક સરખો હોય છે - 22 સપ્ટેમ્બર

24. દિવસ અને રાત બંનેના સમય એક સરખા હોય આ ઘટનાને ખગોળ શાસ્ત્રમાં ક્યા નામે ઓળખવામાં આવે છે - **શરદ સંપાત**

DATE : 23-09-2020

૧.ટાઇમ મેગેઝિન:USA (વ્યક્તિ વિશેષ)

**વર્ષ ૨૦૨૦ની ટાઇમ મેગેઝિનની ૧૦૦ સૌથી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી જાહર**




**ટાઈમની યાદીમાં કુલ પાંચ ભારતીયો સામેલ**

1. વડાપ્રધાન નરેન્દ્ર મોદી : રાજનેતા
2. આયુષ્યમાન ખુરાના : બોલિવૂડ અભિનેતા
3. બિલ્કિસ બાનો : શાહિનબાગ આંદોલનનો ચહેરો (૮૨ વર્ષ)
4. પ્રોફેસર રવીન્દ્ર ગુપ્તા : HIV - એઇડ્ઝ એક્ટિવિસ્ટ
5. સુંદર પિચાઇ : આલ્ફાબેટ અને ગૂગલના CEO (હાલમાં USA)

**આ યાદીમાં અન્ય વૈશ્વિક નેતાઓ**

- ✓ અમેરિકી પ્રમુખ : ડોનાલ્ડ ટ્રમ્પ
- ✓ ચીનના રાષ્ટ્રપતિ : શી જિનપિંગ
- ✓ જર્મન ચાન્સેલર : એન્જલા મર્કેલ
- ✓ અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના ડેમોક્રેટ ઉમેદવાર : જો બાઈડન
- ✓ કમલા હેરિસ : USA
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ટેડ્રોસ.
- ✓ અગાઉ ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૭માં પણ ટાઈમની યાદીમાં સ્થાન

૨. DRDO : લેઝર ગાઈડેડ ATGMનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)

વિગત :

- ✓ ડીઆરડીઓ દ્વારા લેસર એન્ટિ ગાઇડેડ મિસાઇલ (એટીજીએમ)નું સફળ પરીક્ષણ.
- ✓ એમબીટી અર્જુન ટેન્ક પરથી સાધવામાં આવેલા લેસર ગાઇડેડ એન્ટિ ટેન્ક ગાઇડેડ મિસાઇલે ટેસ્ટ ફાયર દરમિયાન ૩ કિ.મી.ના અંતરે આવેલા લક્ષ્યાંકને ભેદી નાખ્યું હતું.



- ✓ ભારત પહેલેથી જ નાગ જેવી ગાઇડેડ મિસાઇલ ધરાવે છે.
- ✓ ATGM : એન્ટી ગાઈડેડ મિસાઈલ

૩. નિર્ણય - કેન્દ્ર સરકાર : કોરોના સામે જંગ લડવા સ્ટેટ ડિઝાસ્ટર રીલીફ ફંડના ૫૦ ટકા ખર્ચ કરવા મંજૂરી (આરોગ્ય)

- ✓ અત્યાર સુધી મર્યાદા ૩૫ ટકા હતી

૪. વેબ્લે સ્કોટ રિવોલ્વર (સંરક્ષણ)

**બ્રિટનની પ્રસિદ્ધ શસ્ત્રો બનાવતી કંપની વેબ્લે એન્ડ સ્કોટ ઉત્તર પ્રદેશના હરદોઈમાં રિવોલ્વર બનાવશે**

- ✓ નવેમ્બર ૨૦૨૦થી સુરક્ષા દળો માટે મેડ ઈન હરદોઈ "વેબ્લે સ્કોટ રિવોલ્વર" ઉપલબ્ધ
- ✓ દેશમાં શસ્ત્રો નિર્માણ કરતી આ પ્રથમ વિદેશી કંપની હશે.
- ✓ કંપનીએ તેના માટે લખનઉની સ્યાલ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે કરાર કર્યો છે.
- ✓ હરદોઈના સંડલામાં કંપનીએ પોતાનો પ્લાન્ટ સ્થાપવાની તૈયાર કરી, નવેમ્બરથી ત્યાં ઉત્પાદન પણ શરૂ થઈ જશે.

૫. જન્મ દિન વિશેષ : 23 સપ્ટેમ્બર

જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહની ૧૨૫મી જન્મ જયંતિ



- ✓ જન્મ : તા. ૨૩/૦૯/૧૮૯૫
- ✓ અવસાન : ૨૬/૦૪/૧૯૬૧.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના સૌથી પ્રભાવશાળી કેટલા મહાનુભવોની યાદી જાહેર કરાઇ - **100**

2. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના વિશ્વના સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદીમાં કેટલા ભારતીયોનો સમાવેશ કરાયો છે - <u>05</u>
3. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના વિશ્વના સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદીમાં કયા કયા ભારતીયોનો સમાવેશ કરાયો - <u>૧. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨. બોલિવૂડ અભિનેતા આયુષ્યમાન ખુરાના ૩. શાહિનબાગ આંદોલનનો ચહેરો બિલ્કિસ બાનો ૪. HIV - એઇડ્ઝ એક્ટિવિસ્ટ પ્રોફેસર રવીન્દ્ર ગુપ્તા અને ૫. આલ્ફાબેટ અને ગૂગલના CEO સુંદર પિચાઇ</u>
4. તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ "ટાઈમ મેગેઝિન" દ્વારા વર્ષ 2020ના વિશ્વના સૌથી પ્રભાવશાળી મહાનુભવોની યાદી કયા કયા નેતાઓની પસંદગી કરાઈ છે - <u>અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, જર્મન ચાન્સેલર એન્જલા મર્કેલ, અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડન, કમલા હેરિસ, વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા ટેડ્રોસ</u>
5. વિશ્વપ્રસિદ્ધ ટાઈમ મેગેઝિન દ્વારા અગાઉ કયા કયા વર્ષે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને ટાઈમની યાદીમાં સ્થાન અપાયું છે - <u>2014, 2015 અને 2017</u>
6. વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેગેઝિન કયા દેશમાંથી પ્રસિદ્ધ થાય છે - <u>અમેરિકા</u>
7. તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા અર્જુન ટેન્ક ઉપરથી કયા મિસાઈલનું સફળ પરિક્ષણ કરાયું - <u>લેસર એન્ટી ગાઈડેડ મિસાઈલ</u>
8. તાજેતરમાં પરીક્ષણ કરાયેલા ATGM નું વિસ્તૃત નામ જણાવો - <u>એન્ટી ગાઈડેડ મિસાઈલ</u>
9. ATGMની રેન્જ જણાવો - <u>03 કિલોમીટર</u>
10. તાજેતરમાં કેન્દ્ર સરકારે કોરોના સંક્રમિત રાજ્યોને કોરોના સામે જંગ લડવા સ્ટેટ ડિઝાસ્ટર રીલીફ ફંડના કેટલા ટકા ખર્ચ કરવાની મંજુરી આપી–<u>50 (અગાઉ 35%)</u>
11. તાજેતરમાં બ્રિટનની કઈ સંસ્થાએ ભારતમાં રિવોલ્વર બનાવવા ભારતની કંપની સાથે સમજૂતી કરી છે - <u>વેબ્લે એન્ડ સ્કોટ</u>
12. વેબ્લે એન્ડ સ્કોટ કંપની ભારતમાં કયા શહેરમાં રિવોલ્વરનું ઉત્પાદન કરશે - <u>હરદોઇ, ઉત્તર પ્રદેશ</u>
13. આગામી સમયમાં ભારતમાં શસ્ત્રો નિર્માણ કરતી પ્રથમ વિદેશી કંપની કઈ બનશે - <u>વેબ્લે એન્ડ સ્કોટ</u>
14. વેબ્લે એન્ડ સ્કોટ રિવોલ્વર કંપની કયા દેશની છે– <u>બ્રિટન</u>
15. વેબ્લે એન્ડ સ્કોટ ભારતમાં ક્યા સ્થળે રિવોલ્વર બનાવશે – <u>હરદોઈ (ઉત્તર પ્રદેશ)</u>
16. વેબ્લે એન્ડ સ્કોટ કંપનીએ ભારતમાં રિવોલ્વર બનાવવા માટે લખનઉની કઈ કંપની સાથે કરાર કર્યો છે - <u>સ્યાલ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ</u>
17. જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહનો જન્મ દિવસ જણાવો – <u>તા.૨૩/૦૯/૧૮૯૫</u>
18. તા. ૨૩મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહની કેટલામી જન્મ જયંતિ મનાવવામાં આવી - <u>૧૨૫</u>

**DATE : 24-09-2020**

<u>૧.ગુજરાત વિધાનસભા : નવો કાયદો ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ વિધેયક-૨૦૨૦</u>

**<u>લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ</u>**

**<u>લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓ</u>**

- ✓ <u>જમીન પચાવી પાડવાના કેસમાં જામીન પણ ન મળે એવી ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષ સુધી જેલની સખત સજા સાથે જમીનની જંત્રી જેટલો જ શિક્ષાત્મક દંડની જોગવાઈ</u>
- ✓ કાયદેસરના જમીન માલિકોના હિતોના રક્ષણ માટે સરકાર પ્રતિબધ્ધ
- ✓ ખાનગી, સરકારી, ધાર્મિક- સામાજિક ટ્રસ્ટ કે અન્ય કોઈપણ પ્રકારની જમીન અને તેની સાથે જોડાયેલી મકાન સહિતની મિલકતો પચાવી પાડવા, હડપ કરવા, અનઅધિકૃત બાંધકામ માટે નાણાકિય સહાય, રેકર્ડ સાથે ચેડા સહિતના કૃત્યોને આ કાયદા હેઠળ આવરી લેવાયા છે.
- ✓ <u>દરેક જિલ્લામાં કલેક્ટરની અધ્યક્ષતામાં સમિતિ બનશે.</u> જેની ભલામણને આધારે <u>નાયબ પોલીસ અધિક્ષક કે તેથી ઉતરતા ન હોય તેવા દરજ્જાના અધિકારીઓ તપાસ કરાવશે.</u>

- ✓ આવા કેસોમાં સામેલ સરકારી અધિકારી કે કંપની કે ટ્રસ્ટમાં સામેલ ડિરેક્ટર-ટ્રસ્ટી સામે કાર્યવાહી થશે.
- ✓ આ કાયદો હેઠળના કેસોમાં ૬ મહિનામાં જ ન્યાય મળે તે માટે ખાસ અદાલતો સ્થપાશે, જેમાં સરકારી વકીલ પણ નિયુક્ત થશે
- ✓ મહેસૂલ મંત્રી – શ્રી કૌશિકભાઈ પટેલ

## ૨. ગુજરાત વિધાનસભા-સુધારા વિધેયક

- ✓ ગુજરાત યુનિવર્સિટી કાયદા (સુધારા) વિધેયક પસાર

**નવી જોગવાઈ-સુધારા**

- ✓ રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટી હસ્તકની ૧૧ કોલેજો અને પોલિટેક્નિકો કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરાશે.
- ✓ રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટી હસ્તકની ચાર પશુ વિજ્ઞાન કોલેજો, બે ડેરી વિજ્ઞાન કોલેજો, બે મત્સ્ય વિજ્ઞાન કોલેજો અને પશુપાલનની ત્રણ પોલિટેક્નિક કોલેજો મળી કુલ ૧૧ કોલેજો કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરવામાં આવશે.

## ૩. નવીન પહેલ : ગુજરાત વિધાનસભા ગૃહ દ્વારા પ્રથમવાર શ્રેષ્ઠ MLAનો એવોર્ડ એનાયત (બંધારણ)

**વિજેતા MLA**

૧. વર્ષ-૨૦૧૯ માટે - શ્રી મોહનસિંહ રાઠવા (કોંગ્રેસ) કુલ-૯મી વખત MLA તરીકે ચૂંટાયા

૨. વર્ષ-૨૦૨૦ માટે- શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (BJP) કુલ-૫મી વખત MLA તરીકે ચૂંટાયા



- ✓ **એવોર્ડનું નામ : બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ**
- ✓ **ખાસ** : ટ્રોફી ૧.૫ કિલોની શુદ્ધ ચાંદીની વિધાનસભાની પ્રતિકૃતિ
- ✓ હવેથી દર વર્ષે આ એવોર્ડ એનાયત કરાશે
- ✓ જાહેરાત : ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી
- ✓ પસંદગી સમિતિના વડા : અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા

## ૪. ફિટ ઈન્ડિયા ઝુંબેશ : એક વર્ષ પૂર્ણ

**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા એક વર્ષ નિમિતે ખેલાડીઓ સાથે ઈ-સંવાદ**

- ✓ વડાપ્રધાન મોદીનો ફિટનેસ માટે નવો મંત્ર 'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ'

## ૫. વૈશ્વિક એવોર્ડ : સ્માર્ટ સિટીઝ એક્સલેટર અંતર્ગત સુરતને "શ્રેષ્ઠ રિઝિલિયન્સ"નો એવોર્ડ

**વિશેષ સિદ્ધિઓ** :

- ✓ વિવિધ કેટેગરીમાં વિશ્વના ૧૦ શહેરોમાંથી ભારતમાંથી માત્ર 'સુરત' શહેરની પસંદગી
- ✓ યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020માં સુરતને સ્માર્ટ સિટીઝ એક્સેલેટર અંતર્ગત શ્રેષ્ઠ 'રિઝિલિયન્સ' (સ્થિતિસ્થાપકતા)ની કેટેગરીમાં એવોર્ડ માટે પસંદગી કરાઈ.
- ✓ સ્માર્ટ સિટીઝ એક્સેલેટર અંતર્ગત 10 અલગ-અલગ કેટેગરીમાં (ક્ષેત્રે) પ્રગતિ કરનાર શહેરોને એવોર્ડ અપાશે, જેમાંથી સુરત પણ એક છે.
- ✓ કેટેગરી: સુરતને પર્યાવરણ ક્ષેત્રે રિઝિલિયન્સ એટલે કે 'સ્થિતિસ્થાપકતા' માટે એવોર્ડ.
- ✓ હાલ સુરત ભારતમાં સૌથી ઝડપથી વિકસી રહેલા શહેરોમાં સામેલ છે, જે રોકાણકારોને પાતાના તરફ આકર્ષી રહ્યું છે.
- ✓ જ્યાં સુધી પહોંચવા માટે તંત્રએ 7 મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી 20 લક્ષ્ય રાખ્યા છે. જેના માટે 63 એક્શન પ્લાન પણ બનાવાયા છે. જેને 2025 સુધીમાં પહોંચી વળવાની તૈયારી દર્શાવાઈ છે .

## ૬.DRDO:પરમાણુ મિસાઈલ 'પૃથ્વી-૨'નું સફળ પરીક્ષણ (સંરક્ષણ




- ✓ રેન્જ : ૩૦૦ કિ.મી.
- ✓ સ્થળ : બાલાસોર (ઓડિશા)

## ૭. દિન વિશેષ : 24 સપ્ટેમ્બર : વિશ્વ દરિયાઈ દિવસ

- ✓ થીમ-૨૦૨૦ : "Sustainable shipping for a sustainable planet"





- ✓ દરિયાઈ પરિવહને વિશ્વ વ્યાપારના ૮૦ ટકાથી વધુ લોકો અને સમગ્ર વિશ્વમાં સમુદાયમાં પરિવહન કરે છે.

✓ આ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર સંઘ 'ટકાઉ ગ્રહ માટે સસ્ટેનેબલ shioing' સ્લોગન સાથે ટકાઉ વિકાસ લક્ષ્યોની જાગૃતિ લાવવા, આંતર રાષ્ટ્રીય દરિયાઈ સંગઠન અને તેના સભ્યોની કામગીરી દર્શાવવા માટે ઉત્તમ તક પૂરી પાડનાર છે. આઈ.એમ.ઓ. નિયમનકારી માળખાના સમર્થન સાથે શિપિંગ ઉદ્યોગે આ ટકાઉ ભવિષ્ય તરફ સંક્રમણ શરૂ કર્યું છે.

## ૮. જન્મ દિન વિશેષ : 24 સપ્ટેમ્બર

## આઝાદીનું ગુલાબી સોણલું- મેડમ કામા

જન્મ – 24 સપ્ટેમ્બર-1861 અવસાન – 13 ઓગષ્ટ-1936




✓ <u>મેડમ કામાનું આખુ નામ : ભીખાઈજી રૂસ્તમજી કામા</u> અને <u>જન્મ મુંબઈના અત્યંત ધનાઢ્ય પારસી પરિવાર</u>માં થયો હતો.

✓ તેમના પિતા સોરાબજી ફરામજી પારસી કોમમાં વગદાર વ્યક્તિ હતા.

✓ 1885માં લગ્ન થયા પણ પછી વૈવાહિક જીવનમાં વ્યસ્ત રહેવાના સ્થાને સામાજિક-રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં આગળ વધ્યા જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.

✓ ચેપી રોગચાળો, દુષ્કાળો અને આર્થિક મંદીએ કામાને રાજનીતિના માર્ગે વાળ્યા.

✓ <u>1896માં મુંબઈ ઇલાકામાં ભયંકર પ્લેગ ફેલાયો ત્યારે જીવના જોખમે ભીખાઈજીએ અસરગ્રસ્તોની સેવા કરી હતી.</u> દરમિયાન ખુદ પ્લેગમાં સપડાયાં, વધુ સારી સારવાર માટે લંડન ગયા, જ્યાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કામા કરતા ભારતીયોના સંપર્કમાં આવ્યા.

✓ ઓગસ્ટ 1907માં સ્ટુટગાર્ડ(જર્મની)માં ભારતનો ત્રિરંગો લહેરાવવાનું સૌપ્રથમ શ્રેય માટે પણ મેડમ કામાનું સ્મરણ થાય છે.

✓ 1974ના પરમાણુ વિસ્ફોટના કર્ણધાર ડો. રાજા રમન્નાની પુણ્યતિથિ.

### <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૯-૨૦૨૦)</u>

1. તાજેતરમાં ગુજરાતમાં જમીન પચાવી પાડવા ઉપર પ્રતિબંધ મૂકતો કયો નવો કાયદો વિધાનસભામાં પસાર કરાયો - **<u>લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ</u>**
2. ગુજરાતમાં તાજેતરમાં પસાર કરાયેલા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત જમીન પચાવી પાડવાના કેસમાં ઓછામાં ઓછી અને વધુમાં વધુ કેટલી સજાની કરાઈ છે - **<u>10 વર્ષ અને 14 વર્ષ</u>**
3. ગુજરાતમાં તાજેતરમાં પસાર કરાયેલા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત જમીન પચાવી પાડવાના કેસમાં તપાસ માટે કોની અધ્યક્ષતામાં સમિતિ બનશે- **<u>જિલ્લા કલેક્ટરશ્રી</u>**
4. -ગુજરાતમાં તાજેતરમાં પસાર કરાયેલા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત જમીન પચાવી પાડવાના કેસમાં કેટલા મહિનામાં ન્યાય અપાશે- **<u>6 માસ</u>**
5. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ગુજરાત યુનિવર્સિટી કાયદા સુધારા વિધેયક પસાર કરાયું જેમાં સુધારા મુજબ કેટલી કૃષિ યુનિવર્સિટીઓ અને કોલેજોને કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરાશે - **<u>04 અને 11</u>**
6. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાત વિધાનસભા ગૃહ દ્વારા પ્રથમવાર કયો એવોર્ડ એનાયત કરાયો - **<u>બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ</u>**
7. ગુજરાત વિધાનસભા દ્વારા પ્રથમ(વર્ષ-૨૦૧૯નો) બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડથી કયા ધારાસભ્યને સન્માનિત કરાયા- **<u>મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુરના ધારાસભ્ય)</u>**
8. કોંગ્રેસના છોટા ઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવા કુલ કેટલામી વખત MLA તરીકે ચૂંટાયા – **<u>૯મી</u>**
9. ગુજરાત વિધાનસભા દ્વારા વર્ષ-૨૦૨૦નો બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડથી કયા ધારાસભ્યને સન્માનિત કરાયા - **<u>શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા</u>**
10. ગુજરાત વિધાનસભા દ્વારા બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ વિજેતાને કઈ ટ્રોફી આપી સન્માનિત કરાઈ છે - **<u>૧.૫ કિલોની શુદ્ધ ચાંદીની વિધાનસભાની પ્રતિકૃતિની ટ્રોફી</u>**
11. ગુજરાત વિધાનસભા દ્વારા બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ પસંદગી સમિતિના વડા કોણ હોય છે - **<u>અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા</u>**
12. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **<u>શ્રી રાજેન્દ્ર ત્રિવેદી</u>**
13. તાજેતરમાં ૨૫મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ કેન્દ્ર સરકારની કઈ ઝુંબેશનું એક વર્ષ પૂર્ણ થયું - **<u>ફિટ ઈન્ડિયા ઝુંબેશ</u>**

14. તાજેતરમાં ફિટ ઈન્ડિયા ઝુંબેશના એક વર્ષ નિમિત્તે વડાપ્રધાન શ્રી મોદીએ કયા વર્ગ સાથે ઈ-સંવાદ કર્યો હતો – **દેશના ખેલાડીઓ**

15. તાજેતરમાં ફિટ ઈન્ડિયા ઝુંબેશના એક વર્ષ નિમિત્તે વડાપ્રધાન શ્રી મોદીએ ફિટનેસ માટે કયો નવો મંત્ર આપ્યો હતો - **'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ'**

16. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020માં વિવિધ કેટેગરીમાં વિશ્વના ૧૦ શહેરોમાં ભારતમાંથી માત્ર કયા શહેરની પસંદગી થઈ હતી - **'સુરત'**

17. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020માં સ્માર્ટ સિટીઝ એક્સલેટર અંતર્ગત સુરતને કયો એવોર્ડ મળ્યો - **"શ્રેષ્ઠ રિઝિલિયન્સ" (સ્થિતિ સ્થાપકતા)**

18. યુનેસ્કો નેટેક્સપ્લો એવોર્ડ-2020 અંતર્ગત સુરતને કયા ક્ષેત્રે રિઝિલિયન્સ એટલે કે 'સ્થિતિસ્થાપકતા' માટે એવોર્ડ અપાયો - **પર્યાવરણ**

19. કયા વર્ષે સુરતમાં પૂર આવેલા પૂર બાદ ખરાબ સ્વચ્છતા માટે અપૂરતા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લીધે પ્લેગ ફેલાવાથી 50 જેટલા લોકોએ જીવ ગુમાવ્યા હતા - **વર્ષ 1994**

20. DRDO દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૦માં કઈ પરમાણુ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું - **'પૃથ્વી-૨'**

21. પરમાણુ મિસાઈલ 'પૃથ્વી-૨'ની રેન્જ કેટલી છે- **300 કિ.મી.**

22. DRDO દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૦માં પરમાણુ મિસાઈલ 'પૃથ્વી-૨'નું કયા સ્થળેથી સફળ પરીક્ષણ કરાયુ - **બાલાસોર (ઓડિશા)**

23. વિશ્વ દરિયાઈ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **24 સપ્ટેમ્બર**

24. વિશ્વ દરિયાઈ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Sustainable shipping for a sustainable planet"**

25. આંતર રાષ્ટ્રીય સ્તરે માલ પરિવહન-વાણિજ્ય સુવિધા માટે સૌથી વધુ કાર્યક્ષમ અને ઓછી ખર્ચાળ પરિવહન પધ્ધતિ કઈ છે - **શિપિંગ**

26. મેડમ કામાનું પુરૂ નામ જણાવો - મેડમ ભીખાઈજી રૂસ્તમજી કામા

27. મેડમ કામાનો જન્મ ક્યારે થયો હતો - **24 સપ્ટેમ્બર 1861**


28. ભીખાઈજી રૂસ્તમજી કામાનો જન્મ કયાં-ક્યા પરિવારમાં થયો હતો – **મુંબઈ તથા પારસી**

29. મેડમ કામાએ ક્યારે સ્ટ્ટગાર્ડમાં સૌપ્રથમ ભારતનો ત્રિરંગો લહેરાવ્યો હતો – **ઓગસ્ટ-1907**

30. વર્ષ 1974ના પરમાણુ વિસ્ફોટના કર્ણધાર વ્યક્તિનું નામ જણાવો - **ડો.રાજા રમન્ના**

**DATE : 25-09-2020**

**૧. ગુજરાત વિધાનસભા : કાયદો ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા-૨૦૨૦ સુધારા વિધેયક પસાર**




**સુધારાની જોગવાઈઓ :**

- ✓ રાજ્ય બહારની ફિશિંગ બોટો સામે સીમા ઉલ્લંઘન બદલ એક લાખના દંડની જોગવાઈ
- ✓ બોટમાં મળેલ મત્સ્ય પકડાશની હરાજી કરીને જે રકમ મળે તેની પાંચ ગણી રકમ વસૂલાશે.
- ✓ ફિશિંગ બોટો સામે સીમા ઉલ્લંઘન બદલ શિક્ષાત્મક સજાની સત્તા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને સોપાઈ.
- ✓ ગુનાના દંડ વસૂલવા સબ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને અપીલ તથા ફેર તપાસ માટે ન્યાય નિર્ણય અધિકારી તરીકે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને સત્તા અપાઈ.
- ✓ પાકિસ્તાન મેરિટાઈમ સિક્યુરિટી એજન્સી દ્વારા રાજ્યના માછીમારોના તથા તેમની બોટના અપહરણ અટકે તે માટે કડક પગલાં લેવાશે.
- ✓ રાષ્ટ્રીય દરિયાઈ સીમામાં માછીમારી કરતી બોટની સલામતી, સુરક્ષા માટે તપાસ જપ્તી માટે જરૂરી જોગવાઈ કરાઈ છે.
- ✓ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે તેથી ઉપરના અધિકારીઓને વિશેષ સત્તા સોંપાઈ છે.
- ✓ બોટો આંતરાષ્ટ્રીય સીમા ઓળંગે નહિ તે માટે જીપીએસ ખરીદી ૨૦ હજારની સહાય અપાશે.

**૨. બિહાર વિધાનસભા ચૂંટણી: કુલ-૨૪૩ બેઠક માટે ત્રણ તબક્કામાં મતદાન**

**ચૂંટણી કાર્યક્રમ :**

- ✓ ૨૮ ઓક્ટોબરના રોજ પહેલા તબક્કામાં ૧૬ જિલ્લાની ૭૧ બેઠકો

- ✓ ૩ નવેમ્બરના રોજ બીજા તબક્કામાં ૧૭ જિલ્લાની ૯૪ બેઠકો અને
- ✓ ૭ નવેમ્બરના રોજ ત્રીજા તબક્કામાં ૧૫ જિલ્લાની ૭૮ વિધાનસભા બેઠકો પર મતદાન યોજાશે.




**<u>કોરોનાના દર્દીઓને મતદાનની પરવાનગી</u>**

**<u>ચૂંટણી માટે કોરોના ગાઇડલાઇન</u>**

- ✓ ઉમેદવારો ઓનલાઇન ઉમેદવારી પત્રો ભરી શકશે
- ✓ સિક્યુરિટી ડિપોઝિટ ઓનલાઇન જમા કરાવી શકશે
- ✓ ગાઇડલાઇન પ્રમાણે પ્રચાર કરી શકાશે
- ✓ ડોર ટુ ડોર પ્રચારમાં ફક્ત પાંચ વ્યક્તિને પરવાનગી
- ✓ મતદાનનો સમય એક કલાક વધારી સવારના ૭ થી સાંજના ૬
- ✓ ૧ મતદાન મથકમાં મહત્તમ ૧૦૦૦ મતદાર રહેશે
- ✓ મતદારોએ ૬ ફૂટનું સોશિયલ ડિસ્ટન્સ જાળવવું પડશે
- ✓ મતદાન મથક ખાતે સાબુ, પાણી, હેન્ડ સેનિટાઇઝર ઉપલબ્ધ રહેશે
- ✓ કોરોના સંક્રમિત મતદાર મતદાનના છેલ્લા કલાકમાં મત આપી શકશે
- ✓ દરેક જિલ્લામાં કોરોના ગાઇડલાઇનના પાલન માટે નોડલ હેલ્થ અધિકારી નિમાશે
- ✓ જરૂરી હશે ત્યાં વિનંતીના આધારે પોસ્ટલ બેલેટની સુવિધા અપાશે
- ✓ ૭,૦૦,૦૦૦ હેન્ડ સેનિટાઇઝર - ૪૬,૦૦,૦૦૦ ફેસ માસ્ક
- ✓ ૬,૦૦,૦૦૦ પીપીઇ કિટ્સ - ૭,૨૦,૦૦,૦૦૦ હેન્ડ ગ્લોવ્ઝ
- ✓ ૬,૭૦,૦૦૦ ફેસ શિલ્ડ -૨૩,૦૦,૦૦૦ હેન્ડ ગ્લોવ્ઝની જોડી

## <u>3. અવસાન : હિન્દી અને તેલુગુ ફિલ્મોના પાર્શ્વ ગાયક એસ.પી.બાલા સુબ્રમણ્યમનું ૭૪ વર્ષે કોરોનાના કારણે નિધન</u>

- ✓ જન્મ : ૦૪-૦૬-૧૯૪૬ અવસાન : ૨૫-૦૯-૨૦૨૦
- ✓ ઉપનામ : બાલુ/એસ.પી. બાલુ

**<u>સંગીત ક્ષેત્રે પ્રદાન :</u>**

- ✓ ૧૬ ભાષામાં ૪૦,૦૦૦ ગીત ગાવાનો ગિનિઝ બૂક રેકોર્ડ
- ✓ એસ.પી.એ ૧૯૮૯માં બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના અવાજ તરીકે અનોખી ઓળખ સ્થાપી હતી. સલમાને પણ થોડા દિવસ પહેલાં જલદી સાજા થવાની શુભેચ્છા પાઠવી હતી.
- ✓ ૧૯૬૬માં તેમને એક તેલુગુ ફિલ્મમાં ગીત ગાઈને કરિયરની શરૂઆત કરી હતી.
- ✓ આ પછી સૂર અને સાજ સાથેની તેમની સંગત વણથંભી પુરપાટ દોડતી રહી હતી.
- ✓ ૮ ફેબ્રુઆરી ૧૯૮૧નાં રોજ સતત ૧૨ કલાકમાં તેમણે ૨૧ ગીત રેકોર્ડ કરીને નવો વિક્રમ સ્થાપ્યો હતો.

**<u>એએસપીબીના બોલિવૂડના પ્રખ્યાત ગીતો</u>**

- ✓ મેરે રંગ મેં રંગનેવાલી... મૈને પ્યાર કિયા
- ✓ દીદી તેરા દેવર દીવાના... હમ આપકે હૈ કોન
- ✓ તુમસે જો દેખતે હી પ્યાર હુઆ.... પથ્થર કે ફૂલ
- ✓ સાથીયા તુને ક્યા કિયા... લવ
- ✓ દેખા હૈ પહેલી બાર... સાજન
- ✓ રોજા જાનેમન... રોજા
- ✓ મેરે જીવન સાથી... એક દુજે કે લીએ
- ✓ તેરે મેરે બિચમે... એક દુજે કે લીએ
- ✓ યે હસી વાદિયા .. રોજા
- ✓ સચ મેરે યાર... સાગર

**<u>પદ્મશ્રી-પદ્મભૂષણ સહિત ૬ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા</u>**

- ✓ <u>૨૦૦૧માં તેમને પદ્મશ્રી અને ૨૦૧૧માં પદ્મભૂષણનાં નાગરિક સન્માન તેમજ ૬ વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.</u>
- ✓ <u>૧૯૮૧માં તેમણે હિન્દી ફિલ્મ એક દુજે કે લિયેમાં પહેલું ગીત ગાયું હતું. આ ફિલ્મનાં ગીતો માટે તેમને શ્રેષ્ઠ પાર્શ્વ ગાયકનો નેશનલ એવોર્ડ મળ્યો હતો.</u>
- ✓ મૈને પ્યાર કિયામાં તેમણે ગાયેલા ગીતો બ્લોક બસ્ટર રહ્યા હતા. જેમાં દિલ દીવાના... ગીત માટે તેમને ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.

## <u>૪. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીનું સમાપન</u>

<u>કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૬મી સપ્ટેમ્બરથી ગાંધી ફિલ્મોત્સવ આગામી ૨જી ઓક્ટોબર સુધી ચાલશે</u>



150 YEARS OF CELEBRATING THE MAHATMA

- ✓ બે વર્ષથી ચાલુ રહેલી ગાંધીજીની 150મી જયંતી સમારંભનું સમાપન 26 સપ્ટેમ્બરે.
- ✓ માહિતી અને પ્રસારણ મંત્રાલય 26 મીથી ગાંધી ફિલ્મોત્સવ શરૂ કરશે.
- ✓ આ ઓનલાઈન ફેસ્ટિવલ www.filmsdivision.org અને યુટ્યુબ પર 2 ઓક્ટોબર સુધી જોઈ શકાશે.
- ✓ આ દરમિયાન ધ ગ્રેટ સોલ્ટ માર્ચ, યુગ દેવતા જેવી ફિલ્મ જોવા મળશે.


## ૫. ખેલકૂદ : ફૂટબોલ ગોલકીપર ગુરુપ્રિતસિંહ સંધૂ અને મહિલા મિડ ફિલ્ડર સંજુને AIFF દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦નો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ

- ✓ AIFF : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન



## ૬. ગુજરાત પ્રવાસન વિભાગ : ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૦ એનાયત

**ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ પાંચ કેટેગરી માટે એવોર્ડ એનાયત**




**વિવિધ કેટેગરીમાં એવોર્ડ વિજેતા:**

- ✓ બેસ્ટ ફાઈવ સ્ટાર હોટલ: હયાત રિજન્સી, અમદાવાદ
- ✓ બેસ્ટ હેરિટેજ હોટેલ: હેરિટેજ ખીરસરા પેલેસ, રાજકોટ
- ✓ બેસ્ટ ઈન્બાઉન્ડ ટૂર ઓપરેટર: હર્ષ ટ્રાવેલ્સ, અમદાવાદ
- ✓ લીડિંગ ટૂરિઝમ ઈનિશ્યટિવ બાય અ ડીસ્ટ્રીક્ટ: ડીસ્ટ્રીક્ટ કલેક્ટર, નર્મદા
- ✓ સ્પેશલ કન્ટ્રીબ્યુશન ટુ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઇન્ડસ્ટ્રી: મહેન્દ્રસિંહ વાઘેલા
- ✓ મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રવાસન વિભાગ દ્વારા તૈયાર કરાયેલ "બનો સવાયા ગુજરાતી" કેમ્પેઈન
- ✓ ગુજરાત ટુરિઝમની નવી વેબ સાઇટ
- ✓ સ્ટેટ ઇન્સ્ટિટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ન્યુ આઇડેન્ટિટીનું ઇ-લોન્ચિંગ કરાયું
- ✓ ઇન્ડિયા ટુડે દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને આઈકોનીક લેન્ડસ્કેપ-ટુરિઝમ સર્વે એન્ડ એવોર્ડ ૨૦૨૦ એનાયત કરાયો

## ૭. દિન વિશેષ : 25 સપ્ટેમ્બર : વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે




## ૮. જન્મ દિન વિશેષ : 25 સપ્ટેમ્બર

### (૧) છોટે સરદાર : ચંદુલાલ દેસાઈ

જન્મ : 25 સપ્ટેમ્બર 1882 અવસાન : 1968

- ✓ 20માં સૈકાની શરૂમાં એક યુવાન ડોક્ટરીનું ભણી સાધુ થવા માંગતો હતો ગાંધીજીને મળ્યો ગાંધીજીએ કહ્યું "મેં તો ક્રોધને વશ કર્યો નથી તમારું કેમ છે? ભગવા પહેરવાની મારી લાયકાત નથી, તમારી?" આટલા સંવાદ પછી યુવાને સાધુ થવાનું માંડી વાળી ચિત્ત ભગવું રાખવાનું નક્કી કર્યું.
- ✓ આ યુવાન એટલે સ્વરાજ્ય યુગમાં "છોટે સરદાર" તરીકે જાણીતા થયેલા ચંદુલાલ દેસાઈ.
- ✓ ભરૂચ, મુંબઈમાં ભણી દંત વિજ્ઞાનના અભ્યાસ માટે બ્રિટન ગયા અને દંતવિજ્ઞાનીની પદવી મેળવી હતી.
- ✓ ભરૂચમાં તેમણે શરૂ કરેલું દવાખાનું દાંતના દવાખાના તરીકે પ્રસિદ્ધ થયું હતું.
- ✓ દેશ સેવામાં આવ્યા પછી પોતાની બધી મિલકતો વેચી સેવાશ્રમ ટ્રસ્ટ શરૂ કરી રેલ સંકટ, દુષ્કાળ, ભૂકંપ જેવી કુદરતી આપદાઓ વેળાએ લોકસેવા માટે તૈયાર રહેતા હતા.
- ✓ આઝાદીના આંદોલનમાં તેમણે નાગપુર ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ સમેત અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો, બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને અઢી વર્ષની સજા થઈ હતી.
- ✓ દાંડીકૂચ દરમિયાન તારીખ 26 માર્ચ 1930ના રોજ ગાંધીજી ભરૂચમાં ચંદુલાલ દેસાઈને ત્યાં રોકાણા હતા.
- ✓ ભરૂચથી 'વિકાસ' નામનું સામયિક શરૂ કર્યું હતું.
- ✓ ચંદુલાલ સ્પષ્ટ વક્તા અને કડક ટીકાકાર હોવાથી 1930માં તેમનું પ્રેસ પ્રતિબંધિત થયું હતું.

### (૨) પંડિત દીનદયાલ ઉપાધ્યાય



## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવેલ મત્સ્યોદ્યોગ કાયદા-2020 સુધારા વિધેયક મુજબ ગુજરાત બહારની ફિશીંગ બોટો સામે ઉલ્લંઘન બદલ કેટલા દંડની જોગવાઇ કરાઇ છે - **રૂ. 1 લાખ**
2. ગુજરાતની ફિશિંગ બોટ આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગે નહીં તે માટે જીપીએસની ખરીદી માટે કેટલી નાણાકીય સહાય આપવામાં આવશે - **રૂ. 20,000/-**
3. આગામી ઓક્ટોબરમાં બિહાર વિધાનસભામાં કુલ કેટલી બેઠકો માટે ત્રણ તબક્કામાં મતદાન યોજાશે- **243**
4. ભારતીય ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીમાં કોરોનાની પરિસ્થિતિ ધ્યાને રાખી કેટલા લોકોને ડોર ટુ ડોર પ્રચારની મંજૂરી અપાઇ છે - **5**
5. બિહાર વિધાનસભામાં મતદાનનો સમય કેટલો વધારવામાં આવ્યો છે - **1 કલાક**
6. તાજેતરમાં કોરોનાના કારણે 74 વર્ષે અવસાન પામનાર એસ પી બાલાસુબ્રમણ્યમ ક્ષેત્ર જણાવો - **હિન્દી અને તેલુગુ ફિલ્મોના પાર્શ્વગાયક**
7. એસ પી બાલાસુબ્રમણ્યમનો કેટલી ભાષામાં કેટલા ગીત ગાવાનો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે - **16 ભાષા અને 40,000 ગીત**
8. એસ પી બાલાસુબ્રમણ્યમને ભારત સરકાર દ્વારા કયા વર્ષે પદ્મશ્રી અને પદ્મભૂષણ નાગરિક સન્માન અપાયા હતા - **2001 અને 2011**
9. એસ પી બાલાસુબ્રમણ્યમને કેટલી વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે - **06**
10. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીની 150મી જન્મ જયંતિ ઉજવણીનું સમાપન નિમિત્તે ક્યાં સુધી ગાંધી ફિલ્મોત્સવનું આયોજન કર્યું છે - **તારીખ 26 સપ્ટેંબરથી બીજી ઓક્ટોબર 2020**
11. AIFF દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦નો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ કોને આપવામાં આવ્યો - **ફૂટબોલ ગોલકીપર ગુરુપ્રિતસિંહ સંધૂ અને મહિલા મિડ ફિલ્ડર સંજુ**
12. AIFFનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન**
13. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ આપવામાં આવે છે - **ગુજરાત પ્રવાસન વિભાગ**
14. ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૦ કયા સ્થળેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી એનાયત કરાયો – **ગાંધીનગર**
15. વિવિધ કેટેગરીમાં ગુજરાત ટ્રાવેલ્સ એન્ડ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૦ એવોર્ડ વિજેતાનું નામ જણાવો - **બેસ્ટ ફાઈવ સ્ટાર હોટલઃ હયાત રિજન્સી, અમદાવાદ, બેસ્ટ હેરિટેજ હોટેલઃ હેરિટેજ ખીરસરા પેલેસ, રાજકોટ, બેસ્ટ ઈન્બાઉન્ડ ટૂર ઓપરેટરઃ હર્ષ ટ્રાવેલ્સ, અમદાવાદ, લીડિંગ ટૂરિઝમ ઈનિશ્યટિવ બાય અ ડીસ્ટ્રીક્ટઃ ડીસ્ટ્રીક્ટ કલેક્ટર, નર્મદા, સ્પેશલ કન્ટ્રીબ્યુશન ટુ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઇન્ડસ્ટ્રીઃ મહેન્દ્રસિંહ વાઘેલા**
16. સપ્ટેમ્બર-૨૦૨૦માં ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા તૈયાર કયુ કેમ્પેઈન તૈયાર કરાયુ છે - **"બનો સવાયા ગુજરાતી"**
17. વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે કયારે મનાવવામાં આવે છે - **25 સપ્ટેમ્બર**
18. ચંદુલાલ દેસાઈનો જન્મદિવસ જણાવો - **25 સપ્ટેમ્બર 1882**
19. કોણ છોટે સરદાર તરીકે ઓળખાય છે- **ચંદુલાલ દેસાઈ**
20. પંડિત દીનદયાલ ઉપાધ્યાયનો જન્મદિવસ જણાવો - **25 સપ્ટેમ્બર 1916**

DATE : 26-09-2020

## ૧. સાત પગલા ખેડૂત કલ્યાણના (કૃષિ)

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કુલ ૭માંથી છેલ્લા ત્રણ પગલાનું ઈ-લોકાર્પણ**




**સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના અંતર્ગત**

- ✓ અગાઉ તારીખ ૧૦મી સપ્ટેમ્બરના રોજ બે તથા તારીખ ૧૭મી સપ્ટેમ્બર, વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિત્તે બે એમ કુલ ૪ પગલાંનું ઈ- લોકાર્પણ સંપન્ન

**5. સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ**

- ✓ સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને લાભ

- ✓ વાવણીથી લઈ કાપણી સુધીના સ્માર્ટ સાધનો
- ✓ ખેતી અને બાગાયતી પાકોમાં ઉપયોગી
- ✓ ઓછા સમયમાં વધુ કાર્યક્ષમતાથી કામગીરી
- ✓ વૈજ્ઞાનિક ઢબે કામગીરીથી ખેત ઉત્પાદનમાં વધારો
- ✓ ૯૦% સહાય, રૂ.૧૦,૦૦૦ની મર્યાદામાં
- ✓ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.ના માન્ય એગ્રો સેન્ટર ખાતેથી સહાયની રકમ બાદ કરી વિતરણ
- ✓ ૩.૨૨ કરોડની નાણાકીય જોગવાઈ

**6. કાંટાળી તારની વાડ માટેની યોજના**

- ✓ ખેડૂતોના મહામૂલ્ય પાકને રોઝ અને ભૂંડના ત્રાસથી બચાવવા માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય
- ✓ ક્લસ્ટર નિયમોમાં છૂટછાટ, ઓછામાં ઓછા ૫ હેક્ટર ક્લસ્ટર માટે લાભ
- ✓ તારની વાડ માટે પ્રતિ રનીંગ મીટર દીઠ રૂ.૨૦૦/- સહાય
- ✓ રૂ. ૨૦૦ કરોડની નાણાકીય જોગવાઈ

**7. ફળ, ફૂલ, શાકભાજીના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી**

- ✓ રોડ સાઈડ પર ખુલ્લી જગ્યામાં ફળ, ફૂલ, શાકભાજી તથા નાશવંત કૃષિ પેદાશો વેચનારા નાના વેચાણકારોને લાભ
- ✓ પાત્રતા ધરાવતા વેચાણકારોને કુટુંબદીઠ પુખ્ત વયની એક વ્યક્તિને વિનામૂલ્યે છત્રી
- ✓ ૬૫,૦૦૦ છૂટક વેચાણકારોને લાભ
- ✓ અરજી તા.૩૦-૦૯-૨૦૨૦ સુધી કરી શકાશે
- ✓ રૂ.૧૦ કરોડની નાણાકીય જોગવાઈ
- ✓ વેબસાઈટ:https://ikhedut.gujarat.gov.in
- ✓ વિભાગ : કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર

**૨. UNની ૭૫મી વાર્ષિક સામાન્ય સભા**




**ભારતના વડાપ્રધાન શ્રી મોદીના ઈ-સંબોધનના મહત્વના અંશો :**

- ✓ UNમાં ક્યાં સુધી ભારતને નિર્ણાયક માળખાઓથી દૂર રાખશો
- ✓ ભારતની ૧૩૦ કરોડની જનતા UNમાં સુધારા અને દેશની વિસ્તારિત ભૂમિકાની આશા રાખી રહી છે
- ✓ કોરોના સામેની લડાઈમાં UN ક્યાં છે ?
- ✓ આત્મનિર્ભર ભારતના વિઝન સાથે આગળ વધી રહ્યાં છીએ
- ✓ ભારત આતંકવાદ, હથિયારોની તસ્કરી, મની લોન્ડરિંગ, માદક દ્રવ્યો સામે લડતો રહેશે
- ✓ ભારત હંમેશાં સમગ્ર માનવજાતના હિત માટે વિચારે છે, નહીં કે પોતાના સ્વાર્થ માટે

**કોરોના રસી માટે તમામ ક્ષમતાનો ઉપયોગ કરીશું**

- ✓ ૯ મહિનાથી વિશ્વ કોરોના સામે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે આ લડાઇમાં સંયુક્ત રાષ્ટ્ર ક્યાં છે?
- ✓ સંયુક્ત રાષ્ટ્રનો એક પ્રભાવશાળી જવાબ ક્યાં છે?
- ✓ માનવજાતની મદદ માટે ભારતની વેક્સિન ઉત્પાદન અને ડિલિવરી ક્ષમતાઓનો ઉપયોગ કરી શકાશે.
- ✓ ભારતમાં અમે ત્રીજા તબક્કાની ટ્રાયલ તરફ આગળ વધી રહ્યાં છીએ.
- ✓ ડિલિવરી માટે કોલ્ડ ચેઇન અને સ્ટોરેજ ક્ષમતા વધારવામાં ભારત મદદ કરશે.

**માનવતાના દુશ્મનો સામે ભારત અવાજ ઉઠાવશે**

- ✓ ભારત આતંકવાદ સહિતના માનવતાના દુશ્મનો સામે અવાજ ઉઠાવતા ખચકાશે નહીં.
- ✓ વિકાસની યાત્રામાં ભારત વિશ્વના અનુભવો પરથી શીખવા અને પોતાના અનુભવ વિશ્વને વહેંચવા માગે છે.
- ✓ ભારત કોઇ એક દેશ સાથે મિત્રતા કરે છે તેનો અર્થ એ નથી કે તે અન્ય ત્રીજા દેશ સાથે દુશ્મની કરી રહ્યો છે.
- ✓ ભારત વિકાસ માટે ભાગીદારી કરે છે ત્યારે તેમાં અન્યને નિઃસહાય બનાવવાનો બદઇરાદો હોતો નથી.

**૩. શ્રી કૃષ્ણ જન્મભૂમિ : મથુરા (ધર્મ)**

- ✓ મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ પર શ્રીકૃષ્ણ વિરાજમાને અદાલતમાં દાવો રજૂ કર્યો

**દાવાની વિગત :**

- ✓ ભગવાન શ્રીકૃષ્ણ વિરાજમાને મથુરાની સિવિલ કોર્ટમાં અરજી દાખલ કરી શહેરમાં આવેલી ૧૩.૩૭ એકરની કૃષ્ણ જન્મભૂમિની જમીનની માલિકીનો દાવો કરી આ સ્થળે આવેલી શાહી ઇદગાહ મસ્જિદ હટાવવાની માગ કરી છે.
- ✓ અરજીમાં દાવો કરાયો છે કે મથુરામાં આવેલી કૃષ્ણ જન્મભૂમિની એક એક ઇંચ જમીન ભગવાન શ્રીકૃષ્ણના અનુયાયીઓ અને હિંદુ સમુદાય માટે પવિત્ર છે.
- ✓ ભગવાન શ્રીકૃષ્ણના નેક્સ્ટ ફ્રેન્ડ રંજના અગ્નિહોત્રી અને અન્ય ૬ ભક્તો વતી એડવોકેટ હરિશંકર જૈન અને વિષ્ણુ જૈને દાખલ કરેલા દીવાની દાવામાં કટરા કેશવ દેવ

ખેવટ, મૌજા મથુરા બજાર સિટી ખાતેના ભગવાન શ્રીકૃષ્ણ વિરાજમાનને વાદી ગણાવવામાં આવ્યા છે.

- ✓ દાવામાં ઉત્તરપ્રદેશ સુન્ની વકફ બોર્ડ, મથુરા ખાતેની શાહી ઇદગાહ મસ્જિદના ટ્રસ્ટ અને મેનેજમેન્ટ કમિટીને પ્રતિવાદી ગણાવવામાં આવ્યાં છે.

**દીવાની દાવામાં કરાયેલી માગ**

- ✓ શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘ અને શાહી ઇદગાહ ટ્રસ્ટ વચ્ચે ૧૯૬૮માં થયેલા સમાધાનને રદ કરાય
- ✓ શાહી મસ્જિદના ટ્રસ્ટે ત્યાં રહેતા મુસ્લિમોને ઉત્તર અને દક્ષિણની દીવાલની બહાર હટાવી દેવા જોઈએ
- ✓ શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંઘને માલિકી સાથે કોઈ લેવાદેવા નહીં હોય અને આ સંપત્તિ પ્રથમ વાદીને સોંપવામાં આવે
- ✓ કૃષ્ણ જન્મભૂમિ પર આવેલી શાહી ઇદગાહ મસ્જિદને હટાવી લેવામાં આવે

## ૪. ભારત-ઇઝરાયલ વચ્ચે નવી હાઇટેક વેપન્સ સિસ્ટમ માટે સમજૂતી કરાર (વૈશ્વિક સંબંધો)




- ✓ ભારતે સરહદની ચુસ્ત સુરક્ષા માટે ઇઝરાયેલ સાથે જ ખૂબ જ મહત્વનો સુરક્ષા કરાર કર્યો.
- ✓ નવી સમજૂતી મુજબ રક્ષા ઔદ્યોગિક સહયોગમાં મુખ્ય કામ ટેકનોલોજી ટ્રાન્સફરનું છે.

**મુખ્ય કાર્ય :**

- ✓ રક્ષા સાધનોના સંયુક્ત વિકાસ અને ઉત્પાદન, ટેકનોલોજી સુરક્ષા, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ, ઇનોવેશન અને ત્રીજા દેશોને સંયુક્ત નિકાસ સુનિશ્ચિત કરાશે.
- ✓ આગામી પાંચ વર્ષોમાં લગભગ પાંચ અબજ ડોલરના રક્ષા નિકાસનું લક્ષ્ય નક્કી કરાયું છે.

## ૫. ભારત-જાપાન વચ્ચે સંયુક્ત રીતે 5G અને 5G+ ટેકનોલોજી માટે સમજૂતી (વૈશ્વિક સંબંધો)

**વિગતો :**

**5G અને 5G પ્લસ ટેક્નોલોજી માટે સહયોગ કરવા ભારત અને જાપાન સહમત**

- ✓ સત્તાવાર રીતે ક્વાડના વ્યૂહાત્મક મંત્રણા સભ્યો અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ઇઝરાયેલ પાસેથી મદદ લેવાશે.
- ✓ આગલી પેઢીની ટેલિકોમ્યુનિકેશન ટેકનોલોજી અંગે જાપાનમાં આવતા મહિને યોજાનારી ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ચર્ચા કરાશે.
- ✓ ભારત અને જાપાને 5G અને 5G પ્લસ ટેકનોલોજી વિકસાવવાનો નિર્ણય કર્યો છે, તો બીજી તરફ ભારતની નજર ૩ જીપીપી પર છે.
- ✓ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનના નવા પ્રધાનમંત્રી સુગા સાથે વાત કરી હતી અને બંનેએ એવો નિર્ણય લીધો હતો કે તેઓ દ્વિપક્ષીય વિશેષ અને વ્યૂહાત્મક તેમજ વૈશ્વિક ભાગીદારીને નવા સ્તરે લઇ જશે.

## ૬. RRTS ટ્રેન: ભારતની પ્રથમ RRTS ટ્રેન દિલ્હી મેરઠ વચ્ચે દોડશે (રેલવે)



**ટ્રેનની વિશેષતા :**

- ✓ નેશનલ કેપિટલ રિજ્યન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને ભારતની પહેલી રિજિયોનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) ટ્રેન કેવી દેખાશે તે પહેલીવાર જાહેર કર્યું
- ✓ સૌથી પહેલી આરઆરટીએસ ટ્રેન દિલ્હી અને મેરઠ વચ્ચે દોડવાની છે.
- ✓ ટ્રેનની ઝડપ : સંભવિત ૧૮૦ કિમી પ્રતિ કલાક.

## ૭. વિશ્વ વિક્રમ : તેલંગાણામાં વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોક્રિટ કેબલ સ્ટે બ્રિજ તૈયાર (માળખાગત સુવિધા)



- ✓ સ્થાન : દુર્ગમ ચેરુવુ લેક, માધવપુર જિલ્લો : રંગારેડ્ડી

**વિશેષતા :**

- ✓ આ ફોર લેન પુલથી માધવપુર શહેરમાં ભારે ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળશે.

- ✓ નિર્માણ કરનાર : ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.
- ✓ આ વિશ્વની સૌથી લાંબો સ્પાન કોંક્રીટ ડેક એકસ્ટ્રા-ડોઝડ કેબલ સ્ટે બ્રિજ.
- ✓ બ્રિજ માટે કોંક્રીટથી 233.85 મીટરનો પ્રીકાસ્ટ સ્પાન બનાવાયો છે.
- ✓ ખર્ચ : રૂ. 184 કરોડ.

## ૮. ભારત-શ્રીલંકા સબંધો

**ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના વડાપ્રધાન શ્રી મહિન્દ્રા રાજપક્ષે વચ્ચે દ્વિપક્ષીય વર્ચ્યુલ બેઠક યોજાઈ**



- ✓ શ્રીલંકામાં બૌદ્ધ સ્થળોના વિકાસ માટે ભારત તરફથી રૂપિયા ૧૧૧ કરોડની સહાય અપાશે

**બંને દેશોના વડાપ્રધાન વચ્ચેના ચર્ચાના મહત્વના અંશો :**

- ✓ આ વાટાઘાટોમાં વડાપ્રધાન મોદીએ શ્રીલંકન બંધારણના ૧૩માં સુધારાના અમલ પર વિશેષ ભાર મૂકતા કહ્યું હતું કે, શ્રીલંકામાં શાંતિ અને સમાધાનની પ્રક્રિયા માટે તેનો અમલ અતિ આવશ્યક છે.
- ✓ પડોશી દેશમાં બંધારણનો ૧૩મો સુધારો તમિલ સમાજને સત્તાની સોંપણીની સુવિધા પૂરી પાડે છે.
- ✓ ભારત વર્ષ ૧૯૮૭માં ભારત-શ્રીલંકન સરકાર વચ્ચે થયેલા કરાર પછી બંધારણના ૧૩માં સુધારાના અમલ માટે શ્રીલંકા પર દબાણ કરી રહ્યું છે.
- ✓ બંને નેતાઓએ સંરક્ષણ અને સલામતી સંબંધો તેમજ વેપાર અને રોકાણમાં સહકાર સહિતના વિવિધ મુદ્દાઓ પર પણ વ્યાપક ચર્ચા કરી હતી.
- ✓ આ વાટાઘાટોમાં વડાપ્રધાન મોદીએ શ્રીલંકામાં બૌદ્ધ સ્થળોને પ્રોત્સાહન આપવા માટે ૧.૫ કરોડ યુએસ ડોલરની સહાયની પણ જાહેરાત કરી હતી.
- ✓ મોદીએ જણાવ્યું હતું કે, તેમને વિશ્વાસ છે કે રાજાપક્સે સરકારની નીતિઓની મદદથી શ્રીલંકામાં શાસક પક્ષને ચૂંટણીમાં મળેલા જંગી વિજયથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનશે.
- ✓ તમારા પક્ષના જંગી વિજય પછી ભારત - શ્રીલંકાના સંબંધોમાં એક નવું પ્રકરણ શરૂ કરવાની તક છે.

## ૯. નિધન : સંગીતકાર એસ.પી. બાલાસુબ્રમણ્યમ




- ✓ ચેન્નાઈમાં ૨૪ તોપોની સલામી સાથે અંતિમવિધિ કરાઈ
- ✓ **ઉપનામ : "સિંગિંગ મૂન"**

## ૧૦. જન્મ દિન વિશેષ : 26 સપ્ટેમ્બર

### (૧) સંરક્ષણવાદ:મણિલાલ નભુભાઈ દ્વિવેદી

જન્મ : 26 સપ્ટેમ્બર 1858 અવસાન : 1 ઓકટોબર 1898




- ✓ ગાંધીજીના શિક્ષક રહેલા શ્રીમાન મણિલાલ નભુભાઈનો આજે જન્મદિવસ.
- ✓ નડિયાદમાં જન્મેલા મણિલાલે અભ્યાસ નડીયાદ અને મુંબઈમાં કર્યો હતો.
- ✓ 1876માં આખી મેટ્રિકની પરીક્ષામાં બીજે ક્રમે પાસ થયા હતા.
- ✓ મણિલાલ નભુભાઈને ઈતિહાસ, ફિલસૂફી, અંગ્રેજી અને ગુજરાતી જેવા વિષયો સાથે વિશેષ મમત્વ હતું.
- ✓ માધ્યમિક શાળામાં શિક્ષક, શાળાઓના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર અને ભાવનગરની શામળદાસ કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર બન્યા હતા.
- ✓ મુંબઈ યુનિ.માંથી સંસ્કૃતના પરીક્ષક નીમાનાર તેઓ સૌ પહેલા ગુજરાતી હતા.
- ✓ મણિલાલે શિક્ષાશતક, માલતી માધવ (અનુ.), કાન્તા, પૂર્વદર્શન, નારીપ્રતિષ્ઠા, રાજયોગ, પ્રેમજીવન, પ્રાણ વિનિમય, સિદ્ધાંતસાર, મણિલાલ નભુભાઈનું આત્મવૃત્તાંત જેવા અનેક પુસ્તકો લખવા સાથે પ્રિયવંદા તથા સુદર્શન જેવા સામયિકો પણ ચલાવ્યા હતા.
- ✓ મણિલાલે 1891માં અમલમાં આવેલા વયસંમતિ ધારાનો વિરોધ કર્યો હતો, કવિ નર્મદે પણ મણિલાલના રૂપમાં પોતાની સુધારાવૃત્તિ ગુજરાતી સમાજને ગળે ઉતારશે તેવી અપેક્ષા જીવનના સંધ્યાકાળે વ્યક્ત કરી હતી.

- ✓ સ્વભાવે આનંદી, માયાળુ અને સ્વતંત્ર મિજાજના મણિલાલનું 1 ઓક્ટોબર 1898ના રોજ માત્ર 40 વર્ષની નાની વયે અવસાન થયું હતું.

## (૨) દયાસાગર : ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

જન્મ : 26 સપ્ટેમ્બર 1820 અવસાન : 29 જૂલાઈ 1891



- ✓ બંગાળ ભારતીય નવજાગરણનું આગેવાન રહ્યું છે. બંગાળમાં મેદનીપુર જિલ્લાના બીરસિંધ (આજનું બાંગ્લાદેશ) ગામે આજના દિવસે જન્મેલા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ભારતીય નવજાગરણના અગ્રદૂતો પૈકીના એક હતા.
- ✓ તેમની અટક તો બેનરજી હતી પણ અભ્યાસમાં પ્રવીણ હોવાથી કોલેજ દ્વારા "વિદ્યાસાગર"નું બિરુદ મળ્યું હતું.
- ✓ તેમનો મોટા ભાગનો અભ્યાસ કલકતામાં જ થયો હતોઅને મોટા ભાગની પરીક્ષાઓમાં પહેલા નંબરે જ પાસ થયા.
- ✓ ૧૮૫૧માં ઇંગ્લેન્ડથી ભારત નોકરી અર્થે આવતા અધિકારીઓની ભારતીય ભાષાઓની જાણકારી ચકાસતી હતી તે ફોર્ટ વિલિયમ કોલેજમાં જોડાયા. પણ ભાઈના લગ્ન માટે રજા ન મળતા નોકરીને છોડવા તૈયાર થયા પણ ઉપલા અધિકારીને વિદ્યાસાગરની નિષ્ઠા અને સગાઇ સંબંધોનો ખ્યાલ આવતા તેણે રાજીનામું ફાડી નાંખ્યું.
- ✓ તે પછી સંસ્કૃત કોલેજમાં નોકરી લીધી પણ ઉપલા અધિકારીના તોછડા વર્તનને કારણે નોકરી છોડી દીધી અને છાપખાનું શરુ કર્યું.
- ✓ તેમાંથી થતી આવકમાંથી ખપ પુરતું રાખી બાકીનું ગરીબોમાં વહેચી દેતા તેથી "દયાસાગર" પણ કહેવાતા હતા.
- ✓ ઈશ્વરચંદ્રનું નામ મુખ્યત્વે સમાજસુધારા અને એમાં પણ વિધવા પુન:લગ્નો અને સ્ત્રી શિક્ષણ સાથે વિશેષ સંકળાયેલું છે.
- ✓ ૧૮૫૬માં થયેલો વિધવા પુન:લગ્નનો કાયદો વિદ્યાસાગરના આન્દોલનનું પરિણામ હતો.
- ✓ સમાજસુધારક તરીકે તેમણે પોતાના દીકરાના લગ્ન વિધવા સાથે કરાવી સમાજસુધારાનું જવલંત દ્રષ્ટાંત પૂરું પડ્યું હતું.
- ✓ તેઓ વિધવાઓને આર્થિક મદદ પણ કરતા હતા. તેમના જ પ્રયત્નોથી ૧૮૭૮થી છોકરીઓને કોલેજોમાં પ્રવેશ મળતો થયો.
- ✓ શિક્ષણ સંસ્થાઓના નામ જાતિ કે કોમ આધારિત ન હોવા જોઈએ તેવો વિચાર પણ ઈશ્વરચંદ્રએ રજુ કર્યો હતો.
- ✓ આવા મહાન સુધારકની એશિયાટિક સોસાયટીના સભ્યપદ અને નાઈટ કમાન્ડર દ્વારા કદર થઇ હતી
- ✓ ભારતીય સમાજસુધારા આન્દોલનના સીમાસ્તંભ સમાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું તારીખ ૨૦ જુલાઈ ૧૮૯૧ના રોજ અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા "સાત પગલાં ખેડૂત કલ્યાણના" અંતર્ગત કયા છેલ્લા ત્રણ પગલાનું ઇ-લોકાર્પણ કર્યું - **સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ, કાંટાળી તારની વાડ માટેની યોજના તથા ફળ, ફૂલ, શાકભાજીના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી**
2. સીમાંત ખેડૂતો અને ખેત મજુરોને સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ માટે રૂ.10,000ની મર્યાદામાં કેટલા ટકા સહાય કરવામાં આવશે - 90%
3. "સાત પગલાં ખેડૂત કલ્યાણના" અંતર્ગત જંગલી પશુઓથી પાક રક્ષણ માટે કાંટાળી વાડ બનાવવા કેટલા હેક્ટરના ક્લસ્ટરને લાભ આપવામાં આવશે - 5 હેક્ટર
4. "સાત પગલાં ખેડૂત કલ્યાણના" અંતર્ગત જંગલી પશુઓથી પાક રક્ષણ માટે કાંટાળી વાડ બનાવવા કેટલા પ્રતિ રનીંગ મીટર કેટલી સહાય આપવામાં આવશે - રૂ. 200/-
5. તાજેતરમાં ભારતના વડાપ્રધાન દ્વારા યુએનની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે સામાન્ય સભા સંબોધી હતી – 75 વર્ષ
6. તાજેતરમાં કયા સ્થળે શ્રી કૃષ્ણ જન્મભૂમિ ઉપર અદાલતમાં પોતાનો દાવો રજૂ કરાયો છે - **મથુરા**
7. તાજેતરમાં કોના દ્વારા કોર્ટમાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ માટે દાવો રજૂ કરાયો છે- **શ્રી કૃષ્ણ વિરાજમાન**
8. શ્રીકૃષ્ણ વિરાજમાને મથુરાની સિવિલ કોર્ટમાં કેટલા એકર જમીન ઉપર શ્રી કૃષ્ણ જન્મભૂમિનો દાવો રજૂ કર્યો છે - 13.37 એકર
9. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારત - ઇઝરાયલ વચ્ચે કયો સમજૂતી કરાર થયો - **નવી હાઇટેક વેપન્સ સિસ્ટમ માટે**

10. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારત-જાપાન વચ્ચે સંયુક્ત રીતે કઈ ટેકનોલોજી માટે સમજૂતી થઈ - **5G અને 5G+**

11. ભારતની પ્રથમ RRTS ટ્રેન કયા બે શહેરો વચ્ચે દોડશે - **દિલ્હી અને મેરઠ**

12. RRTSનું વિસ્તૃત નામ જણાવો – **રિજિયોનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ**

13. ભારતના ક્યા રાજ્યમાં વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોક્રિટ કેબલ સ્ટે બ્રિજ આવેલો છે - **તેલંગાણા**

14. તેલંગાણા ક્યા સ્થળે વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોક્રિટ કેબલ સ્ટે બ્રિજ આવેલો છે - **દુર્ગમ ચેરૂવુ લેક, માધવપુર (જિ. રંગારેડ્ડી)**

15. માધવપુરમાં નવનિર્મિત વિશ્વનો સૌથી લાંબો સ્પાન કોક્રિટ કેબલ સ્ટે બ્રિજનું નિર્માણ કોણે કર્યું છે - **ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

16. શ્રીલંકામાં બૌદ્ધ સ્થળોના વિકાસ માટે ભારત તરફથી કેટલી સહાય અપાશે – **રૂ. ૧૧૧ કરોડ**

17. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભારત-શ્રીલંકાના PM વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય વર્ચ્યુલ બેઠકમાં શ્રી મોદીએ શ્રીલંકન બંધારણના કેટલામાં સુધારાના અમલ પર વિશેષ ભાર મૂકયો હતો - **૧૩માં**

18. શ્રીલંકામાં બંધારણનો ૧૩મો સુધારો કયા સમાજને સત્તાની સોંપણીની સુવિધા પૂરી પાડે છે - **તમિલ**

19. કયા વર્ષે ભારત-શ્રીલંકા વચ્ચે થયેલા કરાર પછી બંધારણના ૧૩માં સુધારાના અમલ માટે ભારત શ્રીલંકા પર દબાણ કરી રહ્યું છે - **૧૯૮૭**

20. સંગીતકાર એસ.પી. બાલાસુબ્રમણ્યમની ચેન્નઈમાં કેટલી તોપોની સલામી સાથે અંતિમવિધિ કરાઈ હતી - **૨૪**

21. સંગીતકાર એસ.પી. બાલાસુબ્રમણ્યમનું ખાસ ઉપનામ જણાવો - **"સિંગિંગ મૂન"**

22. પંડિતયુગના સાક્ષર સર્જક મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ દિવસ જણાવો - **26 સપ્ટેમ્બર 1858**

23. મણિલાલ નભુભાઈ દ્વિવેદી કયાં મહાનુભાવના શિક્ષક હતા – **ગાંધીજી**

24. મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ ક્યાં થયો હતો – **નડિયાદ**

25. મુંબઈ યુનિ.માંથી સંસ્કૃતના પરીક્ષક નીમાનાર સૌ પહેલા ગુજરાતી કોણ હતા - **મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

26. મણિલાલ નભુભાઈની આત્મકથાનું નામ જણાવો - **આત્મવૃત્તાંત**

27. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કયા સામયિકના તંત્રી તરીકે સેવા આપી છે - **પ્રિયવંદા તથા સુદર્શન**

28. ભારતીય નવજાગરણના અગ્રદૂત સમાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ દિવસ જણાવો - **26 સપ્ટેમ્બર 1820**

29. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ક્યાં થયો હતો – **બંગાળના મેદનીપુર જિલ્લાના બીરસિંઘ (આજનું બાંગ્લાદેશ) ગામે**

30. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું નામ મુખ્યત્વે ક્યા પ્રકારના સમાજસુધારા સાથે વિશેષ સંકળાયેલું છે - **વિધવા પુન:લગ્નો અને સ્ત્રી શિક્ષણ**

31. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના આંદોલનના પરિણામે કયા વર્ષમાં વિધવા પુન:લગ્નનો કાયદો બન્યો - **૧૮૫૬**

DATE : 27-09-2020

## ૧. રાફેલ યુદ્ધ વિમાન (સંરક્ષણ)

**ફ્રાન્સ દ્વારા નવા વધુ પાંચ રાફેલ યુદ્ધ વિમાન ભારતને અપાયા : આગામી ઓક્ટોબર-૨૦૨૦માં ભારત આવશે**




✓ આ નવીન પાંચ વિમાનો પશ્ચિમ બંગાળના કલઈકુંડા એરબેઝ ખાતે તહેનાત કરાશે

## ૨. નિધન : ભાજપના સ્થાપક, પૂર્વ સંરક્ષણ પ્રધાન જશવંતસિંહનું ૮૨ વર્ષે નિધન




**રાજકીય પ્રદાન :**

✓ અટલજીની સરકારમાં સંરક્ષણ, વિદેશ તેમજ નાણા મંત્રાલય સંભાળ્યા હતા

✓ સેનાના નિવૃત્ત અધિકારી

✓ અંતિમ સંસ્કાર : જોધપુર રાજસ્થાન

**અન્ય ઘટના :**

**આતંકીને લઈને કંદહાર ગયા હતા**


✓ વર્ષ-૧૯૯૯માં જ્યારે આતંકીઓને લઈને કંધાર ગયા અને બદલામાં ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટ આઈસી-814ના

યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સને લઈને પાછા આવ્યા હતા. તેના માટે તેમની આજે પણ ટીકા થાય છે પણ આ નિર્ણય સંપૂર્ણ સરકારનો હતો, ફક્ત જસવંતસિંહનો નહીં.

**3. મન કી બાત : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'મન કી બાત'ની ૬૯મી આવૃતિમાં દેશવાસીઓને સંબોધિત કર્યા**

**૪. જીવલેણ મગજભક્ષી અમીબા બેક્ટેરિયા : USA (આરોગ્ય)**

USના ૮ શહેરોના પીવાના પાણીમાં જીવલેણ મગજભક્ષી અમીબા દેખાયો



- ✓ નામ:નેગ્લેરિયા ફોલરી બેકટરિયા(અમીબા)
- ✓ વિસ્તાર : દક્ષિણ-પૂર્વ ટેક્સાસ અમેરિકા


**૫. દિન વિશેષ : 27 સપ્ટેમ્બર**

**(૧) વિશ્વ પ્રવાસન દિવસ**




- ✓ થીમ-૨૦૨૦ : **"Tourism and Rural Development",**

**(૨) વિશ્વ નદી દિવસ : સપ્ટેમ્બર માસનો છેલ્લો રવિવાર**




- ✓ વર્ષ-૨૦૦૫થી સમગ્ર વિશ્વમાં વિશ્વ નદી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ હેતુ : સમગ્ર વિશ્વ નદીઓને બચાવવા માટે ચિંતન-મનન કરે છે

વિગત :

- ✓ આજે ધરતીના ૭૧ ટકા હિસ્સામાં પાણી છે. પરંતુ તેમાંથી ૯૭.૩ ટકા વિસ્તારમાં રહેલુ પાણી પીવાલાયક નથી. માત્ર ૨.૭ ટકા વિસ્તારનું જ પાણી પીવાલાયક છે.

**(3) દિકરી દિવસ**

**પ્રતિ વર્ષે સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે દિકરી દિવસ ઉજવવામાં આવે છે**

**૬. જન્મ દિન વિશેષ : 27 સપ્ટેમ્બર**

**શ્રી વિઠ્ઠલભાઈ પટેલની ૧૨૮મી જન્મ જયંતી જન્મ દિવસ – ૨૭-૦૯-૧૮૯૩**

**અવસાન – ૧૯૩૩ (ડબ્લીનમાં) જન્મ સ્થળ – કરમસદ (ખેડા)**




- ✓ ગુજરાત વિધાનસભાનું નામ : વિઠ્ઠલભાઈ પટેલ ભવન
- ✓ વિઠ્ઠલભાઈ બચપણમાં અને યુવાનીમાં ઘણી રમૂજ વૃત્તિના વ્યક્તિ હતા. તેમની યુવાનીના રમુજી કિસ્સાઓ વાંચ્યા પછી ભાગ્યે જ કોઈને એવી કલ્પના આવે કે આ યુવાન બંધારણીય બાબતોનો નિષ્ણાત થશે.
- ✓ બ્રિટનમાં બેરિસ્ટર થઈ જમાનાની તાસીર મુજબ વકીલાત શરૂ કરી, ગોધરા, બોરસદ વગેરે ઠેકાણે તેઓએ વકીલાતનો પરચમ દેખાડ્યો હતો. વકીલાત નિમિત્તે જ વિઠ્ઠલભાઈ જાહેરજીવન અને આઝાદીના જંગમાં પણ જોડાયા હતા.
- ✓ 1912માં મુંબઈ લેજિસ્લેટિવ એસેમ્બલીના સભ્ય તરીકે ચૂંટાયા હતા. 1920માં ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો પ્રચાર કરવા માટે ઇંગ્લેન્ડ ગયા હતા.
- ✓ વિઠ્ઠલભાઈ પટેલ દિલ્હીની વડી ધારાસભાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા.
- ✓ 1922માં અસહકાર આંદોલન પછી દેશમાં વ્યાપેલી નિરાશાના વાતાવરણમાં તેઓ સ્વરાજ્ય પક્ષના સ્થાપક સભ્ય બન્યા હતા.
- ✓ સવિનય કાનૂન ભંગ આંદોલન શરૂ થતા ધારાસભામાંથી રાજીનામું આપ્યું.
- ✓ લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ
- ✓ સર્વોદયી - મીરાંબહેન ભટ્ટનો જન્મદિવસ
- ✓ ગાંધીવાદી કાર્યકર બબલ મહેતા અને રાજા રામમોહન રાયની પુણ્યતિથિ છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૯-૨૦૨૦)**

1. ફ્રાન્સ દ્વારા નવા વધુ કેટલા રાફેલ યુદ્ધ વિમાન ભારતને અપાયા જે આગામી ઓક્ટોબર-૨૦૨૦માં ભારત આવશે - **પાંચ**
2. આગામી ઓક્ટોબર-૨૦૨૦માં ભારત આવનારા નવા પાંચ રાફેલ યુદ્ધ વિમાન કયા એરબેઝ ખાતે તહેનાત કરાશે - **પશ્ચિમ બંગાળના કલઈકુંડા**

3. સપ્ટેમ્બર-૨૦૨૦માં ભાજપના કયા સ્થાપક સભ્યનું ૮૨ વર્ષે નિધન થયું - **<u>જશવંતસિંહ</u>**

4. જસવંતસિંહજી કોની સરકારમાં સંરક્ષણ, વિદેશ તેમજ નાણા મંત્રાલય સંભાળ્યું હતું – **<u>અટલ બિહારી વાજપેયી</u>**

5. જસવંત સિંહ કયા વર્ષે આતંકીઓને લઈને કંદહાર ગયા અને બદલામાં ઈન્ડિયા એરલાઈન્સની ફ્લાઈટ આઈસી-814ના યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સને લઈને પાછા આવ્યા હતા – **<u>વર્ષ-૧૯૯૯</u>**

6. તા.૨૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 'મન કી બાત'ની કેટલામી આવૃતિમાં દેશવાસીઓને સંબોધિત કર્યા - **<u>૬૯મી</u>**

7. સપ્ટેમ્બર-૨૦૨૦માં ક્યા દેશના ૮ શહેરોના પીવાના પાણીમાં જીવલેણ મગજભક્ષી અમીબા દેખાયો - **<u>દક્ષિણ-પૂર્વ ટેક્સાસ અમેરિકા</u>**

8. સપ્ટેમ્બર-૨૦૨૦માં USના ૮ શહેરોના પીવાના પાણીમાં જીવલેણ મગજભક્ષી અમીબા દેખાયો તેનું નામ જણાવો - **<u>નેગ્લેરિયા ફોલરી બેક્ટરિયા(અમીબા)</u>**

9. વિશ્વ પ્રવાસન દિવસ ક્યારે ઊજવવામાં આવે છે - **<u>27 સપ્ટેમ્બર</u>**

10. વિશ્વ પ્રવાસન દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **<u>"Tourism and Rural Development"</u>**

11. વિશ્વ નદી દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **<u>સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે</u>**

12. વિશ્વ નદી દિવસ ઊજવવાનો પ્રારંભ કર્યા વર્ષથી થયો - **<u>વર્ષ-૨૦૦૫</u>**

13. ક્યા હેતુસર પ્રતિ વર્ષ વિશ્વ નદી દિવસ મનાવવામાં આવે છે - **<u>સમગ્ર વિશ્વ નદીઓને બચાવવા માટે ચિંતન-મનન કરે તે માટે</u>**

14. દિકરી દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **<u>સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે</u>**

15. લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલના મોટા ભાઈનું નામ જણાવો - **<u>શ્રી વિઠ્ઠલભાઈ પટેલ</u>**

16. ગુજરાત વિધાનસભાને કયા નામે ઓળખવામાં આવે છે - **<u>વિઠ્ઠલભાઈ પટેલ ભવન</u>**

17. શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો – **<u>તા. ૨૭-૦૯-૧૮૯૩</u>**

18. તા.૨૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ શ્રી વિઠ્ઠલભાઈ પટેલની કેટલામી જન્મ જયંતી ઉજવવામાં આવી - **<u>૧૨૮મી</u>**

## DATE : 28-09-2020

<u>૧.ભારતીય સંરક્ષણ મંત્રાલય (સંરક્ષણ)</u>

**<u>USA પાસેથી નવી ૭૨,૦૦૦ એસોલ્ટ રાઈફલ્સ સહિત વિવિધ શસ્ત્રો ખરીદવા મંત્રાલય દ્વારા કુલ રૂ. ૨૨૯૦ કરોડની મંજૂરી</u>**

- ✓ <u>સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં મળેલી સંરક્ષણ પ્રાપ્ત પરિષદ (ડીએસી)ની બેઠકે અમેરિકી કંપની એસઆઇજી–સૌર પાસેથી રૂપિયા ૭૮૦ કરોડના ખર્ચે એસોલ્ટ રાઇફલ્સ ખરીદવા મંજૂરી આપી.</u>
- ✓ ભારતના ૧૩ લાખ સૈનિકોના બનેલા સૈન્યને અગાઉ ૭૨,૪૦૦ એસઆઇજી–સૌર રાઇફલ્સની અપાઈ છે.


**<u>રાઇફલ્સની વિશેષતા</u>**

- ✓ એસઆઇજી–સૌર ૭.૬૨x૫૧ મિ.મી. કેલિબર રાઇફલ છે કે જે ૫૦૦ મીટરની રેન્જ ધરાવે છે.
- ✓ ડીએસી દ્વારા રૂપિયા ૯૭૦ કરોડને ખર્ચે સ્થાનિક ધોરણે સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપનની ખરીદી તેમજ રૂપિયા ૫૪૦ કરોડના ખર્ચે એચ.એફ. ટ્રાન્સ. રિસીવર સેટની ખરીદી કરવા પણ મંજૂરી આપી.
- ✓ <u>ડિફેન્સ કાઉન્સિલે નવી અધિગ્રહણ પોલિસી હેઠળ ઘણા સંરક્ષણ ઉપકરણોને લીઝ પર લેવાની પણ મંજૂરી આપી</u> છે આને કારણે હથિયારોની ખરીદીમાં લાગતા સમય અને કિંમતની બચત થશે.

**<u>અન્ય કરાર :</u>**

- ✓ ભારતે આ વર્ષે માર્ચ મહિનામાં ચીન અને પાકિસ્તાન સરહદે તૈનાત પોતાની સેના માટે રૂપિયા ૮૮૦ કરોડના ખર્ચે ૧૬,૪૭૯ ઇઝરાયેલી નેગેવ મશીનગન ખરીદવા પણ ઇઝરાયેલ સાથે કરાર કર્યા હતા.

<u>૨. નવી ડિફેન્સ પોલિસી-૨૦૨૦ : ભારત સરકાર દ્વારા જાહેર કરાઈ</u>



- ✓ હેતુ : ભારતમાં હથિયારોનું ઉત્પાદન વધારવા
- ✓ અમલ : ૧લી ઓક્ટોબર-૨૦૨૦થી

**નવી જોગવાઈઓ :**

✓ જે જરૂરી શસ્ત્ર-સામગ્રી હશે તેની ખરીદીની પ્રક્રિયા લાંબી ખેંચવાને બદલે ત્રણ સ્તરથી જ થઈ શકશે.

✓ આ નવી પોલિસીથી ભારત શસ્ત્ર ઉત્પાદનનું હબ બનશે.

✓ નવી પોલિસીથી સમયમર્યાદાનું પાલન કરવું સરળ બનશે.

✓ ડિફેન્સ સેક્ટરમાં આનાથી નવા ચેપ્ટરનો પ્રારંભ થશે.

✓ નવી ડિફેન્સ પોલિસીથી આર્મીની ત્રણેય પાંખોને શસ્ત્રોની, ખાસ તો ખૂબ જ જરૂરી શસ્ત્રોની ખરીદીની બાબતમાં સ્વતંત્રતા મળશે

✓ નવી પોલિસીમાં ભારતીય ઉત્પાદકોને પ્રાથમિકતા અને ભાગીદારી આપવાની દિશામાં પણ મક્કમ પગલાં ભરાયા છે.

✓ ઈમરજન્સી હથિયારોની ખરીદી માટે અલગથી રૂ.૫૦૦ કરોડનું ફંડિંગ.

## ૩. નિમણૂક : ગુજરાત કેડરના IAS ડૉ. પી.ડી. વાઘેલા TRAIના નવા ચેરમેન

✓ કાર્યકાળ: ૩ વર્ષ (અથવા ૬૫ વર્ષ)

✓ શ્રી વાઘેલા તા.૩૦-૦૯-૨૦૨૦ના રોજ નિવૃત્ત

✓ IAS-1986 : ગુજરાત કેડર

✓ TRAI : ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા

## ૪. INS વિરાટને વિદાય આપવા અલંગ ખાતે 'થેંક યુ વિરાટ' કાર્યક્રમ યોજાયો

✓ કોચ્ચિમાં INS વિક્રાંતનું નવસર્જન




**વિગત :**

✓ જે ઉત્પન્ન થાય છે તેનો અંત નિશ્ચિત છે. સૃષ્ટિના આ ક્રમને અનુલક્ષીને આઈ.એન.એસ. વિરાટ અલંગ શીપ રીસાઈક્લીંગ યાર્ડની અંતિમ સફરે આવ્યું.

✓ જયારે કોચી શીપ યાર્ડમાં વિક્રાંત નવસર્જન પામી રહ્યું છે. જેના પર ૧૨ એરક્રાફ્ટ અને ૪ હેલીકોપ્ટર લેન્ડીંગ અને ટેઈક-ઓફ કરી શકશે.

✓ આત્મનિર્ભરતાની દિશામાં મેરીટાઈમ સેક્ટર આગળ ધપશે'

**INS વિરાટનું પ્રદાન :**

✓ બ્રિટિશ નેવીમાં ૨૬ વર્ષ અને ઈન્ડિયન નેવીમાં ૩૦ વર્ષ એમ કુલ ૫૬ વર્ષ સેવા આપ્યા બાદ વર્ષ ૨૦૧૭માં ડિ-કમિશન્ડ થનાર આઈ.એન.એસ. વિરાટ અલંગની અંતિમ સફરે આવી પહોંચ્યું.

✓ આઈ.એન.એસ. વિરાટને પણ મ્યુઝિયમના સ્વરૂપમાં સાચવવા માટે શીપીંગ મિનિસ્ટ્રી અને ઈન્ડિયન નેવી વચ્ચે વાતચિત થઈ હતી અને આ માટે રૂ. ૪૦૦થી ૫૦૦ કરોડની ધનરાશિ ફાળવવાની પણ તૈયારી હતી.

✓ જેને લઈ તજજ્ઞોની સમિતિની પણ રચના કરવામાં આવી હતી. પરંતુ વિરાટ ૧૦-૧૫ વર્ષથી વધુ ટકી શકે તેવી સ્થિતિમાં નથી અને મ્યુઝિયમમાં પરિવર્તીત થયા બાદ અકસ્માત થઈ શકે તે બાબતને લઈને મ્યુઝિયમ બનાવવામાં આવ્યું નહોતું.

✓ કેન્દ્રિય શીપીંગ મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની ખાસ ઉપસ્થિતિ.

## ૫. આર્મેનિયા-અઝરબૈઝાન વચ્ચે યુદ્ધની સ્થિતિ (વૈશ્વિક બાબતો)




**આર્મેનિયા-અઝરબૈઝાન વિવાદનો તુલનાત્મક અભ્યાસ**

✓ ક્રિશ્ચનોની બહુમતીવાળા આર્મેનિયા અને મુસ્લિમોની બહુમતી ધરાવતા અઝરબૈઝાનની વચ્ચે નાગોર્નો-કારાબાખ પ્રદેશને લઈને વિવાદ.

✓ હવે આ યુદ્ધમાં કદાચ આર્મેનિયાનો સાથી રશિયા પણ સામેલ થઈ શકે છે કે, જેનું આર્મેનિયામાં સૈન્ય મથક છે.

✓ એશિયા અને યુરોપના બે નાનકડા દેશો આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે દાયકાઓ જૂનો સંઘર્ષ ફરીથી સપાટી પર આવતા બન્ને દેશોએ સામ-સામે સૈન્ય ગોઠવી દીધું છે.

✓ આ બન્ને દેશો વચ્ચે નાગોર્નો-કારાબાખ નામનો 4400 ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવેલો છે. બન્ને દેશો આ વિસ્તાર પોતાનો હોવાનો દાવો કરે છે.

✓ વર્ષ-1988માં આ સંઘર્ષની શરૂઆત થઈ હતી. આ બન્ને પ્રદેશો મૂળ તો સોવિયેત રશિયાનો ભાગ હતા.

✓ રશિયાનું વિભાજન થયું એ વખતે જોસેફ સ્ટાલિને નાગોર્નો-કારાબાખને સ્વતંત્ર પ્રદેશ જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ બન્ને પડોશી આર્મેનિયા અને અઝરબૈજાન

તેને પોતાની ભૂમિમાં શામેલ કરવા માંગતા હતા. ત્યારથી સંઘર્ષ ચાલે છે.

- ✓ <u>રશિયા પરંપરાગત રીતે આર્મેનિયાનું મિત્ર છે. ઈરાનની સરહદ આ બન્ને દેશોને સ્પર્શતી હોવાથી ઈરાને પણ મધ્યસ્થીની તૈયારી દર્શાવી છે.</u>
- ✓ મૂળ વર્ષ-1980થી આ પ્રદેશ માટે સંઘર્ષ ચાલ્યો આવે છે અને તેમાં 30 હજારથી વધારે નાગરિકો મૃત્યુ પામ્યા છે, જ્યારે 10 લાખથી વધારે પલાયન થયા છે.
- ✓ સોવિયેત સંઘના વખતમાં આ વિસ્તાર અઝરબૈજાનનો ભાગ હતો. પરંતુ તેને પૂરતી સ્વતંત્રતા હતી.
- ✓ આંતરરાષ્ટ્રીય સ્તરે તેને અઝરબૈજાનનો જ એક સ્વતંત્ર હિસ્સો ગણવામાં આવે છે.
- ✓ બીજી તરફ ત્યાં મોટી વસ્તી આર્મેનિયન પ્રજાની છે. એ વિસ્તારનો કેટલોક ભાગ પણ આર્મેનિયાએ પચાવી પાડયો છે અને હવે આખો વિસ્તાર કબજે કરવો છે.

**<u>અઝરબૈજાનનો દાવો</u>**

- ✓ અઝરબૈજાનનું કહેવું છે કે હવે ટૂંક સમયમાં એ પોતાનો પ્રદેશ પાછો મેળવી લેશે.
- ✓ અઝરબૈજાને એવો પણ દાવો કર્યો હતો કે અત્યાર સુધી જે પ્રદેશ પર આર્મેનિયાનું નિયંત્રણ હતું એ અમે કબજે લઈ લીધો છે.
- ✓ સામે આર્મેનિયા એવો દાવો કરે છે કે અમે અઝરબૈજાનને ભારે નુકસાન કરી નાખ્યું છે. સ્થિતિ કાબુમાં લેવા અઝરબૈજાનમાં ઇન્ટરનેટ જેવી સેવાઓ બંધ કરી દેવાઈ છે અને ઠેર ઠેર લશ્કર ઉતારી દેવાયું છે.

**<u>પાકિસ્તાન પણ મેદાનમાં આવ્યો</u>**

- ✓ તુર્કી બાદ પાકિસ્તાને પણ અઝરબૈઝાનને સપોર્ટ આપ્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું હતું.
- ✓ પાકિસ્તાન દ્વારા આ યુદ્ધનો અંત લાવવાની અપીલ તો કરવામાં આવી હતી, પરંતુ સાથે જ જણાવવામાં આવ્યું હતું કે, પાકિસ્તાન અઝરબૈઝાનની પડખે છે અને સ્વબચાવના એના અધિકારને સપોર્ટ આપે છે.

**<u>શાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘની હાકલ</u>**

- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ એન્ટોનિયો ગુટર્રેસે આર્મેનિયા અને અઝરબૈઝાન વચ્ચે યુદ્ધની સ્થિતિ બાબતે ચિંતા વ્યક્ત કરી.
- ✓ એન્ટોનિયોના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મહાસચિવે તાત્કાલિક લડાઈ બંધ કરવાની, તણાવ દૂર કરવાની અને કોઈ જાતના વિલંબ વિના અર્થપૂર્ણ સંવાદ કરવાની હિમાયત કરી હતી.
- ✓ ઇરાને પણ શાંતિ માટે હાકલ કરી હતી. ઇરાનના વિદેશ મંત્રાલયે આ બંને દેશોને તાત્કાલિક યુદ્ધવિરામ કરવા અને વિવાદનો અંત લાવવા માટે સંવાદ હાથ ધરવાની વિનંતી કરી હતી.

## <u>૬. નિધન : ગીતકાર અભિલાષનું મુંબઈ ખાતે નિધન</u>

- ✓ શ્રેષ્ઠ રચના : પ્રાર્થના-'ઈતની શક્તિ હમે દેના દાતા'
- ✓ વર્ષ-૧૯૮૭માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ વિજેતા.




## <u>૭. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગ જાહેર (શિક્ષણ)</u>

- ✓ વિશ્વની કુલ-૧૧૪ ટોચની કોલેજોનું મૂલ્યાંકન
- ✓ ૧ થી ૫૦માં ભારતની અમદાવાદ, કોલક્તા અને બેંગ્લુરૂની IIM સંસ્થાનો સમાવેશ
- ✓ કુલ-૧૭ માપદંડો નક્કી કરાયા

**<u>સંસ્થા-શહેર-રેન્ક :</u>**

- ✓ આઈઆઈએમ અમદાવાદ - ૨૦મો ક્રમ
- ✓ આઈઆઈએમ ક્લકત્તા - ૨૧મો ક્રમ
- ✓ આઈઆઈએમ બેંગ્લુરુ અને એસ.પી. જૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ - ૩૬મો ક્રમ
- ✓ આઈઆઈએમ ઉદયપુર - ૭૨મો ક્રમ.

## <u>૮. દિન વિશેષ : 28 સપ્ટેમ્બર</u>

### <u>આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ</u>




- ✓ હેતુ : મહિલાઓના શરીર પર તેમના અધિકાર અંગે એક પ્રયાસ

**<u>ઈતિહાસ :</u>**

- ✓ <u>આ દિવસને પહેલીવાર અમેરિકા અને કેરેબિયન દેશોમાં 28 સપ્ટેમ્બર 1990ના રોજ ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ તરીકે મનાવાયો હતો.</u>

- ✓ વર્ષ-૨૦૧૫માં તેનું નામ બદલીને "આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ" કરી દેવાયું. ત્યારે ૪૭ દેશોમાં મોટા કાર્યક્રમ આયોજિત કરાયા.
- ✓ તેના પછી 2016 માં દુનિયાભરમાં દેખાવો કરાયા હતા.

## ૯. જન્મ દિન વિશેષ : 28 સપ્ટેમ્બર

### (૧) શહિદ ભગતસિંહ

**જન્મ : 28 સપ્ટેમ્બર 1907 અવસાન : 23 માર્ચ 1931**

- ✓ ભગતસિંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ લયાલપુર જિલ્લાના બંગામાં થયો હતો.
- ✓ વ્યવસાયે તેઓ જાટ ખેડૂત હતા.
- ✓ ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું.
- ✓ ભગતસિંહનું પ્રાથમિક શિક્ષણ બંગામાં થયું
- ✓ તેમના જીવન પર ભાઈ પરમાનંદ અને જયચંદ વિધ્યાલંકાર નામના રાષ્ટ્રવાદી શિક્ષકનો પ્રભાવ પડ્યો હતો.

#### યુવાવસ્થા

- ✓ ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો.
- ✓ ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી. તે પછી તેઓ રાષ્ટ્રસેવામાં જોડાઈ ગયા હતા.
- ✓ તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યા અને આગળના સમયમાં મહામંત્રી પણ બન્યા.
- ✓ ઇ.સ. ૧૯૨૫ માં નવજવાન ભારત સભાની સ્થાપના કરી જેથી તેમને સુખદેવ, યશપાલ, ભગવતીચરણ , ચંદ્રશેખર આઝાદ, જતિન્દ્રનાથ દાસ જેવા વીર ક્રાંતિકારીઓનો ભેટો થયો.
- ✓ તેઓ જતિન્દ્રનાથ દાસ પાસે બોમ્બ બનાવતા શીખ્યા અને ૧૯૨૬ માં દશેરાના દિવસે એક બોમ્બ ફેકયો જેમાં તેમની ધરપકડ કરવામાં આવી પણ ભગતસિંહના વિરુદ્ધ કોઈ પુરાવા ન મળ્યા હોવાથી તેઓ છૂટી ગયા.
- ✓ ભગતસિંહ માર્કસવાદ, સમાજવાદ, સોવિયત સંઘની તથા અન્ય મોટી ક્રાંતિઓ વિષે ઊંડો અભ્યાસ કર્યો હતો
- ✓ તેમના પિતા કિશનસિંહ તેમના લગ્ન કરવાનું નક્કી કર્યું છે તે વાત જાણી તેઓ લાહોરથી નાસી છૂટ્યો હતા અને ગુપ્ત વેશે દિલ્હીમાં જઈ રહ્યા. થોડા સમય બાદ કાનપુર ગયા અને ત્યાં 'અર્જુન' તથા 'પ્રતાપ' નામના સામયિકમાં લેખો લખી ગુજરાન ચલાવ્યું.




#### જલિયાવાલાબાગ હત્યાકાંડ

- ✓ ભગતસિંહ જ્યારે લગભગ ૧૨ વર્ષના હતા ત્યારે જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો.
- ✓ આ વાતની જાણ થતાં ભગતસિંહ ૧૨ કી.મી પગે ચાલી જલિયાવાલા બાગ પહોચ્યા હતા.

#### અસહકારનું આંદોલન

- ✓ અસહકાર ચળવળ ૧૯૨૦થી શરૂ થઈ અને ફેબ્રુઆરી ૧૯૨૨ સુધી મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલી હતી. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી.

#### સાઈમન કમિશનનો બહિષ્કાર

- ✓ ૧૯૨૮માં સાયમન કમિશનના બહિષ્કાર માટે ભયાનક પ્રદર્શન થયા હતા. અને આની અંદર ભાગ લેનાર પર અંગ્રેજ સરકારે લાઠીચાર્જની અંદર લાલા લજપતરાય ઘાયલ થયા હતા, થોડા સમય પછી તેમનું મૃત્યુ થયું હતુ.
- ✓ ઘટનાથી ભગતસિંહ બહુ ક્રોધિત થયા અને તેમના સાથીઓ સાથે મળી અંગ્રેજ અધિકારી મી.સ્ટોકને મારવાનું કાવતરું ઘડ્યું હતું.
- ✓ ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ લગભગ સવા ચાર વાગ્યે એ.એસ.પી. સાંડર્સના આવતાં જ રાજગુરુએ તેને ગોળી મારી.

#### અવસાન

- ✓ ૮ એપ્રિલ ૧૯૨૯ના રોજ ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત દિલ્હીમાં કેન્દ્રિય ધારાસભા ચાલુ હતી ત્યારે ત્યાં બોમ્બ નાખ્યા અને નાસી જવાને બદલે ત્યાં ઊભા રહી ગયા. આના કારણે તેમણે સજા કરવામાં આવી.
- ✓ ત્યારબાદ તેમની લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસીએ ચડતાં પહેલા 'ઇંકલાબ જિંદાબાદ' ની વીર ગર્જનાઓ કરી હતી.
- ✓ શહિદી : ૨૩મી માર્ચ-૧૯૩૧

### (૨) ભારતરત્ન ગાયિકા શ્રી લતા મંગેશકરનો ૯૧મો જન્મદિવસ



✓ જન્મ : તા.૨૮-૦૯-૧૯૨૯

✓ જન્મસ્થળ : ઈન્દોર (મધ્યપ્રદેશ)

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૯-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા કયા દેશ પાસેથી નવી 72,000 રાયફલ ખરીદવા મંજૂરી આપવામાં આવી છે - **અમેરિકા**
2. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા કઇ નવી 72,000 રાયફલ ખરીદવા મંજૂરી આપવામાં આવી છે - **એસોલ્ટ રાયફલ**
3. ભારતીય લશ્કર માટે ખરીદવામાં આવનાર નવી એસોલ્ટ રાયફલની રેન્જ જણાવો- **500 મીટર**
4. ભારતમાં હથિયારોનું ઉત્પાદન વધારવા તાજેતરમાં કઈ નવી પોલિસી લોન્ચ કરાઈ - **નવી ડિફેન્સ પોલિસી-2020**
5. નવી ડિફેન્સ પોલિસી-2020 ક્યારથી અમલમાં આવશે- **01 ઓક્ટોબર 2020**
6. TRAI નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરાઈ - **નિવૃત્ત આઇ.એ.એસ ડૉ. પી ડી વાઘેલા**
7. TRAIના નવા ચેરમેનનો કાર્યકાળ જણાવો - **3 વર્ષ**
8. નિવૃત્ત IAS પી ડી વાઘેલા કઈ બેન્ચના અને કઈ કેડરના અધિકારી છે - **1986 અને ગુજરાત કેડર**
9. TRAIનું વિસ્તૃત નામ જણાવો - **ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા**
10. TRAIનું વડુ મથક ક્યાં આવેલું છે - **નવી દિલ્હી**
11. ગુજરાતમાં INS વિરાટને અંતિમ વિદાય આપવા કયો ખાસ કાર્યક્રમ ક્યાં યોજાયો - **થેન્ક્યુ વિરાટ-અલંગ**
12. ભારતીય નેવી દ્વારા કયા જહાજવાડામાં નવા INS વિક્રાંતનું નવસર્જન થઈ રહ્યું છે – **કોચી (કેરલ)**
13. INS વિરાટે કુલ કેટલા વર્ષ કયા બે દેશોની નેવીમાં સેવા આપી - **26 વર્ષ બ્રિટિશ નેવી અને 30 વર્ષ ભારતીય નેવી**
14. કેન્દ્રીય જહાજ મંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
15. સપ્ટેમ્બર-૨૦૨૦માં એશિયા અને યુરોપના કયા બે નાનકડા દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ હતી - **આર્મેનિયા અને અઝરબૈજાન**
16. એશિયા અને યુરોપના કયા બે નાનકડા દેશો આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે કયા વિસ્તારને લઈને દાયકાઓથી સંઘર્ષની સ્થિતિ છે - **નાગોર્નો-કારાબાખ (4400 ચો. કિ.મી.)**
17. આર્મેનિયા અને અઝરબૈજાન બન્ને પ્રદેશો કોનો હિસ્સો હતો – **સોવિયેત રશિયા**
18. આર્મેનિયા અને અઝરબૈજાન બન્ને દેશો વચ્ચે સંઘર્ષની શરૂઆત કયારથી થઈ હતી – **વર્ષ-1980**
19. સપ્ટેમ્બર-૨૦૨૦માં મુંબઈ ખાતે અવસાન પામનારા ગીતકાર અભિલાષની જાણીતી-શ્રેષ્ઠ રચના કઈ છે - **પ્રાર્થના-'ઈતની શક્તિ હમે દેના દાતા'**
20. સપ્ટેમ્બર-૨૦૨૦માં કોના દ્વારા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગ જાહેર કરાયું - **ફાઈનાન્શિયલ ટાઈમ્સ**
21. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં કુલ કેટલી ટોચની કોલેજોનું મૂલ્યાંકન કરાયું હતુ - **૧૧૪**
22. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં ભારતની કઈ ઈન્સ્ટિટ્યૂટનો સમાવેશ થયો છે - **આઈઆઈએમ અમદાવાદ, કોલકત્તા, બેંગ્લુરૂ અને ઉદયપુર**
23. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં કુલ કેટલા માપદંડો નક્કી કરાયા હતા - **૧૭**
24. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં આઈઆઈએમ અમદાવાદ કયા ક્રમે છે – **૨૦માં ક્રમે**
25. ગત વર્ષે આઈઆઈએમ અમદાવાદ વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં કયા ક્રમે હતુ - **૨૧માં ક્રમે**
26. ફાઈનાન્શિયલ ટાઈમ્સ દ્વારા જાહેર કરાયેલા વૈશ્વિક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગમાં આઈઆઈએમ કલકત્તા કયા ક્રમે હતુ – **૨૧માં ક્રમે**
27. આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **28 સપ્ટેમ્બર**
28. આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ ઊજવવા પાછળનો હેતુ જણાવો - **મહિલાઓના શરીર પર તેમના અધિકાર અંગે એક પ્રયાસ માટે**
29. આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસને પહેલીવાર અમેરિકા અને કેરેબિયન દેશોમાં કયારે ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ તરીકે મનાવાયો હતો - **28 સપ્ટેમ્બર 1990**

30. ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ ને બદલે "આંતરરાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ" ક્યારથી મનાવવામાં આવે છે - <u>વર્ષ-૨૦૧૫</u>

31. ક્રાંતિકારી ભગતસિંહનો જન્મ દિવસ જણાવો - **<u>28 સપ્ટેમ્બર 1907</u>**

32. ક્રાંતિકારી ભગતસિંહે ક્યારે શહિદી વહોરી હતી -**<u>23 માર્ચ 1931</u>**

33. ભગતસિંહનો જન્મ ક્યાં થયો હતો - <u>લયાલપુર જિલ્લાના બંગામાં</u>

34. ભગતસિંહે ક્યારે નવજવાન ભારત સભાની સ્થાપના કરી હતી – <u>વર્ષ-૧૯૨૫</u>

35. જલિયાવાલા બાગ હત્યાકાંડ સમયે ભગતસિંહની ઉંમર કેટલી હતી – <u>૧૨ વર્ષ</u>

36. ભારત રત્ન ગાયિકા શ્રી લતા મંગેશકરનો જન્મ દિવસ જણાવો - <u>તા.૨૮-૦૯-૧૯૨૯</u>

37. તા.૨૮મી સપ્ટેમ્બર-૨૦૨૦ના રોજ ગાયિકા શ્રી લતા મંગેશકરનો કેટલામો જન્મ દિવસ મનાવવામાં આવ્યો - <u>૯૧મો</u>

38. ગાયિકા શ્રી લતા મંગેશકરનું જન્મસ્થળ જણાવો - <u>ઈન્દોર (મધ્યપ્રદેશ)</u>

DATE : 29-09-2020

<u>૧. કેન્દ્રીય ચૂંટણી પંચ (બંધારણ)</u>

**<u>ગુજરાત સહિત ૧૧ રાજયોમાં વિધાનસભાની ૫૬ ખાલી બેઠકો માટે જયારે બિહારમાં એક લોકસભાની બેઠક માટે ત્રણ નવેમ્બરે મતદાન</u>**

**<u>કાર્યક્રમ</u>**

✓ મતદાન : ૩ નવેમ્બરે-૨૦૨૦

✓ મતગણતરી/પરિણામ : ૧૦ નવેમ્બર-૨૦૨૦

**<u>દેશના ક્યા રાજ્યોમાં કેટલી વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી યોજાશે</u>**

**<u>રાજ્ય – પેટાચૂંટણી</u>**

| | | |
|---|---|---|
| **મધ્યપ્રદેશ – ૨૮** | **ગુજરાત – ૦૮** | **ઉત્તરપ્રદેશ – ૦૭** |
| **ઝારખંડ – ૦૨** | **કર્ણાટક – ૦૨** | **નાગાલેન્ડ – ૦૨** |
| **ઓડિશા – ૦૨** | **મણિપુર – ૦૨** | **છત્તીસગઢ – ૦૧** |
| **હરિયાણા – ૦૧** | **તેલંગણા– ૦૧** | |

**<u>ગુજરાતમાં કઈ બેઠકો માટે પેટાચૂંટણી યોજાશે</u>**

1. અબડાસા
2. લીંબડી
3. મોરબી
4. ધારી
5. ગઢડા
6. કરજણ
7. ડાંગ અને
8. કપરાડા

<u>૨. એક્શન : ભારત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠન એમ્નેસ્ટી ઇન્ટરનેશન-UKના ભારત સ્થિત તમામ બેન્ક એકાઉન્ટ સ્થગિત કર્યા</u>

**<u>આરોપ :</u>**

✓ ભારતના ગૃહમંત્રાલયે જણાવ્યું હતું કે, માનવ અધિકારના નામે ભારતના કાયદાઓનું ઉલ્લંઘન કરી શકાય નહીં

✓ ભારતની સરકારે વિદેશી ભંડોળ મેળવવાનો ઇનકાર કર્યો ત્યારથી તે આ પ્રકારની મંજૂરી માટે યોગ્ય નહોતી.

✓ એફસીઆરએ નિયંત્રણો લદાવાના કારણે એમ્નેસ્ટી યુકે દ્વારા મોટી રકમ ભારતમાં નોંધાયેલી ૪ સંસ્થાઓમાં એફડીઆઇ તરીકે ટ્રાન્સફર કરી દેવાઇ હતી.

<u>૩. ભારત-ચીન વિવાદ (વૈશ્વિક બાબતો)</u>

**<u>ચીને ૧૯૫૯માં એક પક્ષીય રીતે નક્કી કરેલી LAC ભારતને તદ્દન અસ્વીકાર્ય</u>**

✓ કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખને માન્યતા આપવા ચીનનો ઈન્કાર




**<u>વર્ષ ૧૯૫૯નો LACનો સમગ્ર વિવાદ શું છે</u>**

✓ ભારતના મતે એલએસી (લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ-કામચલાઉ સરહદ)ની લંબાઈ ૩૪૮૮ કિલોમીટર લાંબી છે, જ્યારે ચીનના મતે ૨ હજાર કિલોમીટર જ છે !

✓ ચીન લદ્દાખ મોરચાની એલએસીને માનવા તૈયાર જ નથી.

✓ આઝાદી પછી સરહદી વિવાદ વખતે ૧૯૫૯માં ચીની વડાપ્રધાન ચાઉ એનલાઈએ વડા પ્રધાન નહેરુને પત્ર લખ્યો હતો.

✓ પત્રમાં ચાઉ એનલાઈએ પોતાની ઈચ્છા મુજબ એલએસી દર્શાવી હતી.

✓ ચીન આજે પણ એ પત્રના આધારે જ એલએસી માને છે, જેનો ભારત સ્વિકાર કરતું નથી.

- ✓ ચીનના મતે તે અત્યારની એલએસી છે, તેના કરતા ૨૦ કિલોમીટર અંદર સુધીનો પ્રદેશ તેનો જ છે.
- ✓ ભારતે ૧૯૫૯માં અને ૧૯૬૨માં પણ ચીનની એ એલએસીનો વિરોધ કર્યો હતો.

### ૪. નિમણૂક : FTIIના નવા ચેરમેન તરીકે ફિલ્મ ડાયરેક્ટર શેખર કપૂરની નિમણૂક

- ✓ FTII : ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા
- ✓ સ્થળ : પૂના (મહારાષ્ટ્ર)

### ૫. કેન્દ્ર સરકાર : તારીખ ૧લી ઓક્ટોબરથી દેશમાં ૯ મહત્વના ફેરફાર આવશે (સુવિધા)

**(૧) લાઇસન્સ-આરસી બુક રાખવાની ઝંઝટ નહીં**

- ✓ વાહન ચલાવતી વખતે હવે લાઇસન્સ અને રજિસ્ટ્રેશન ડોક્યુમેન્ટ્સ સાથે રાખવાની જરૂર નહીં પડે, તેમની સોફ્ટ કોપી પણ માન્ય ગણાશે.
- ✓ મોટર વાહન અધિનિયમ, 1989માં સુધારા અંતર્ગત વાહનના ડોક્યુમેન્ટ્સની આઇટી પોર્ટલ દ્વારા જાળવણી થશે.

**(૨) વાહન ચલાવતી વખતે મોબાઇલ યુઝ કરી શકાશે:**

- ✓ વાહન ચલાવતી વખતે રૂટ નેવિગેશન માટે મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકાશે.
- ✓ ડ્રાઇવરનું ધ્યાન ભંગ ન થવું જોઇએ.
- ✓ મોબાઇલ પર વાત કરવા બદલ રૂ. ૫ હજાર સુધીનો દંડ થઇ શકશે.

**(3) ખુલ્લી મીઠાઇ પર એક્સપાયરી ડેટ લખવી પડશે :**

- ✓ બજારમાં વેચાતી ખુલ્લી મીઠાઇ માટે વેપારીને તેના ઉપયોગ માટેની એકસપાયરી ડેટ દર્શાવવી પડશે.
- ✓ ખાધ નિયામક એફએસએસએઆઈને તે ફરજિયાત કરી દીધું છે.

**(૪) આરોગ્ય વીમા પોલિસીમાં ફેરફાર :**વીમા નિયંત્રક ઇરડાના નવા નિયમો મુજબ પોલિસી ધારકે સતત ૮ વર્ષ પ્રીમિયમ ચૂકવ્યું હોય તો કંપનીઓ ક્લેમ રિજેક્ટ નહીં કરી શકે.

- ✓ વધુ બીમારીઓ પણ કવર થશે જો કે, તેના કારણે પ્રીમિયમ વધી શકે છે

**(૫) વિદેશમાં નાણા મોકલવાર પર ૫ ટકા ટેક્સ :**

- ✓ વિદેશમાં સંતાનોને કે સંબંધીઓને નાણા મોકલો કે પ્રોપર્ટી ખરીદો તો જે - તે રકમ પર ૫ ટકા ટીસીએસ ચૂકવવો પડશે.
- ✓ ફાઇનાન્સ એક્ટ, ૨૦૨૦ મુજબ લિબરલાઇઝ્ડ રિમિટન્સ સ્કીમ હેઠળ વાર્ષિક ૨.૫ લાખ ડોલર સુધીની રકમ વિદેશ મોકલી શકાય છે. તેને ટીસીએસના દાયરામાં લવાઈ છે.

**(૬) સરસીયામાં ભેળસેળ નહીં :**

- ✓ હવે સરસવનું તેલ (સરસીયું) શુદ્ધ મળશે. એફએસએસએઆઇએ તેમાં બીજા તેલ મિલાવવા પર રોક લગાવી દીધી છે.
- ✓ અત્યાર સુધી તેમાં રાઇસ બ્રાન ઓઈલ કે સસ્તા તેલ મિલાવાતા હતા.

**(૭) કલર ટીવી મોંઘા થશે :**

- ✓ કેન્દ્ર સરકારે કલર ટીવીના એસેમ્બલિંગમાં વપરાતા ઓપન સેલ કમ્પોનન્ટની આયાત પર 5 ટકા કસ્ટમ ડ્યુટી બહાલ કરી છે.
- ✓ તેના પર સરકારે એક વર્ષની છૂટ આપી હતી.

**(૮) ગૂગલ મીટ પર ફ્રી મીટિંગ ૬૦ મિનિટ જ:**

- ✓ ઓનલાઇન મીટિંગ માટે ગૂગલ મીટનો ઉપયોગ મર્યાદિત થશે.
- ✓ ફ્રી યુઝર મહત્તમ ૬૦ મિનિટ મીટિંગ કરી શકશે.
- ✓ પેઈડ યુઝર્સ તેનાથી લાંબી મીટિંગ કરી શકશે.

**(૯) ઉજ્જવલા ગેસ કનેક્શન ફ્રી નહીં :**

- ✓ એલપીજી (રાંધણગેસ) કનેકશન વિના મૂલ્ય મેળવવાની પ્રક્રિયા 30 સપ્ટેમ્બરે પૂરી થઇ રહી છે, કોરોનાના કારણે આ તારીખ લંબાવાઇ હતી.

### ૬. ચીની કેટ ક્યૂ વાયરસ (આરોગ્ય)

### ICMR દ્વારા ચેતવણી : આ વાઇરસ ભારત માટે જોખમી ચેપ ફેલાઇ શકે છે




**અસરો :**

- ✓ આ વાઈરસથી માણસમાં મગજનો તાવની સમસ્યા ઉભી થઈ શકે છે.

**વાઈરસ કયાં જોવા મળ્યો**

- ✓ ચીન અને વિયેતનામમાં કેટ ક્યૂ વાઈરસની હાજરીની જાણ થઈ.

**વાહક :**

- ✓ ક્યુલેક્સ મચ્છર અને સુવરમાંથી આ વાઈરસ મળી આવ્યો છે.

**ભારતની સ્થિતિ :**

✓ વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે ભારતમાં પણ ક્યૂલેક્સ મચ્છરમાં કેટ ક્યુ વાઈરસ જેવું કંઈ મળી આવ્યું છે.

**કયા ગ્રૂપનો વાયરસ**

✓ કેટ ક્યૂ વાયરસ (સીક્યુવી) જીનસ ઓર્થોબનિયા વાયરસ (બનિયાવીરીડે પરિવાર)ના સિમ્બુ સેરો ગ્રૂપનો વાયરસ.

**વાયરસનો ઈતિહાસ :**

✓ ઉત્તરીય વિયેતનામમાં ૨૦૦૪માં બાળકોમાં એન્સેફેલિટિસીની સારવાર દરમિયાન આર્બોવાયરની પ્રવૃત્તિઓ પર નજર રાખતી વખતે મચ્છરોમાંથી આ વાયરસને સૌપ્રથમ વખત આઈસોલેટ કરાયો હતો.

**૭. હવામાન વિભાગ : ભારતમાં ચાલુ વર્ષે કુલ ૧૦૯ ટકાથી વધુ વરસાદ નોંધાયો**

✓ વર્ષ ૨૦૧૯માં કુલ વરસાદ ૧૧૦ ટકા

**૮. ટિહરી સરોવર : ઉત્તરાખંડ (સિવિલ ઈજનેરી)**

**ટિહરી સરોવર ઉપર ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ તૈયાર**



**વિશેષતા :**

✓ કુલ લંબાઈ - ૭૨૫ મીટર   પહોળાઈ - ૭ મીટર

✓ સસ્પેન્શન બ્રિજ - ૪૪૦ મીટર

✓ કુલ ખર્ચ - રૂ. ૨૭૦ કરોડ

**સુવિધા :**

✓ આ બ્રિજથી નઇ ટીહરીથી પ્રતાપ નગર જવા પાંચ કલાક લાગતાં હવે ફક્ત બે કલાકમાં જ પહોંચી શકાશે

✓ ખાસ : આ પહેલા દેશનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ લેહમાં આવેલો છે જેનું નામ મૈત્રી પુલ અને લંબાઈ ૮૦ મીટર

**૯. સન્માન : UNDP**

**અભિનેતા સોનુ સૂદને 'એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન' એવોર્ડથી સન્માનિત કરાયા (સેવા)**

✓ વિશ્વમાંથી પસંદગીની વ્યક્તિઓને જ આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો છે.

✓ આ એવોર્ડને યૂનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સમિતિ દ્વારા આપવામાં આવ્યો છે.

**પ્રદાન :**

✓ કોરોના સંકટ દરમિયાન સોનૂએ સતત પરપ્રાંતીય મજૂરોને મદદ કરી છે જે હજૂ પણ ચાલુ છે.

✓ તેણે ગરીબ બાળકો માટે સ્કોલરશિપ કાર્યક્રમ પણ શરૂ કર્યો છે જેથી બાળકો પોતાના મનપસંદ વિષય સાથે ભણી શકે.

✓ આ ઉપરાંત અભિનેતાએ પ્રવાસી રોજગાર નામની એપ પણ શરૂ કરી છે. જેના દ્વારા પ્રવાસી મજૂરોને નોકરી પણ મળી શકશે.

✓ તેના આ સદકાર્યોની નોંધ લઇને સંયુક્ત રાષ્ટ્ર સંઘે તેનું વિશેષ સમ્માન કર્યું છે.

**૧૦. દિન વિશેષ : 29 સપ્ટેમ્બર**

**વર્લ્ડ હાર્ટ ડે :**

✓ થીમ-૨૦૨૦ : "Use Heart To Beat Cardiovascular disease"

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૯-૨૦૨૦)**

1. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત સહિત કેટલા રાજયો તથા કેટલી વિધાનસભા બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **૧૧ રાજ્યો તથા ૫૬ બેઠક**
2. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતની કઈ કઈ બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડા**
3. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાત સહિત કેટલા રાજયો તથા કેટલી વિધાનસભા બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **૧૧ રાજ્યો તથા ૫૬ બેઠક**
4. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતની કઈ કઈ બેઠકો માટે નવેમ્બરમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી – **અબડાસા, લીંબડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડા**
5. તાજેતરમાં ભારત સરકાર દ્વારા કયા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠનના ભારત સ્થિત તમામ બેન્ક એકાઉન્ટ સ્થગિત કરાયા - **એમ્નેસ્ટી ઇન્ટરનેશન-UK**
6. તાજેતરમાં ભારતે ચીન દ્વારા કયા વર્ષના એકપક્ષીય રીતે નક્કી કરેલી LACનો ભારતે અસ્વિકરા કર્યો છે - **વર્ષ-૧૯૫૯**
7. ભારત અને ચીનના મતે LACની કુલ લંબાઈ જણાવો - **૩૪૮૮ કિ.મી. તથા ૨૦૦૦ કિ.મી.**

8. સપ્ટેમ્બર-૨૦૨૦માં FTIIના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી - ફિલ્મ ડાયરેક્ટર શેખર કપૂર
9. મનોરંજન સાથે સંકળાયેલી FTIIનું વિસ્તૃત નામ જણાવો - ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા
10. FTIIનું વડુમથક જણાવો – પૂના (મહારાષ્ટ્ર)
11. દેશમાં ૧લી ઓક્ટોબર-૨૦૨૦થી લાઇસન્સ-આરસી બુક અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - લાઇસન્સ-આરસી બુક સાથે નહીં રાખવી પડે તેમની સોફ્ટ કોપી પણ માન્ય ગણાશે
12. દેશમાં ૧લી ઓક્ટોબર-૨૦૨૦થી વાહન ચલાવતી વખતે મોબાઇલ યુઝ કરવા અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - વાહન ચલાવતી વખતે રૂટ નેવિગેશન માટે મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકાશે
13. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી ખુલ્લી મીઠાઇ અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - ખુલ્લી મીઠાઇ પર એક્સપાયરી ડેટ લખવી ફરજિયાત
14. દેશમાં ૧લી ઓક્ટોબર-૨૦૨૦થી આરોગ્ય વીમા પોલિસીમાં કયો નવો ફેરફાર અમલમાં આવ્યો – પોલિસી ધારકે સતત ૮ વર્ષ પ્રીમિયમ ચૂકવ્યું હોય તો કંપનીઓ ક્લેમ રિજેક્ટ નહીં કરી શકે
15. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી વિદેશમાં નાણા મોકલવા અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો - વિદેશમાં નાણા મોકલવા તથા પ્રોપર્ટી ખરીદીની રકમ ઉપર ૫ ટકા TCS ચૂકવવો પડશે
16. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી સરસવના તેલ અંગે કયો નવો નિર્ણય અમલમાં આવ્યો – સરસીયાના તેલમાં બીજા તેલ મિલાવવા પર પ્રતિબંધ
17. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી કલર ટીવીના ભાવ બાબતે નવો શું ફેરફાર થશે - કલર ટીવીના એસેમ્બલિંગમાં વપરાતા ઓપન સેલ કમ્પોનન્ટની આયાત પર 5 ટકા કસ્ટમ ડ્યુટી લાગતા તે મોંઘા થશે
18. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી ગૂગલ મીટ પર ફ્રી મીટિંગ અંગે શું ફેરફાર અમલી બન્યો – ઓનલાઇન મીટિંગ માટે ગૂગલ મીટનો ઉપયોગ મર્યાદિત થશે, ફ્રી યુઝર મહત્તમ ૬૦ મિનિટ મીટિંગ કરી શકશે
19. દેશમાં ૧લી ઓકટોબર-૨૦૨૦થી ઉજ્જવલા ગેસ કનેક્શન અંગે નવો કયો ફેરફાર અમલી બન્યો - એલપીજી (રાંધણગેસ) કનેક્શન વિના મૂલ્ય નહીં મળે
20. કોરોના વાયરસની મહામારી વચ્ચે સપ્ટેમ્બર-૨૦૨૦માં ચીનમાં કયા વાયરસ દેખાયો જે ભારત માટે જોખમી તથા ચેપ ફેલાવી શકે તેમ છે એવી ICMRએ ચેતવણી આપી છે - કેટ ક્યૂ
21. ચીની વાયરસ કેટ ક્યૂ સૌ પ્રથમ કયા વર્ષમાં જોવા મળ્યો હતો – વર્ષ-૨૦૦૪
22. કેટ ક્યૂ કયા ગ્રૂપનો વાયરસ છે - સિમ્બુ સેરો ગ્રૂપ
23. ચીન અને વિયેતનામમાં કેટ ક્યૂ વાઈરસની હાજરી કયા પ્રાણીઓમાં મળી આવી - ક્યુલેક્સ મચ્છર અને સુવર
24. ભારતમાં ચાલુ વર્ષે કુલ કેટલા ટકા વરસાદ નોંધાયો - ૧૦૯ ટકાથી વધુ (સપ્ટેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ)
25. ભારતમાં ગત વર્ષ-૨૦૧૯માં કુલ કેટલા ટકા વરસાદ નોંધાયો હતો - ૧૧૦ ટકા
26. ટિહરી સરોવર કયા રાજ્યમાં આવેલું છે - ઉત્તરાખંડ
27. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા સ્થળે ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ તૈયાર થયો - ટિહરી સરોવર (ઉતરાખંડ)
28. ઉત્તરાખંડના ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતના સૌથી લાંબા સસ્પેન્શન બ્રિજની કુલ લંબાઈ જણાવો - ૭૨૫ મીટર
29. ઉત્તરાખંડના ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતના સૌથી લાંબાં સસ્પેન્શન બ્રિજની લંબાઈ જણાવો - ૪૪૦ મીટર
30. ઉત્તરાખંડના ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ બનાવવા પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે - રૂ. ૨૭૦ કરોડ
31. ટિહરી સરોવર ઉપર તૈયાર થયેલો ભારતનો સૌથી લાંબો સસ્પેન્શન બ્રિજ બાદનો લેહનો સૌથી મોટા બ્રિજનું નામ તથા લંબાઈ જણાવો - મૈત્રી પુલ તથા લંબાઈ ૮૦ મીટર
32. તાજેતરમાં UNO દ્વારા અભિનેતા સોનુ સૂદને કયા એવોર્ડથી સન્માનિત કરાયા - એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન
33. UNOની કઈ સમિતિ દ્વારા અભિનેતા સોનુ સૂદને એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન એવોર્ડ આપવામાં આવ્યો - યૂનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સમિતિ
34. તાજેતરમાં UNO દ્વારા અભિનેતા સોનુ સૂદને તેમના કયા કાર્યો બદલ એસડીઝી સ્પેશિયલ હ્યુમેનિટેરીયન એક્શન એવોર્ડથી સન્માનિત કરાયા - કોરોના સંકટ દરમિયાન પરપ્રાંતીય મજૂરોને મદદ, ગરીબ બાળકો માટે સ્કોલરશિપ

<u>તથા પ્રવાસી મજૂરોને નોકરી મળી શકે તે માટે એક એક એપનું પ્લેટફોર્મ શરૂ કર્યું</u>

35. અભિનેતા સોનુ સૂદે પ્રવાસી મજૂરોને નોકરી મળી શકે તે હેતુથી શરૂ કરેલી એપનું નામ જણાવો - **<u>પ્રવાસી રોજગાર</u>**

36. વર્લ્ડ હાર્ટ ડે કયારે મનાવવામાં આવે છે - **<u>૨૯ સપ્ટેમ્બર</u>**

37. વર્લ્ડ હાર્ટ ડે-૨૦૨૦ની થીમ જણાવો - **<u>"Use Heart To Beat Cardiovascular disease"</u>**

**DATE : 30-09-2020**

<u>૧. બાબરી વિધ્વંસ કેસ (કાયદો)</u>

**<u>તમામ ૩૨ આરોપીઓ નિર્દોષ : CBIની ખાસ અદાલત લખનઉ દ્વારા મહત્વનો ચુકાદો</u>**

**<u>કેસની વિગતો</u>**

- ✓ અયોધ્યામાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ વિધ્વંસ કરવાના કેસમાં લખનઉ સ્થિત વિશેષ સીબીઆઇ અદાલતે ૨૮ વર્ષથી મેરેથોન અદાલતી કાર્યવાહી બાદ ચુકાદો આપ્યો.
- ✓ ચૂકાદામાં સીબીઆઇ દ્વારા <u>મુખ્ય આરોપી ગણાવાયેલા પૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણી, પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી મુરલી મનોહર જોશી, પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ભાજપ અને વિહિપના નેતાઓ સહિતના તમામ ૩૨ આરોપીને નિર્દોષ જાહેર</u> કર્યાં હતાં.
- ✓ નિવૃત્ત થઈ રહેલા વિશેષ સીબીઆઇ અદાલતના જજ સુરેન્દ્રકુમાર યાદવે ૨,૩૦૦ પાનાંના ચુકાદામાં જણાવ્યું હતું કે, પુરાવાના અભાવે તમામ ૩૨ આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવે છે.
- ✓ સીબીઆઇ તેના જ દ્વારા રજૂ કરાયેલા ઓડિયો અને વીડિયો પુરાવાની અધિકૃતતા પુરવાર કરી શકી નથી.
- ✓ બાબરી મસ્જિદ તોડી પાડવાની ઘટના પૂર્વનિયોજિત નહોતી.
- ✓ આરોપીઓ દ્વારા મસ્જિદ તોડી રહેલા અસામાજિક તત્ત્વોને રોકવાનો પ્રયાસ કરાયો હતો.

<u>૨. ગુજરાત સરકાર : ટેકાના ભાવે મગફળીની ખરીદી માટેના નોંધણીનો તા.૧લી ઓકટોબર-૨૦૨૦થી શુભારંભ (કૃષિ)</u>

- ✓ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫૨૭૫/-
- ✓ પ્રતિ મણ રૂ. ૧૦૫૫/-




- ✓ મગફળી ખરીદીનો પ્રારંભ તા. ૨જી ઓકટોબર-૨૦૨૦થી

<u>3. DRDO : બ્રહ્મોસ સુપર સોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)</u>

**<u>બ્રહ્મોસ મિસાઇલની ખાસિયત :</u>**

- ✓ રેન્જ : ૪૦૦-૪૫૦ કિ.મી.
- ✓ કેટેગરી : હવામાંથી હવામાં ત્રાટકવાની ક્ષમતા.
- ✓ સબમરિન, જહાજ, વિમાનમાંથી છોડી શકાય.
- ✓ આ મિસાઇલ રશિયાની પી ૮૦૦ ઓકિસ ક્રૂઝ મિસાઇલ ટેકનોલોજી પર આધારિત.
- ✓ <u>ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મસ્કવા નદીને નામે તેનું નામ બ્રહ્મોસ રખાયું.</u>
- ✓ ક્રૂઝ મિસાઇલ પૃથ્વીની સપાટીની સમાંતરે ચાલે છે અને તે ધાર્યું નિશાન પાર પાડી શકે છે.
- ✓ ક્રૂઝ મિસાઇલ પારંપરિક અને પરમાણુ બોંબ માટે ઉપયોગી.

**<u>તૈયાર કરનાર સંસ્થા :</u>**

- ✓ રશિયાની એનપીઓ મશીનોસ્ટ્રોયેનિયા અને ભારતના ડીઆરડીઓએ સાથે મળીને આ મિસાઇલ તૈયાર કરી.
- ✓ પરીક્ષણ સ્થળ : ચાંદીપુર (ઓડિશા)

<u>૪. કુવૈત : નવા ક્રાઉન પ્રિન્સ નવાફ અલ અહમદ અલ સબાહ કુવૈતના નવા શાસક : અમીરપદે વરણી (વૈશ્વિક બાબતો)</u>

**<u>કુવૈતની પરંપરા :</u>**

- ✓ કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ નવાફ અલ અહમદ અલ સબાહ તેલ સમૃદ્ધ દેશના શાસક અમીર બની રહ્યા હતા.
- ✓ ૮૩ વર્ષના શેખ નવાફ વર્ષ ૨૦૦૬ થી ક્રાઉન પ્રિન્સપદ સંભાળી રહ્યા હતા.
- ✓ <u>કુવૈતમાં શાસક પરિવારની અલ જાબેર અને અલ સલીમ શાખા વારાફરથી અમીરપદ સંભાળે તેવી પરંપરા</u> છે.
- ✓ <u>આ પરંપરાગત ઢાંચામાં શેખ નવાફ હવે કુવૈતના શાસક અમીર બની રહ્યા છે.</u>
- ✓ <u>કુવૈતના બંધારણ મુજબ શેખ નવાફે શાસક અમીરપદ સંભાળ્યા પછી આગામી સપ્તાહોમાં હવે દેશના આગામી ક્રાઉન પ્રિન્સ કોણ રહેશે તે વિષે વાટાઘાટો શરૂ થશે.</u>

✓ પૂર્વ શાસક અમીર શેખ સબાહ અલ અહમદ અલ સબાહનું ૯૧ વર્ષની વયે અવસાન થયું હતું.

✓ સ્થળ : દુબઈ

**૫. ગ્રીન રીબીન એ મૃત્યુ બાદ અંગદાન કરવાના શપથની નિશાની**

✓ બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને ઑર્ગન ડોનેટ કરવાની જાહેરાત કરી છે.

✓ તેમણે પોતાની એક તસવીર પોસ્ટ કરી છે જેમાં તેમના કોટ પર એક નાની ગ્રીન કલરની રીબીન પણ છે.

**૬. નિધન : બાળ સામયિક ચાંદામામાના ચિત્રકાર કે. સી. શિવશંકરનું ૯૭ વર્ષે નિધન**

**વિક્રમ-વૈતાળ સિરિઝના ચિત્રો માટે કે.સી. વધારે જાણીતા હતા**

✓ વિવિધ બાળવાર્તાઓ પૈકી તેમાં આવતી વિક્રમ-વૈતાળની સિરિઝ ભારે લોકપ્રિય હતી. એ વિક્રમ-વૈતાળના ચિત્રો કે.સી.એ તૈયાર કર્યા હતા.

✓ ખભે વૈતાલનું મડદું, હાથમાં તલવાર લઈને ખોપરીઓ વચ્ચેથી મધરાતે પસાર થતા વિક્રમનું ચિત્ર તેમણે ૧૯૬૦ના અરસામાં તૈયાર કર્યું હતું.

✓ આજે એ ચિત્ર જ વિક્રમની ઓળખ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યુ છે.

**સામયિક વિશે :**

✓ ચાંદામામા સામયિકની મૂળ ટીમના તેઓ છેલ્લા સભ્ય હતા. બાળ સામયિક ચાંદામામા ૧૯૪૭માં તેલુગુ ભાષામાં શરૂ થયુ હતું, એક તબક્કે વિવિધ બાર ભાષામાં પ્રગટ થયું હતું. છેવટે વાચકોના અભાવે ૨૦૧૩માં એ બંધ થયું હતું.

✓ રામાયણ અને મહાભારતના પણ અનેક ચિત્રો તેમણે તૈયાર કર્યા હતા.

✓ જન્મ : જિ. ઈરોડ, તામિલનાડુ

✓ અવસાન : ચેન્નાઈ

**૭. 'વોટ ઈન્ડિયા ઈટ્સ' :કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા અહેવાલ જાહેર કરાયો (આરોગ્ય)**

✓ થીમ : દેશની લાઈફ સ્ટાઈલ ખાન-પાન, આરોગ્ય વગેરેની ટેવોની વિગતો જાહેર કરવામાં આવી

**અહેવાલના મુખ્ય તારણો :**

✓ સરકારે દેશના સ્ત્રી-પુરુષોના સરેરાશ વજનમાં વૃદ્ધિ જાહેર કરી છે. એટલે કે સરકારે કહ્યું છે કે પુરુષોનું વજન ૬૫ કિલોગ્રામ હોય તો યોગ્ય ગણાય અને સ્ત્રીઓનું વજન ૫૫ કિલોગ્રામ હોય તો યોગ્ય ગણાય.

✓ આ પહેલા ૨૦૧૦માં રિપોર્ટ રજૂ થયો હતો જેમાં પુરુષોનું આદર્શ વજન ૬૦ કિલોગ્રામ અને સ્ત્રીઓનું આદર્શ વજન ૫૦ કિલોગ્રામ નિર્ધારિત કરાયું હતું.

✓ શરીરના પ્રમાણમાં વજન કેટલું હોવું જોઈએ તેની ગણતરી બોડી માસ ઈન્ડેક્સ તરીકે ઓળખાય છે.

✓ ભારત સરકારના આ નવા આંકડાઓથી બોડી માસ ઈન્ડેક્સમાં પણ ફેરફાર થયો.

✓ હવે નવી સરેરાશ પ્રમાણે પુરૂષોની એવરેજ હાઈટ ૫ ફીટ ૬ ઈંચથી વધારીને પાંચ ફીટ આઠ ઈંચ નક્કી કરવામાં આવી.

✓ સ્ત્રીઓની સરેરાશ ઊંચાઈ પાંચ ફૂટ મનાતી હતી એ વધારીને પાંચ ફીટ ત્રણ ઈંચ ગણાશે. એટલે કે આ ઊંચાઈ આદર્શ મનાશે.

✓ રિપોર્ટ પ્રમાણે શહેરી વિસ્તારના રહેવાસીઓ ગામવાસીઓ કરતા વધારે ફેટ (ચરબીયુક્ત ખોરાક)નું સેવન કરે છે.

✓ સરેરાશ શહેરીજન રોજના ૫૧.૬ ગ્રામ ફેટનું સેવન કરે છે, જ્યારે ગ્રામ્ય રહેવાસીઓ દૈનિક ધોરણે ૩૬ ગ્રામ ફેટ આરોગે છે.

✓ શહેરમાં રહેતા દર બીજા વ્યક્તિનું પેટ બીનજરૂરી રીતે ફાંદ સ્વરૂપે બહાર નીકળેલું જોવા મળે છે. જ્યારે ૪૯ ટકાથી વધારે લોકો ઓવરવેઈટ (વધારે વજન ધરાવતા) નોંધાયા છે.

✓ ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ ટકા કરતા ઓછા લોકોની ફાંદ નીકળેલી જોવા મળે છે અને ૨૧ ટકા ગ્રામ્યવાસીઓ ઓવરવેટ નોંધાયા.

✓ વધારે વજન અને ફાંદને કારણે ઘણા રોગો શરીરમાં ઘર કરી જતા હોય છે, એ વાત જાણીતી છે.

✓ શહેરમાં રહેતા ૧૭ ટકા અને ગામડામાં રહેતા માંડ ૯ ટકા લોકો પોતાની દૈનિક જરૂરિયાત મુજબના શાકભાજી ખાય છે. એ રીતે નિર્ધારિત માત્રામાં દૂધ પણ શહેરમાં ૧૪.૩ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૮.૭ ટકા નાગરિકો જ લે છે.

✓ અહેવાલ તૈયાર કરનાર સંસ્થા : ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ન્યુટ્રીશિયન

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૯-૨૦૨૦)**

1. તાજેતરમાં 28 વર્ષ બાદ બાબરી વિધ્વંસ કેસમાં કઈ અદાલતે 32 આરોપીઓને નિર્દોષ કરાર આપ્યો છે - **CBI ખાસ અદાલત, લખનઉ**
2. અયોધ્યામાં બાબરી વિધ્વંસ ક્યારે થયો હતો - **6 ડિસેમ્બર 1992**

3. ચાલુ સિઝનમાં ગુજરાત સરકાર 21 ઓક્ટોબર 2020થી કેટલા રૂપિયા પ્રતિ મણ મગફળીની ખરીદી કરશે- **રૂ. 1055/-**
4. તાજેતર સપ્ટેમ્બર 2020માં ડીઆરડીઓ દ્વારા કયા ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું -**બ્રહ્મોસ સુપરસોનિક**
5. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની રેન્જ જણાવો - **400-450 કિલોમીટર**
6. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની કેટેગરી જણાવો - **હવામાંથી હવામાં**
7. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ ક્યાંથી કરવામાં આવ્યું - **ચાંદીપુર, ઓડિશા**
8. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ કઈ બે સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે - **ડીઆરડીઓ અને NPO રશિયા**
9. તાજેતરમાં કુવૈતના નવા ક્રાઉન પ્રિન્સ તરીકે કોની વરણી કરાઈ - **નવાફ અલ અહમદ અલ સબાહ**
10. મૃત્યુ બાદ અંગદાન કરવાના શપથની નિશાની સ્વરૂપે કઈ રીબીન પહેરવામાં આવે છે - **ગ્રીન રીબીન**
11. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા બોલીવૂડ અભિનેતાએ ઑર્ગન ડોનેટ કરવાની જાહેરાત કરી હતી - **અમિતાભ બચ્ચન**
12. સપ્ટેમ્બર-૨૦૨૦માં કયા જાણીતા ચિત્રકારનું ૯૭ વર્ષે ચેન્નાઈ ખાતે નિધન થયુ - **કે. સી. શિવશંકર**
13. કે. સી. શિવશંકર કયા બાળ સામયિક માટે ચિત્ર દોરતા હતા – **ચાંદામામા**
14. કે. સી. શિવશંકર કઈ સિરિઝના ચિત્રો માટે વધારે જાણીતા હતા - **વિક્રમ-વૈતાળ**
15. બાળ સામયિક ચાંદામામા કયા વર્ષે તેલુગુ ભાષામાં શરૂ થયુ હતું – **વર્ષ-૧૯૪૭**
16. બાળ સામયિક ચાંદામામા વિવિધ કેટલી ભાષામાં પ્રગટ થતુ હતું - **બાર**
17. બાળ સામયિક ચાંદામામા વાચકોના અભાવે કયા વર્ષે બંધ થયું હતું - **૨૦૧૩**
18. કે. સી. શિવશંકરે કયા વર્ષે ખભે વૈતાલનું મડદું, હાથમાં તલવાર લઈને ખોપરીઓ વચ્ચેથી મધરાતે પસાર થતા વિક્રમનું ચિત્ર તૈયાર કર્યું હતું જે બાદમાં એ ચિત્ર જ વિક્રમની ઓળખ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યુ હતુ – **વર્ષ-૧૯૬૦**
19. જાણીતા ચિત્રકાર કે. સી. શિવશંકરનું જન્મ સ્થળ જણાવો – **તામિલનાડુના ઈરોડ જિલ્લો**
20. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા કયો અહેવાલ જાહેર કરાયો હતો - **'વોટ ઈન્ડિયા ઈટ્સ'**
21. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલમાં શાની વિગતો જાહેર કરવામાં આવી - **દેશની લાઈફ સ્ટાઈલ ખાન-પાન આરોગ્ય વગેરે ટેવોની વિગતો**
22. સપ્ટેમ્બર-૨૦૨૦માં કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયો હતો - **ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ન્યુટ્રીશિયન**
23. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ પુરુષો-સ્ત્રીઓનું કેટલુ વજન યોગ્ય ગણાય - **૬૫ કિ.ગ્રા. તથા ૫૫ કિ.ગ્રા.**
24. વર્ષ ૨૦૧૦માં રજૂ થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' રિપોર્ટ મુજબ પુરુષો-સ્ત્રીઓનું કેટલુ વજન યોગ્ય ગણાય - **૬૦ કિ.ગ્રા. તથા ૫૦ કિ.ગ્રા.**
25. શરીરના પ્રમાણમાં વજન કેટલું હોવું જોઈએ તેની ગણતરી કયા નામે ઓળખાય છે - **બોડી માસ ઈન્ડેક્સ**
26. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ નવી સરેરાશ પ્રમાણે પુરુષોની એવરેજ હાઈટ ૫ ફૂટ ૬ ઈંચથી વધારીને કેટલી નક્કી કરવામાં આવી - **પાંચ ફૂટ આઠ ઈંચ**
27. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ નવી સરેરાશ પ્રમાણે સ્ત્રીઓની એવરેજ હાઈટ ૫ ફૂટથી વધારીને કેટલી નક્કી કરવામાં આવી - **પાંચ ફૂટ ત્રણ ઈંચ**
28. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ સરેરાશ શહેરીજન રોજના કેટલા ફેટનું સેવન કરે છે - **૫૧.૬ ગ્રામ**
29. સપ્ટેમ્બર-૨૦૨૦માં જાહેર થયેલા 'વોટ ઈન્ડિયા ઈટ્સ' અહેવાલ મુજબ સરેરાશ ગ્રામ્ય રહેવાસી રોજના કેટલા ફેટનું સેવન કરે છે - **૩૬ ગ્રામ**

............વંદે માતરમ્............